Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ભગવાન શ્રી કુંદકુંદ-કહાનજૈનશાસ્ત્રમાળા પુષ્પ-૧૧૧

ૐ

श्री परमात्मने नमः।

श्रीमत् पूज्यपादस्वामिविरचित

# ઇષ્ટોપદેશ

મૂળ શ્લોકો, ગુજરાતી અન્વયાર્થ, ભાવાર્થાદિ તથા
શ્રી પંડિત આશાધર-વિનિર્મિત સંસ્કૃત ટીકા ગુજરાતી અનુવાદ સહિત

* * * * * *

: અનુવાદક :

છોટાલાલ ગુલાબચંદ ગાંધી ( સોનાસણ )
બી. એ. ( ઓનર્સ ) : એસ. ટી. સી.

卐 卐 卐 卐 卐

: પ્રકાશક :

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ ( સૌરાષ્ટ્ર )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

*

**પ્રથમાવૃત્તિઃ પ્રત ૨૦૦૦**

વીર સં. ૨૪૯૫ વિ. સં. ૨૦૨૫

*

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# Thanks & Our Request

This shastra has been kindly donated by Nilay and Shraddha Dedhia, New York, USA who have paid for it to be "electronised" and made available on the internet.

Our request to you:

1) We have taken great care to ensure this electronic version of Ishtopdesh is a faithful copy of the paper version. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.


3) If you would like to donate a shastra to AtmaDharma.com, please visit:-

http://www.AtmaDharma.com/donate

to see the list of shastras we would like to see next on AtmaDharma.com.

# Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 15 June 2004 | First electronic version. |



# પરમ પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજી સ્વામી

# સમર્પણ

જેઓશ્રીનાં ધારાવાહી આધ્યાત્મિક
પ્રવચનના શ્રવણથી તથા હૃદયસ્પર્શી
શુદ્ધભાવનાઓથી પ્રેરિત થઈ
**'ઇષ્ટોપદેશ' નો** આ
ગુજરાતી અનુવાદ
તૈયાર થયો છે,
તે ભવ્ય જીવોના કલ્યાણપથ-પ્રદર્શક
શુદ્ધાત્મપ્રવૃત્તિના પ્રભાવક,
પરમ અધ્યાત્મ-મૂર્તિ,
સંતશિરોમણિ પરમ પૂજ્ય
**શ્રી કાનજી સ્વામીનાં** પવિત્ર કરકમળોમાં
આ અનુવાદ-પુષ્પ અત્યંત
ભક્તિભાવે સાદર
સમર્પિત કરું છું.

**-અનુવાદક.**

ॐ

ઇષ્ટોપદેશદાતા શ્રી વીતરાગ સર્વજ્ઞદેવને નમસ્કાર !

# પ્રકાશકીય નિવેદન

શ્રી પૂજ્યપાદાચાર્યદેવ રચિત સમાધિની પ્રાપ્તિ કરાવનારો અત્યુત્તમ ગ્રન્થ 'શ્રી સમાધિતંત્ર-સમાધિશતક' શ્રી પ્રભાચન્દ્રાચાર્યકૃત સંસ્કૃત ટીકા સહિત, ગુજરાતી અનુવાદરૂપે આ સંસ્થા દ્વારા ત્રણ વર્ષ પહેલાં પ્રસિદ્ધ થયો છે અને જિજ્ઞાસુ ભાઈ-બેનોએ તેને સારો આવકાર આપ્યો છે. તેનાથી પ્રેરણા પામી, તે આચાર્યભગવાનની ભેદજ્ઞાનમૂલક બીજી કૃતિ 'ઇષ્ટોપદેશ' ગુજરાતી અનુવાદ સહિત પ્રકાશિત કરતાં અત્યાનંદ થાય છે.

વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા ઇષ્ટ (હિત) ના ઉપદેષ્ટા છે. તે સર્વજ્ઞવાણી અનુસારે શ્રી પૂજ્યાપાદાચાર્યદેવે 'ઇષ્ટોપદેશ' ની રચના કરી છે અને તેને અનુસરીને વર્તમાનમાં શુદ્ધસ્વરૂપજીવી આત્મજ્ઞ સંત પૂજ્ય શ્રી કાનજી સ્વામી અમોઘ આત્મસ્પર્શી પ્રવચનો દ્વારા નિરંતર ઇષ્ટોપદેશ આપી, આપણને ઉપકૃત કરી રહ્યા છે તે બદલ તેમનાં પાવન ચરણારવિંદમાં અત્યંત ભક્તિભાવે નમસ્કાર !

જેમ 'સમાધિતંત્ર' નો ગુજરાતી અનુવાદ સદ્ધર્મપ્રેમી ભાઈશ્રી છોટાલાલ ગુલાબચંદ ગાંધી બી. એ. (ઓનર્સ), એસ. ટી. સી. (સોનાસણવાળા) એ કર્યો છે તેમ આ 'ઇષ્ટોપદેશ' નો ગુજરાતી અનુવાદ પણ તેમણે જ તૈયાર કરી આપ્યો છે. (તેમનો પરિચય 'સમાધિતંત્ર' ના પ્રકાશકીય નિવેદનમાં આપ્યો છે.) આ અનુવાદ તેમણે જિનપ્રવચન પ્રત્યેની ભક્તિથી પ્રેરાઈને પ્રમુદિતભાવે, તદ્દન નિઃસ્પૃહતાપૂર્વક કરી આપ્યો છે. ઇષ્ટોપદેશના ભાવો જાળવી રાખવા તેમણે અત્યંત ચીવટ રાખી છે. તે માટે આ સંસ્થા તેમની અત્યંત ઋણી છે અને તેમને ધન્યવાદ આપવા સાથે તેમના પ્રત્યે આભાર પ્રદર્શિત કરે છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ ‘ઇષ્ટોપદેશ’ માં સંગ્રહાયેલ ઉપદેશને અંતરમાં યથાર્થ રીતે પરિણમાવીને ભવ્ય જીવો પોતાની ઇષ્ટસિદ્ધિ કરો એવી ભાવના ભાવીએ છીએ.

સોનગઢ
તા. ૮-૨-૬૯

સાહિત્યપ્રકાશન-સમિતિ,
**શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,**
**સોનગઢ**

ॐ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# અનુવાદકનું વક્તવ્ય

*****

શ્રી પૂજ્યપાદાચાર્ય રચિત 'ઇષ્ટોપદેશ' નામનો આ આધ્યાત્મિક ગ્રન્થ ભેદજ્ઞાન માટે અને આત્માનુભવ માટે બહુ ઉપયોગી હોવાથી તેનો ગુજરાતી અનુવાદ આપની આગળ રજૂ કરું છું.

### ગ્રન્થના નામની સાર્થકતા

"જે વડે સુખ ઊપજે વા દુઃખ વિણસે એ કાર્યનું નામ પ્રયોજન છે. એ પ્રયોજનની જેનાથી સિદ્ધિ થાય તે જ આપણું ઇષ્ટ છે. હવે આ અવસરમાં અમને વીતરાગ વિશેષજ્ઞાનનું હોવું એ જ પ્રયોજન છે, કારણ એનાથી નિરાકુલ સત્ય સુખની પ્રાપ્તિ થાય છે અને સર્વ આકુલતારૂપ દુઃખનો નાશ થાય છે"

(મોક્ષમાર્ગ પ્રકાશક ગુ. આ. પૃ. ૭)

પંડિત શ્રી દૌલતરામજીએ 'છહઢાલા' માં કહ્યું છે કેઃ-

"આતમકો હિત હૈ સુખ, સો સુખ આકુલતા વિન કહિએ,

આકુલતા શિવમાંહિ ન તાતેં, શિવમગ લાગ્યો ચહિએ." (૩-૧)

-આત્માનું હિત સુખ છે અને તે આકુળતા રહિત છે. મોક્ષમાં આકુલતા નથી, તેથી મોક્ષના માર્ગમાં - તેના ઉપાયમાં લાગ્યા રહેવું જોઈએ.

મોક્ષ અને તેનો ઉપાય-એ આપણું ઇષ્ટ છે, તેનો ઉપદેશ આચાર્યે યથાવત્ આ ગ્રન્થમાં કર્યો છે, તેથી આ ગ્રન્થનું નામ 'ઇષ્ટોપદેશ' - એ સર્વથા સાર્થક છે.

### ગ્રન્થની ઉપયોગિતા

આચાર્યે આ ગ્રન્થના શ્લોક ૫૧ માં કહ્યું છે કેઃ-

"પૂર્વોક્ત પ્રકારે 'ઇષ્ટોપદેશ' નું સમ્યક્ પ્રકારે અધ્યયન કરી, સારી રીતે ચિંતવન કરીને જે ભવ્ય ધીમાન્ પુરુષ આત્મજ્ઞાનના બળથી માન-અપમાનમાં સમતાભાવ ધારણ કરીને તથા બાહ્ય પદાર્થોમાં વિપરીત અભિનિવેશનો ત્યાગ કરીને નગર યા વનમાં વિધિપૂર્વક વસે છે તે ઉપમારહિત મુક્તિ-લક્ષ્મીને પ્રાપ્ત કરે છે."

### ગ્રન્થની વિશેષતા

આ આધ્યાત્મિક ગ્રન્થ નાનકડો છે, પરંતુ તેમાં આચાર્યે ગાગરમાં સાગર ભરી દીધો છે. તેમાં ભેદવિજ્ઞાનપૂર્વક શુદ્ધાત્માની અનુભૂતિ કેવી રીતે થાય તેનો માર્ગ-ઉપાય ચીંધ્યો છે. એ તેની વિશેષતા છે.

વળી આ ગ્રંથમાં નીચેની સારભૂત બાબતોનો પણ નિર્દેશ કરવામાં આવ્યો છેઃ-

૧. ઉપાદાન વસ્તુની સહજ નિજશક્તિ છે અને નિમિત્ત તો સંયોગરૂપ કારણ છે. કાર્ય પોતાના ઉપાદાનથી જ થાય છે. તે વખતે તેને અનુકૂળ નિમિત્ત હોય જ. તેને શોધવાની યા મેળવવાની વ્યગ્રતાની જરૂર હોય જ નહિ. (શ્લોક-૨)

૨. શુદ્ધાત્માની પ્રાપ્તિ-અનુભવ ન થાય ત્યાં સુધી પાપભાવથી બચવા માટે હેયબુદ્ધિએ પુણ્યભાવ આવે છે, પરંતુ તે પણ બંધનું કારણ છે એમ સમજવું.

(શ્લોક-૩ અને ભાવાર્થ)

૩. મોક્ષ માટે પ્રવૃત્તિ કરનારને સ્વર્ગનું સુખ સહજે પ્રાપ્ત થાય છે (શ્લો. ૪)

૪. સંસારી જીવોનાં સુખ-દુઃખ કેવળ વાસનામાત્ર જ હોય છે. તે સુખ-દુઃખરૂપ ભોગો આપત્તિ-કાલે રોગ સમાન ઉદ્વેગ પમાડે છે. (શ્લો. -૬)

કોઈ વસ્તુ સુખ-દુઃખરૂપ નથી. પરંતુ અજ્ઞાનતાને લીધે તેમાં ઇષ્ટ-અનિષ્ટની કલ્પના કરી જીવ રાગ-દ્વેષ કરી સુખ-દુઃખ અનુભવે છે.

૫. મોહથી આચ્છાદિત જ્ઞાન પોતાના સ્વભાવને પ્રાપ્ત થતું નથી. (શ્લો. -૭)

૬. શરીર, ઘર, ધન, સ્ત્રી, પુત્ર, મિત્ર, શત્રુ આદિ આત્માથી અન્ય (ભિન્ન) સ્વભાવવાળાં છે અને આત્માથી પ્રત્યક્ષ ભિન્ન છે, છતાં મૂઢ જીવ (બહિરાત્મા) તેમને પોતાનાં માને છે, તેમાં આત્મબુદ્ધિ કરે છે. (શ્લો. -૮)

૭. મિથ્યાત્વયુક્ત રાગ-દ્વેષ - એ સંસાર-સમુદ્રમાં બહુ લાંબા કાળ સુધી ભ્રમણનું કારણ છે. (શ્લો. -૧૧)

૮. દાવાનળથી બળતા વનની મધ્યમાં વૃક્ષ ઉપર બેઠેલા મનુષ્યની જેમ મૂઢ જીવ અન્યની માફક પોતે પણ કોઈ દિવસ વિપત્તિમાં આવી પડશે તે વિચારતો નથી. (શ્લો. -૧૪)

૯. જે મમતાવાળો છે તે સંસારમાં બંધાય છે અને જે મમતારહિત છે તે સંસારથી છૂટે છે. (શ્લો. -૨૬)

૧૦. જ્ઞાનીને મૃત્યુનો, રોગનો, બાલ્યાવસ્થાનો ને વૃદ્ધાવસ્થાનો ભય હોતો નથી, કારણકે તે સમજે છે કે તે સર્વ પૌદ્‌ગલિક છે. (શ્લો. -૨૯)

૧૧. જ્ઞાની વિચારે છે કે સર્વ પુદ્‌ગલોને મેં મોહવશાત્ અનેકવાર ભોગવી ભોગવીને છોડયા; હવે એ ઉચ્છિષ્ટ પદાર્થોમાં મને કાંઈ સ્પૃહા નથી. (શ્લો. -૩૦)

૧૨. વસ્તુતઃ આત્મા જ આત્માનો ગુરુ છે. (શ્લો. -૩૪)

૧૩. જે અજ્ઞાની છે તે કોઈથી જ્ઞાની થઈ શકતો નથી અને જે જ્ઞાની છે તે કોઈથી અજ્ઞાની થઈ શકતો નથી; ગુરુ આદિ તો ધર્માસ્તિકાયવત્ નિમિત્તમાત્ર છે.

( શ્લો. ૩૫ )

૧૪. કાર્યની ઉત્પત્તિ સ્વાભાવિક ગુણની ( પોતાના ઉપાદાનની ) અપેક્ષા રાખે છે; સેંકડો ઉપાયો કરવા છતાં બગલાને પોપટની જેમ શીખવાડી શકાતું નથી.

( શ્લો. ૩૫ની ટીકા )

૧૫. જેમ જેમ આત્માનુભવ થતો જાય છે, તેમ તેમ સુલભ વિષયો પણ રુચતા નથી અને જેમ જેમ વિષયો પ્રત્યે અરુચિ થાય છે, તેમ તેમ આત્માનુભવની પરિણતિ વૃદ્ધિ પામતી જાય છે. ( શ્લો. ૩૭-૩૮ )

૧૬. ધ્યાન-પરાયણ યોગીને પોતાના દેહનું પણ ભાન હોતું નથી. ( શ્લો. -૪૨ )

૧૭. પર તે પર છે, તેનો આશ્રય કરવાથી દુઃખ છે અને આત્મા તે આત્મા છે; તેનાથી સુખ છે. તેથી મહાત્માઓ આત્માર્થે જ ઉદ્યમ કરે છે. ( શ્લો. ૪૫ )

૧૮. જે અજ્ઞાની પુદ્ગલને અભિનંદે છે તેનો કેડો ( પીછો ) ચાર ગતિમાં પુદ્ગલ કદી છોડતું નથી. ( શ્લો. ૪૬ )

૧૯. અવિદ્યાને દૂર કરવાવાળી મહાન્ ઉત્કૃષ્ટ જ્ઞાનજ્યોતિ છે. મુમુક્ષુઓએ તેના સંબંધમાં પૃચ્છા કરવી, તેની જ વાંછા કરવી અને તેનો જ અનુભવ કરવો જોઈએ.

( શ્લો. ૪૯ )

૨૦. જીવ અન્ય છે અને પુદ્ગલ અન્ય છે - એ તત્ત્વકથનનો સાર છે. બીજું જે કાંઈ કહેવામાં આવ્યું છે તે બધો તેનો જ વિસ્તાર છે. ( શ્લો. ૫૦ )

## ગ્રન્થકર્તા શ્રી પૂજ્યપાદસ્વામી

તેઓ કર્ણાટક પ્રાંતના રહીશ બ્રાહ્મણકુલોત્પન્ન પ્રખર વિદ્વાન્ હતા. તેઓ વિદ્વાન્ હતા એટલું જ નહિ પણ ઉચ્ચ કોટિના સંયમી હતા. તેઓ ભારત-ભૂમિમાં છઠ્ઠા સૈકાના પૂર્વાર્ધમાં થઈ ગયા- એમ વિદ્વાન પંડિતોનું માનવું છે.

તેમને વ્યાકરણ, ન્યાય, છંદ, જ્યોતિષ આદિનું તથા વૈદ્યક, સૈદ્ધાંતિક, સાહિત્યિક અને આધ્યાત્મિક વિષયોનું તલસ્પર્શી જ્ઞાન હતું. વળી તેમની વિવેચન-શક્તિ પણ પ્રગાઢ હતી.

તેમની કૃતિઓમાં ખાસ કરીને જૈનેન્દ્રવ્યાકરણ, સર્વાર્થસિદ્ધિ, સમાધિતંત્ર, ઇષ્ટોપદેશ આદિ ગ્રન્થો, જૈનસમાજમાં તે તે વિષયોમાં બહુ આધારભૂત ગણાય છે. જૈનસમાજ ઉપર તેમનો મહાન ઉપકાર છે.

તેમની ભાષાશૈલી સરળ અને લાલિત્યપૂર્ણ છે તેમ જ હૃદયસ્પર્શી છે. તેમના જીવન સંબંધી ‘સમાધિતંત્ર’ ની પ્રસ્તાવનામાં સવિસ્તર ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ત્યાંથી જાણી લેવા વિનંતી છે.

## સંસ્કૃત ટીકાકાર પંડિતપ્રવર શ્રી આશાધરજી

### જન્મ-જન્મસ્થળ

મારવાડનો મુલક જે સપાદલક્ષ નામથી જાણીતો હતો તેના મંડળકર નગરમાં વિદ્વાન ઋષિતુલ્ય કવિ આશાધરજીનો જન્મ લગભગ વિ. સં. ૧૨૩૦ થી ૩૫ સુધીમાં થયો હતો.

### માતા-પિતા-પત્ની-પુત્ર

તેમના પિતાનું નામ શ્રી સલ્લક્ષણ હતું. તેઓ જૈનકુળના વાઘેરમાલ વંશના હતા. તેમની માતાનું નામ શ્રીરત્ની હતું.

તેઓ ‘સરસ્વતી પુત્ર’ બિરુદને યોગ્ય હતા. તેમની પત્નીનું નામ સરસ્વતી અને એકના એક પુત્રનું નામ છાહડ હતું. તે અર્જુન રાજાનો મિત્ર હતો. તે પણ વિદ્વાન અને ગુણવાન હતો.

પંડિતજી આ કાળના કાલિદાસ કવિ સમાન હતા. તેઓ જન્મથી અસાધારણ પ્રજ્ઞાવાળા હતા.

જ્યારે મ્લેચ્છ રાજા શાહબુદ્દિન ઘોરીએ પૃથ્વીરાજને હરાવી દિલ્હીમાં પોતાની રાજધાની સ્થાપી, ત્યારે સપાદલક્ષ દેશમાં મુસલમાની રાજ્ય વ્યાપી ગયું, તે અરસામાં એટલે સં. ૧૨૪૯માં મુસલમાનોના ત્રાસથી બચવા પોતાના પરિવાર સાથે સપાદલક્ષ દેશ છોડી માળવાની રાજધાની ધારાનગરીમાં તેઓ આવી વસ્યા. તે વખતે માળવામાં પરમાર વંશના પ્રતાપી રાજા વિન્ધ્યવર્માનું રાજ્ય હતું. ત્યાં તેમને ધર્મ, અર્થ અને કામ– એ ત્રણ પુરુષાર્થની સાધના કરવાની સારી તક મળી.

ધારાનગરીમાં પં. ધરસેનના શિષ્ય પં. મહાવીર પાસે આશાધરજીએ જૈનેન્દ્ર પ્રમાણ અને જૈનેન્દ્ર વ્યાકરણનું અધ્યયન કર્યું હતું. તેઓ વ્યાકરણ, ન્યાય, કાવ્ય અને ધર્મશાસ્ત્રાદિના વિષયમાં પારંગત હતા અને તે તે વિષયોમાં સેંકડો શિષ્યોને તેમણે નિષ્ણાત બનાવ્યા હતા. તેઓ ગૃહસ્થ હતા છતાં મોટા મોટા અનેક મુનિઓ તેમની પાસે વિદ્યાધ્યયન કરીને પોતાની વિદ્યાતૃષ્ણા તૃપ્ત કરતા હતા.

તેમના રચેલા ગ્રન્થોમાં જિનયજ્ઞકલ્પ, સાગારધર્મામૃત અને અનગારધર્મામૃત એ ત્રણ ગ્રન્થો દિ. જૈન સંપ્રદાયમાં સુપ્રસિદ્ધ છે. તેમણે પોતાના પિતાના આદેશથી 'અધ્યાત્મરહસ્ય' નામના આધ્યાત્મિક ગ્રન્થની પણ રચના કરી છે.

તેમણે મૂલાચાર, ઇષ્ટોપદેશ, ભગવતી આરાધના, ભૂપાલ-ચતુર્વિંશતિ સ્તવન, સહસ્ત્રનામ સ્તવન, જિનયજ્ઞકલ્પદીપિકા, ત્રિષષ્ઠિસ્મૃતિ આદિ ગ્રન્થોની ટીકાઓ રચી છે. તેમને વૈદ્યકનું પણ ઉત્તમ જ્ઞાન હતું.

તેમની રચેલી 'ઇષ્ટોપદેશ' ની સંસ્કૃત ટીકાનો અહીં અક્ષરશઃ ગુજરાતી અનુવાદ કરવામાં આવ્યો છે.

ગ્રન્થકાર અને ટીકાકારના ભાવને વધુ સ્પષ્ટ કરવા માટે અનુવાદ સાથે ભાવાર્થ તથા 'વિશેષ' પણ આપવામાં આવ્યાં છે. દરેક શ્લોકનો ગુજરાતી પદ્યાનુવાદ પણ નીચે ઉમેરવામાં આવ્યો છે.

## આભાર

સં. ટીકાની ભાષા તો સરલ છે, છતાં કોઈ કોઈ ઠેકાણે ટીકાકારનો ભાવ સ્પષ્ટ સમજાયો નહિ ત્યાં વિદ્વાન્ પંડિતવર્ય શ્રીયુત હિંમતલાલ જે. શાહની મદદથી તેને યથાયોગ્ય સ્પષ્ટ કરવા અહીં પ્રયત્ન કર્યો છે. તેમની સહાય માટે હું તેમનો અત્યંત ઋણી છું.

આ અનુવાદ તેના યોગ્ય કાળે તેના કારણે પ્રગટ થાય છે, તેમાં પરમ અધ્યાત્મમૂર્તિ પરમ પૂજ્ય શ્રી કાનજી સ્વામીનો ધારાવાહી આધ્યાત્મિક પ્રસાદ શુભ નિમિત્તરૂપ છે. એમ હું વિનયભાવે સ્વીકારી તેઓશ્રીને સાભાર ભક્તિભાવે વન્દન કરું છું. ભક્તામર-સ્તોત્રમાં કહ્યું છે કેઃ-

**'यत् कोकिलः किल मधौ मधुरं विरौति,**

**तच्चाम्रचारुकलिकानिकरैकहेतुः ।'**

ભાવ એ છે કે વસંતઋતુમાં કોયલ જે મધુરપણે ટહૂકે છે, તેમાં આંબાના મહોરની ચારુ મંજરી એક હેતુ છે- નિમિત્તકારણ છે, તેમ આ ઇષ્ટોપદેશરૂપ કાવ્ય મંજરીના ઉદ્ઘાટનમાં ઉપરોક્ત મહા આત્મજ્ઞ સંતનો સદુપદેશ પણ નિમિત્ત છે. આથી તેઓશ્રી પ્રત્યે બહુમાન દર્શાવવા સહજ પ્રેરણા થાય એ સ્વાભાવિક છે.

ધર્મવત્સલ મુરબ્બી માન્યવર શ્રીયુત રામજીભાઈ માણેકચંદ દોશી વકીલે તથા સદ્ધર્મપ્રેમી સૌજન્યમૂર્તિ શ્રીયુત ખીમચંદભાઈ જે. શેઠે- બન્નેએ પોતાના

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અમૂલ્ય સમયનો ભોગ આપી આ અનુવાદ બરાબર તપાસી લઈ જે માર્ગદર્શન કર્યું છે તે માટે હું તેઓશ્રીનો અત્યંત આભારી છું. તેઓશ્રીની સહાય અને સહાનુભૂતિ વિના આ અનુવાદનું કાર્ય પ્રકાશમાં આવવું મુશ્કેલ હતું.

બ્ર. ગુલાબચંદભાઈ એ 'ઇષ્ટોપદેશ' નો ગુજરાતી પદ્યાનુવાદ તપાસી જઈ તેમાં યોગ્ય સુધારો-વધારો કરી જે સુંદરતા આણી છે તથા છપાવવાના કાર્યમાં સલાહ સૂચન અને મદદ કરી જે વાત્સલ્યભાવ દર્શાવ્યો છે તે ભૂલી શકાય તેમ નથી. તેમનો પણ હું આભાર માનું છું.

આ અનુવાદ-કાર્યના પ્રકાશનમાં જે સજ્જનો તરફથી મને પ્રત્યક્ષ યા પરોક્ષ પ્રોત્સાહન અને સહાય મળી છે તે સર્વેનો હું સમગ્રપણે આભાર માનું છું.

અનુવાદક-

**છોટાલાલ ગુ. ગાંધી** ( સોનાસણ )

**બી. એ. ( ઓનર્સ ) એસ. ટી. સી.**

*

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# વિષયાનુક્રમણિકા


| શ્લોક | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | મંગલાચરણ ( સિદ્ધાત્માને નમસ્કાર ) | ૨ |
| ૨. | સ્વસ્વરૂપની પ્રાપ્તિ કેવી રીતે થાય | ૩ |
| ૩. | વ્રતાદિનું અનુષ્ઠાન નિરર્થક નથી | ૫ |
| ૪. | મોક્ષાર્થીને સ્વર્ગાદિનું સુખ પણ સુલભ હોય છે | ૮ |
| ૫. | આત્મભક્તિથી સ્વર્ગની પ્રાપ્તિ થતાં, ત્યાં શું ફળ મળે છે? | ૧૦ |
| ૬. | સાંસારિક સુખની અવાસ્તવિકતા | ૧૨ |
| ૭. | વાસનાજન્ય સુખ-દુઃખની પ્રતીતિ કેમ થતી નથી? | ૧૬ |
| ૮. | શરીરાદિને મૂઢ કેવા માને છે? શાથી? | ૧૮ |
| ૯. | હિતકારક મનાતા સ્ત્રી-પુત્રાદિના સંયોગનું દૃષ્ટાન્ત | ૨૦ |
| ૧૦. | અહિત વર્ગ કોપને પાત્ર નથી તેનું દૃષ્ટાન્ત | ૨૨ |
| ૧૧. | હિત-અહિત પદાર્થોમાં રાગ-દ્વેષ કરવાનું પરિણામ | ૨૪ |
| ૧૨. | સાંસારિક સુખનું વાસ્તવિક સ્વરૂપ | ૨૮ |
| ૧૩. | સંસારી જીવો શાનાથી સુખ માને છે? | ૨૯ |
| ૧૪. | કષ્ટદાયક સંપદાને લોક કેમ છોડતું નથી? | ૩૧ |
| ૧૫. | ધનાર્થી આગામી આપદાને દેખતો નથી | ૩૩ |
| ૧૬. | જેનાથી પુણ્યોપાર્જન થાય તે ધન નિંદ્ય કેમ હોઈ શકે? | ૩૪ |
| ૧૭. | ભોગોપભોગને માટે પણ ધનની સાધના પ્રશસ્ય નથી | ૩૭ |
| ૧૮. | કાયસંબંધી વિચાર | ૪૦ |
| ૧૯. | ધનાદિથી શું આત્મ-ઉપકાર થઈ શકશે? | ૪૨ |
| ૨૦. | ધ્યાનથી સાંસારિક સુખની અને મોક્ષ સુખની પ્રાપ્તિ થતી હોય તો | |
| | વિવેકી કોની પસંદગી કરશે? | ૪૩ |
| ૨૧. | આત્માનું સ્વરૂપ | ૪૫ |
| ૨૨. | આત્માની ઉપાસના કેવી રીતે કરવી? | ૪૯ |
| ૨૩. | આત્માની ઉપાસનાનું પ્રયોજન શું? | ૫૨ |
| ૨૪. | આત્મામાં લીન જ્ઞાનીને શું લાભ થાય છે? | ૫૪ |
| ૨૫. | ધ્યાન-ધ્યેયરૂપ આત્માને સંયોગાદિના સંબંધનો અભાવ થાય છે. | ૫૮ |

| શ્લોક | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૨૬. | બંધ-મોક્ષનું કારણ | ૬૦ |
| ૨૭. | નિર્મમત્વભાવનાના ચિંતવનનો ઉપાય | ૬૩ |
| ૨૮. | દુઃખના કારણભૂત દેહાદિના પરિત્યાગનો નિર્દેશ | ૬૫ |
| ૨૯. | કઈ ભાવનાથી જન્મ-મરણનાં દુઃખ દૂર થાય ? | ૬૭ |
| ૩૦. | ઉચ્છિષ્ટ ભોગોમાં જ્ઞાનીને કેમ સ્પૃહા હોય ? | ૬૯ |
| ૩૧. | પુદ્‌ગલ કર્મોનો બંધ જીવ સાથે કેવી રીતે થાય છે ? | ૭૧ |
| ૩૨. | પરોપકારી મટી સ્વોપકારી બન | ૭૩ |
| ૩૩. | સ્વ-પરના ભેદવિજ્ઞાનનો ઉપાય અને તેનું ફલ | ૭૫ |
| ૩૪. | આત્મા જ આત્માનો ગુરુ છે. કેમ ? | ૭૭ |
| ૩૫. | આત્મા ગુરુસિવાય અન્ય નિમિત્તમાત્ર છે. | ૭૯ |
| ૩૬. | આત્મસ્વરૂપના અભ્યાસનો ઉપાય | ૮૨ |
| ૩૭. | યોગીને સ્વ-પરની સંવિત્તિ છે તે જાણવાનો ઉપાય | ૮૪ |
| ૩૮. | વિષયો પ્રત્યેની અરુચિ-એ આત્મસંવિત્તિનું ચિહ્ન છે | ૮૬ |
| ૩૯. | આત્મસંવિત્તિનાં અન્ય ચિહ્નો | ૮૭ |
| ૪૦. | આત્મસંવિત્તિનાં અન્ય ચિહ્નો | ૮૯ |
| ૪૧. | આત્મતત્ત્વમાં સ્થિર થયેલા યોગીનું સ્વરૂપ | ૯૦ |
| ૪૨. | યોગીને સ્વદેહ પ્રત્યે પણ લક્ષ હોતું નથી | ૯૨ |
| ૪૩. | યોગીને આવી અવસ્થા કેમ થાય છે ? | ૯૪ |
| ૪૪. | સ્વાત્માનુભવમાં રતિ હોવાથી યોગીને અન્ય પ્રવૃત્તિમાં અભાવ | ૯૫ |
| ૪૫. | મહાત્માઓ શાને માટે ઉદ્યમી હોય છે ? શાથી ? | ૯૬ |
| ૪૬. | દેહાદિને અભિનંદવાનું ફલ | ૯૭ |
| ૪૭. | સ્વાત્મધ્યાનનું ફલ | ૯૮ |
| ૪૮. | આત્માનંદનું કાર્ય | ૧૦૦ |
| ૪૯. | આત્મજ્યોતિ માટે મુમુક્ષુએ શું કરવું ? | ૧૦૧ |
| ૫૦. | જીવ-પુદ્‌ગલનું ભેદજ્ઞાન તે જ તત્ત્વસંગ્રહ છે-બાકી બધો તેનો વિસ્તાર છે | ૧૦૨ |
| ૫૧. | શાસ્ત્ર-અધ્યયનનું સાક્ષાત્ અને પરંપરા ફલ | ૧૦૩ |
| | ટીકા-પ્રશસ્તિ | ૧૦૫ |

ॐ

श्रीमद्देवनन्द्यपरनामपूज्यपादस्वामिविरचितः

# इष्टोपदेशः

[ श्री पण्डित-आशाधर विनिर्मितसंस्कृतटीकासहितश्च ]

टीकाकारस्य मंगलाचरणम्

परमात्मानमानम्य मुमुक्षुः स्वात्मसंविदे।
इष्टोपदेशमाचष्टे स्वशक्त्याशाधरः स्फुटम्।।

तत्रादौ यो यद्गुणार्थी स तद्गुणोपेतं पुरुषविशेषं नमस्करोतीति परमात्मगुणार्थी ग्रन्थकर्त्ता परमात्मानं नमस्करोति।

---

श्रीमद् देवनन्दी-अपरनाम-पूज्यपादस्वामी विरचित

# ઇષ્ટોપદેશ

## ( શ્રી પંડિત આશાધરકૃત સંસ્કૃત ટીકા સહિત )

## ગુજરાતી અનુવાદ

### સં. ટીકાકારનું મંગલાચરણ

**અર્થઃ**- નિજ આત્મસંવેદન માટે પરમાત્માને નમીને પોતાની શક્તિ અનુસાર મુમુક્ષુ પં. આશાધર ( ટીકાદ્વારા ) ‘ઇષ્ટોપદેશ’ સ્પષ્ટ સમજાવે છે.

**ટીકાઃ**- તેની ( ગ્રન્થની ) આદિમાં, જે જે ગુણોનો અર્થી છે તે તે ગુણોયુક્ત પુરુષવિશેષને નમસ્કાર કરે છે. તેથી પરમાત્માના ગુણોના અર્થી ગ્રન્થકર્તા ( શ્રી પૂજ્યપાદસ્વામી ) પરમાત્માને નમસ્કાર કરે છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**तद्यथा-**

**यस्य स्वयं स्वभावाप्तिरभावे कृत्स्नकर्मण:।**
**तस्मै संज्ञानरूपाय नमोऽस्तु परमात्मने।।१।।**

**टीका- अस्तु भवतु। किं तत्? नम: नमस्कार:, कस्मै? तस्मै परमात्मने। परम: अनाध्येया प्रहेयातिशयत्वात्सकलसंसारिजीवेभ्य उत्कृष्ट आत्मा चेतन: परमात्मा तस्मै। किं विशिष्टाय, संज्ञानरूपाय सम्यक्सकलार्थसाक्षात्कारित्वादिवदत्यन्त-सूक्ष्मत्वादी नामपिलाभात्कर्महंतृत्वादेरपि विकारस्य त्यागाच्च सम्पूर्णज्ञानं स्व-परावबोधस्तदेव रूपं यस्य-तस्मै। एवमाराध्यस्वरूपमुक्त्वा तत्प्राप्त्युपायमाह। यस्याभूत्, काऽसौ स्वभावाप्ति:- स्वभावस्य निर्मलनिश्चलचिद्रूपस्य आप्तिर्लब्धि: कथंचित्तादात्म्यपरिणति:- कृतकृत्यतया स्वरूपेऽवस्थितिरित्यर्थ:। केन, स्वयं सम्पूर्णरत्नत्रयात्मनात्मना क्व सति, अभावे शक्तिरूपतया विनाशे। कस्य, कृत्स्नकर्मण:- कृत्स्नस्य सकलस्य द्रव्यभावरूपस्य कर्मण: आत्मपारतंत्र्यनिमित्तस्य।।१।।**

---

તે આ પ્રમાણે છેઃ–

### શ્લોક ૧

**અન્વયાર્થઃ**- [ **यस्य** ] જેમને, [ **कृत्स्न कर्मण: अभावे** ] સંપૂર્ણ કર્મોનો અભાવ થતાં, [ **स्वयं स्वभावाप्ति** ] સ્વયં સ્વભાવની પ્રાપ્તિ થઈ ગઈ છે, [ **तस्मै** ] તે [ **संज्ञानरूपाय** ] સમ્યગ્જ્ઞાનરૂપ [ **परमात्मने** ] પરમાત્માને [ **नम: अस्तु** ] નમસ્કાર હો.

**ટીકાઃ**- હો. શું તે? નમસ્કાર. કોને? તે પરમાત્માને. અનારોપી અપ્રતિહત અતિશયપણાને લીધે પરમ એટલે સકલ સંસારી જીવોથી ઉત્કૃષ્ટ અને આત્મા એટલે ચેતન– તેવા પરમાત્માને. કેવા (પરમાત્માને)? સમ્યગ્જ્ઞાનરૂપ (પરમાત્માને) – સમ્યક્પ્રકારે સર્વ પદાર્થોનો સાક્ષાત્કાર કરવાથી અર્થાત્ અત્યંત સૂક્ષ્મ પદાર્થ આદિને જાણવાથી તથા કર્મોના વિનાશાદિથી, વિકારના ત્યાગને લીધે (પ્રાપ્ત થયું છે) સંપૂર્ણજ્ઞાન સ્વપરજ્ઞાન તે જ જેનું સ્વરૂપ છે– તેમને.

એ રીતે આરાધ્યનું (પરમાત્માનું) સ્વરૂપ કહીને તેની પ્રાપ્તિનો ઉપાય કહે છે–

જેમને થઈ. શું તે? સ્વભાવની પ્રાપ્તિ–અર્થાત્ સ્વભાવની એટલે નિર્મળ નિશ્ચલ ચિદ્રૂપ–તેની પ્રાપ્તિ–લબ્ધિ, કથંચિત્ તાદાત્મ્ય પરિણતિઃ કૃતકૃત્યપણાને લીધે સ્વરૂપમાં અવસ્થિતિ –એવો અર્થ છે. શા વડે? સ્વયં સંપૂર્ણ રત્નત્રયાત્મક આત્મા વડે. શું થતાં? અભાવ થતાં અર્થાત્ શક્તિરૂપપણે વિનાશ થતાં. કોનો? સંપૂર્ણ કર્મનો–અર્થાત્ આત્માની પરતંત્રતાના નિમિત્તભૂત દ્રવ્ય–ભાવરૂપ સમસ્ત કર્મોનો.

**સકલ કર્મનો ક્ષય કરી, પામ્યા સ્વયં સ્વભાવ,**
**સર્વજ્ઞાની પરમાત્મને, નમું કરી બહુ ભાવ. ૧.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**अथ शिष्य: प्राह-स्वस्य स्वयं स्वरूपोपलब्धि: कथमिति ? स्वस्यात्मन: - स्वयमात्मना स्वरूपस्य सम्यक्त्वादिगुणाष्टकाभिव्यक्तिरूपस्य उपलब्धि: कथं केनोपायेन दृष्टान्ताभावादिति ?**

**आचार्य: समाधत्ते --**

योग्योपादानयोगेन दृषद: स्वर्णता मता।
द्रव्यादि-स्वादिसंपत्तावात्मनोऽप्यात्मता मता।।२।।

---

**ભાવાર્થ:-** સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પૂર્ણતા વડે આત્માની પરતંત્રતાના કારણભૂત સમસ્ત કર્મોનો-જ્ઞાનાવરણાદિ આઠ દ્રવ્યકર્મોનો રાગ-દ્વેષાદિ ભાવકર્મોનો અને શરીરાદિ નોકર્મોનો-જેમને સર્વથા અભાવ છે અને જેમણે પોતાના ચિદાનંદ, વિજ્ઞાન-ઘન, નિર્મળ, નિશ્ચલ, ટંકોત્કીર્ણ જ્ઞાયકરૂપ સ્વભાવને પ્રાપ્ત કર્યો છે તેવા પોતાના આરાધ્ય સિદ્ધ પરમાત્માને આચાર્યે નમસ્કાર કર્યા છે.

અષ્ટકર્મરહિત, અષ્ટગુણસહિત, શુદ્ધ, બુદ્ધ, નિરંજન પરમાત્મા તે આરાધકને માટે સંપૂર્ણતાનો આદર્શ છે. તે આદર્શને પોતાનામાં મૂર્તિમંત કરવો તે નમસ્કાર કરવાનો હેતુ છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા તે જ સિદ્ધસ્વરૂપની પ્રાપ્તિનો ઉપાય છે એમ આચાર્યે ગર્ભિતપણે આ શ્લોકમાં દર્શાવ્યું છે. ૧.

હવે શિષ્ય કહે છે, - “પોતાને સ્વયં સ્વરૂપની પ્રાપ્તિ કેવી રીતે થાય? પોતાના આત્માને સ્વયં એટલે આત્મા વડે સ્વરૂપની અર્થાત્ સમ્યક્ત્વાદિ આઠ ગુણોની અભિવ્યક્તિરૂપ (પ્રગટતારૂપ) ઉપલબ્ધિ (પ્રાપ્તિ) કેવી રીતે એટલે કયા ઉપાય વડે થાય છે? કારણ કે દૃષ્ટાન્તનો અભાવ છે.”

શિષ્યને પૂછવાનો આશય એ છે કે સ્વ-સ્વરૂપની સ્વયં પ્રાપ્તિને સિદ્ધ કરે, તેવા દૃષ્ટાન્તનો અભાવ છે, તો દૃષ્ટાન્ત વિના ‘સ્વયં સ્વભાવાપ્તિ’ - એ કથનને સાચું કેવી રીતે માની શકાય?

આચાર્ય તેનું સમાધાન કરે છે-

## *શ્લોક ૨

**અન્વયાર્થ:-** (यथा) જેમ (योग्योपादानयोगेन) યોગ્ય ઉપદાન (કારણ) ના

**યોગ્ય ઉપાદાને કરી, પત્થર સોનું થાય,**
**તેમ સુદ્રવ્યાદિ કરી, જીવ શુદ્ધ થઈ જાય. ૨.**

---

* अइसोहण जोएणं सुद्धं हेमं हवइ जह तह य।
कालाईलद्धीए अप्पा परमप्पओ हवदि।।२४।। [-मोक्षपाहुडे]

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**टीका- मता अभिप्रेता लोकः। कासौ? स्वर्णता सुवर्णभावः। कस्य, दृषदः सुवर्णाविर्भावयोग्यपाषाणस्य। केन, योग्यानां सुवर्णपरिणामकरणोचितानां उपादानानां कारणानां योगेन मेलापकेन संपत्त्या यथा। एवमात्मनोऽपि पुरुषस्यापि न केवलं दृषदः इत्यपि शब्दार्थः। मता कथिता। कासौ? आत्मता-आत्मनो जीवस्य भावो निर्मलनिश्चलचैतन्यं। कस्यां सत्यां? द्रव्यादि स्वादिसंपतौ द्रव्यमन्वयिभावः आदिर्येषां क्षेत्रकालभावानां ते च ते स्वादयश्च सुशब्दः स्वशब्दो वा आदिर्येषां ते स्वादयो द्रव्यादयश्च स्वादयश्च। इच्छातो विशेषणविशेष्यभावः इति समासः। सुद्रव्यं सुक्षेत्रं सुकालः सुभाव इत्यर्थः। सुशब्दः प्रशंसार्थः प्राशस्त्यं चात्र प्रकृतकार्योपयोगित्वं द्रव्यादि स्वादीनां सम्पत्तिः संपूर्णता तस्यां सत्यां।। २।।**

---

યોગથી [ **दृषदः** ] પાષાણને ( સુવર્ણ પાષાણને ) [ **स्वर्णता** ] સુવર્ણપણું [ **मता** ] માનવામાં આવ્યું છે, [ **तथा** ] તેમ [ **आत्मनः अपि** ] આત્માને પણ ( द्रव्यादिस्वादिसम्पत्तौ ) સુદ્રવ્ય-ક્ષેત્રાદિ વા સ્વદ્રવ્ય-ક્ષેત્રાદિની સમ્પત્તિ હોતાં [ **आत्मता** ] આત્મપણું અર્થાત્ નિર્મળ નિશ્ચલ ચૈતન્યભાવ [ **मता** ] માનવામાં આવ્યો છે.

**ટીકાઃ-** લોકો માને છે- અભિપ્રાય ધરાવે છે. શું તે ( માને છે )? સ્વર્ણતા-સુવર્ણભાવ. કોને ( માને છે )? પાષાણને અર્થાત્ જેમાં સુવર્ણ પ્રગટ થવાની યોગ્યતા છે તેવા પાષાણને. શા વડે? જેમ યોગ્ય એટલે સુવર્ણના પરિણામ કરવાને ઉચિત ઉપાદાન કારણોના યોગથી એટલે મેલાપથી-સમ્પત્તિથી ( સુવર્ણતાનો આવિર્ભાવ માને છે ), તેમ આત્માને પણ એટલે પુરુષને પણ ( કેવળ પાષાણને નહિ, પુરુષને પણ- એમ **अपि** શબ્દનો અર્થ છે. ) માનવામાં આવે છે- કહેવામાં આવે છે. શું તે ( માનવામાં આવે છે )? આત્મતા-આત્માનો-જીવનો ભાવ-નિર્મળ નિશ્ચલ ચૈતન્યભાવ. શું હોતાં? દ્રવ્યાદિ-સ્વાદિની સમ્પત્તિ હોતાં; દ્રવ્ય-અન્વયિભાવ, આદિ- જે ક્ષેત્ર-કાલ-ભાવ છે તેની આદિમાં દ્રવ્ય છે તે ( દ્રવ્યાદિ ) તથા સ્વાદિ એટલે સુશબ્દ અથવા સ્વશબ્દ જેમની આદિમાં તે સુઆદિ દ્રવ્યાદિ વા સ્વાદિ દ્રવ્યાદિ-ઇચ્છાનુસાર વિશેષણ-વિશેષ્યભાવરૂપ સમાસ સુભાવ એવો અર્થ છે. સુશબ્દ પ્રશંસાના અર્થમાં છે. પ્રકૃત ( મુખ્ય ) કાર્યનું ઉપયોગીપણું તે પ્રશસ્યપણું છે. દ્રવ્યાદિ-સ્વાદિની એટલે સ્વ-દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવની સમ્પત્તિ એટલે સંપૂર્ણતા-તે હોતાં ( આત્માને નિર્મળ ચૈતન્યસ્વરૂપ આત્માની પ્રાપ્તિ થાય છે. )

**ભાવાર્થઃ-** અનાદિ કાળથી સુવર્ણ પાષાણમાં શક્તિરૂપે સુવર્ણ વિદ્યમાન છે. તેને જેમ સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવરૂપ યોગ્ય ઉપાદાન કારણનો ( કાર્યોત્પાદનના સમર્થ કારણનો ) યોગ બનતાં તે સુવર્ણ વ્યક્તિરૂપે પ્રગટ થાય છે, તેમ આ આત્મામાં પણ શુદ્ધ નિશ્ચયનયથી કેવળજ્ઞાન-દર્શનાદિ સ્વભાવવાળો પરમાત્મા શક્તિરૂપે રહેલો છે. તેને સ્વદ્રવ્યાદિરૂપ કારણનો યોગ બનતાં, તે વ્યક્તિરૂપે સ્વયં પરમાત્મા બને છે- અર્થાત્ આ આત્મા નિજ ઉપાદાનશક્તિથી જ પરમાત્મા બને છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**अथ शिष्यः प्राह-तर्हि व्रतादीनामानर्थक्यमिति-भगवन्! यदि सुद्रव्यादि सामग्र्यां सत्यामेवायमात्मा स्वात्मानमुपलप्स्यते तर्हि व्रतानि हिंसाविरत्यादीनि आदयो येषां समित्यादीनां तेषामानर्थक्यं निष्फलत्वं स्वादभिप्रेतायाः खात्मोपलब्धेः सुद्रव्यादिसम्पत्त्यपेक्षत्वादित्यर्थः।**

**अत्राचार्यो निषेधमाह-तन्नेति? वत्स! यत्त्वया शंकितं व्रतादीनामानर्थक्यं तन्न भवति तेषामपूर्वा-शुभकर्मनिरोधेनोपार्जिताशुभकर्मैकदेश-क्षपणेन च सफलत्वाच द्विषयरागलक्षणशुभोपयोगजनितपुण्यस्य च स्वर्गादिपदप्राप्तिनिमित्तत्त्वादेव। एतदेव च व्यक्तिकर्तुं वक्ति--**

**वरं व्रतैः पदं दैवं नाव्रतैर्वत नारकं।**
**छायातपस्थयोर्भेदः प्रतिपालयतोर्महान्।।३।।**

---

## વિશેષ

નિજ ઉપાદાનથી જ કાર્ય થાય છે. તે સંબંધમાં સમાધિતંત્ર શ્લોક (૯૯) ની ટીકામાં ટીકાકાર લખે છે કે– “... પરમાર્થે સ્વતઃ જ (પોતાની મેળે જ) – આત્માથી જ (પરમાત્મપદની પ્રાપ્તિ થાય છે) પણ ગુરુ આદિ બાહ્ય નિમિત્તો વડે નહિ...”

પ્રસ્તુત શ્લોકમાં ‘**स्वतः एव**’ શબ્દો ઘણા અર્થસૂચક છે. તે બતાવે છે કે પરમાત્માની પ્રાપ્તિ, પોતાનાથી જ પોતાનામાંથી જ પોતાના પુરુષાર્થથી જ થાય છે. તેમાં તીર્થંકર ભગવાન આદિની દિવ્યધ્વનિ, ગુરુનો ઉપદેશાદિ બાહ્ય નિમિત્તો હોવા છતાં તે નિમિત્તોથી નિરપેક્ષપણે પરમપદની પ્રાપ્તિ થાય છે.

નિમિત્ત હોવા છતાં, નિમિત્તથી નિરપેક્ષ ઉપાદાનનું પરિણમન હોય છે. વિકારી અને અવિકારી પર્યાય સંબંધમાં જયધવલ પુસ્તક ૭ માં કહ્યું છે કે–

**‘बज्झ कारण निरपेक्खो वथ्थु परिणामो।’**

વસ્તુનું પરિણામ બાહ્ય કારણોથી નિરપેક્ષ હોય છે.

(પૃ. ૧૧૭ – પેરા ૨૪૪)

ઉપાદાન વસ્તુની સહજ શક્તિ છે અને નિમિત્ત તો સંયોગરૂપ કારણ છે. કાર્ય પોતાના ઉપાદાનમાંથી જ થાય. તે વખતે તેને અનુકૂળ નિમિત્ત હોય જ. તેને શોધવાની યા તેને ભેગું કરવાની વ્યગ્રતાની જરૂર હોય જ નહિ. ૨.

**છાયા આતપ સ્થિત જો, જન પામે સુખ દુઃખ,**
**તેમ દેવપદ વ્રત થકી, અવ્રતે નારક દુઃખ. ૩.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પછી શિષ્ય કહે છે, "ભગવાન્! તો વ્રતાદિ નિરર્થક ઠરશે. જો સુદ્રવ્યાદિરૂપ સામગ્રી હોતાં જ આ (સંસારી) આત્મા પોતાના આત્મસ્વરૂપને પ્રાપ્ત કરશે, તો વ્રતો એટલે હિંસાવિરતિ જેની આદિમાં છે તે સમિતિ આદિ નિરર્થક–નિષ્ફળ બનશે, કારણકે (આપના કથનાનુસાર) વાંછિત સ્વાત્માની ઉપલબ્ધિ (પ્રાપ્તિ) સુદ્રવ્યાદિ–સમ્પત્તિની અપેક્ષા રાખે છે– એવો અર્થ છે (–અર્થાત્ સ્વદ્રવ્યાદિ સ્વચતુષ્ટયરૂપ સામગ્રીથી જ સ્વસ્વરૂપની ઉપલબ્ધિ થઈ જશે તો અહિંસાદિ વ્રતોનું તથા સમિતિ આદિનું અનુષ્ઠાન નિરર્થક થઈ જશે).

અહીં આચાર્ય તેનો નિષેધ કરી કહે છે કેઃ–

"હે વત્સ! તેમ નથી. તેં જે વ્રતાદિની નિષ્ફળતા વિષે શંકા કરી છે તે ઠીક નથી, કારણકે નવાં અશુભ કર્મોના નિરોધથી અને ઉપાર્જિત અશુભ કર્મોના એકદેશ ક્ષપણથી તેઓ સફળ છે, એટલું જ નહિ પણ તે વિષય સંબંધી (વ્રત સંબંધી) અનુરાગરૂપ શુભોપયોગથી ઉત્પન્ન પુણ્ય, સ્વર્ગાદિ પદની પ્રાપ્તિમાં નિમિત્ત હોવાથી તેમની (વ્રતાદિની) સફળતા છે. આને જ (આ વાતને જ) સ્પષ્ટ કરવા આચાર્ય કહે છે–

[સુદ્રવ્યાદિના યોગથી ધર્મીને જેટલા અંશે શુદ્ધિ પ્રગટે તેટલા અંશે તો નવાં કર્મોનો નિરોધ થાય છે, પણ અશુભ ભાવથી બચવા માટે અસ્થિરતાને લીધે જેટલા અંશે વ્રતાદિનો શુભ ભાવ આવે છે, તેટલા અંશે તેના નિમિત્તે પુણ્યકર્મનો બંધ થાય છે અને પૂર્વોપાર્જિત અશુભ કર્મોમાંથી કેટલાક કર્મોનું સંક્રમણ થઈ શુભકર્મ પુણ્યકર્મરૂપે પરિણમે છે.

પુણ્યકર્મના ફલસ્વરૂપ સ્વર્ગાદિની પ્રાપ્તિ થાય છે, તેથી વ્રતાદિની, એ અપેક્ષાએ સફળતા છે, પરંતુ તેનાથી સંવર–નિર્જરા નહિ થતી હોવાથી તેની, એ અપેક્ષાએ અસફળતા છે.]

## * શ્લોક-૩

**અન્વયાર્થઃ-** [**व्रतैः**] વ્રતો દ્વારા [**दैवं पदं**] દેવપદ પ્રાપ્ત કરવું [**वरं**] સારું છે, [**बत**] પણ અરે [**अव्रतैः**] અવ્રતોદ્વારા [**नारकं पदं**] નરક–પદ પ્રાપ્ત કરવું [**न वरं**] સારું નથી. જેમ [**छायातपस्थयोः**] છાયા અને તાપમાં બેસી [**प्रतिपालयतोः**] (મિત્રની) રાહ જોનારા બંને (પુરુષો) માં [**महान् भेदः**] મોટો તફાવત છે, તેમ (વ્રત અને અવ્રતનું આચરણ કરનાર બંને પુરુષોમાં મોટો તફાવત છે.)

* वर वयतवेहि सग्गो या दुक्खं होउ णिरइ इयरेहिं।
छायातवट्ठियाणं पडिपालं ताण गुरुमेयं।।२५।।

[ -मोक्षपाहुडे ]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



टीका- वरं भवतु। किंतत्पदं-स्थानं। किं विशिष्टं ? दैवं-देवानामिदं दैवं, स्वर्ग: कैर्हेतुभिर्व्रतैर्व्रतादिविषयरागजनितपुण्यै: तेषां स्वर्गादिपदाभ्युदयनिबंधत्वेन सकलजन सुप्रसिद्धत्वात्। तर्ह्यऽव्रतान्यपि तथाविधानि भविष्यंतीत्याशंक्याह-नेत्यादि। न वरं भवति। किंतत् ? पदं, किं विशिष्टं ? नारकं-नरकसंबंधि। कै: ? अव्रतै: हिंसादि परिणामजनितपातकै:, वतेतिखेदे कष्टे वा। तर्हि व्रताव्रतनिमित्तयोरपि देवनारकपक्षयो: साम्यं भविष्यतीत्याशंकायां तयोर्महदंतरमिति दृष्टान्तेन प्रकटयन्नाह-

छायेत्यादि भवति। कोऽसौ, भेद: अन्तरं। किं विशिष्टो ? महान् बृहत्। कयो:, पथिकयो:। किं कुर्वतो: ? स्वकार्यवशान्नगरांतर्गतं तृतीयं स्वसार्थिकमागच्छंतं पथि प्रतिपालयतो: प्रतीक्षमाणयो:। किं विशिष्टयो: सतो: तयो: छायातपस्थयो: छाया च आतपश्च छायातपौ तयो: स्थितयो:। अयमर्थो यथैव छायास्थितस्तृतीयागमनकालं यावत्सुखेन तिष्ठति आतपस्थितश्च दु:खेन तिष्ठति तथा व्रतादि कुर्वन् स आत्मा जीव: सुद्रव्यादयो मुक्तिहेतवो यावत्संपद्यन्ते तावत्स्वर्गादिपदेषु सुखेन तिष्ठति अन्यश्च नरकादिपदेषु दु:खेनेति।

---

**ટીકાઃ-** સારું હો. શું તે (સારું હો)? પદ સ્થાન. કેવું (પદ)? દેવોનું પદ અર્થાત્ સ્વર્ગ. કયા હેતુઓ દ્વારા? વ્રતો દ્વારા, કારણકે વ્રતાદિ વિષય સંબંધી રાગથી ઉત્પન્ન પુણ્યોથી સ્વર્ગાદિપદરૂપ અભ્યુદયનો સંબંધ હોય છે જે સકલ જનોમાં સુપ્રસિદ્ધ છે.

ત્યારે શિષ્યે આશંકા કરી કહ્યું, "અવ્રતો પણ તેવા પ્રકારનાં હશે?"

'ના, ઇત્યાદિ.' તે સારું નથી. શું તે? પદ. કેવું (પદ)? નરક સંબંધી (પદ) શા વડે (પ્રાપ્ત થયેલું)? અવ્રતોથી અર્થાત્ હિંસાદિ પરિણામથી ઉત્પન્ન થયેલા પાપો વડે (પ્રાપ્ત થયેલું) (**'बत'** શબ્દ ખેદ-કષ્ટના અર્થમાં છે) 'અરે! તો વ્રત અને અવ્રત જેનું નિમિત્ત છે તેવાં દેવ અને નારક એ બે પક્ષોમાં સમાનતા આવશે.' એવી (શિષ્યની) આશંકા થતાં 'તે બંનેમાં મહાન્ તફાવત છે,' એમ છાયા ઇત્યાદિ દૃષ્ટાન્ત દ્વારા પ્રગટ કરી (આચાર્ય) કહે છે-કોણ તે? ભેદ-અન્તર. કેવો? મહાન્-મોટો. કોણ બેઉ વચ્ચે? બે પથિકો વચ્ચે. શું કરતા? પોતાના કાર્યના અંગે નગરમાં ગએલા અને ત્યાંથી પાછા આવતા પોતાના ત્રીજા સાથીની માર્ગમાં પ્રતીક્ષા કરતા- રાહ જોતા. તે બન્ને કેવા હોઈ? છાયા અને તાપમાં બેઠેલા હોઈ. (છાયા અને આતપ-તે છાયાતપ, તેમાં બેઠેલા). એનો અર્થ આ પ્રમાણે છેઃ- ત્રીજા (સાથીના) આગમનકાલ સુધી, જેમ છાયામાં બેઠેલો (પથિક) સુખેથી બેસે છે અને તાપમાં બેઠેલો (પથિક) દુઃખથી બેસે છે, તેમ જ્યાં સુધી સુદ્રવ્યાદિ મુક્તિનાં કારણો પ્રાપ્ત થાય, ત્યાં સુધી વ્રતાદિ આચરણ કરનાર તે આત્મા-જીવ સ્વર્ગાદિ સ્થાનોમાં સુખથી રહે છે અને બીજો (અવ્રતાદિ આચરનાર) નરકાદિ સ્થાનોમાં દુઃખથી રહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**अथ विनयः पुनराशंकते - एवमात्मनि भक्तिरयुक्ता स्यादिति-भगवनैवं चिरभाविमोक्षसुखस्य व्रतसाध्ये संसारसुखे सिद्धे सत्यात्मनि चिद्रूपे भक्तिर्भाव विशुद्धःआंतरोऽनुरागो अयुक्ता अनुपपन्ना स्याद्भवेत् तत्साध्यस्य मोक्षसुखस्य सुद्रव्यादि संपत्त्पपेक्षया दूरवर्तित्वादवांतरप्राप्तस्य च स्वर्गादिसुखस्य व्रतैकसाध्यत्वात्।**

**अत्राप्याचार्यः समाधत्ते - तदपि नेत न केवलं व्रतादिनामानर्थक्यं न भवेत् किं तर्हि तदप्यात्मभक्त्यनुपत्तिप्रकाशनमपि त्वया-क्रियमाणं न साधुः स्यादित्यर्थः। यतः-**

**यत्र भावः शिवं दत्ते द्यौः कियद्दूखर्तिनी।**
**यो नयत्याशु गव्यूतिं क्रोशार्धे किं स सीदति।।४।।**

---

**ભાવાર્થઃ-** જેમ છાયામાં બેસી પોતાના મિત્રની રાહ જોનાર મુસાફર સુખી થાય છે અને તડકામાં બેસી તેની રાહ જોનાર બીજો મુસાફર દુઃખી થાય છે, તેમ સમ્યગ્દૃષ્ટિ જીવ જ્યારે નિર્વિકલ્પ દશામાં રહી શકતો નથી ત્યારે તેને હેયબુદ્ધિએ વ્રતાદિપાલનનો શુભભાવ આવે છે અને તે શુભ ભાવના નિમિત્તે તે સ્વર્ગાદિ સ્થાનોમાં સુખ ભોગવે છે. સમ્યગ્દૃષ્ટિને નરકમાં જવા જેવા ભાવ થતા જ નથી; પરંતુ હિંસાદિ અવ્રતના અશુભ ભાવ કરનાર મિથ્યાદૃષ્ટિ જીવ નરકાદિ સ્થાનોમાં દુઃખ ભોગવે છે. માટે વ્રતાદિનું પાલન સ્વર્ગાદિસુખની અપેક્ષાએ સાર્થક છે. ૩.

હવે શિષ્ય ફરીથી આશંકા કરે છે–

એવી રીતે આત્માની ભક્તિ અયુક્ત (અયોગ્ય) ઠરશે, અર્થાત્ ભગવાન્! એ રીતે મોક્ષસુખ ચિરભાવી (લાંબા કાળે સાધ્ય) થશે અને વ્રતોથી સાધ્ય સંસારનું સુખ તો સિદ્ધ છે, તેથી ચિદ્રૂપ આત્મામાં ભક્તિભાવ અર્થાત્ વિશુદ્ધ અંતરંગ અનુરાગ કરવો અયુક્ત–અઘટિત બનશે, કારણકે તેનાથી સાધ્ય મોક્ષસુખ સુદ્રવ્યાદિ સામગ્રીની અપેક્ષા રાખતું હોવાથી દૂરવર્તી થશે અને વ્રતોદ્વારા અવાન્તર (વચમાં) પ્રાપ્ત સ્વર્ગાદિનું સુખ એક સાધ્ય થશે.

અહીં પણ આચાર્ય સમાધાન કરે છે–

તે પણ નથી, કારણકે વ્રતાદિની નિષ્ફળતા નહિ બને, એટલું જ નહિ, પરંતુ તેમ છતાં તું જે આત્મભક્તિને અયુક્ત બતાવે છે તે પણ ઠીક નથી, એવો અર્થ છે, કારણકે –

**આત્મ ભાવથી મોક્ષ જ્યાં, ત્યાં સ્વર્ગ શું દૂર,**
**ભાર વહે જે કોશ બે, અર્ધ કોશ શું દૂર. ૪.**

**टीका-** यत्रात्मनि विषये भावः प्रणिधानं भावः- कर्त्ताऽदत्ते प्रयच्छति। किं ? तच्छिवं मोक्षं, भावुकाय-भव्यायेति शेषः। तस्यात्मविषयस्य शिवदानसमर्थस्य द्यौः स्वर्गः कियदूरवर्तिनी। कियदूरे किं परिमाणे व्यवहितदेशे वर्तते ? निकटएव तिष्ठतीत्यर्थः। स्वात्मध्यानोपात्तपुण्यस्य तदेकफलत्वात्। तथा चोक्तं [ तत्त्वानुशासने ]-

गुरुपदेशमासाद्य ध्यायमानः समाहितैः।
अनंतशक्तिरात्मायं भुक्तिं मुक्ति च यच्छति।।१९६।।
ध्यातोऽर्हत्सिद्धरूपेण चरमांगस्य मुक्तये
तद्ध्यानोपात्तपुण्यस्य स एवान्यस्य भुक्तये।।१९७।।

अमुमेवार्थं दृष्टान्तेन स्पष्टयन्नाह- य इत्यादि। यो वाहीको नयति, प्रापयति किं ? स्ववाह्यं भारं। कां, गव्यूतिं क्रोशयुगं। कथं, आशु शीघ्रं स किं क्रोशार्द्धे स्ववाह्यभारं नयन् सीदति खिद्यते। नखिद्यत इत्यर्थः। महाशक्तावल्पशक्तेः सुघटत्वात्।

---

## શ્લોક-૪

**અન્વયાર્થઃ-** [ **यत्र** ] જ્યાં [ **भवः** ] આત્મ-ભાવ ( ભવ્ય-જીવોને ) [ **शिवं** ] મોક્ષ [ **दत्ते** ] આપે છે, [ **तत्र** ] ત્યાં [ **द्यौः** ] સ્વર્ગ [ **कियद्दूरवर्तिनी** ] કેટલું દૂર છે ? ( કંઈ દૂર નથી અર્થાત્ નજીક છે. ) [ **यः** ] જે ( મનુષ્ય ) ભારને [ **गव्यूतिं** ] બે કોશ સુધી [ **आशु** ] જલદી [ **नयति** ] લઈ જાય છે, [ **सः** ] તે ( મનુષ્ય ) તે ભારને [ **क्रोशार्धे** ] અર્ધો કોશ લઈ જતાં [ **किं सीदति** ] શું થાકી જશે- ખિન્ન થશે ? ( ના, ખિન્ન થશે નહિ ).

**ટીકાઃ-** જ્યાં એટલે આત્મવિષયમાં ભાવ- ( આત્મધ્યાન ) આપે છે- પ્રદાન કરે છે; શું તે ? ભવ્ય જીવને શિવ એટલે મોક્ષ ( આપે છે. ) મોક્ષ પ્રદાન કરવામાં સમર્થ તે આત્મભાવને સ્વર્ગ કેટલું દૂર ? કેટલે દૂર એટલે કેટલે છેટે આવેલા પ્રદેશે વર્તે ? નિકટ જ રહે- એવો અર્થ છે, કારણકે સ્વાત્મધ્યાન સાથે ઉપાર્જિત પુણ્યનું તે એક ફળ છે.

વળી તત્ત્વાનુશાસનમાં કહ્યું છે કેઃ-

‘ ગુરુનો ઉપદેશ પ્રાપ્ત કરી સાવધાન થયેલા પ્રાણીઓ દ્વારા ધ્યાવવામાં આવેલો આ અનંતશક્તિવાળો આત્મા ( આત્મધ્યાન કરનારને ) ભુક્તિ ( ભોગો ) અને મુક્તિ પ્રદાન કરે છે. ’ ... ( શ્લો. ૧૯૬ )

‘ આ આત્મા, અરંહત અને સિદ્ધના રૂપે ચિંતવવામાં ( ધ્યાવવામાં ) આવતાં, ચરમ શરીરીને મુક્તિ પ્રદાન કરે છે અને તેના ધ્યાન સાથે પુણ્ય ઉપાર્જિત કરનાર અન્યને તે ભુક્તિ ( અર્થાત્ સ્વર્ગ, ચક્રવર્ત્યાદિના ભોગો ) પ્રદાન કરે છે, ’ ... ( શ્લો. ૧૯૭ )

આ જ અર્થને દૃષ્ટાન્ત દ્વારા સ્પષ્ટ કરીને કહે છે- [ **य इत्यादि** ]

જે એટલે ભારવાહક લઈ જાય છે; શું ? પોતાને ઊંચકવાનો ભાર. ક્યાં સુધી ?

**अथैवमात्मभक्तेः स्वर्गगतिसाधनत्वेऽपि समर्थिते प्रतिपाद्यस्तत्फलजिज्ञासया गुरुं पृच्छति स्वर्गे गतानां किं फलमिति स्पष्टं गुरुरुत्तरयति-**

**हृषीकजमनातंकं दीर्घकालोपलालितम्।**
**नाके नाकौकसां सौख्यं नाके नाकौकसामिव।।५।।**

---

બે કોશ સુધી. કેવી રીતે? શીઘ્ર-જલદી; તે શું પોતાના ભારને અર્ધો કોશ લઈ જતાં ખેદ પામશે? નહિ ખેદ પામે- એવો અર્થ છે, કારણકે મહા શક્તિમાં અલ્પ શક્તિનો (સમાવેશ) સારી રીતે ઘટે છે- (અર્થાત્ મહાશક્તિવાળાને અલ્પશક્તિ સહજ હોય છે).

**ભાવાર્થ:-** જે શુદ્ધોપયોગરૂપ આત્મપરિણામમાં મોક્ષસુખ પ્રાપ્ત કરવાનું સામર્થ્ય છે તે ભૂમિકામાં રહેલા શુભરાગથી સ્વર્ગાદિની પ્રાપ્તિ સહજ હોય છે. જે માણસ એક મણનો બોજો બે કોશ લઈ જઈ શકે તેટલી તાકાતવાળો છે તે શું તે બોજો અર્ધો કોશ લઈ જતાં થાકી જશે? નહિ જ થાકે; તેવી રીતે જે જીવે પૂર્ણતાના લક્ષે-મોક્ષસુખ માટે પુરુષાર્થ આદર્યો છે, તેને શું સ્વર્ગાદિની પ્રાપ્તિ મુશ્કેલ છે? ના; તે સુલભ જ છે.

જે જીવ ચરમશરીરી છે એટલે કે તે ભવે જ મોક્ષ પ્રાપ્ત કરવાની લાયકાતવાળો છે, તે તો આત્મધ્યાનાદિના ઉગ્ર પુરુષાર્થ દ્વારા મોક્ષ-સુખ પામે છે, પરંતુ જે જીવો અચરમશરીરી છે એટલે કે તે ભવે મોક્ષ પ્રાપ્ત કરી શકે તેમ નથી તેઓ અરહંત-સિદ્ધરૂપે પોતાના આત્માનું ધ્યાન કરી તે ભૂમિકામાં જે પુણ્ય ઉપાર્જન કરે છે તેના ફળસ્વરૂપ તેમને સ્વર્ગ-ચક્રવર્ત્યાદિની વિભૂતિ પ્રાપ્ત થાય છે. એ રીતે આત્મધ્યાનાદિથી ભુક્તિ અને મુક્તિની પ્રાપ્તિ થાય છે. ૪

એ રીતે આત્મભક્તિમાં સ્વર્ગગતિનું પણ સાધનપણું છે એવું સમર્થન કરવામાં આવતાં શિષ્ય તેના ફળની જિજ્ઞાસાથી ગુરુને પૂછે છે- "સ્વર્ગે જનારાઓને શું ફળ મળે છે?"

આચાર્ય તેનો સ્પષ્ટ રીતે ઉત્તર આપતાં કહે છે:-

## શ્લોક - ૫

**અન્વયાર્થ:-** [**नाके नाकौकसाम्**] સ્વર્ગમાં વસનાર દેવોને જે [**सौख्यं**] સુખ હોય છે તે [**नाके नाकौकसाम् इव**] સ્વર્ગમાં રહેલા દેવોના જેવું [**हृषीकजं**] ઇન્દ્રિયોજનિત, [**अनातंकं**] આતંક (શત્રુઆદિ દ્વારા ઉત્પન્ન થનાર દુ:ખ) રહિત, [**दीर्घकालोपलालितं**] દીર્ઘ કાલ સુધી (તેત્રીસ સાગર પર્યંત) ભોગવવામાં આવે તેવું હોય છે.

---

**ઇન્દ્રિય જન્ય નિરામયી, દીર્ઘકાલ તક ભોગ્ય,**
**ભોગે સુરગણ સ્વર્ગમાં, સૌખ્ય સુરોને યોગ્ય. ૫.**

**टीका- वत्स ! अस्ति:, किं तत् ? सौख्यं शर्म्म। केषां ? नाकौकसां देवानां न पुन: स्वर्गेऽपि जातानामेकेन्द्रियाणां। क्व वसतां ? नाके स्वर्गे न पुन: क्रीडादि वशाद्रमणीयपर्वतादौ। किमतीन्द्रियं ? तन्नेत्याह-हृषीकजं हृषीकेभ्य: समीहितानंतरमुपस्थितं निजं, निजं विषयमनुभवद्भय: स्पर्शनादींद्रियेभ्य: सर्वांगीणाल्हादनाकरतया प्रादुर्भूतं तथापि राज्यादिसुखवत्सातंकं भविष्यतीत्याशंका-पनोदार्थमाह - अनातंकं न विद्यते आतंक: प्रतिपक्षादिकृतश्चित्तक्षोभो यत्र तथापि भोगभूमिजसुखवदल्पकालभोग्यं भविष्यतीत्याशंकायामाह-दीर्घकालोपलालितं-दीर्घकालं सागरोपमपरिछिन्न कालं यावदुपलालितमाज्ञाविधेयदेवदेवीस्वर्विलासिनीभि: क्रियमाणोपचारत्वादुत्कर्षं प्रापितं तर्हि क्व केषामिव तदित्याह, नाके नाकौकसामिव स्वर्गदेवानां यथा अनन्योपममित्यर्थ:।**

---

**ટીકા**:- હે વત્સ ! છે. શું તે ? સુખ-શર્મ. કોને ( છે )? સ્વર્ગમાં વસતા દેવોને, નહિ કે સ્વર્ગમાં પણ ઉત્પન્ન થયેલા એકેન્દ્રિય જીવોને; ક્યાં વસતા ? સ્વર્ગમાં, નહિ કે ક્રીડાદિકના કારણે રમણીય પર્વતાદિમાં ( વસતા ). શું તે અતીન્દ્રિય ( સુખ ) છે ? ( ઉત્તરમાં ) કહે છે- ' ના ' ઇન્દ્રિયોથી ઉત્પન્ન થયેલું, ઇચ્છાની અનંતર ઇન્દ્રિયો દ્વારા ઉપસ્થિત થયેલું અર્થાત્ પોત-પોતાના વિષયને અનુભવતી સ્પર્શનાદિ ઇન્દ્રિયો દ્વારા સર્વાંગીણ ( સર્વ અંગોમાં વ્યાપક ) હર્ષરૂપે પ્રગટ થયેલું- ( તે સુખ છે ).

વળી તે સુખ રાજ્યાદિના સુખ જેવું આતંક ( ચિત્તક્ષોભ ) વાળું હશે ? તે આશંકાના સમાધાનાર્થે ( આચાર્ય ) કહે છે-

( તે સુખ ) અનાતંક એટલે જેમાં આતંક એટલે શત્રુઆદિકૃત ચિત્તક્ષોભ ન હોય તેવું છે.

તથાપિ તે સુખ શું ભોગભૂમિમાં ઉત્પન્ન થયેલા સુખની માફક અલ્પ કાલ ભોગવવા યોગ્ય હશે ? તેવી આશંકા થતાં ( આચાર્ય ) કહે છે-

( તે સુખ ) દીર્ઘ કાલ સુધી ઉપલાલિત એટલે ભોગવવામાં આવે છે; દીર્ઘ કાલ એટલે સાગરોપમથી જણાતા કાલ સુધી; ઉપલાલિત એટલે આજ્ઞાકારી દેવ-દેવીઓ અર્થાત્ સ્વર્ગની વિલાસિનીઓ દ્વારા કરવામાં આવતી સેવાઓથી ઉત્કર્ષ ( વૃદ્ધિ ) પામતું ( સુખ ).

' ત્યારે કયાં કોના જેવું તે ( સુખ ) છે ? ' - એમ ( શિષ્યે ) પૂછયું.

સ્વર્ગમાં નિવાસ કરનારા દેવોનું સુખ, સ્વર્ગવાસી દેવોના ( સુખ ) જેવું હોય છે, અર્થાત્ તે સુખ અનન્યોપમ ( જેની ઉપમા બીજા કોઈ સાથે થઈ શકે નહિ તેવું ) હોય છે, તેવો અર્થ છે.

**अत्र शिष्यः प्रत्यवतिष्ठते यदि स्वर्गेऽपि सुखमुत्कृष्टं किमपवर्गप्रार्थनयेति। भगवन्! यदि चेत् स्वर्गेऽपि न केवलमपवर्गे- सुखमस्ति कीदृशं? उत्कृष्टं मर्त्यादिसुखातिशायि तर्हि, किं कार्यं? कया? अपवर्गस्य मोक्षस्य प्रार्थनया- अपवर्गो मे भूयादित्यभिलाषेण।**

**एवं च संसारसुखे एव निर्बन्धं कुर्वन्तं प्रबोध्यं तत्सुखदुःखस्य भ्रांतत्वप्रकाशनाय आचार्यः प्रबोधयतिः-**

**वासनामात्रमेवैतत्सुखं दुःखं च देहिनां।**
**तथा ह्युद्वेजयंत्येते भोगा रोगा इवापदि।।६।।**

---

**ભાવાર્થઃ-** આ સ્વર્ગીય સુખ અતીન્દ્રિય નથી પણ ઇન્દ્રિયજનિત છે, છતાં તે ઇન્દ્રિયજનિત સુખોમાં અનુપમ છે કારણકે તે રાજ્યાદિના સુખ જેવું ચિત્તક્ષોભ કરે તેવું નથી, અને દેવો તે સુખ પોતાની દેવીઓ સાથે સાગરોપમ કાલ સુધી ભોગવે છે; ભોગભૂમિના સુખ જેવું તે અલ્પકાલીન નથી. ૫.

અહીં શિષ્ય પૂર્વ પક્ષ લઈ પૂછે છે, "જો સ્વર્ગમાં પણ સુખ ઉત્કૃષ્ટ હોય તો મોક્ષ માટે પ્રાર્થનાની શી જરૂર? ભગવન્! ન કેવલ મોક્ષમાં, કિન્તુ સ્વર્ગમાં પણ સુખ હોય-કેવું? ઉત્કૃષ્ટ-મનુષ્યાદિના સુખને ટપી જાય તેવું હોય- તો (તેનું) શું પ્રયોજન? કોનું? 'મને મોક્ષ હો (મોક્ષની પ્રાપ્તિ હો)' એવી અપવર્ગ એટલે મોક્ષની અભિલાષારૂપ પ્રાર્થનાનું (શું પ્રયોજન)?

એવી રીતે સંસાર સંબંધી સુખનો જ આગ્રહ રાખતા શિષ્યને સંસાર સંબંધી સુખ-દુઃખનું ભ્રાન્તિપણું પ્રકાશવા માટે આચાર્ય પ્રબોધે છે (સમજાવે છે) :-

## શ્લોક-૬

**અન્વયાર્થઃ-** [ **देहिनां** ] દેહધારીઓનાં [ **एतत् सुखं दुःखं च** ] તે સુખ તથા દુઃખ [ **वासनामात्रम् एव** ] કેવલ વાસના-માત્ર જ હોય છે. [ **तथा हि** ] વળી [ **एते भोगाः** ] તે (સુખ-દુઃખરૂપ) ભોગો [ **आपदि** ] આપત્તિના સમયે [ **रोगाः इव** ] રોગોની જેમ (પ્રાણીઓને) [ **उद्वेजयन्ति** ] ઉદ્વેજિત (આકુલિત) કરે છે.

**સુખ દુઃખ સંસારીનાં, વાસના જન્ય તું માન,**
**આપદમાં દુઃખકાર તે, ભોગો રોગ સમાન. ૬.**

**टीका- एतत् प्रतीयमानमैंद्रियकं सुखं दुःखं चास्ति। कीद्दशं? वासनामात्रमेव, जीवस्योपकारकत्वापकारकत्वाभावेन परमार्थतो देहादवुपेक्षणीये। तत्त्वानवबोधादिदं ममेष्टमुपकारकत्वादिदं चानिष्टमपकारकत्त्वादिति विभ्रमाज्जातः संस्कारो वासना, इष्टानिष्टार्थानुभवानंतरमुद्भूतः स्वयंवेद्य आभिमानिकः परिणामः। वासनैव, न स्वाभाविकमात्मस्वरूपमित्यन्ययोगव्यवच्छेदार्थो मात्र इति, स्वयोगव्यवस्थापकश्चैव शब्दः। केषामेतदेवंभूतमस्तीत्याह-देहिनां देह एवात्मत्वेन गृह्यमाणो अस्ति येषां ते देहिनो बहिरात्मानस्तेषां। एतदेव समर्थयितुमाह-तथाहीत्यादि। उक्तार्थस्य द्दष्टान्तेन समर्थनार्थस्तथाहीति शब्दः। उद्वेजयंति उद्वेगं कुर्वन्ति न सुखयन्ति, के ते? एते सुखजनकत्वेन लोके प्रतीता भोगाः रमणीयरमणीप्रमुखाः इन्द्रियार्थाः। क इव? रोगा इव ज्वरादिव्याधयो यथा। कस्यां सत्यामापदि-दुर्निवारवैरिप्रभृतिसंपादित दौर्मनस्य लक्षणायां विपदि। तथा चोक्तम्-**

---

**ટીકાઃ-** પ્રતીતિ કરવામાં આવતાં તે ઇન્દ્રિયજનિત સુખ-દુઃખ છે. (તે) કેવાં છે? (તે) કેવલ વાસનામાત્ર જ છે. જીવને (દેહાદિ પદાર્થો) ઉપકારક તથા અપકારક નહિ હોવાથી, પરમાર્થે દેહાદિ (પદાર્થ) વિષે તે ઉપેક્ષણીય છે. તેમાં તત્ત્વજ્ઞાનના અભાવે, 'આ મને ઉપકારક હોવાથી ઇષ્ટ છે અને અપકારક હોવાથી અનિષ્ટ છે' એવા વિભ્રમથી ઉત્પન્ન થયેલો સંસ્કાર તે વાસના છે. તે (વાસના) ઇષ્ટ-અનિષ્ટ પદાર્થોના અનુભવના અનંતરે ઉત્પન્ન થયેલો સ્વસંવેદ્ય અભિમાનયુક્ત પરિણામ છે. તે વાસના જ છે, સ્વાભાવિક આત્મસ્વરૂપ નથી.

એમ અન્યના યોગનો વ્યવચ્છેદ (અભાવ) દર્શાવવાના અર્થમાં '**मात्र**' શબ્દ છે અને સ્વનો યોગ (સંબંધ) જણાવવાના અર્થમાં '**एव**' શબ્દ છે.

(શિષ્યે) પૂછયું- આવું (સુખ-દુઃખ) કોને હોય છે? દેહધારીઓને અર્થાત્ દેહને જ જેઓ આત્મા તરીકે ગ્રહણ કરે છે તે દેહી બહિરાત્માઓ-તેમને (તેવી સુખ-દુઃખની કલ્પના હોય છે).

આના જ સમર્થનમાં કહે છે- **तथाहीत्यादि।**

ઉક્ત અર્થના દષ્ટાન્ત દ્વારા સમર્થન માટે '**तथाहि**' શબ્દ છે.

ઉદ્વેજિત કરે છે એટલે ઉદ્વેગ કરે છે- સુખી કરતા નથી. કોણ તે? 'તે સુખ ઉત્પન્ન કરે છે' એમ લોકમાં પ્રતીત થયેલા (માનવામાં આવેલા) ભોગો-અર્થાત્ રમણીય સ્ત્રી આદિ ઇન્દ્રિય-પદાર્થો. કોની માફક (ઉદ્વેગ કરે છે)? રોગોની માફક-જ્વરાદિ વ્યાધિઓની જેમ. શું હોતાં? આપત્તિ આવી પડતાં - અર્થાત્ દુર્નિવાર શત્રુ આદિ દ્વારા કરવામાં આવેલી ચિત્તક્ષોભ લક્ષણવાળી વિપત્તિ આવી પડતાં; તથા કહ્યું છે કે-

**“ मुञ्चांङ्गं ग्लपयस्यलं क्षिप कुतोऽप्यक्षाश्च विद्भात्यदो,**
**दूरे धेहि न ह्रष्य एव किमभूरन्या न वेत्सि क्षणम्।**
**स्थेयं चेद्धि निरुद्धि गामिति तवोद्योगे द्विषः स्त्री क्षिपं-**
**त्याश्लेषक्रमुकांगरागललितालापैर्विधित्सू रतिम् [ ? ] ।। ”**

**अपि च -- ‘ रम्यं हर्म्यं चन्दनं चन्द्रापादा, वेणुर्वीणा यौवनस्था युवत्यः।**
**नैते रम्या क्षुत्पिपासार्दितानां, सर्वारंभास्तंदुलाः प्रस्थमूलाः।। ’**

**तथा-- ‘ आतपे धृतिमता सह वध्वा यामिनीविरहिणा विहगेन।**
**सेहिरे न किरणंहिमरश्मेर्दुःखिते मनसि सर्व्वमसह्यम्।। ’**

---

“ **मुञ्चाङ्गं।................** ”

[ આ શ્લોકમાં એક યુગલના વાર્તાલાપ દ્વારા એ બતાવ્યું છે કે જે વિષયો પહેલાં સુખકર લાગતા હતા તે હવે મન દુઃખી થતાં દુઃખકર લાગે છે. ચિંતામગ્ન પતિ પોતાની સ્ત્રીને કહેવા લાગ્યો– ]

“ મારા અંગને છોડ, તું મને સંતાપ પેદા કરે છે, હઠી જા, મને આનંદ થતો નથી; તારી આ ક્રિયાઓથી મારી છાતીમાં પીડા થાય છે, દૂર જા; ત્યારે પત્ની ટાણો મારતી કહે છે, “ શું બીજી સ્ત્રી સાથે પ્રીતિ કરી છે ? ” પતિ કહે છે, “ તું સમય જોતી નથી. જો ધૈર્ય હોય તો પ્રયત્નથી ઇન્દ્રિયોને વશમાં રાખ ” – એમ કહી તે પત્નીને દૂર કરી દે છે.

વળી, “ **रम्यं हर्म्यै................** ”

સુંદર મહેલ, ચંદન, ચાંદની ( ચંદ્રના કિરણો ), વેણુ, વીણા તથા યૌવનવતી યુવતિઓ વગેરે, ભૂખ–તરસથી પીડાતી વ્યક્તિઓને રમ્ય ( મજાનાં ) લાગતાં નથી, કારણકે ( જીવોના ) સર્વ આરંભોમાં તન્દુલપ્રસ્થ એ મૂલ વાત છે, ( અર્થાત્ ઘરમાં ભોજન માટે તન્દુલ હોય તો આ બધા પદાર્થો સુન્દર લાગે છે, નહિ તો નહિ. )

વળી, “ **आतपे धृतिमता................** ”

એક પક્ષી પોતાની પ્રિયા સાથે ધૂપમાં રહેવા છતાં સુખ માનતું હતું, પરંતુ રાત્રે જ્યારે તે પોતાની પ્રિયાથી વિખૂટું પડી ગયું, ત્યારે તેના વિયોગમાં ચંદ્રના કિરણો પણ તેને સંતાપ દેતાં લાગ્યાં; કારણકે મન દુઃખી થતાં બધું અસહ્ય થઈ પડે છે; સારું લાગતું નથી; ) ઇત્યાદિ.

તેથી જણાય છે કે ઇન્દ્રિયજનિત સુખ વાસનામાત્ર જ છે; તે આત્માનું સ્વાભાવિક – અનાકુલ સ્વભાવવાળું નથી, નહિ તો સંસારમાં જે પદાર્થો સુખજનક માનવામાં આવે છે તે દુઃખનું કારણ કેમ બને ? એમ તે ( ઇન્દ્રિય–સુખ ) પણ દુઃખ જ છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**इत्यादि-अतो ज्ञायते ऐन्द्रियकं सुखं वासनामात्रमेव नात्मन: स्वाभाविकानाकुलत्वस्वभावं। कथमन्यथा लोके सुखजनकत्वेन प्रतीतानामपि भावानां दु:खहेतुत्वं। एवं दु:खमपि।।**

**अत्राह पुन: शिष्य:- एते सुखदु:खे खलु वासनामात्रे कथं न लक्ष्येते इति-खल्विति वाक्यालंकारे निश्चये वा। कथं ? केन प्रकारेण न लक्ष्येते न संवेद्येते लोकैरिति शेष:। शेषं स्पष्टम्।**

---

**ભાવાર્થઃ-** અજ્ઞાની જીવોને જે સુખ–દુઃખ હોય છે તે ઇન્દ્રિયજનિત છે– વાસનામાત્ર જ છે.

'દેહાદિ પદાર્થો મને ઉપકારક છે, માટે ઇષ્ટ છે અને તેઓ મને અપકારક (અહિતકારક) છે એમ કોઈક વાર માને છે માટે અનિષ્ટ છે' – એવી વિભ્રમરૂપ કલ્પનાથી ઉત્પન્ન થયેલો સંસ્કાર તે વાસના છે.

અજ્ઞાની જીવ, આવી વાસનાના કારણે ભોગોના નિમિત્તે ઉત્પન્ન થયેલા ઇન્દ્રિયજનિત સુખમાં ભ્રમથી વાસ્તવિક (સાચા) સુખની કલ્પના કરે છે.

આ ભોગો રોગ સમાન છે. તેઓ દુઃખના સમયે રોગની જેમ આકુલતા ઉદ્વેગતાનાં નિમિત્ત થાય છે. કોઈ કારણથી મન દુઃખી હોય અર્થાત્ ચિત્ત–ક્ષોભ હોય, તો સુંદર ભોગો પણ ઉદ્વેગકારક લાગે છે; તેઓ અસહ્ય લાગે છે. ભૂખ–તરસથી પીડાતા મનુષ્યને સુંદર મહેલ, ચંદન, ચંદ્રનાં કિરણ, યુવતીઓ વગેરે સુંદર પદાર્થો પણ દુઃખકર લાગે છે.

ઇન્દ્રિયજન્ય સુખ વાસનામાત્ર અથવા કલ્પનાજનિત છે. તે આત્માનું સ્વાભાવિક–અનાકુલરૂપ સુખ નથી, પણ વાસ્તવમાં તે દુઃખ જ છે, તેથી તેમાં વાસ્તવિક સુખની કલ્પના કરવી વ્યર્થ છે.

જો ઇન્દ્રિયજન્ય સુખ વાસનામાત્ર–વિભ્રમજન્ય ન હોય તો આ સંસારમાં જે પદાર્થ સુખદાયક મનાય છે તે દુઃખદાયક કેમ મનાય? તેથી અજ્ઞાની જીવોનું સુખ–દુઃખ કેવળ વાસનામાત્ર છે, બન્ને દુઃખ છે. ૬

અહીં શિષ્ય ફરીથી કહે છે– "જો તે સુખ–દુઃખ ખરેખર ('खलु' શબ્દ વાક્યાલંકાર યા નિશ્ચયના અર્થમાં છે.) વાસનામય હોય, તો (લોકોને) તે (વાસનામાત્ર છે એમ) કેમ માલૂમ પડતું નથી? અર્થાત્ લોકોને તે કેમ સંવેદનમાં આવતું નથી? શેષ સ્પષ્ટ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**अत्राचार्यः प्रबोधयति-**

**मोहेन संवृतं ज्ञानं स्वभावं लभते न हि।**
**मत्तः पुमान् पदार्थानां यथा मदनकोद्रवैः।।७।।**

**टीका- न हि नव लभते परिछिनत्ति धातूनामनेकार्थत्वाल्लभेर्ज्ञानेपि वृत्तिस्तथावल्लोको वक्ति मयास्य चित्तं लब्धमिति। किं तत्? कर्तृ- ज्ञानं धर्म्मधर्म्मिणोः कथंचित्तादात्म्यादर्थग्रहणव्यापारपरिणत आत्मा। कं? स्वभावं, स्वोऽसाधारणो- अन्योऽन्यव्यतिकरे सत्यपि व्यक्त्यंतरेभ्यो विवक्षितार्थस्य व्यावृत्तप्रत्ययहेतुर्भावो धर्म्मः स्वभावस्तं। केषां? पदार्थानां। सुखदुःखशरीरादीनां। किं विशिष्टं सत् ज्ञानं?**

---

અહીં આચાર્ય સમજાવે છે–

## શ્લોક-૭

**અન્વયાર્થ**:- [ **यथा** ] જેમ [ **मदनकोद्रवैः** ] મદ ઉત્પન્ન કરનાર કોદ્રવોથી ( કોદ્રવના નિમિત્તથી ) [ **मत्तः पुमान्** ] ઉન્મત્ત ( પાગલ ) બનેલો માણસ [ **पदार्थानां** ] પદાર્થોનું [ **स्वभावं** ] યથાર્થ સ્વરૂપ [ **न लभते** ] જાણતો નથી, [ **तथा एव** ] તેમ જ [ **मोहेन** ] મોહથી [ **संवृतं** ] આચ્છાદિત થયેલું [ **ज्ञानं** ] જ્ઞાન [ **स्वभावं** ] વાસ્તવિક સ્વરૂપને [ **न हि लभते** ] જાણતું નથી.

**ટીકા**:- **न हि** એટલે ખરેખર પ્રાપ્ત કરતું– જાણતું નથી. ( ધાતુઓના અનેક અર્થ હોવાથી ‘लभ्’ શબ્દ મેળવવાના અર્થમાં અને જ્ઞાનના અર્થમાં પણ વપરાય છે; જેમકે લોક કહે છે, ‘મેં તેનું મન મેળવ્યું–જાણ્યું’ ) કોણ તે ( જાણતું નથી )? જ્ઞાન ( કર્તા ) અર્થાત્ ધર્મ અને ધર્મીના કથંચિત્ તાદાત્મ્યપણાને લીધે અર્થને ગ્રહણ કરવાના ( જાણવાના ) વ્યાપારમાં પરિણત આત્મા.

કોને ( જાણતું નથી )? સ્વભાવને; સ્વ એટલે અસાધારણ; પરસ્પર ભિન્ન હોવા છતાં, ( એકઠા મળેલા પદાર્થોમાંથી ) વિવક્ષિત ( ખાસ ) પદાર્થને અન્ય પદાર્થોથી વ્યાવર્ત ( ભિન્ન ) બતાવવામાં કારણભૂત ભાવ તે ધર્મ– તે સ્વભાવ, તેને.

( બે અથવા બેથી અધિક મળેલા પદાર્થોમાંથી કોઈ ખાસ પદાર્થને અન્ય પદાર્થોથી ભિન્ન બતાવનાર અસાધારણ ભાવ ( ધર્મ ) તેને તે પદાર્થનો સ્વભાવ કહે છે ).

કોના ( સ્વભાવને )? સુખ–દુઃખ–શરીરાદિ પદાર્થોના ( સ્વભાવને ). તે જ્ઞાન કેવું છે? ઢંકાયેલું–આચ્છાદિત થયેલું–અર્થાત્ વસ્તુના યથાર્થ સ્વરૂપના પ્રકાશમાં

**મોહે આવૃત જ્ઞાન જે, પામે નહીં નિજરૂપ,**
**કોદ્રવથી જે મત્ત જન, જાણે ન વસ્તુસ્વરૂપ. ૭.**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


**संवृत्तं प्रच्छादितं वस्तुयाथात्म्यप्रकाशने अभिभूतसामर्थ्यं। केन? मोहेन-मोहनीय कर्म्मणो विपाकेन।**

**तथाचोक्तम् [ लघीयस्त्रये ] -**

**मलविद्धमणेर्व्यक्तिर्यथा नैकप्रकारतः।**
**कर्म्मविद्धात्मविज्ञप्तिस्तथा नैकप्रकारतः।।**

**नन्वमूर्तस्यात्मनः कथं मूर्तेन कर्म्मणाभिभवो युक्तः? इत्यत्राह-मत्त इत्यादि यथा नैव लभते। कोऽसौ? पुमान् व्यवहारी पुरुषः। कं? पदार्थानां घटपटादीनां स्वभावं। किं विशिष्टः सन्? मत्तः जनितमदः। कैः? मदनकोद्रवैः।।**

---

જેનું સામર્થ્ય અભિભૂત થયું છે (પરાભવ પામ્યું છે) તેવું (તે જ્ઞાન), કોનાથી (અભિભૂત થયું છે)? મોહથી – મોહનીય કર્મના વિપાકથી (ઉદયથી) –અર્થાત્ મોહનીયકર્મના ઉદયમાં જોડાવાથી તે જ્ઞાન આચ્છાદિત થયું છે).

વળી, (લઘીયસ્ત્રયમાં) કહ્યું છે કે– '**मलविद्ध**'

જેવી રીતે મળવાળા મણિનો પ્રકાશ એક પ્રકારનો નહિ હોતાં (અનેક પ્રકારે હોય છે,) તેવી રીતે કર્મસંબદ્ધ આત્માની વિજ્ઞપ્તિ એક પ્રકારે નહિ હોતાં અનેક રૂપે હોય છે. (કર્મ–મળથી આવૃત્ત જ્ઞાન ખંડખંડરૂપ હોઈ અનેકરૂપ હોય છે).

શિષ્યે પ્રશ્ન કર્યો– 'અમૂર્ત આત્માનો મૂર્ત કર્મદ્વારા અભિભવ (પરાભવ) થવો કેવી રીતે યોગ્ય છે?'

તેના ઉત્તરસ્વરૂપ આચાર્ય કહે છે– '**मत्त इत्यादि**'

જેમ જાણતો જ નથી. કોણ તે? પુરુષ એટલે વ્યવહારી પુરુષ. કોને (જાણતો નથી)? ઘટ–પટાદિ પદાર્થોના સ્વભાવને. કેવો થયેલો (તે પુરુષ)? ઉન્મત્ત (પાગલ) થયેલો– ઘેનમાં આવેલો. શા વડે? મદ ઉત્પન્ન કરનાર કોદ્રવોથી (કોદ્રવોના નિમિત્તથી).

**ભાવાર્થઃ-** જેમ માદક કોદ્રવ (કોદરા) ના નિમિત્તે માણસ પોતાની યોગ્યતાથી ઉન્મત્ત (પાગલ) બની જાય છે, તેનું જ્ઞાન પણ મૂર્છિત થઈ જાય છે, તેને હેય–ઉપાદેયનો કાંઈ પણ વિવેક રહેતો નથી, તેમ આ વ્યવહારી (અજ્ઞાની) આત્મા સ્વસ્વરૂપથી ચ્યુત થાય છે, તેને હેય–ઉપાદેયનો કાંઈ વિવેક રહેતો નથી, તે પોતાનાથી સર્વથા ભિન્ન ધનાદિ સંપદામાં તથા દેહ–સ્ત્રી–પુત્ર–મિત્રાદિકમાં આત્મ–કલ્પના કરે છે– તેમને પોતાનાં માને છે અને અત્યંત દુઃખકર સાંસારિક ભોગોના ભાવને પણ સુખકર માને છે. તેનું જ્ઞાન, મોહથી પરાભવ પામેલું હોવાથી, સુખ–દુઃખ–શરીરાદિ પદાર્થોના યથાર્થ સ્વરૂપને જાણતું નથી–અર્થાત્ પદાર્થોને વિપરીત સ્વરૂપે જાણે છે. ૭

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**पुनराचार्य एव प्राह-विराधक इत्यादि यावत् ' स्वभावमनासादयन् विसद्दशान्यवगच्छतीति ' शरीरादीनां स्वरूपमलभमानः पुरुषः शरीरादीनि अन्यथाभूतानि प्रतिपद्यत इत्यर्थः।**

**अमुमेवार्थं स्फुटयति-**

**वपुर्गृहं धनं दाराः पुत्रा मित्राणि शत्रवः।**
**सर्वथान्यस्वभावानि मूढः स्वानि प्रपद्यते।।८।।**

**टीका- प्रपद्यते। कोऽसौ ? मूढः स्वपरविवेकज्ञानहीनः पुमान्। कानि, वपुर्गृहादीनि वस्तूनि। किं विशिष्टानि ? स्वानि स्वश्चात्मा स्वानि चात्मीयानि स्वानि। एकशेषाश्रयणादेकस्य स्वशब्दस्य लोपः। अयमर्थो द्दढतममोहाविष्टो देहादिकमात्मानं प्रपद्यते-आत्मत्वेनाभ्युपगच्छति। द्दढतरमोहाविष्टश्च आत्मीयत्वेन। किं विशिष्टानि संति स्वानि प्रपद्यत इत्याह। सर्वथान्यस्वभावानि-सर्वेण द्रव्य-क्षेत्र-काल-भाव-**

---

ફરીથી આચાર્ય જ કહે છે– ' **विराधक इत्यादि यावत्** ' – ( દશમા શ્લોક સુધી ) પોતાના સ્વભાવને પ્રાપ્ત નહિ કરનાર ( અર્થાત્ શરીર વગેરેનું સ્વરૂપ નહિ જાણનાર પુરુષ શરીરાદિને અન્યથા ( અન્ય પ્રકારે ) માને છે– એવો અર્થ છે.

આ જ અર્થની ( આચાર્ય ) સ્પષ્ટતા કરે છે–

## શ્લોક-૮

**અન્વયાર્થઃ**- [ **वपुः** ] શરીર, [ **गृहं** ] ઘર, [ **धनं** ] ધન, [ **दाराः** ] સ્ત્રી, [ **पुत्राः** ] પુત્રો, [ **मित्राणि** ] મિત્રો, [ **शत्रवः** ] શત્રુઓ [ **सर्वथा अन्य स्वभावानि** ] સર્વથા ( ચૈતન્યસ્વભાવથી ) ભિન્ન સ્વભાવવાળાં છે, [ **किन्तु** ] છતાં [ **मूढः** ] અજ્ઞાની જીવ [ **तानि** ] તેમને [ **स्वानि** ] પોતાનાં [ **प्रपद्यते** ] માને છે.

**ટીકાઃ**- માને છે ( સમજે છે. ) કોણ તે ? મૂઢ અર્થાત્ સ્વ–પરના વિવેકજ્ઞાનથી રહિત પુરુષ. કોને ( માને છે ) ? શરીર, ગૃહ આદિ વસ્તુઓને; કેવા પ્રકારની ( માને છે ) ? પોતાની ( માને છે ). સ્વ એટલે નિજ આત્મા. સ્વાનિ એટલે આત્મીય સ્વ. ( એકશેષ સમાસને લીધે એક ' સ્વ ' શબ્દનો લોપ થયો છે ). આનો અર્થ એ છે કે – દઢતમ મોહથી આવિષ્ટ ( મોહાભિભૂત ) પ્રાણી દેહાદિકને આત્મા માને છે એટલે કે તેમને આત્મસ્વરૂપ સમજે છે અને દઢતર મોહથી આવિષ્ટ પ્રાણી ( તેમને ). આત્મીય ( એટલે આત્માનાં ) માને છે.

**તન, ધન, ઘર, સ્ત્રી, મિત્ર-અરિ, પુત્રાદિ સહુ અન્ય,**
**પરભાવોમાં મૂઢ જન, માને તેહ અનન્ય. ૮.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**लक्षणेन प्रकारेण स्वस्वभावादन्यो भिन्नः स्वभावो येषां तानि। किं किमित्याह-वपुः शरीरं तावदचेतनत्वादिस्वभावं प्रसिद्धमस्ति। एवं गृहं धनं दारा भार्याः पुत्राः आत्मजाः मित्राणि सुहृदः शत्रवोऽमित्राः।**

**अत्रहितवर्गमुद्दिश्य दृष्टान्तः।'**

**अत्रैतेषु वपुरादिषु मध्ये हितानामुपकारकाणां दारादीनां वर्गो गणस्तमुद्दिश्य विषयीकृत्य दृष्टान्त उदाहरणं प्रदर्श्यते। अस्माभिरिति शेषः। तद्यथा-**

---

(શિષ્ય) પૂછે છે– કેવા પ્રકારની વસ્તુઓને પોતાની માને છે? સર્વથા (સર્વ પ્રકારે) અન્ય (ભિન્ન) સ્વભાવવાળી (વસ્તુઓને) અર્થાત્ દ્રવ્ય–ક્ષેત્ર–કાલ–ભાવરૂપ સર્વ પ્રકારે સ્વ–સ્વભાવથી અન્ય એટલે ભિન્ન જેનો સ્વભાવ છે તેવી (વસ્તુઓને). વળી પૂછયું, "કઈ કઈ (વસ્તુઓ)?" પ્રથમ તો વપુ એટલે શરીર જે અચેતનત્વાદિ સ્વભાવવાળું પ્રસિદ્ધ છે તે, તેમજ ઘર, ધન, દારા, સ્ત્રી (ભાર્યા), પુત્રો (આત્મજો), મિત્રો (સુહૃદો) અને શત્રુઓ (અમિત્રો) વગેરે.

**ભાવાર્થઃ-** સ્વ–પરના ભેદવિજ્ઞાનથી રહિત મૂઢ જીવો, દ્રવ્ય–ક્ષેત્ર–કાલ–ભાવરૂપે આત્મસ્વભાવથી સર્વથા ભિન્ન સ્વભાવવાળાં જે શરીર, ઘર, ધન, સ્ત્રી, પુત્ર, મિત્ર આદિ પદાર્થો છે તેમને સ્વ તથા આત્મીય (સ્વીય) – પોતાનાં માને છે.

અસદ્ભૂત વ્યવહારનયે આ બધાં, જીવનાં કહેવામાં આવે છે એટલે કે એ બધાંનો સંયોગ જીવને છે ખરો, પણ તે જીવથી સર્વથા ભિન્ન છે; તે દર્શાવવા માટે પ્રસ્તુત મૂળ ગાથામાં તેમ જ ટીકામાં સર્વથા શબ્દ વાપર્યો છે.

આ રીતે મૂઢ જીવો પોતાના આત્મસ્વભાવથી સર્વથા ભિન્ન સ્વભાવવાળા પદાર્થોમાં આત્મબુદ્ધિ અને આત્મીયબુદ્ધિ કરી દુઃખી થાય છે.

**સમાધિતંત્ર-** શ્લોક ૫૬માં પણ કહ્યું છે કે–

**अनात्मीयात्मभूतेषु ममाहमिति जाग्रति।**

અજ્ઞાની જીવ, આનાત્મીયભૂત એટલે આત્મીય નહિ એવાં સ્ત્રી–પુત્રાદિકમાં, 'એ મારાં છે' અને અનાત્મભૂત એટલે આત્મભૂત નહિ એવા શરીરાદિકમાં, 'એ હું છું' એવો અધ્યવસાય (વિપરીત માન્યતા) કરે છે. ૮

અહીં હિતવર્ગને ઉદ્દેશીને દૃષ્ટાન્ત છે.

અહીં એટલે શરીરાદિ મધ્યે જે હિતકારક એટલે ઉપકારક સ્ત્રી આદિનો વર્ગ એટલે ગણ (સમૂહ) છે તેમને ઉદ્દેશીને એટલે તેમને વિષય કરીને (તે કેવાં છે તે સમજાવવા માટે) અમે દૃષ્ટાન્ત એટલે ઉદાહરણ આપીએ છીએ. તે આ પ્રમાણે છે–

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

दिग्देशभ्य: खगा एत्य संवसन्ति नगे नगे।

स्वस्वकार्यवशाद्यांति देशे दिक्षु प्रगे प्रगे।।९।।

**टीका- संवसंति मिलित्वा रात्रिं यावन्निवासं कुर्वन्ति। के ते? खगा: पक्षिण:। क्व क्व? नगे नगे वृक्षे वृक्षे। किं कृत्वा? एत्य आगत्य। केभ्यो? दिग्देशेभ्य:, दिश: पूर्वादयो दश, देशस्तस्यैकदेशो अंगवंगादयस्तेभ्योऽवधिकृतेभ्य: तथा यांति गच्छन्ति। के ते? खगा:। कासु? दिक्षु दिग्देशेष्विति; प्राप्तेर्विपर्ययनिर्देशो गमननियमनिवृत्त्यर्थस्तेन, यो यस्या: दिश: आयात: स तस्यामेव दिशि गच्छति यश्च यस्माद्देशादायात: स तस्मिन्नेवदेशे गच्छतीति नास्ति नियम:। किं तर्हि? यत्र क्वापि यथेच्छं गच्छतीत्यर्थ:। कस्मात् स्वस्वकार्यवशात् निजनिजकरणीय-**

---

( શરીરાદિ પદાર્થો જેને મોહવાન પ્રાણી ઉપકારક વા હિતકારક માને છે, તે બધા કેવા છે તે દ્રષ્ટાંત દ્વારા આચાર્ય સમજાવે છે. )

## શ્લોક-૯

**અન્વયાર્થઃ-** [ **खगा:** ] પક્ષીઓ [ **दिग्देशभ्य:** ] ( પૂર્વાદિ ) દિશાઓથી અને ( અંગ, બંગ આદિ ) દેશોથી [ **एत्य** ] આવીને [ **नगे नगे** ] વૃક્ષો ઉપર [ **संवसन्ति** ] નિવાસ કરે છે અને [ **प्रगे प्रगे** ] પ્રાતઃકાલ થતાં [ **स्वस्वकार्यवशात्** ] પોતપોતાના કાર્યવશાત્ [ **देशे दिक्षु** ] ( જુદા જુદા ) દેશો અને દિશાઓમાં [ **यान्ति** ] ચાલ્યાં જાય છે.

**ટીકાઃ-** સંવાસ કરે છે એટલે એકઠા થઈ રાત સુધી નિવાસ કરે છે. કોણ તે? પક્ષીઓ. ક્યાં ક્યાં ( નિવાસ કરે છે )? વૃક્ષો ઉપર. શું કરીને? આવીને. ક્યાંથી ( આવીને )? દિશાઓ અને દેશોથી; દિશાઓ એટલે પૂર્વાદિ દશ દિશાઓ; દેશ એટલે તેનો એક ભાગ–અંગ, બંગ આદિ; તે અવધિકૃત ( મર્યાદિત ) –દેશોથી ( આવે છે ) તથા જાય છે. કોણ તે? પક્ષીઓ. ક્યાં ( જાય છે )? દિશાઓમાં અર્થાત્ દિશાઓ અને દેશોમાં. પ્રાપ્ત કરેલા સ્થાનથી તેમનો જવાનો નિયમ ઊલટો છે એવો નિર્દેશ છે, અર્થાત્ જવાના નિયમનો અભાવ છે. એવો અર્થ છે. જે જે દિશાએથી આવ્યાં તે તે જ દિશામાં જાય અને જે દેશથી આવ્યાં તે તે જ દેશમાં જાય–એવો નિયમ નથી, તો કેમ છે? જ્યાં ત્યાં ઇચ્છાનુસાર તેઓ જાય છે. શાથી ( જાય છે )? પોતપોતાના કાર્યવશાત્ અર્થાત્

**દિશા-દેશથી આવીને, પક્ષી વૃક્ષે વસન્ત,**

**પ્રાતઃ થતાં નિજ કાર્યવશ, વિધવિધ દેશ ઉડન્ત. ૯**

**पारतंत्र्यात् कदा कदा? प्रगे प्रगे प्रातः प्रातः। एवं संसारिणो जीवा अपि नरकादिगतिस्थानेभ्य आगत्य कुले स्वायुः कालं यावत् संभूय तिष्ठंति तथा निजनिजपारतंत्र्यात् देवगत्यादिस्थानेष्वनियमेन स्वायुः कालान्ते गच्छन्तीति प्रतीहि। कथं भद्र! तव दारादिषु हितबुद्धया गृहितेषु सर्वथान्यस्वभावेषु आत्मात्मीयभावः? यदि खलु एते त्वदात्मका स्युः तदा त्वयि तदवस्थे एव कथमवस्थान्तरं गच्छेयुः**

---

પોતપોતાને કરવા યોગ્ય કાર્યની પરાધીનતાને લીધે. ક્યારે ક્યારે ( જાય છે )? સવારે, સવારે.

એ પ્રમાણે સંસારી જીવો પણ નરકાદિ ગતિ-સ્થાનોથી આવીને કુલમાં ( કુટુંબમાં ) પોતાના આયુકાલ સુધી એકઠા થઈને રહે છે અને પોતાના આયુકાલના અંતે પોતપોતાની પરાધીનતાને લીધે અનિયમથી ( નિયમ વિના ) દેવગતિ આદિ સ્થાનોમાં ચાલ્યા જાય છે- એમ પ્રતીતિ ( વિશ્વાસ ) કર.

તો હે ભદ્ર! હિતબુદ્ધિએ ગ્રહેલાં ( અર્થાત્ આ હિતકારક છે એમ સમજીને પોતાના માનેલાં ) સ્ત્રી આદિ જે સર્વથા ભિન્ન સ્વભાવવાળાં છે તેમાં તારો આત્મા તથા આત્મીયભાવ કેવો? જો ખરેખર તેઓ ( શરીરાદિક ) તારા આત્મસ્વરૂપ હોય, તો તું તે અવસ્થામાં જ હોવા છતાં તેઓ બીજી અવસ્થાને કેમ પ્રાપ્ત થાય છે? જો તેઓ તારાં હોય તો તારા પ્રયોગ વિના તેઓ જ્યાં-ત્યાં કેમ ચાલ્યાં જાય છે? માટે મોહજનિત આવેશને હઠાવીને જેમ ( વસ્તુસ્વરૂપ ) છે તેમ જો- એમ દાર્ષ્ટાન્તમાં સમજવા યોગ્ય છે.

**ભાવાર્થઃ-** જેવી રીતે પક્ષીઓ જુદી જુદી દિશા અને દેશોથી આવી રાત્રે વૃક્ષો ઉપર એકઠાં નિવાસ કરે છે અને સવારે પોતપોતાના કાર્ય અંગે ઇચ્છાનુસાર કોઈ દેશ યા દિશામાં ઊડી જાય છે, તેવી રીતે સંસારી જીવો નરકગતિ આદિરૂપ સ્થાનોથી આવી એક કુટુંબમાં જન્મ લે છે અને ત્યાં પોતાના આયુકાલ સુધી કુટુંબીજનો સાથે રહે છે, પછી પોતાની આયુ પૂરી થતાં તેઓ પોતપોતાની યોગ્યતાનુસાર દેવગતિ આદિ સ્થાનોમાં ચાલ્યા જાય છે.

જેમ પક્ષીઓ જે દિશાએથી અને દેશમાંથી આવે તે જ દિશા-દેશમાં પાછા જાય એવો કોઈ નિયમ નથી, તેમ સંસારી જીવો પણ આયુ પૂરી થતાં જે ગતિમાંથી આવ્યા હતા તે જ ગતિ-સ્થાનોમાં ફરી જાય એવો કોઈ નિયમ નથી; પોતપોતાની યોગ્યતાનુસાર નવી ગતિમાં જાય છે.

આચાર્ય શિષ્યને બોધરૂપે કહે છે, " હે ભદ્ર! શરીરાદિ પદાર્થો તારાથી સર્વથા ભિન્ન સ્વભાવવાળા છે. જો તેઓ તારા હોય, તો બન્ને જુદા પડી કેમ ચાલ્યા જાય છે? જો તેઓ તારા આત્મસ્વરૂપ હોય તો આત્મા તો તેના ત્રિકાલી સ્વરૂપે તેનો તે જ રહે છે અને તેની સાથે શરીરાદિ સંયોગી પદાર્થો તો તેના તે રહેતા નથી. જો તેઓ

**यदि च एते तावका: स्युस्तर्हि कथं ? त्वत्प्रयोगमंतरेणैव यत्र क्वापि प्रयांतीति मोहग्रहावेशमपसार्य यथावत्पश्येति दार्ष्टान्ते दर्शनीयम्।।**

**' अहितवर्गेऽपि दृष्टान्त: प्रदर्श्यते ' अस्माभिरिति योज्यम्:-**

**विराधक: कथं हंत्रे जनाय परिकुप्यति।**
**त्र्यंगुलं पातयन् पदभ्यां स्वयं दंडेन पात्यते।।१०।।**

**टीका- कथमित्यरुचौ न श्रद्धे कथं परिकुप्यति समंतात् क्रुध्यति। कोऽसौ ? विराधक: अपकारककर्त्ता जन:। कस्मै ? हंत्रे जनाय प्रत्यपकारकाय लोकाय।**

---

આત્મસ્વરૂપ હોય તો આત્માની સાથે જ રહેવાં જોઈએ પણ તેમ તો જોવામાં આવતું નથી; માટે તેમને આત્મસ્વરૂપ માનવો તે ભ્રમ છે– અર્થાત્ શરીરાદિ પર પદાર્થોમાં હિતબુદ્ધિએ આત્મભાવ યા આત્મીયભાવ કરવો તે અજ્ઞાનતા છે. વસ્તુસ્વરૂપ સમજી આત્મભાવ વા આત્મીયભાવનો પરિત્યાગ કરવો તે શ્રેયસ્કર છે ". અહીં પણ ' સર્વથા ' સંબંધી આ પૂર્વેની ગાથામાં જેમ કહ્યું છે તેમ સમજવું.

અહિત વર્ગ સંબંધમાં પણ અમે દષ્ટાન્ત આપીશું– એમ યોજવું. ( અર્થાત્ શત્રુઓ પ્રતિ ' આ અમારો શત્રુ છે– અહિતકર્તા છે ' – એવો ભાવ અજ્ઞાનજનિત છે, તે દષ્ટાન્ત દ્વારા આચાર્ય બતાવે છે. )

## શ્લોક-૧૦

**અન્વયાર્થ**:- [ **विराधक:** ] વિરાધક ( જેણે પહેલાં બીજાને હેરાન કર્યો હતો– દુઃખ આપ્યું હતું–એવો પુરુષ ) [ **हन्त्रे जनाय** ] ( વર્તમાનમાં ) પોતાને મારનાર માણસ પ્રત્યે [ **कथं परिकुप्यति** ] કેમ ગુસ્સો કરે છે ? ( અરે દેખો ! ) [ **त्र्यंगुलं** ] ત્ર્યંગુલને [ **पदभ्यां** ] પગોથી [ **पातयन्** ] નીચે પાડનાર ( મનુષ્ય ) [ **स्वयं** ] સ્વયં [ **दण्डेन** ] દંડવડે ( ત્ર્યંગુલના દંડવડે ) [ **पात्यते** ] નીચે પડાય છે.

**ટીકા**:- [ અરુચિ– ( અણગમાના ) અર્થમાં **कथम्** શબ્દ છે ]. મને શ્રદ્ધામાં બેસતું નથી ( મને સમજવામાં આવતું નથી ) કે કેમ પરિકોપ કરે છે અર્થાત્ સર્વપ્રકારે કેમ કોપાયમાન થાય છે ? કોણ તે ? વિરાધક એટલે અપકાર કરનાર માણસ. કોના ઉપર ( કોપ કરે છે ) ? હણનાર માણસ ઉપર એટલે સામો અપકાર કરનાર લોક ઉપર.

**અપરાધી જન કાં કરે, હન્તા જન પર ક્રોધ ?**
**પગથી ત્ર્યંગુલ પાડતાં, દંડે પડે અબોધ. ૧૦**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'सुखं वा यदि वा दुःखं येन यस्य कृतं भुवि।**
**अवाप्नोति स तत्तस्मादेष मार्गः सुनिश्चितः।।'**

**इत्यभिधानादन्याय्यमेतदिति भावः। अत्र दृष्टान्तमाचष्टे-त्र्यंगुलमित्यादि-पात्यते भूमौ क्षिप्यते। कोऽसौ? यः कश्चिदसमीक्ष्यकारी जनः, केन? दंडेन हस्तधार्यकाष्ठेन। कथं? स्वयं-पात्यते प्ररणमंतरेणैव। किं कुर्वन? पातयन् भूमिं प्रति नामयन्। किं तत्? त्र्यंगुलं अंगुलित्रयाकारं कच्चराधाकर्षणावयवं। काभ्यां? पादाभ्यां, ततोऽहिते प्रीतिरहिते चाऽप्रीतिः स्वहितैषिणा प्रेक्षावता न करणीया।**

---

'સંસારમાં એ સુનિશ્ચિત રીતિ છે કે જે જેને સુખ કે દુઃખ આપે છે, તે તેના તરફથી તે ( સુખ કે દુઃખ ) પામે છે.

( અર્થાત્ સામો અપકાર કરનાર પુરુષ ઉપર કોપ કરવો ) તે અન્યાયયુક્ત છે ( અયોગ્ય છે ) એવો આ કથનનો ભાવ છે.

અહીં ( આ બાબતમાં ) દૃષ્ટાન્ત કહે છે– **त्र्यंगुलमित्यादि०'**

પાડવામાં આવે છે, એટલે ( કોઈથી ) ભૂમિ ઉપર પટકવામાં આવે છે. કોણ તે? કોઈ અવિચાર્યું કામ કરનાર માણસ. કોના વડે ( પાડવામાં આવે છે )? દંડ વડે અર્થાત્ હાથમાં રાખેલા કાષ્ટ ( લાકડા ) વડે. કેવી રીતે? સ્વયં પાડવામાં આવે છે– ( કોઈની ) પ્રેરણા વિના જ. શું કરતાં? ( નીચે ) પાડતાં એટલે ભૂમિ તરફ નમાવતાં. શું ( નમાવતાં )? ત્ર્યંગુલને અર્થાત્ ત્રણ આંગળાનાં આકારવાળું કૂડા–કચરાદિને ખેંચનાર યંત્રને. શા વડે? બે પગ વડે.

માટે અહિત કરનાર અર્થાત્ પ્રીતિરહિત વ્યક્તિ પ્રત્યે, પોતાનું હિત ઇચ્છનાર બુદ્ધિમાન ( પુરુષે ) અપ્રીતિ એટલે દ્વેષ કરવો જોઈએ નહિ.

**ભાવાર્થઃ-** મનુષ્ય માટી ખોદવા કે કચરો ખેંચવા માટે ત્ર્યંગુલને નીચે પાડે છે, ત્યારે તેને પણ સ્વયં નીચે પડવું પડે છે, કારણ કે તેનો દંડ ( હાથો ) નાનો હોય છે. તે ત્ર્યંગુલને નીચે પાડે છે તો ત્ર્યંગુલનો દંડ પણ તેને નીચે પાડે છે; તેમ જો તમે કોઈને દુઃખી કરો અને બીજો કોઈ તમને દુઃખી કરે અને તેના ઉપર ગુસ્સે થાઓ એ કેટલો અન્યાય છે? કારણ કે 'સંસારમાં એ સુનિશ્ચિત વાત છે કે જે કોઈ માણસ બીજાને સુખ યા દુઃખ આપે છે, તેને બીજા તરફથી સુખ યા દુઃખ જ પ્રાપ્ત થાય છે.

માટે પોતાનું હિત ચાહનાર બુદ્ધિમાન પુરુષે અહિત કરનાર વ્યક્તિ પ્રત્યે અપ્રીતિ કે દ્વેષ કરવો યોગ્ય નથી. ૧૦.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

अत्र विनेयः पृच्छति। हिताहितयोः रागद्वेषौ कुर्वन् किं कुरुते? इति दारादिषु रागं शत्रुषु च द्वेषं कुर्वाणः पुरुषः किमात्मनेऽहितं कार्यं करोति येन तावदकार्यतयोपदिश्यते इत्यर्थः।

आत्राचार्य समाधत्ते-

रागद्वेषद्वयी दीर्घनेत्राकर्षणकर्मणा।
अज्ञानात्सुचिरं जीवः संसाराब्धौ भ्रमत्यसौ।।११।।

टीका- भ्रमति संसरति। कोऽसौ? असौ जीवश्चेतनः। क्व? संसाराब्धौ संसारः द्रव्यादिपरिवर्तनरूपो भवोऽब्धिः समुद्रइव दुःखहेतुत्वाद्दुस्तरत्वाच्च तस्मिन्। कस्मात्? अज्ञानात् देहादिष्वात्मविभ्रमात्। कियत्कालं, सुचिरं अतिदीर्घकालं। केन? रागेत्यादि- रागःइष्टे वस्तुनि प्रीतिः द्वेषश्चानिष्टेऽप्रीतिस्तयोर्द्वयी-रागद्वेषयोः

---

અહીં શિષ્ય પૂછે છે– હિત અને અહિત કરનારાઓ પ્રત્યે રાગ–દ્વેષ કરનાર શું કરે છે? સ્ત્રી આદિ પ્રત્યે રાગ અને શત્રુઓ પ્રત્યે દ્વેષ કરનાર પુરુષ પોતાનું શું અહિત કાર્ય કરે છે, જેથી રાગ–દ્વેષ કરવા યોગ્ય નથી– એમ તેને ઉપદેશવામાં આવે છે?

અહીં આચાર્ય સમાધાન કરે છે–

## શ્લોક-૧૧

**અન્વયાર્થ**:- [**असौ जीवः**] આ જીવ [**अज्ञानात्**] અજ્ઞાનથી [**रागद्वेषद्वयी दीर्घनेत्राकर्षणकर्मणा**] રાગ–દ્વેષરૂપી બે લાંબી દોરીઓની (નેતરાંની) ખેંચતાણના કાર્યથી [**संसाराब्धौ**] સંસાર સમુદ્રમાં [**सुचिरं**] બહુ લાંબા કાળ સુધી [**भ्रमति**] ઘૂમતો રહે છે. – ભમતો રહે છે.

**ટીકા**:- ભમે છે એટલે સંસરણ કરે છે. કોણ તે? તે જીવ–ચેતન. ક્યાં (ભમે છે)? સંસાર–સમુદ્રમાં, સંસાર એટલે દ્રવ્યાદિપરિવર્તનરૂપ ભવ, જે દુઃખનું કારણ અને દુસ્તર હોવાથી અબ્ધિ એટલે સમુદ્ર જેવો છે– તેમાં. શા કારણથી ભમે છે? અજ્ઞાનને લીધે અર્થાત્ દેહાદિમાં આત્મવિભ્રમના કારણે. કેટલા કાળ સુધી (ભમે છે)? સુચિર એટલે બહુ લાંબા કાળ સુધી. શાથી? '**रागेत्यादि०**' રાગ ઇત્યાદિથી.

**દીર્ઘ દોર બે ખેંચતાં, ભમે દંડ બહુ વાર,**
**રાગ-દ્વેષ અજ્ઞાનથી, જીવ ભમે સંસાર. ૧૧.**

**शक्तिव्यक्तिरूपतया युगपत् प्रवृत्ति ज्ञापनार्थ द्वयी ग्रहणं, शेषदोषाणां च तद्द्वय प्रतिबद्धत्वबोधनार्थं।**

**तथा चोक्तम् [ ज्ञानार्णवे ] -**

**यत्र रागः पदं धत्ते द्वेषस्तत्रेति निश्चयः।**
**उभावेतौ समालंब्य विक्रमत्यधिकं मनः।।२३।।**

**अपि च- आत्मनि सति परसंज्ञा, स्वपरविभागात् परिग्रहद्वेषौ।**
**अनयोः संप्रतिबद्धा सर्वेदोषाश्च जायंते।।**

**सा दीर्घनेत्रायतमंथाकर्षणपाश इव भ्रमणहेतुत्वात्तस्यापकर्षणकर्म्मजीवस्य रागादि रूपतया परिणमनं नेत्रस्यापकर्षणत्वाभिमुखानयनं तेन अत्रोपमानभूतो मंथदण्ड आक्षेप्यस्तेन यथा-नेत्राकर्षणव्यापारेण मंथाचलः समुद्रे सुचिरं भ्रांतो लोके प्रसिद्धस्तथा**

---

રાગ એટલે ઇષ્ટ વસ્તુમાં પ્રીતિ અને દ્વેષ એટલે અનિષ્ટ વસ્તુમાં અપ્રીતિ, તે બંનેનું યુગલ. રાગ-દ્વેષની પ્રવૃત્તિ, શક્તિરૂપે તથા વ્યક્તિરૂપે હંમેશા એકીસાથે હોય છે તે જણાવવા માટે તથા બાકીના દોષો પણ તે ( બંનેની ) યુગલમાં ગર્ભિત છે ( અર્થાત્ સામેલ છે- તે સાથે સંબંધ રાખે છે ) તે બતાવવા માટે ( આચાર્યે ) તે બંનેનું ( રાગ-દ્વેષનું યુગલ ) ગ્રહણ કર્યું છે.

વળી 'જ્ઞાનાર્ણવ' માં કહ્યું છે કે-

'જ્યાં રાગ પોતાનો પગ જમાવે છે ( રાખે છે ) ત્યાં દ્વેષ અવશ્ય હોય છે. છે બંનેના ( રાગ-દ્વેષના ) અવલંબનથી મન અધિક વિકારી બને ( ક્ષોભ પામે છે- ચંચળ બને છે ). ( ૨૩ )

વળી જ્યાં મારાપણાનો ભાવ આવે છે, ત્યાં પરસંજ્ઞા ( પર તરફનો ભાવ ) આવે છે. સ્વ-પરના વિભાગને લીધે રાગ-દ્વેષ હોય છે, ( અર્થાત્ જ્યાં આ મારું છે અને એ બીજાનું છે- એવો સ્વ-પરનો વિભાગ ભેદ છે, ત્યાં સ્વમાં રાગરૂપ અને પરમાં દ્વેષરૂપ ભાવ થાય છે ). આ બંને દોષો સાથે સંબંધ રાખતા ( અન્ય ) સર્વ દોષો ઉત્પન્ન થાય છે ( અર્થાત્ અન્ય સર્વ દોષોનું મૂળ રાગ-દ્વેષ છે ).

જેમ મન્થનદંડના ભ્રમણનું કારણ તેને ખેંચવામાં પાશરૂપ દીર્ઘ નેતરાં ( દોરી ) ના આકર્ષણની ( ખેંચતાણની ) ક્રિયા છે, તેમ જીવને ( સંસારમાં ) ભ્રમણનું કારણ તેનું રાગાદિરૂપ પરિણમવું તે છે. નેતરાંના આકર્ષણથી અભિમુખ લાવેલો ઉપમાનભૂત ( જેની સાથે જીવની સરખામણી છે તેવો ) મંથનદંડ ભમવા યોગ્ય છે.

લોકમાં એ વાત પ્રસિદ્ધ છે કે નેતરાં ( દોરીઓ ) ના ખેંચતાણની ક્રિયાથી ( આકર્ષણની ક્રિયાથી ) જેમ મંથરાચલ પર્વત સમુદ્રમાં બહુ લાંબા કાળ સુધી ઘૂમતો

**स्वपरविवेकानवबोधात्। यदुद्भूतेन रागादिपरिणामेन कारणकार्योपचारात्तज्जनितकर्म बन्धनः अनादिकालं संसारे भ्रांतो भ्रमति भ्रमिष्यति। भ्रमतीत्यवतिष्ठंते पर्वता इत्यादिवत् नित्यप्रवृत्ते लटो विधानात्।**

**उक्तं च- [ पंचत्थिपाहुडे ] -**

**'जो खलु संसारत्थो जीवो तत्तो दु होदि परिणामो।**
**परिणामादो कम्मं कम्मादो हवदि गदिसु गदी।।१२८।।**
**गदिमधिगदस्स देहो देहादो इंदियाणि जायंते।**
**तेहि दु विसयग्गहणं तत्तो रागो व दोसो वा।।१२९।।**
**जायदि जीवस्सेवं भावो संसारचक्कवालंमि।**
**इदि जिणवरेहिं भणियं अणाइणिहणो सणिहणो वा।।१३०।।**

---

રહ્યો, તેમ સ્વ–પરના વિવેકજ્ઞાનના અભાવે ઉત્પન્ન થયેલા રાગાદિ પરિણામોથી અર્થાત્ કારણમાં (રાગાદિમાં) કાર્યનો (દ્રવ્યકર્મનો) ઉપચાર કરવાથી– તેના નિમિત્તે ઉત્પન્ન થયેલા કર્મબંધથી સંસારી જીવ અનાદિ કાળથી સંસારમાં ભમતો રહ્યો છે, ભમે છે અને ભમશે.

(ભમતો રહે છે એટલે પર્વતો ઇત્યાદિવત્ (ભ્રમણ ક્રિયામાં) તે અવસ્થા પામે છે.)

વળી 'પંચાસ્તિકાય' માં કહ્યું છે કે–

'જે ખરેખર સંસારસ્થિત જીવ છે તે તેનાથી પરિણામ પામે છે (અર્થાત્ તેને રાગ–દ્વેષરૂપ સ્નિગ્ધ પરિણામ થાય છે), પરિણામથી કર્મ અને કર્મથી ગતિઓમાં ગમન થાય છે.' ..... (૧૨૮)

'ગતિ પ્રાપ્ત (જીવ) ને દેહ થાય છે, દેહથી ઇન્દ્રિયો થાય છે, ઇન્દ્રિયોથી વિષય ગ્રહણ અને વિષયગ્રહણથી રાગ અથવા દ્વેષ થાય છે.' ..... (૧૨૯)

'એ પ્રમાણે ભાવ, સંસારચક્રમાં જીવને અનાદિ–અનંત અથવા અનાદિ–સાંત થયા કરે છે– એમ જિનવરોએ કહ્યું છે.' ..... (૧૩૦)

(એ સ્નિગ્ધ પરિણામ અભવ્ય જીવોને અનાદિ–અનંત હોય છે અને કેટલાક ભવ્ય જીવોને તે અનાદિ–સાંત હોય છે એટલે કે તે પરિણામનો અંત પણ આવે છે.)

**अथ प्रतिपाद्यः पर्यनुयुङ्क्ते- 'तस्मिन्नपि यदि सुखी स्यात् को दोष? इति' भगवन्! संसारेपि न केवलं मोक्ष इत्यपि शब्दार्थः। चेज्जीवः सुखयुक्तो भवेत् तर्हि को दोषो न कश्चित् दोषो दुष्टत्वं संसारभ्य सर्वेषां सुखस्यैव आप्तुमिष्टत्वात् येन संसारच्छेदाय संतो यतेरन्निति।**

---

**ભાવાર્થઃ-** આ લોકમાં એ કથા પ્રસિદ્ધ છે કે દેવોએ મંથરાચલ પર્વતને મંથન-દંડ બનાવી બે નેતરાંથી તેની ખેંચતાણ કરી સમુદ્રનું મંથન કર્યું, તેમ આ જીવ, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ-ભાવરૂપ-પંચપરાવર્તનરૂપ-સંસાર-સમુદ્રમાં અજ્ઞાનજનિત રાગ-દ્વેષરૂપી નેતરાંની આકર્ષણ-ક્રિયાથી અનાદિકાળથી ઘૂમતો રહ્યો છે.

કોઈપણ વસ્તુ ઇષ્ટ કે અનિષ્ટ નથી છતાં જે વસ્તુ ઇષ્ટ લાગે છે તેમાં તે રાગ કરે છે અને જે અનિષ્ટ લાગે છે તેમાં દ્વેષ કરે છે. દેહાદિ પદાર્થોમાં આત્મભ્રાન્તિ તે જ રાગ-દ્વેષનું મૂળકારણ છે.

રાગ-દ્વેષ બંને શક્તિ-વ્યક્તિ અપેક્ષાએ યુગપત્ (એકી સાથે) હોય છે. જ્યાં એક પ્રતિ રાગ પ્રગટરૂપે (વ્યક્તરૂપે) હોય, ત્યાં બીજા પ્રત્યે દ્વેષ પણ શક્તિરૂપે હોય જ. એમ બંનેનો પરસ્પર અવિનાભાવસંબંધ છે.

રાગ-દ્વેષ બીજા અનેક દોષનું મૂળ છે. તેનાથી મન અતિ વિહ્વળ અને ચંચળ બને છે.

વળી સંસારચક્રનું મૂળકારણ મિથ્યાત્વ અને રાગ-દ્વેષ જ છે, કારણકે તેના નિમિત્તે કર્મબંધ, કર્મબંધથી ગતિ-પ્રાપ્તિ, ગતિથી શરીર, શરીરથી ઇન્દ્રિયો, ઇન્દ્રિયોથી વિષયગ્રહણ અને વિષયગ્રહણથી રાગ-દ્વેષ અને વળી રાગ-દ્વેષથી કર્મબંધ થાય છે- એમ સંસારચક્ર ચાલ્યા જ કરે છે. ૧૧.

હવે શિષ્ય પૂછે છે- 'ભગવન્! જો તેમાં પણ (સંસારમાં પણ) જીવ સુખી રહેતો હોય તો શો દોષ? કેવળ મોક્ષમાં જ સુખી રહે એમ કેમ? - એવો પણ શબ્દાર્થ છે. જો જીવ સંસારમાં પણ સુખી થાય તો શો દોષ? કોઈ દોષ નહિ, કારણ કે સંસારના સર્વ જીવોને સુખની જ પ્રાપ્તિ ઇષ્ટ છે, તો પછી સંત પુરુષો સંસારના નાશ માટે કેમ પ્રયત્ન કરે છે?

(અર્થાત્ જો સંસારમાં જ સુખની પ્રાપ્તિ થતી હોય, તો સંસારમાં એવો શો દોષ છે કે તેથી સંત પુરુષો તેના નાશ માટે પ્રયત્ન કરે છે?)

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अत्राह, वत्स!

विपद्भवपदावर्ते पदिकेवातिबाह्यते।
यावत्तावद्भन्त्यन्याः प्रचुरा विपदः पुरः।।१२।।

टीका- यावदतिबाह्यते अतिक्रम्यते; प्रेर्यते। कासौ? विपत् सहजशारीरमानसागन्तुकानामापदां मध्ये या काप्येकाविवक्षिता आपत्। जीवेनेति शेषः। क्व? भवपदावर्ते भवः संसारः पदावर्त इव- पादचाल्यघटीयन्त्रमिव-भूयो भूयो परिवर्तमान त्वात्। केव, पदिकेव- पादाक्रान्तदंडिका यथा तावद्भवति। काः? अन्याः अपूर्वाः प्रचुराः- बहवो विपदः आपदाः पुरो अग्रे जीवस्य पदिका इव, काछिकस्येति सामर्थ्यं योज्यं अतो जानीहि दुःखैकनिबन्धन विपत्तिनिरंतरत्वात् संसारस्यावश्यविनाश्यत्त्वम्।।

---

આ વિષયમાં આચાર્ય કહે છે– વત્સ!

## શ્લોક-૧૨

**અન્વયાર્થ**:- [ **भवपदावर्ते** ] સંસારરૂપી ( પગથી ચલાવવામાં આવતા ) ઘટીયંત્રમાં [ **पदिका इव** ] એક પાટલી સમાન [ **विपत्** ] એક વિપત્તિ [ **यावत् अतिबाह्यते तावत्** ] દૂર કરાય તે પહેલાં તો [ **अन्याः** ] બીજી [ **प्रचुराः** ] ઘણી [ **विपदः** ] વિપત્તિઓ [ **पुरः भवन्ति** ] સામે ઉપસ્થિત થાય છે.

**ટીકા**:- દૂર કરાય છે– અતિક્રમાય છે– પ્રેરાય છે તે પહેલાં, કોણ તે? વિપત્તિ ( દુઃખ ) અર્થાત્ સહજ શારીરિક યા માનસિક આવી પડતી આપદાઓમાં કોઈ એક વિવક્ષિત ( ખાસ ) આપદા. ( 'જીવ દ્વારા' એ શબ્દ અધ્યાહાર છે. ) ક્યાં? ભવ પદાવર્તમાં – ભવ એટલે સંસાર અને પદાવર્ત એટલે પગથી ચલાવવામાં આવતું ઘટીયંત્ર, કારણ કે તેમાં વારંવાર પરિવર્તન થતું રહે છે, – ઘટીયંત્ર જેવા સંસારમાં. કોની માફક? પદાક્રાન્ત ( પગ મૂકી ચલાવવામાં આવતી ) પાટલીની જેમ ( દૂર કરાય તે પહેલાં અર્થાત્ એક પાટલી વ્યતીત થાય તે પહેલાં બીજી પાટલી ) ઉપસ્થિત થાય છે. કોણ? ( ઉપસ્થિત થાય છે. ) અન્ય એટલે અપૂર્વ અને પ્રચુર એટલે બહુ વિપત્તિઓ–આપદાઓ, જીવની સામે, જેમ નદીમાં કાછિકની* સામે પાટલીઓ ( ઉપસ્થિત થાય છે તેમ. ) – એમ સામર્થ્યથી સમજવું.

એક વિપદને ટાળતાં, અન્ય વિપદ બહુ આય,
પદિકા જ્યમ ઘટિયંત્રમાં, એક જાય બહુ આય. ૧૨

* કાછિક– નદી ઉપરનું પ્રાણી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**पुनः शिष्य एवाह - 'न हि सर्वं विपद्वन्तः ससंपदोपि दृश्यन्त इति' भगवन्! समस्ता अपि संसारिणो न विपत्तियुक्ताः सन्ति सश्रीकाणामपि केषांचित् दृश्यमानत्वादिति।**

**अत्राह-**

**दुरर्ज्येनासुरक्ष्येण नश्वरेण धनादिना।**
**स्वस्थंमन्यो जनः कोऽपि ज्वरवानिव सर्पिषा।। १३।।**

---

તેથી દુઃખના કારણભૂત અનેક વિપત્તિઓ નિરંતર આવતી હોવાથી સંસાર અવશ્ય વિનાશ કરવા યોગ્ય છે. એમ તું જાણ.

**ભાવાર્થઃ-** સંસાર ઘટીયંત્ર જેવો છે. ઘટીયંત્રને તેની પાટલીઓ ઉપર પગ મૂકી ગોળ ગોળ ચલાવવામાં આવે છે. પગથી એક પાટલી દૂર કરાય કે તરત જ બીજી પાટલીઓ એક પછી એક યંત્ર ચલાવનારની સામે ઉપસ્થિત ( હાજર ) થાય છે, તેમ સંસારમાં એક વિપત્તિ ( આપદા ) દૂર કરાય કે તરત જ બીજી અનેક વિપત્તિઓ તેની સામે હાજર જ થાય છે.

માટે સંસાર અવશ્ય નાશ કરવા યોગ્ય છે. સંસાર પ્રત્યેની રુચિનો ત્યાગ થતાં અર્થાત્ તેના તરફ ઉપેક્ષાબુદ્ધિ થતાં સંસારનો અભાવ થઈ જાય છે. પર પદાર્થો પ્રત્યે મમત્વભાવ, અહંભાવ, કર્તૃત્વભાવ તથા રાગ-દ્વેષાદિરૂપ ભાવ- એ આંતરિક સંસાર છે, - અજ્ઞાનતાએ ઊભો કરેલો સંસાર છે. આત્મસ્વભાવની સન્મુખતાએ તેનો નાશ થતાં બાહ્ય સંયોગરૂપ સંસારનો પણ સ્વયં અભાવ થઈ જાય છે. ૧૨.

ફરીથી શિષ્ય જ બોલે છે- 'ભગવન્! બધાય વિપત્તિવાળા હોતા નથી, સમ્પત્તિવાળા ( સુખી ) પણ જોવામાં આવે છે- અર્થાત્ બધાય સંસારીઓ વિપત્તિવાળા ( દુઃખી ) હોતા નથી કારણ કે કેટલાક લક્ષ્મીવાળા ( સુખી ) લોક પણ જોવામાં આવે છે. '

તેના ઉત્તરમાં આચાર્ય કહે છે-

## શ્લોક-૧૩

**અન્વયાર્થઃ-** જેમ [ **ज्वरवान्** ] કોઈ જ્વરગ્રસ્ત ( તાવથી પીડાતો ) માણસ [ **सर्पिषा** ] ઘી થી ( એટલે ઘી પીને વા શરીરે ચોપડીને ) [ **स्वस्थंमन्यः भवति** ] પોતાને સ્વસ્થ ( નીરોગી ) માને છે, [ **इव** ] તેમ [ **कः अपि जनः** ] કોઈ એક મનુષ્ય

**જ્વર-પીડિત જ્યમ ઘી વડે, માને નિજને ચેન,**
**કષ્ટ-સાધ્ય ધન આદિથી, માને મૂઢ સુખ તેમ. ૧૩**

**टीका- भवति। कोऽसौ, जनो लोकः। किंविशिष्टः, कोपि-निर्विवेको, न सर्वः किंविशिष्टो भवति, स्वस्थंमन्यः स्वस्थमात्मानं मन्यमानो अहं सुखीति मन्यत इत्यर्थः। केन कृत्वा, धनादिना द्रव्यकामिन्यादीष्टवस्तुजातेन। किंविशिष्टेन, दुरर्जेण-अपायबहुलत्वाद् दुर्ध्यानावेशाच्च दुःखेन महता कष्टेनार्जित इति दुरर्जेण-तथा असुरक्ष्येण दुस्त्राणेन यत्नतोरक्षमाणस्याप्यपायस्यावश्यंभावित्वात्। तथा नश्वरेण रक्षमाणस्यापि विनाशसंभवादशाश्वतेन। अत्र दृष्टान्तमाह-ज्वरेत्यादि इव शब्दो यथार्थे यथा कोऽपि मुग्धो ज्वरवान् अतिशयेन मतेर्विनाशात् सामज्वरार्तः सर्पिषा धृतेन पानाद्युपयुक्तेन स्वस्थंमन्यो भवति। निरामयमात्मानं मन्यते ततो बुद्धयस्व दुरुपार्ज्यदुरक्षणभंगुरद्रव्यादिना दुःखमेव स्यात्।**

**उक्तं च-**

**अर्थस्योपार्ज्जने दुःखमर्जितस्य च रक्षणे।**
**आये दुःखं व्यये दुःखं धिगर्थं दुःखभाजनम्।। ”**

---

[ **दुरर्ज्येन** ] મુશ્કેલીથી ( કષ્ટથી ) પેદા કરેલા ( કમાયેલા ) [ **असुरक्ष्येण** ] જેની સારી રીતે સુરક્ષા કરવી અશક્ય છે એવા [ **नश्वरेण** ] નશ્વર ( નાશવાન ) [ **धनादिना** ] ધન આદિથી [ **स्वस्थंमन्यः भवति** ] પોતાને સુખી માને છે.

**ટીકા**:- થાય છે. કોણ તે? માણસ-લોક. કેવો ( માણસ )? કોઈ એક વિવેકહીન, ( કિન્તુ ) બધા નહિ, કેવો થાય છે? પોતાને સ્વસ્થ ( નીરોગી ) માને છે; હું સુખી છું એમ માને છે- એવો અર્થ છે. શા વડે કરીને? ધનાદિવડે અર્થાત્ દ્રવ્ય, સ્ત્રી આદિ ઇષ્ટ વસ્તુઓના સમુદાય વડે. કેવા ( ધનાદિ ) વડે? દુઃખથી અર્જિત એટલે બહુ કષ્ટપણાના કારણે તથા દુર્ધ્યાનના આવેશથી કષ્ટથી-મહાકલેશથી ઉપાર્જિત ( કમાયેલ ) તથા યત્નથી રક્ષવા છતાં અવશ્યંભાવી નાશને લીધે મુશ્કેલીએ રક્ષિત તથા નશ્વર અર્થાત્ રક્ષા પામેલા ધનનો પણ વિનાશ સંભવિત હોવાથી અશાશ્વત-એવા ( ધનાદિ વડે ).

આ વિષયમાં દૃષ્ટાન્ત આપે છે- ‘ **ज्वरेत्यादि०** ’ -

[ અહીં ‘ **इव** ’ શબ્દ ‘ **यथा** ’ ના અર્થમાં છે. ]

જેમ કોઈ એક મૂર્ખ જ્વરપીડિત મનુષ્ય અર્થાત્ સામજ્વરપીડિત ( ટાઢિયા તાવવાળો ) મનુષ્ય, બુદ્ધિના અતિશય બગાડથી, પાનાદિમાં ( પીવા વગેરેમાં ) ઉપયુક્ત ( ઉપયોગમાં લીધેલા ) ઘી વડે પોતાને સ્વસ્થ ( નીરોગી ) માને છે અર્થાત્ પોતાની જાતને રોગરહિત માને છે, તેમ મુશ્કેલીથી ઉપાર્જિત, કષ્ટથી રક્ષિત અને ક્ષણભંગુર ( ક્ષણમાં નાશ પામતા ) – એવા દ્રવ્યાદિ વડે દુઃખ જ હોઈ શકે- એમ તું સમજ. કહ્યું છે કે-

ધનના ઉપાર્જનમાં દુઃખ, ઉપાર્જિત ધનની રક્ષા કરવામાં દુઃખ, તે આવે તોય દુઃખ અને જાય તોય દુઃખ, માટે દુઃખના ભાજનરૂપ ( કારણરૂપ ) તે ધનને ધિક્કાર હો.

**'भूयोऽपि विनेयः पृच्छति।' 'एवं विधां संपदां कथं न त्यजतीति।' अनेन दुरर्जत्वादिप्रकारेण लोकद्वयेऽपि दुःखदां धनादिसंपत्तिं कथं न भुंचति जनः। कथमिति विस्मयगर्भे प्रश्ने।**

**अत्रगुरुरुत्तरमाह-**

**विपत्तिमात्मनो मूढः परेषामिव नेक्षते।**
**दह्यमानमृगाकीर्णवनान्तरतरुस्थवत् ।।१४।।**

---

**ભાવાર્થઃ-** જેમ સામજ્વરથી પીડિત કોઈ એક મૂર્ખ જન ઘીના ઉપયોગ વડે પોતાને સ્વસ્થ (નીરોગી) માને છે, તેમ કોઈ એક માણસ, મહા મુશ્કેલીથી અને દુઃખથી ઉપાર્જિત તથા રક્ષિત એવા ક્ષણભંગુર ધનાદિવડે પોતાને સુખી માને છે.

સામજ્વરમાં ઘીનો ઉપયોગ કરવાથી તાવ મટવાને બદલે વધે છે, તેમ ધનાદિની મમતાથી સુખને બદલે દુઃખ વધે છે, કારણ કે તેને ઉપાર્જન કરવામાં દુઃખ, તેને સાચવવામાં દુઃખ અને તેનો નાશ થતાં (વિયોગ થતાં) પણ દુઃખ થાય છે. એમ દરેક હાલતમાં ધન દુઃખનું જ નિમિત્તકારણ છે માટે લક્ષ્મીવાન લોકો ધનાદિથી સુખી છે એમ માનવું તે ભ્રમમૂલક છે. ૧૩

ફરીથી શિષ્ય પૂછે છે- આશ્ચર્ય છે કે આવા પ્રકારની સંપદાને (લોકો) કેમ છોડતા નથી? અર્થાત્ દુઃખથી ઉપાર્જિત-વગેરે કારણોથી બંને લોકમાં (આ લોકમાં અને પરલોકમાં) પણ દુઃખદાયક-એવી ધનાદિસંપત્તિને લોક કેમ છોડતા નથી? ('કથમ્' શબ્દ વિસ્મયગર્ભિત પ્રશ્ન સૂચવે છે).

આચાર્ય તેનો ઉત્તર આપે છે-

## * શ્લોક-૧૪

**અન્વયાર્થઃ-** [ **दह्यमानमृगाकीर्णवनान्तरतरुस्थवत्** ] (દાવાનલની જ્વાલાથી) બળી રહેલા મૃગોથી છવાયેલા વનની મધ્યમાં વૃક્ષ ઉપર બેઠેલા મનુષ્યની જેમ [ **मूढः** ] (સંસારી) મૂઢ પ્રાણી [ **परेषाम् इव** ] બીજાઓની (વિપત્તિની) જેમ [ **आत्मनः विपत्तिं** ] પોતાની વિપત્તિને [ **न ईक्षते** ] જોતો નથી.

**દેખે વિપત્તિ અન્યની, નિજની દેખે નાહિ,**
**બળતાં પશુઓ વન વિષે, દેખે તરુ પર જાઈ. ૧૪.**

* **परस्येव न जानाति विपत्तिं स्वस्य मूढधीः।**
**वने सत्वसमाकीर्णे दह्यमाने तरुस्थवत्।। [ ज्ञानार्णवे-श्रीशुभचन्द्रः ]**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**टीका- नेक्षते न पश्यति। कौऽसौ? मूढो धनाद्यासक्त्या लुप्तविवेको लोकः। कां? विपत्तिं चौरादिना क्रियमाणां धनापहाराद्यापदां। कस्य? आत्मनः स्वस्य। केषामिव, परेषामिव यथा इमे विपदा आक्रम्यन्ते तथाहमप्याक्रंतव्य इति न विवेचय तीत्यर्थः। क इव? प्रदह्यमानैः दावानलज्वालादिभिर्भस्मीक्रियमाणैर्मृगैर्हरिणादिभिरा कीर्णस्य संकुलस्य वनस्यांतरे मध्ये वर्तमानं तरुं वृक्षमारुढो जनो यथा आत्मनो मृगाणामिव विपत्तिं न पश्यति।।**

**पुनराह शिष्यः कुत एतदिति, भगवन्। कस्माद्धेतोरिदं सन्निहिताया अपि विपदो अदर्शनं जनस्य।**

**गुरुराह- लोभादिति, वत्स! धनादिगार्ध्या पुरोवर्तिनीमप्यापदं धनिनो न पश्यंति। यतः-**

---

**ટીકાઃ-** દેખતો નથી- જોતો નથી. કોણ તે? મૂઢ અર્થાત્ ધનાદિની આસક્તિથી વિવેકહીન બનેલો લોક. કોને (દેખતો નથી)? વિપત્તિને-અર્થાત્ ચોર વગેરેથી કરવામાં આવતી ધન-અપહરણ આદિરૂપ આપદાને. કોની? આત્માની-પોતાની. કોની માફક? બીજાઓની માફક. જેમ આ (મૃગો) આપદાથી (સંકટથી) ઘેરાઈ ગયાં છે, તેમ હું પણ (વિપત્તિથી) ઘેરાઈ જઈશ (વિપત્તિનો ભોગ બનીશ) એમ તે ખ્યાલ કરતો નથી - એવો અર્થ છે. કોની માફક? બળી જતાં-દાવાનલની જ્વાળાઓથી ભસ્મીભૂત બનતા-મૃગોથી-હરિણાદિથી ભરેલા વનની મધ્યમાં આવેલા વૃક્ષ ઉપર બેઠેલા મનુષ્યની માફક; તે (મનુષ્ય) મૃગોની વિપત્તિની જેમ પોતાની વિપત્તિને દેખતો નથી.

**ભાવાર્થઃ-** મૃગ આદિ અનેક પ્રાણીઓથી ભરેલા વનમાં આગ લાગતાં, તેનાથી બચવા માટે કોઈ માણસ વનની મધ્યમાં આવેલા વૃક્ષ ઉપર ચઢીને બેસે છે અને અગ્નિની જ્વાળાઓથી ભસ્મીભૂત બનતાં પ્રાણીઓને નિહાળે છે. તે વખતે એમ ધારે છે કે, 'હું તો વૃક્ષ ઉપર સહીસલામત છું, અગ્નિ મને નુકશાન કરશે નહિ; પરંતુ તે અજ્ઞાનીને ખબર નથી કે અગ્નિ થોડી વારમાં વૃક્ષને અને તેને પણ ભરખી જશે. એ પ્રમાણે મૂઢ જીવ, ધનાદિકના કારણે બીજાઓ ઉપર આવતી આપત્તિઓને દેખવા છતાં પોતાને સહિસલામત માને છે અને કદી વિચાર પણ કરતો નથી કે તેવી વિપત્તિઓ મોડી-વહેલી તેના ઉપર પણ આવી પડશે અને કાલાગ્નિ તેને પણ ભરખી જશે. ૧૪.

ફરી શિષ્ય કહે છે- એમ કેમ? ભગવન્! કયા કારણથી નજીક આવેલી આપદાઓને પણ માણસ દેખતો નથી?

ગુરુ કહે છે- 'લોભના કારણે', હે વત્સ! ધનાદિની ગૃદ્ધિ એટલે આસક્તિથી ધનિકો, સામે (આગળ) ઉપસ્થિત (આવી પડેલી) આપદાને પણ દેખતા નથી, કારણકે-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



आयुर्वृद्धिक्षयोत्कर्षहेतुं कालस्य निर्गमं।
वांछतां धनिनामिष्टं जीवितात्सुतरां धनम्।।१५।।

टीका- वर्तते। किं तद्धनं। किं विशिष्टं? इष्टमभिमतं। कथं, सुतरां अतिशयेन कस्माज्जीवितात्प्राणेभ्य:। केषां? धनिनां, किं कुर्वतां? वांछतां। कं, निर्गमं अतिशयेन गमनं। कस्य, कालस्य। किं विशिष्टं? आयुरित्यादि। आयु: क्षयस्य वृद्ध्युत्कर्षस्य च कालांतरवर्द्धनस्य कारणम् अयमर्थो, धनिनां तथा जीवितव्यं नेष्टं यथा धनं। कथमन्यथा जीवितक्षयकारणमपि धनवृद्धिहेतुंकालनिर्गमं वांछंति। अतो 'धिग्धनम्' एवंविधव्यामोहहेतुत्वात्।

---

## શ્લોક-૧૫

**અન્વયાર્થ:-** [**कालस्य निर्गमं**] કાળનું નિર્ગમન (વ્યતીત થવું) તે [**आयुर्वृद्धिक्षयोत्कर्षहेतुं**] આયુના ક્ષયનું તથા (કાલની) વૃદ્ધિ, ઉત્કર્ષનું (વ્યાજ વૃદ્ધિનું) કારણ છે [**वाच्छतां धनिनाम्**] એમ ઇચ્છતા ધનિકોને [**जीवितात्**] પોતાના જીવન કરતાં [**धनं**] ધન [**सुतरां**] અતિશય (ઘણું જ) [**इष्टं**] (વહાલું) હોય છે.

**ટીકા:-** હોય છે. શું તે? ધન. કેવું (હોય છે)? ઇષ્ટ-પ્રિય. કેવી રીતે? બહુજ-અતિશયપણે; કોનાથી? પોતાના જીવનથી-પ્રાણથી, કોને (વહાલું હોય છે)? ધનિકોને. શું કરતાં? ઇચ્છતા. શું (ઇચ્છતા)? નિર્ગમનને-અતિશયપણે ગમનને, કોના (ગમનને)? કાલના. કેવા પ્રકારનું? આયુ ઇત્યાદિ. (કાલનું ગમન તે) આયુક્ષયનું કારણ અને વૃદ્ધિ (વ્યાજ) ના ઉત્કર્ષનું કારણ છે અર્થાત્ કાલનું અન્તર (વ્યાજની અમદાનીમાં) વૃદ્ધિનું કારણ છે-એવો અર્થ છે. ધનિકોને જેવું ધન ઇષ્ટ (વહાલું) હોય છે તેવું જીવિતવ્ય ઇષ્ટ હોતું નથી, નહિ તો જીવનના ક્ષયનું કારણ હોવા છતાં ધનવૃદ્ધિના કારણરૂપ કાલનિર્ગમનને તેઓ કેમ ઇચ્છે? માટે ધન આવા વ્યામોહનું કારણ હોવાથી તેને ધિક્કાર હો!

**ભાવાર્થ:-** જેમ જેમ કાલ વ્યતીત થાય છે તેમ તેમ આયુ ઓછું થતું જાય છે, પણ તે કાલનું અન્તર ધનિકને વ્યાજ વગેરેની અમદાનીમાં વધારો કરવાનું કારણ બને છે, તેથી તેને (કાલગમનને) તે ઉત્કર્ષનું (આબાદીનું) કારણ ગણે છે.

**આયુ-ક્ષય ધનવૃદ્ધિનું, કારણ કાળ જ જાણ,**
**પ્રાણોથી પણ લક્ષ્મીને, ઇચ્છે ધની અધિકાન. ૧૫.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**अत्राह शिष्यः। ' कथं धनं निंद्यं ? येन पुण्यमुपार्ज्यते इति ' पात्रदानदेवार्चनादि क्रियायाः पुण्यहेतोर्धनं विना असंभवात् पुण्यसाधनं धनं कथं निंद्यं ? किं तर्हि प्रशस्यमेवातो यथा कथंचिद्धनमुपार्ज्य पात्रादौ च नियोज्य सुखाय पुण्यमुपार्ज्जनीयम् इति।**

**अत्राह-**

**त्यागाय श्रेयसे वित्तमवित्तः संचिनोति यः।**
**स्वशरीरं स पंकेन स्नास्यामीति विलंपति।।१६।।**

---

જે ધનિકો લોભવશ વ્યાજ વગેરેની કમાણી કરવા માટે કાલનું નિર્ગમન ઇચ્છે છે તેઓ પોતાના જીવન કરતાં ધનને વધારે વહાલું ગણે છે, કારણ કે તેઓ એમ સમજે છે કે કાલના નિર્ગમનથી જેમ દિવસો વધશે તેમ વ્યાજ વગેરે વધશે, પણ તેટલા દિવસો તેમની આયુમાંથી ઓછા થશે તેનું તેમને ભાન હોતું નથી. તેઓ ધનવૃદ્ધિના લોભમાં પોતાના જીવન– ( આયુ ) ના વિનાશ તરફ લક્ષ આપતા નથી. આમ વ્યામોહનું કારણ હોવાથી ધન ધિક્કારને પાત્ર છે. ૧૫.

અહીં શિષ્ય કહે છે– જેનાથી પુણ્યનું ઉપાર્જન થાય છે તે ધન નિન્દ્ય ( નિન્દાને યોગ્ય ), કેમ ? પુણ્યના હેતુરૂપ પાત્ર દાન, દેવાર્ચનાદિ ક્રિયાઓ ધન વિના અસંભવિત છે. તો પુણ્યના સાધનરૂપ ધન કેવી રીતે નિંદવા યોગ્ય છે ? તે તો પ્રશસ્ય ( સ્તુતિપાત્ર ) જ છે, માટે કોઈ રીતે ધનોપાર્જન કરી ( ધન કમાઈને ) પાત્રાદિમાં વાપરી સુખ માટે પુણ્ય–ઉપાર્જન કરવું જોઈએ.

અહીં આચાર્ય કહે છે–

## શ્લોક-૧૬

**અન્વયાર્થઃ**- [ **यः** ] જે [ **अवित्तः** ] નિર્ધન [ **श्रेयसे** ] પુણ્યની પ્રાપ્તિ અર્થે [ **त्यागाय** ] દાન કરવા માટે [ **वित्तं** ] ધનનો [ **संचिनोति** ] સંચય કરે છે, [ **सः** ] તે [ **स्नास्यामि इति** ] ' સ્નાન કરી લઈશ ' એમ સમજી [ **स्वशरीरं** ] પોતાના શરીરને [ **पङ्केन** ] કાદવથી [ **विलम्पति** ] ખરડે છે– ( અર્થાત્ પોતાના શરીરે કાદવ લપેડે છે. )

**દાન-હેતુ ઉદ્યમ કરે, નિર્ધન ધન સંચેય,**
**દેહે કાદવ લેપીને, માને, ' સ્નાન કરેય '. ૧૬.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**टीका- योऽवित्तो निर्धनः सन् संचिनोति-सेवाकृष्यादिकर्मणोपार्जयति। किं ? तद्वित्तं धनं। कस्मै ? त्यागाय पात्रदानदेवपूजाद्यर्थं त्यागायेत्यस्य देवपूजाद्युपलक्षणार्थत्वात्। कस्मै त्यागः ? श्रेयसे अपूर्वपुण्याय पूर्वोपात्तपापक्षयाय। यस्य तु चक्रवर्त्यादेरिवायत्नेन धनं सिद्धयति स तेन श्रेयोऽर्थं पात्रदानादिकमपि करोत्विति भावः। स किं करोतीत्याह विलंपति विलेपनं करोति। कोऽसौ ? सः। किं तत् ? स्वशरीरं। केन ? पंकेन कर्दमेन। कथं कृत्वेत्याह स्नास्यामीति। अयमर्थो, यथा कश्चिन्निर्मलमंगं स्नानं करिष्यामीति पंकेन विलंपन्नसमीक्षकारी तथा पापेन धनमुपार्ज्य पात्रदानादिपुण्येन क्षपयिष्यामीति धनार्जने प्रवर्तमानोऽपि। न च शुद्धवृत्त्या कस्यापि धनार्जनं संभवति।**

**तथा चोक्तम् [ आत्मानुशासने ] -**

**" शुद्धैर्धनैर्विवर्धन्ते सतामपि न संपदः।**
**नहि स्वच्छांबुभिः पूर्णाः कदाचिदपि सिंधवः।। "**

---

**ટીકાઃ-** જે પૈસા વિનાનો એટલે નિર્ધન છે, તે નોકરી, ખેતી આદિ કાર્યથી સંચય કરે છે– ઉપાર્જન કરે છે. શું તે ( સંચય કરે છે )? વિત્ત એટલે ધન. શા માટે ? ત્યાગ માટે અર્થાત્ પાત્રદાન દેવપૂજા આદિ ( કાર્ય ) માટે, કારણ કે ' ત્યાગ ' શબ્દમાં દેવ–પૂજાદિનો અર્થ ગર્ભિત છે. શાને માટે ત્યાગ ? કલ્યાણ એટલે અપૂર્વ પુણ્યને માટે અને પૂર્વોપાર્જિત પાપના ક્ષયને માટે.

જેને ચક્રવર્તી આદિની માફક યત્ન વિના ધનની સિદ્ધિ ( પ્રાપ્તિ ) હોય છે તો તે ધનથી પુણ્યાર્થે પાત્રદાનાદિક – કરે એવો ભાવ છે.

( શિષ્ય ) પૂછે છે– ' તે શું કરે છે ?' લપેડે છે– ખરડે છે ( ચોપડે છે ) કોણ તે ? તે ( ત્યાગ કરનાર ). કોને ( ખરડે છે )? પોતાના શરીરને. શા વડે ? પંકવડે–કાદવ વડે.

( શિષ્ય ) પૂછે છે– ' શું સમજીને ?' ' સ્નાન કરી લઈશ ' એમ સમજીને, આનો અર્થ એ છે કે– જેમ કોઈ એક ( મનુષ્ય ), ' સ્નાન કરી લઈશ ' એમ સમજી પોતાના નિર્મળ ( સ્વચ્છ ) અંગને ( શરીરને ) કાદવથી ખરડે છે, તે અવિચારી ( મૂર્ખ ) છે, તેમ પાપથી ધનોપાર્જન કરી પાત્રદાનાદિના પુણ્યથી તેનો ( પાપનો ) નાશ કરીશ ' એમ સમજી ધન કમાવાની પ્રવૃત્તિ કરનાર મનુષ્ય પણ તેવો છે ( અવિચારી છે ). કોઈને પણ શુદ્ધ વૃત્તિથી ( દાનતથી ) ધનોપાર્જન સંભવતું નથી.

વળી ' આત્માનુશાસન ' માં કહ્યું છે કે–

સત્પુરુષોની સમ્પત્તિ શુદ્ધ ધનથી ( ન્યાયોપાર્જિત ધનથી ) વધતી નથી. નદીઓમાં કદી પણ સ્વચ્છ પાણીનું પૂર આવતું નથી. ( અર્થાત્ તે વર્ષાઋતુમાં મેલા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**पुनराह शिष्य: 'भोगोपभोगायेति।' भगवन्! यद्येवं धनार्जनस्य पापप्रायतया दु:खहेतुत्वात् धनं निद्यं, तर्हि धनं विना सुखहेतोर्भोगोपभोगस्यासंभवात्तदर्थं स्यादिति प्रशस्यं भविष्यति। भोगो भोजनताम्बूलादि:। उपभोगो वस्तु कामिन्यादि:। भोगाश्चोपभोगाश्च भोगोपभोगं तस्मै। अत्राह गुरु:। तदपि नेति न केवलं पुण्यहेतुतया धनं प्रशस्यमिति यत्त्वयोक्तं तदुक्तरीत्या न स्यात्। किं तर्हि? भोगोपभोगार्थतया धनं तत्साधनं प्रशस्यमिति। यत्त्वया संप्रत्युच्यते तदपि न स्यात्। कुत इति चेत्, यत:।**

---

પાણીથી જ ભરપૂર રહે છે) (જેમ વર્ષાૠતુમાં નદીઓમાં મેલા પાણીનું પૂર આવે છે તેમ અન્યાયથી ઉપાર્જિત ધનથી ધનમાં ઘણો વધારો થાય છે).

**ભાવાર્થ:-** 'પૂજા–પાત્રદાનાદિમાં ધન ખર્ચ કરવાથી નવીન પુણ્યની પ્રાપ્તિ થશે અને પૂર્વોપાર્જિત પાપનો ક્ષય થશે' – એમ સમજી ધનહીન માણસ દાન માટે નોકરી ખેતી આદિ કાર્ય કરી ધન કમાય છે. (ધન કમાવાનો ભાવ સ્વયં પાપભાવ છે.) તે માણસ, 'સ્નાન કરી લઈશ' એમ સમજી પોતાના શરીર ઉપર કાદવ ચોપડનાર મૂર્ખ માણસ જેવો છે.

જેમ કોઈ માણસ પોતાના નિર્મળ શરીર ઉપર કાદવ ચોપડી પછી સ્નાન કરે તો તે મૂર્ખ ગણાય છે, તેમ કોઈ માણસ ધન કમાઈ તે ધન દાનાદિમાં ખર્ચ કરે તો તે માણસ પણ તેના જેવો જ મૂર્ખ છે, કારણ કે તે એમ સમજે છે કે ધનોપાર્જનમાં જે પાપ થશે તે દાનાદિથી ઉપાર્જિત પુણ્યથી નાશ પામશે, પણ આ એનો ભ્રમ છે.

જેમ વર્ષાૠતુમાં નદીઓ મેલા પાણીથી જ ઉભરાય છે, તેમ પાપભાવથી ધનનું ઉપાર્જન થાય છે. માટે ધનોપાર્જન કરવાનો પાપભાવ કરવો અને પછી તે ધનને પુણ્યોપાર્જન માટે પૂજા- પાત્રાદાનાદિ શુભ કાર્યમાં 'હું તે ખર્ચીશ' એવો અજ્ઞાન ભાવ કરવો મૂઢતા છે. ૧૬.

શિષ્ય ફરીથી કહે છે– 'ભોગ અને ઉપભોગને માટે' હે ભગવન્! જો એ રીતે ધનોપાર્જનમાં પ્રાય: પાપ હોય વા ધન દુ:ખનું કારણ હોય અને તેથી તે નિંદ્ય હોય, તો ધન વિના સુખના કારણરૂપ ભોગ–ઉપભોગ અસંભવિત બને; તેથી તે (ભોગ–ઉપભોગ) માટે ધન હોય તો તે પ્રશંસનીય છે.

ભોજન, તામ્બુલ આદિ તે ભોગ છે અને વસ્તુ, સ્ત્રી આદિ ઉપભોગ છે. ભોગ અને ઉપભોગ–તે ભોગોપભોગ–તે માટે (ધન હોવું યોગ્ય છે, એમ શિષ્યની દલીલ છે).

અહીં આચાર્ય કહે છે– તે વાત પણ નથી. 'પુણ્યના કારણે ધન પ્રશંસનીય છે' એમ જે તેં કહ્યું તે રીતે (પ્રશંસનીય) હોઈ શકે નહિ. વળી ભોગ–ઉપભોગ માટે તેનું (ધનનું) સાધન પ્રશંસનીય છે એમ જે તેં હમણાં કહ્યું તે પણ કેમ બની શકે? જો તું કહે, 'કેમ?' તો કારણ એ છે કે:–

आरम्भे तापकान्प्राप्तावतृप्तिप्रतिपादकान्।
अंते सुदुस्त्यजान् कामान् कामं कः सेवते सुधीः।।१७।।

**टीका - को, न कश्चित् सुधीर्विद्वान् सेवते इन्द्रियप्रणालिकयानुभवति। कान् कामान् भोगोपभोगान्।**

**उक्तं च-**

**“ तदात्त्वसुखसंज्ञेषु भोगेष्वज्ञोऽनुरज्यते।**
**हितमेवानुरुध्यंते प्रपरीक्ष्य परीक्षकाः।। ”**

---

## શ્લોક-૧૭

**અન્વયાર્થઃ-** [ **आरम्भे** ] આરંભમાં [ **तापकान्** ] સંતાપ કરનાર, [ **प्राप्तौ अतृप्तिप्रतिपादकान्** ] પ્રાપ્ત થતાં અતૃપ્તિ કરનાર અને [ **अन्ते सुदुस्त्यजान्** ] અંતમાં મહા મુશ્કેલીથી પણ છોડી ન શકાય તેવા [ **कामान्** ] ભોગોપભોગોને [ **कः सुधीः** ] કોણ બુદ્ધિશાળી [ **कामं** ] આસક્તિથી [ **सेवते** ] સેવશે ?

**ટીકાઃ-** કોણ ? કોઈ બુદ્ધિશાળી-વિદ્વાન્ સેવશે નહિ અર્થાત્ ઇન્દ્રિયો દ્વારા ભોગવશે નહિ. કોને ? ભોગોપભોગોને. કહ્યું છે કે- ‘ **तदात्त्वसुखसंज्ञेषु...** ’

તે વખતે (ભોગતે સમયે) સુખ નામથી ઓળખાતા ભોગોમાં અજ્ઞાની (હેય-ઉપાદેયનો વિવેક નહિ કરનાર) અનુરાગ કરે છે, પરંતુ પરીક્ષાપ્રધાની જનો બરાબર પરીક્ષા કરીને હિતને જ અનુસરે છે (જેનાથી હિત થાય તેનું જ અનુસરણ કરે છે).’

કેવા (ભોગોપભોગોને)? સંતાપ કરનાર અર્થાત્ દેહ, ઇન્દ્રિયો અને મનને કલેશના કારણરૂપ. ક્યારે ? આરંભમાં-ઉત્પત્તિના ક્રમમાં, કારણ કે અન્નાદિ ભોગ્ય દ્રવ્ય (વસ્તુ) સંપાદન કરવામાં ખેતી આદિ સંબંધી બહુ કલેશ રહે છે એ સર્વ જનોમાં સુપ્રસિદ્ધ છે. ત્યારે કહે છે કે ભોગવવામાં આવતા ભોગો તો સુખનું કારણ છે, તેથી તે સેવવા યોગ્ય છે. તો (જવાબમાં) કહે છે કે - **प्राप्तावित्यादि**- પ્રાપ્તિ સમયે એટલે ઇન્દ્રિયો સાથે સંબંધ થતાં તે (ભોગો) અતૃપ્તિ કરનાર અર્થાત્ બહુ તૃષ્ણા ઉત્પન્ન કરનાર છે. કહ્યું છે કે- ‘ **अपि संकल्पिताः** ’

‘ જેમ જેમ સંકલ્પિત (કલ્પેલા) ભોગોપભોગ પ્રાપ્ત થાય છે, તેમ તેમ મનુષ્યોની તૃષ્ણા (વધી જઈ) બધા વિશ્વમાં ફેલાઈ જાય છે.’

**ભોગાર્જન દુઃખદ મહા, પામ્યે તૃષ્ણા અમાપ,**
**ત્યાગ-સમય અતિ કષ્ટ જ્યાં, કો સેવે ધીમાન ? ૧૭.**

**कथं भूतान्, तापकान् देहेन्द्रियमनः क्लेशहेतून। क्व? आरंभे उत्पत्त्युपक्रमे। अन्नादिभोग्यद्रव्य-संपादनस्य कृष्यादिक्लेश- बहुलतया सर्वजनसुप्रसिद्धत्वात्। तर्हि भुज्यमानाःकामाः सुखहेतवःसन्तीतिसेव्यास्ते इत्याह, प्राप्तावित्यादि। प्राप्तौ इन्द्रियेण सम्बन्धे सति अतृप्तेः सुतृष्णायाः प्रतिपादकान् दायकान्।**

**उक्तं च [ ज्ञानार्णवे २०-३० ] -**

**" अपि संकल्पिताः कामाः सभवंति यथा यथा।**
**तथा तथा मनुष्याणां तृष्णा विश्वं विसर्पति।। "**

---

( શિષ્ય ) કહે છે- ત્યારે ઇચ્છા પ્રમાણે તે ( ભોગોપભોગને ) ભોગવીને તૃપ્ત થતાં, તૃષ્ણારૂપી સંતાપ શમી જશે. તેથી તે સેવવા યોગ્ય છે.

( આચાર્ય ) કહે છે- અંતે તે છોડવા મુશ્કેલ છે અર્થાત્ ભોગવ્યા પછી તેઓ છોડવા અશક્ય છે, કારણ કે તેમને સારી રીતે ભોગવવા છતાં, મનની આસક્તિ નિવારવી મુશ્કેલ છે. કહ્યું છે કે- ' दहन... '.

' જોકે અગ્નિ ઘાસ, લાકડાં આદિના ઢગલાથી તૃપ્ત થઈ જાય અને સમુદ્ર, સેંકડો નદીઓથી તૃપ્ત થઈ જાય, પરંતુ પુરુષ ઇચ્છિત સુખોથી તૃપ્ત થતો નથી. અહો ! કર્મની એવી કોઈ ( વિચિત્ર ) બળજબરાઈ ( બલવાનપણું ) છે ! '

વળી કહ્યું છે કે- ' **किमपीदं.....** '

' અહો ! આ વિષયમયી વિષ કેવું અતિ વિષમ ( ભયંકર ) છે કે જેથી આ પુરુષ તેનો ભવ ભવમાં અત્યંત અનુભવ કરવા છતાં ( વિષય-સુખના અનુભવથી ઉત્પન્ન થતાં દુઃખોને અનુભવવા છતાં ) તેનું મન ચેતતું જ નથી '

શિષ્ય પૂછે છે- તત્ત્વજ્ઞાનીઓએ પણ ભોગો ન ભોગવ્યા હોય એમ સાંભળવામાં આવ્યું નથી ( અર્થાત્ તત્ત્વજ્ઞાનીઓ પણ ભોગો ભોગવે છે એ જાણીતું છે ); તો ' કોણ બુદ્ધિમાન ભોગોને સેવશે ( ભોગવશે ) ' - એવા ઉપદેશમાં કેવી રીતે શ્રદ્ધા કરાય ? ( અર્થાત્ એવો ઉપદેશ કેવી રીતે મનાય ? )

આચાર્ય કહે છે- ( જ્ઞાની ) ' **कामम्** ' એટલે અતિશયપણે ( આસક્તિપૂર્વક- રુચિપૂર્વક તે સેવતો નથી ) અહીં તાત્પર્ય એ છે કે-

ચારિત્રમોહના ઉદયથી ભોગોને છોડવા અસમર્થ હોવા છતાં, તત્ત્વજ્ઞાની ભોગોને હેયરૂપે સમજીને ( એટલે તેઓ છોડવા યોગ્ય છે એમ સમજીને ) સેવે છે. જેનો મોહનો ઉદય મંદ પડી ગયો છે તેવો તે ( જ્ઞાની ) જ્ઞાન અને વૈરાગ્યની ભાવનાથી ઇન્દ્રિય-સમૂહને વશ કરી ( ઇન્દ્રિયો તરફના વલણને સંયમિત કરી ) એકાએક ( શીઘ્ર ) આત્મકાર્ય માટે ઉત્સાહિત થાય છે; તથા કહ્યું છે કે - ' **इदंफलमिय...** '

**तर्हि यथेष्टं भुक्त्वा तृप्तेषु तेषु तृष्णासंताप: शाम्यतीति सेव्यास्ते इत्याह। अंते सुदुस्त्यजान् भुक्तिप्रांते त्यक्तुमशक्यान्। सुभक्तेष्वपि तेषु मनोव्यतिषंगस्य दुर्निवारत्वात्।**

**उक्तं च - [ श्री चन्द्रप्रभकाव्ये ]**

**" दहनस्तृणकाष्ठसंचयैरपि तृप्येदुदधिर्नदीशतै:।**
**नतु कामसुखै: पुमानहो बलवत्ता खलु कापि कर्म्मण:।।**

**अपि च- किमपीदं विषमयं विपमतिविषमं पुमानयं येन।**
**प्रसभमनुभूय मनो भवे भवे नैव चेतयते।। "**

---

'આ ફલ છે, આ ક્રિયા છે, આ કરણ છે, આ ક્રમ છે, આ વ્યય ( હાનિ ખર્ચ ) છે, આ આનુષંગિક ( ભોગોને અનુસરતું ) ફલ છે, આ મારી દશા છે, આ મિત્ર છે, આ શત્રુ છે, આ દેશ છે, આ કાલ છે– એ સર્વ વાતો ઉપર પૂરો ખ્યાલ રાખી બુદ્ધિમાન્ પુરુષ પ્રયત્ન કરે છે, પરંતુ બીજો ( કોઈ મૂર્ખ ) તેમ કરતો નથી.'

આચાર્ય ફરીથી કહે છે– '**यदर्थमेतदेवंविधमिति**'.

**ભાવાર્થ:-** આદિ, મધ્ય અને અંતમાં ભોગોપભોગ કલેશ, તૃષ્ણા અને આસક્તિનું કારણભૂત છે. ભોગ્ય વસ્તુઓને પ્રાપ્ત કરવામાં કૃષિ નોકરી આદિ કારણોથી આરંભમાં શરીર, ઇન્દ્રિયો અને મન સંબંધી કલેશ થાય છે– અત્યંત કષ્ટ પડે છે. જ્યારે ભોગ્ય વસ્તુઓ મુશ્કેલીથી પ્રાપ્ત થાય છે, ત્યારે તેને ભોગવવા છતાં તૃપ્તિ થતી નથી, ફરી ફરી તે ભોગવવાની ઇચ્છા થાય છે અને તેથી ચિત્ત વ્યાકુલ રહે છે. અતૃપ્તિવશ તેને ( ભોગોને ) છોડવાનો ભાવ થતો નથી.

જેમ અગ્નિમાં ગમે તેટલાં કાષ્ઠ–તૃણ નાખો, તોપણ તે તૃપ્ત થતી નથી અને સમુદ્ર સેંકડો નદીઓનાં પાણીથી પણ તૃપ્ત થતો નથી, તેમ મનુષ્યની તૃષ્ણા અનેક ભોગોથી પણ કદી તૃપ્ત થતી નથી, કિન્તુ વધતી જાય છે.

કલેશજનક, અતૃપ્તિકારક અને આસક્તિને લીધે છોડવા મુશ્કેલ–એવા ભોગોને કોણ બુદ્ધિમાન પુરુષ સેવશે ? અર્થાત્ કોઈ બુદ્ધિમાન સેવશે નહિ.

અહીં શિષ્યનો પ્રશ્ન છે કે જો ભોગો ભોગવવાનો ભાવ અહિતકર હોય અને તે સેવવા યોગ્ય નથી– એવો જો તમારો ઉપદેશ હોય તો ભરત જેવા જ્ઞાની પુરુષોને પણ ભોગો ભોગવતા સાંભળવામાં આવ્યા છે. તો આ વાત આપના ઉપદેશ સાથે અસંગત ઠરે છે ( –બંધ બેસતી નથી ). તેનું કેમ ?

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ननु तत्त्वविदोपि भोगानभुक्तवंतो न श्रूयंते इति कामान् कः सेवते सुधीरित्युपदेशः कथं श्रद्धीयत इत्याह। काममिति। अत्यंर्थ। इदमत्र तात्पंर्य चारित्रमोहोद्रेकात् भोगान् त्यक्तुमशक्नुवन्नपि तत्त्वज्ञो हेयरूपतया कामान्पश्यन्नेव सेवते मंदीभवन्मोहोदयस्तु ज्ञान-वैराग्य-भावनया करणग्रामं संयम्य सहसा स्वकार्यायोत्सहत एव।**

**तथा चोक्तम्-**

**'इदं फलमियं क्रिया करणमेतदेषक्रमो, व्ययोयमनुषंगजं फलमिदं दशेयं मम। अयं सुहृदयं द्विषन् प्रयतदेशकालाविमाविति प्रतिवितर्कयन् प्रयतते बुधो नेतरः।**

**किंच 'यदर्थमेतदेवंविधमिति।' भद्र! यत्कायलक्षणं वस्तुसंतापाद्युपेतं कर्तुकामेन भोगाः प्रार्थ्यन्ते तद्वक्ष्यमाणलक्षणमित्यर्थः। स एवंविध इति पाठः। तद्यथा-**

**भवन्ति प्राप्य यत्संगमशुचीनि शुचीन्यपि।**
**स कायः संततापायस्तदर्थं प्रार्थना वृथा।।१८।।**

---

આચાર્ય સમાધાન કરે છે કે– જોકે જ્ઞાની પુરુષો ચારિત્રમોહનીય કર્મના ઉદયવશ ભોગોને ભોગવવાનો ભાવ છોડવા અસમર્થ છે, પરંતુ તેમને તે પ્રતિ આન્તરિક રાગ નથી. શ્રદ્ધા અને જ્ઞાનમાં તેઓ તે રાગને અહિતકર માને છે તેથી જેવી રીતે અજ્ઞાની ભોગોને હિતકર સમજી તેને એકતા બુદ્ધિથી ભોગવે છે તેવી રીતે જ્ઞાનીને ભોગવવાનો ભાવ નથી. તેને પર દ્રવ્યના સ્વામીપણાનો તથા કર્તાપણાનો અભિપ્રાય નથી. રાગરૂપ પરિણમન છે તે ચારિત્રની નબળાઈથી છે. તેનો તે જ્ઞાતા છે, તેથી અજ્ઞાનરૂપ કર્તાપણું કે ભોક્તાપણું તેને નથી. એ અપેક્ષાએ જ્ઞાની ભોગોને સેવતો *હોવા છતાં તે સેવતો નથી કારણ કે ભોગવવાની ક્રિયા વખતે પણ તેનું જ્ઞાનરૂપ પરિણમન છૂટતું નથી. અસ્થિરતાને લીધે જે રાગ દેખાય છે તેનો અભિપ્રાયમાં તેને નિષેધ છે. ૧૭.

આચાર્ય ફરીથી કહે છે– વળી, જેના માટે તે છે તે આ પ્રકારે છે– અર્થાત્ 'ભદ્ર! જે શરીરના માટે તું (અનેક) દુઃખો વેઠી (ભોગોપભોગની) વસ્તુઓ પ્રાપ્ત કરવા ઇચ્છે છે તેનું લક્ષણ (સ્વરૂપ) આગળ બતાવવામાં આવે છે. એવો અર્થ છે– તે આ પ્રમાણે છે:–

* જુઓ, શ્રી સમયસાર ગા. ૧૯૫, ૧૯૬, ૧૯૭.

**શુચિ પદાર્થ જસ સંગથી, મહા અશુચિ થઈ જાય,**
**વિઘ્નરૂપ તસ કાય હિત, ઇચ્છા વ્યર્થ જણાય. ૧૮.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



वर्तते। कोऽसौ, सःकायःशरीरं। किंविष्टिं ? संततापायः नित्यक्षुधाद्युपतापः। स क, इत्याह- यत्संगे येन कायेन सह संबंधं प्राप्य लब्ध्वा शुचीन्यपि पवित्ररम्याण्यपि भोजनवस्त्रादिवस्तुन्यशुचीनि भवंति यतश्चैवं ततस्तदथं तं संततापायं कायं शुचिवस्तुभिरूपकर्तुं प्रार्थना आकांक्षा तेषामेव वृथा व्यर्था केनचिदुपायेन निवारितेऽपि एकस्मिन्नपाये क्षणे क्षणेऽपरापरापायोपनिपातसंभवात्।

पुनरप्याह शिष्यः। 'तर्हि धनादिनाप्यात्मोपकारोभविष्यतीति।' भगवन्! संततापायतया कायस्य धनादिना यद्युपकारो न स्यात्तर्हि धनादिनापि न केवलमनशनादि-तपश्चरणेनेत्यपि शब्दार्थः। आत्मनो जीवस्योपकारोऽनुग्रहो भविष्यतीत्यर्थः।

---

## શ્લોક-૧૮

**અન્વયાર્થઃ-** [ **यत्संगं** ] જેનો સંગ [ **प्राप्य** ] પામી [ **शुचीनि अपि** ] પવિત્ર પદાર્થો પણ [ **अशुचीनि** ] અપવિત્ર [ **भवन्ति** ] થઈ જાય છે, [ **सः कायः** ] તે શરીર [ **संततापायः** ] હંમેશા બાધાઓ ( ઉપદ્રવ ) સહિત છે; તેથી [ **तदर्थं** ] તેના માટે [ **प्रार्थना** ] ( ભોગોપભોગની ) પ્રાર્થના ( આકાંક્ષા ) કરવી [ **वृथा** ] વ્યર્થ છે.

**ટીકાઃ-** વર્તે છે. કોણ તે? તે કાય-શરીર. કેવું ( શરીર )? સતત ( હંમેશા ) બાધાવાળું અર્થાત્ નિત્ય ક્ષુધાદિ બાધાવાળું છે. ( શિષ્ય ) પૂછે છે- "તે કોણ છે?" જેના સંગે અર્થાત્ જે શરીરની સાથે સંબંધ કરીને ( પામીને ) પવિત્ર તથા રમણીય ભોજન, વસ્ત્રાદિ વસ્તુઓ પણ અપવિત્ર થઈ જાય છે. એમ છે તેથી તેને માટે અર્થાત્ તે સતત બાધાવાળી કાયા ઉપર પવિત્ર વસ્તુઓથી ઉપકાર કરવા માટે પ્રાર્થના એટલે આકાંક્ષા ( કરવી ) વૃથા એટલે વ્યર્થ છે, કારણ કે કોઈ ઉપાયથી એકાદ બાધા દૂર કરવામાં આવે છતાં પ્રતિક્ષણ ( ક્ષણ ક્ષણ ) બીજી બીજી બાધાઓ આવી પડે તેવી સંભાવના છે.

**ભાવાર્થઃ-** શરીર પ્રત્યેનો રાગ હંમેશા સંતાપજનક છે, કારણ કે તેના અંગે ક્ષુધા-તૃષાદિ અનેક વેદનાઓ ઉત્પન્ન થાય છે, તે રોગનું ઘર છે અને પવિત્ર તથા સુંદર ભોજન-વસ્ત્રાદિ વસ્તુઓ પણ તેના સંપર્કથી મલિન, દુર્ગંધિત અને અપવિત્ર થઈ જાય છે. આવા ઘૃણિત શરીરને સારું રાખવાની દષ્ટિએ ભોગોપભોગની સામગ્રીની ઇચ્છા કરવી તે નિરર્થક છે.

વાસ્તવમાં શરીરાદિ સંતાપનું કારણ નથી, પરંતુ તેના પ્રત્યેનો મમત્વભાવ એકતાબુદ્ધિ તે જ સંતાપનું ખરું કારણ છે. જેને શરીર પ્રત્યે મમત્વભાવ નથી તેને શરીરને સારું રાખવાની બુદ્ધિએ ભોગોપભોગની સામગ્રીની ચિંતા કે ઇચ્છા રહેતી નથી. ૧૮.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

गुरुराह तन्नेति। यत्त्वया धनादिना आत्मोपकारभवनं संभाव्यते तन्नास्ति। यत:-

यज्जीवस्योपकाराय तद्देहस्यापकारकम्।
यद्देहस्योपकाराय तज्जीवस्यापकारकं।।१९।।

टीका- यदनशनादितपोऽनुष्ठायानं जीवस्य पूर्वापूर्वपापक्षपणनिवारणाभ्यामुपकाराय स्यात्तद्देहस्यापकारकं ग्लान्यादिनिमित्तत्वात्। यत्पुनर्धनादिकं देहस्य भोजनाद्युपयोगेन क्षुधाद्युपतापक्षयत्वादुपकाराय स्यात्तज्जीवस्योपार्ज्जनादौ पापजनकत्वेन दुर्गति दु:खनिमित्तत्वादपकारकं स्यादतो जानीहि जीवस्य धनादिना नोपकारगंधोप्यस्ति धर्मस्यैव तदुपकारत्वात्।

---

ફરીથી શિષ્ય કહે છે– ત્યારે ધનાદિથી પણ આત્માનો ઉપકાર થશે, અર્થાત્ ભગવન્! શરીર સતત બાધાનું કારણ હોવાથી તેના ઉપર ધનાદિથી ઉપકાર ન થાય, તો આત્માનો ઉપકાર કેવળ ઉપવાસ આદિ તપશ્ચર્યાથી જ નહિ, કિન્તુ ધનાદિથી પણ થશે, આત્માનો એટલે જીવનો ઉપકાર એટલે અનુગ્રહ થશે એવો અર્થ છે.

ગુરુ કહે છે– તેમ નથી અર્થાત્ ધનાદિથી તું આત્માનો ઉપકાર થવો માને છે, પણ તેમ નથી, કારણ કેઃ–

## શ્લોક-૧૯

**અન્વયાર્થઃ-** [ **यत्** ] જે [ **जीवस्य उपकाराय** ] જીવને ( આત્માને ) ઉપકારક છે [ **तद्** ] તે [ **देहस्य अपकारकं** ] દેહને અપકારક [ **भवति** ] છે [ **तथा** ] અને [ **यद्** ] જે [ **देहस्य उपकाराय** ] દેહને ઉપકારક છે [ **तद्** ] તે [ **जीवस्य अपकारकं** ] જીવને અપકારક [ **भवति** ] છે.

**ટીકાઃ-** જે અનશનાદિ તપનું અનુષ્ઠાન, જીવનાં જૂનાં અને નવાં પાપોને નાશ કરવામાં તથા દૂર કરવામાં કારણભૂત હોવાથી જીવને ઉપકારક છે, તે ( તપાદિ આચરણ ) દેહને ગ્લાનિ આદિનું કારણ હોવાથી અપકારક છે; અને વળી જે ધનાદિક, ભોજનાદિકના ઉપયોગદ્વારા ક્ષુધાદિ પીડાને નાશ કરવાનું કારણ હોવાથી શરીરને ઉપકારક છે, તે ( ધનના ) ઉપાર્જનાદિકમાં પાપ ઉત્પન્ન થતું હોવાથી અને તે પાપ દુર્ગતિના દુઃખનું કારણ હોવાથી, જીવને અપકારક છે. માટે ધનાદિકદ્વારા જીવને ઉપકારની ગંધ પણ નથી, કિન્તુ ધર્મનો જ તેના ઉપર ઉપકાર છે, એમ જાણ.

**જે આત્માને હિત કરે, તે તનને અપકાર,**
**કરે હિત જે દેહને, તે જીવને અપકાર. ૧૯.**

अत्राह शिष्यः। तर्हि कायस्योपकारश्चिंत्यते इति भगवन्! यद्येवं तर्हि 'शरीरमाद्यं खलु धर्मसाधनम्' इत्यभिधानात्तस्यापायनिरासाय यत्नः क्रियते न च कायस्यापायनिरासो दुष्कर इति वाच्यम्। ध्यानेन तस्यापि सुकरत्वात्। तथा चोक्तम् [ तत्त्वानुशासने ] -

"यदा-त्रिकं फलं किंचित्फलमामुत्रिकं च यत्।
एतस्य द्विगुणस्यापि ध्यानमेवाग्रकारणम्"।।२१७।।

'झाणस्स ण दुल्लहं किंपीति च' - अत्रगुरुः प्रतिषेधमाह तन्नेति। ध्यानेन कायस्योपकारो न चिंत्य इत्यर्थः।

**इतश्चिन्तामणिर्दिव्य इतः पिण्याकखण्डकं।**
**ध्यानेन चेदुभे लभ्ये क्वाद्रियन्तां विवेकिनः।।२०।।**

---

**ભાવાર્થઃ-** નિશ્ચય અનશનાદિ તપના અનુષ્ઠાનથી જૂનાં તથા નવાં કર્મોનો અભાવ થાય છે, તેથી તે જીવને ઉપકારક છે, પરંતુ તે તપાદિના અનુષ્ઠાનથી શરીરમાં શિથિલતાદિ ઉત્પન્ન થાય છે, તેથી શરીરને તે અપકારક ( અહિતકર ) છે.

ભોજનાદિના ભોગદ્વારા ક્ષુધાદિ પીડાઓને દૂર કરવામાં ધનાદિક નિમિત્ત છે, તેથી શરીરને ઉપકારક છે, પરંતુ તે ધન કમાવામાં પાપ થાય છે અને પાપથી દુર્ગતિનાં દુઃખોની પ્રાપ્તિ થાય છે, તેથી ધનાદિક જીવને અપકારક-અહિતકર છે.

માટે સમજવું કે ધનાદિકદ્વારા જીવને લેશમાત્ર ઉપકાર થતો નથી, જીવનો ઉપકાર તો નિશ્ચય આત્મધર્મથી જ થાય છે. ૧૯.

અહીં શિષ્ય કહે છે- ત્યારે શરીરના ઉપકાર સંબંધી વિચાર કરવામાં આવે છે. ભગવન્! જો એમ હોય તો, 'શરીર ખરેખર ધર્મનું આદ્ય સાધન છે' - એ કથનથી તેનો ( રોગાદિથી ) નાશ થતો અટકાવાને પ્રયત્ન કરવામાં આવે છે અને શરીરના ( રોગાદિક ) અપાયોને ( બાધાઓને ) દૂર કરવા પણ મુશ્કેલ નથી- એમ વાચ્ય છે, કારણ કે ધ્યાનદ્વારા તે ( રોગાદિકનું દૂર કરવું ) સહેલાઈથી કરાય છે; તથા 'तत्त्वानुशासन' શ્લોક ૨૧૭માં કહ્યું છે કે-

'જે આ લોક સંબંધી ફલ છે અને જે પરલોક સંબંધી ફલ છે- તે બંને ફલોનું પ્રધાન કારણ ધ્યાન જ છે.' 'ધ્યાનને માટે કાંઈ પણ દુર્લભ નથી.'

**છે ચિંતામણિ દિવ્ય જ્યાં, ત્યાં છે ખાંળ અસાર,**
**પામે બેઉ ધ્યાનથી, ચતુર કરે કયાં વિચાર? ૨૦.**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**टीका- अस्ति। कोऽसौ ? चिन्तामणि:- चिंतितार्थप्रदो रत्नविशेष:। किं विशिष्टो ? दिव्यो देवेनाधिष्ठित: क्व, इत अस्मिन्नेकस्मिन् पक्षे। इतश्चान्यस्मिन् पक्षे पिण्याकखण्डकं कुत्सितमल्पं वा खलखंडकमस्ति एते च उभे द्वे अपि यदि ध्यानेन लभ्येते अवश्यं लभ्येते तर्हि कथय क्व द्वयोर्मध्ये कतरस्मिन्नेकस्मिन् विवेकिनो लोभच्छेदविचारचतुरा आद्रियन्तां आदरं कुर्वन्तु। तदैहिकफलाभिलाषं त्यक्त्वा आमुत्रिक-फलसिद्ध्यर्थमेवात्मा ध्यातव्य:। उक्तं च [ तत्त्वानुशासने ] -**

**“ तद्ध्यानं रौद्रमात्तं वा यदैहिकफलार्थिनां।**
**तस्मादेतत्परित्यज्य धर्म्यं शुक्लमुपास्यताम्।। ”**

---

આ વિષયમાં આચાર્ય નિષેધ કરી કહે છે– ‘ તેમ નથી; ધ્યાનદ્વારા શરીરનો ઉપકાર ચિંતવવો જોઈએ નહિ ’ – એવો અર્થ છે.

## શ્લોક-૨૦

**અન્વયાર્થ**:- [ **इत: दिव्य: चिन्तामणि:** ] એક બાજુ દિવ્ય ચિંતામણિ છે, [ **इत: च पिण्याकखण्डकम्** ] અને બીજી બાજુ ખલીનો ( ખોળનો ) ટુકડો છે; [ **चेत्** ] જો [ **ध्यानेन** ] ધ્યાનદ્વારા [ **उभे** ] બન્ને [ **लभ्ये** ] મલી શકે તેમ છે, તો [ **विवेकिन:** ] વિવેકી જનો [ **क्व आद्रियन्ताम्** ] કોનો આદર કરશે ?

**ટીકા**:- છે. કોણ તે ? ચિન્તામણિ અર્થાત્ ચિન્તિત પદાર્થ દેનાર રત્નવિશેષ. કેવો ( ચિન્તામણિ ) ? દિવ્ય અર્થાત્ દેવદ્વારા અધિષ્ઠિત. ક્યાં ? એક બાજુએ એટલે એક પક્ષે ( ચિંતામણિ છે ) અને બીજી બાજુએ એટલે બીજા પક્ષે ખરાબ વા હલકો ખલીનો ( ખોળનો ) ટુકડો છે. તે બેઉ–બન્ને પણ જો ધ્યાનથી પ્રાપ્ત થાય–અવશ્ય મલી જાય– તો કહો– બન્નેમાંથી કયા એકમાં, વિવેકી જનો અર્થાત્ લોભનો નાશ કરવાના વિચારમાં ચતુર પુરુષો, આદર કરશે ? તેથી આ લોક સંબંધી ફલની અભિલાષા છોડી પરલોક સંબંધી ( લોકોત્તર ) ફલની સિદ્ધિ માટે જ આત્માનું ધ્યાન કરવું જોઈએ. ‘ तत्त्वानुशासन ’ શ્લો. ૨૨૦ માં કહ્યું છે કે–

‘ જે રૌદ્રધ્યાન અને આર્તધ્યાનછે તે આ લોક સંબંધી ફલની ઇચ્છા કરનારાઓને હોય છે, તેથી તેનો ત્યાગ કરીને ધર્મ્યધ્યાન વ શુક્લધ્યાનની ઉપાસના કરવી જોઈએ. ’

**ભાવાર્થ**:- એક બાજુ ચિન્તામણિ રત્ન છે અને બીજી બાજુએ ખોળનો કકડો છે. બન્નેની પ્રાપ્તિ ધ્યાનથી થાય છે, પરંતુ એ બન્ને ચીજોમાંથી વિવેકી પુરુષ ચિન્તામણિ રત્નનો જ આદર કરશે; તેવી રીતે ધર્મી જીવ, ખોળના ટુકડા સમાન આ લોક સંબંધી પરાધીન ઇન્દ્રિયજનિત સુખ જે વાસ્તવમાં દુઃખ છે તેનો આદર છોડી ધર્મ્ય–શુક્લરૂપ ધ્યાનની આરાધનાદ્વારા ચિન્તામણિ સમાન વાસ્તવિક આત્મિક સુખની પ્રાપ્તિ કરવાનું પસંદ કરશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**अथैवमुद्बोधितश्रद्धानो विनेयः पृच्छति स आत्मा कीदृश इति यो युष्माभिर्ध्यातव्यतयोपदिष्टः पुमान् स किंस्वरूप इत्यर्थः गुरुराहः-**

**स्वसंवेदनसुव्यक्तस्तनुमात्रो निरत्ययः।**
**अत्यन्तसौख्यवानात्मा लोकालोकविलोकनः।।२१।।**

**टीका- अस्ति। कोऽसौ? आत्मा। किदृशः, लोकालोकविलोकनः लोको जीवाद्याकीर्णमाकाशं ततोऽन्यदलोकः तौ विशेषेण अशेषविशेषनिष्ठतया लोक्यते पश्यति जानाति। ऐतन "ज्ञानशून्यं चैतन्यमात्रमात्मा" इति सांख्यमतं, बुद्ध्यादि-गुणोज्झितः पुमानिति यौगमतं च प्रत्युक्तं। प्रतिध्वस्तश्च नैरात्म्यवादो बौद्धानां।**

---

માટે આર્ત અને રૌદ્ર-એ બન્ને ધ્યાનોનો પરિત્યાગ કરી, આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટે ધર્મ્ય અને શુક્લ-એ બન્ને ધ્યાનોની ઉપાસના કરવી જોઈએ. ૨૦.

'ધ્યાન કરવા યોગ્ય છે,' એવો આપે જેનો ઉપદેશ આપ્યો છે તે આત્માનું સ્વરૂપ શું છે? એવો અર્થ છે.

ગુરુ કહે છેઃ-

## શ્લોક-૨૧

**અન્વયાર્થઃ-** [ **आत्मा** ] આત્મા [ **लोकालोकविलोकनः** ] લોક અને અલોકનો જ્ઞાતા-દૃષ્ટા, [ **अत्यन्तसौख्यवान्** ] અત્યન્ત-અનંત-સુખસ્વભાવવાળો, [ **तनुमात्रः** ] શરીર પ્રમાણ, [ **निरत्ययः** ] અવિનાશી (નિત્ય) અને [ **स्वसंवेदनसुव्यक्तः अस्ति** ] સ્વ-સંવેદનદ્વારા સારી રીતે વ્યક્ત (પ્રગટ) છે- (અર્થાત્ સ્વસંવેદનપ્રત્યક્ષ છે).

**ટીકાઃ-** છે. કોણ તે? આત્મા. કેવો (આત્મા)? લોક અને અલોકનો જ્ઞાતા-દૃષ્ટા- અર્થાત્ જીવાદિ દ્રવ્યોથી વ્યાપ્ત આકાશ તે લોક અને તેનાથી અન્ય (આકાશ) તે અલોક-તે બંનેને વિશેષરૂપથી અર્થાત્ અશેષરૂપે (કાંઈ પણ બાકી રાખ્યા વગર) પરિપૂર્ણરૂપે જે અવલોકે છે- દેખે છે- જાણે છે તે એનાથી (એમ કહીને) '**ज्ञानशून्यं चैतन्यमात्रमात्मा**' જ્ઞાનશૂન્ય ચૈતન્યમાત્ર જ આત્મા છે- એવા સાંખ્યમતનું તથા '**बुद्धयादिगुणोज्झितः पुमानिति**' — બુદ્ધિ આદિ (બુદ્ધિ, સુખ, દુઃખ આદિ) ગુણોથી રહિત. પુરુષ (આત્મા છે) એવા યોગમતનું ખંડન કર્યું તથા બૌદ્ધોના '**नैरात्म्यवाद**' નું પણ ખંડન થઈ ગયું.

---

**१ अभावात्मको मोक्षः।**

**નિજ અનુભવથી પ્રગટ જે, નિત્ય શરીર પ્રમાણ,**
**લોકાલોક વિલોકતો, આત્મા અતિસુખવાન. ૨૧.**

**पुन: कीदृश: ? अत्यन्तसौख्यवान्-अनंतसुखस्वभाव:। एतेन सांख्ययौगतन्त्रं प्रत्याहतं। पुनरपि कीदृशस्तनुमात्र: स्वोपात्तशरीरपरिमाण:। एतेन व्यापकं वटकणिकामात्रं चात्मानं वदंतौ प्रत्याख्यातौ। पुनरपिकीदृश:, निरत्यय: द्रव्यरूपतया नित्य:। एतेन गर्भादिमरणपर्यन्तं जीवं प्रतिजानानश्चार्वाको निराकृत:। ननु प्रमाणसिद्धे वस्तुन्येवं गुणवाद: श्रेयान्नचात्मनस्तथा प्रमाणसिद्धत्त्वमस्तीत्यारेकायामाह। स्वसंवेदनसुव्यक्त इति। [ उक्तं च तत्त्वानुशासने ] -**

**" वेद्यत्वं वेदकत्वं च यत्स्वस्य स्वेन योगिन:।**

**तत्स्वसंवेदनं प्राहुरात्मनोऽनुभवं दृशम् "।।१६१।।**

**इत्येवं लक्षणस्वसंवेदनप्रत्यक्षेण सकलप्रमाणधुर्येण सुष्ठु उक्तैश्च गुणै: संपूर्णतया व्यक्त: विशदतयानुभूतो योगिभि: त्वेकदेशेन।**

---

વળી ( આત્મા ) કેવો છે? અત્યંત સૌખ્યવાન્ અર્થાત્ અનંતસુખસ્વભાવી છે. તેનાથી ( એમ કહેવાથી ) સાંખ્ય અને યોગ મત ( દર્શન ) નું ખંડન થયું; વળી ( આત્મા ) કેવો છે? '**तनुमात्र:**' એટલે પોતે ગ્રહણ કરેલા શરીર પ્રમાણ છે. તેનાથી ( એ કથનથી ) આત્મા વ્યાપક છે અથવા '**वटकणिकामात्रं**' છે, અર્થાત્ 'આત્મા વડના બીજ જેવો અત્યંત નાનો છે' એવું કહેનારાઓનું ખંડન કર્યુ. વળી ( તે આત્મા ) કેવો છે? '**निरत्यय:**' એટલે દ્રવ્યરૂપે આત્મા નિત્ય છે. તેનાથી 'ગર્ભાદિથી મરણ પર્યંત જ જીવ રહે છે' – એવું કહેનાર ચાર્વાકનું ખંડન કર્યું.

શિષ્યની આશંકા છે કે– પ્રમાણસિદ્ધ વસ્તુનો જ એવો ગુણવાદ ઠીક ( ઉચિત ) છે, પરંતુ આત્માની તેવી પ્રમાણસિદ્ધતા તો નથી, ( તો ઉપરોક્ત વિશેષણોથી આત્માનો ગુણવાદ કેમ સંભવે? ) એવી શંકાનું સમાધાન કરતાં આચાર્ય કહે છે–

તે આત્મા '**स्वसंवेदन-सुव्यक्त:**' સ્વસંવેદનદ્વારા સારી રીતે વ્યક્ત છે ( અર્થાત્ આત્મા સ્વસંવેદન–પ્રત્યક્ષ છે ), તેથી તે સંભવે છે.

'**तत्त्वानुशासन**' શ્લો. ૧૬૧માં કહ્યું છે કે–

'યોગીને પોતાના આત્માનું આત્માદ્વારા જે વેદ્યપણું તથા વેદકપણું છે તેને સ્વસંવેદન કહે છે. તે આત્માનો અનુભવ વા દર્શન છે.'

આવા પ્રકારના લક્ષણવાળો સ્વસંવેદન–પ્રત્યક્ષ આત્મા જે સર્વ પ્રમાણોમાં મુખ્ય યા અગ્રણી પ્રમાણ છે તેનાથી તથા ઉક્ત ગુણોથી સારી રીતે સંપૂર્ણપણે વ્યક્ત ( પ્રગટ ) છે, તે યોગીઓને એકદેશ વિશદરૂપથી અનુભવવામાં આવે છે.

**ભાવાર્થઃ-** આ શ્લોકમાં આચાર્યે, (૧) લોક-અલોકને જાણનાર, (૨) અત્યંત અનંતસુખસ્વભાવવાળો, (૩) શરીર પ્રમાણ, (૪) અવિનાશી અને (૫) સ્વસંવેદનગમ્ય-આત્માનાં આવાં પાંચ વિશેષણો આપી આત્માની વિશિષ્ટતા દર્શાવી છે. તેની સ્પષ્ટતા આ પ્રમાણે છેઃ-

(૧) સર્વજ્ઞનો આત્મા લોકાલોકને જાણે છે. એ વ્યવહારનયનું કથન છે, પણ તેનો અર્થ એ નથી કે તેઓ જાણતા જ નથી. તેઓ જાણે તો છે, પરંતુ પર પદાર્થોની સાથે એકતા કરી (એકમેક થઈ) જાણતા નથી. જો તેઓ એકતા કરી જાણે તો તેઓ અન્ય જીવોના રાગ-દ્વેષના કર્તા અને તે જીવોના સુખ-દુઃખના ભોક્તા થાય-જે કદી બને નહિ.

દર્પણની જેમ આત્મામાં (જ્ઞાનમાં) એવી નિર્મળતા છે કે ત્રણ લોકના સર્વ પદાર્થો તેમાં પ્રતિબિંબિત થાય છે. તેથી પોતાના આત્માને જાણતાં બધા પદાર્થો તેમાં જણાઈ જાય છે.

કેવળજ્ઞાનની એક સમયની પર્યાય, ત્રણ લોકના અનંત પદાર્થો, તેમના પ્રત્યેકના અનંત અનંત ગુણો અને દરેક ગુણની ત્રિકાલવર્તી અનંત અનંત પર્યાયોને, યુગપત્ (એકી સાથે) જેમ છે તેમ જાણે છે; અર્થાત્ જે દ્રવ્યની જે પર્યાય જે કાલે જે ક્ષેત્રે થઈ ગઈ હોય, થવાની હોય અને થતી હોય તેમ જ તે તે પર્યાયોને અનુકૂળ જે જે બાહ્ય નિમિત્તો હોય તે બધાંને કેવળી ભગવાન એકી સાથે જેમ છે તેમ જાણે છે. એવું તેમના જ્ઞાનનું અચિન્ત્ય સામર્થ્ય છે.

સર્વજ્ઞની શક્તિ વિષે શ્રી પ્રવચનસારમાં કહ્યું છે કેઃ-

"... હવે, એક જ્ઞાયકભાવનો સર્વ જ્ઞેયોને જાણવાનો સ્વભાવ હોવાથી, ક્રમે પ્રવર્તતા, અનંત, ભૂત-વર્તમાન-ભાવી વિચિત્ર પર્યાયસમૂહવાળાં, અગાધસ્વભાવ અને ગંભીર એવા સમસ્ત દ્રવ્યમાત્રને-જાણે કે તે દ્રવ્યો જ્ઞાયકમાં કોતરાઈ ગયાં હોય, ચીતરાઈ ગયાં હોય, દટાઈ ગયાં, ખોદાઈ ગયાં હોય, ડૂબી ગયાં હોય, સમાઈ ગયાં હોય, પ્રતિબિંબિત થયાં હોય એમ- એક ક્ષણમાં જ જે (શુદ્ધ આત્મા) પ્રત્યક્ષ કરે છે..." (ગાથા ૨૦૦-ટીકા)

"તે (જીવાદિ) દ્રવ્ય જાતિઓના સમસ્ત વિદ્યમાન અને અવિદ્યમાન પર્યાયો, તાત્કાલિક (વર્તમાન) પર્યાયોની માફક, વિશિષ્ટતાપૂર્વક (પોતપોતાના ભિન્ન ભિન્ન સ્વરૂપે) જ્ઞાનમાં વર્તે છે. (ગાથા-૩૭)

"જે (પર્યાયો) અદ્યાપિ ઉત્પન્ન થયા નથી તથા જે ઉત્પન્ન થઈને વિલય પામી ગયા છે, તે (પર્યાયો), ખરેખર અવિદ્યમાન હોવા છતાં, જ્ઞાન પ્રતિ નિયત હોવાથી (જ્ઞાનમાં નિશ્ચિત-સ્થિર-ચોંટેલાં હોવાથી, જ્ઞાનમાં સીધાં જણાતાં હોવાથી) જ્ઞાનપ્રત્યક્ષ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વર્તતા થકા, પત્થરના સ્તંભમાં કોતરાએલા ભૂત અને ભાવી દેવોની ( તીર્થંકરદેવોની ) માફક પોતાનું સ્વરૂપ અકંપપણે ( જ્ઞાનને ) અર્પતા એવા ( તે પર્યાયો ) વિદ્યમાન જ છે. ” ( ગાથા-૩૮ ટીકા )

“ ... આ રીતે આત્માની અદ્‌ભુત જ્ઞાનશક્તિ અને દ્રવ્યોની અદ્‌ભુત જ્ઞેયત્વ શક્તિને લીધે કેવળજ્ઞાનમાં સમસ્ત દ્રવ્યોના ત્રણે કાળના પર્યાયોનું એક જ સમયે ભાસવું અવિરુદ્ધ છે. ” ( ગા. ૩૭-ભાવાર્થ )

( ૨ ) આત્મા અનંતસૌખ્યવાન છે એટલે કે આત્માના દ્રવ્યસ્વભાવમાં અતીન્દ્રિય અનંત સુખ છે. આવું પરિપૂર્ણ સુખ સર્વજ્ઞ ભગવાનને જ હોય [૧]કારણ કે ( ૧ ) ઘાતિકર્મના અભાવને લીધે, ( ૨ ) પરિણામ ( પરિણમન ) કાંઈ ઉપાધિ નહિ હોવાથી અને ( ૩ ) કેવળજ્ઞાન નિષ્કંપ-સ્થિર-અનાકુલ હોવાને લીધે, કેવળજ્ઞાન સુખસ્વરૂપ જ છે.

જોકે આત્માને સંસાર-અવસ્થામાં કર્મ સાથે સંબંધ હોવાથી તે ગુણ વિભાવરૂપ પરિણમે છે, તે વાસ્તવિક સુખરૂપ પરિણમતો નથી, પરંતુ જ્યારે આત્મા ઘાતિકર્મથી સર્વથા મુક્ત થાય છે અર્થાત્ સ્વાત્મોપલબ્ધિને પ્રાપ્ત કરે છે ત્યારે તે ગુણનો પૂર્ણ વિકાસ થતાં આત્મા અનંતસુખસ્વભાવરૂપ પરિણમે છે.

( ૩ ) વ્યવહારનયથી આ જીવ નામકર્મપ્રાપ્ત દેહ પ્રમાણ છે, પરંતુ નિશ્ચયનયથી તે લોકાકાશ પ્રમાણ અસંખ્યાતપ્રદેશી છે. જોકે વ્યવહારનયથી તે પ્રદેશોના સંકોચ-વિસ્તાર સહિત છે, તોપણ સિદ્ધ અવસ્થામાં સંકોચ-વિસ્તારથી રહિત શરીર પ્રમાણે તેનો આકાર છે. [૨]

( ૪ ) દ્રવ્યાર્થિકનયથી આત્મા ટંકોત્કીર્ણ જ્ઞાનના અખંડ સ્વભાવે ધ્રુવ છે- અવિનાશી છે, પરંતુ પર્યાયાર્થિકનયને તે ઉત્પાદ-વ્યય સહિત છે, અર્થાત્ પ્રતિક્ષણ વિનાશિક છે.

( ૫ ) આત્મા સ્વસંવેદનગમ્ય છે. ‘ अहं अस्मि ’ હું છું એવા અન્તર્મુખાકારરૂપથી જે જ્ઞાન અથવા અનુભવ થાય છે, તેનાથી આત્માની સત્તા સ્વતઃ સિદ્ધ થાય છે. જ્ઞાની જનને અન્તર્બાહ્ય જલ્પો અથવા સંકલ્પોનો પરિત્યાગ કરી આત્મસ્વરૂપનું આત્માદ્વારા આત્મામાં જ જે અનુભવ યા વેદન થાય છે તે સ્વસંવેદન છે. આ સ્વસંવેદનની અપેક્ષાએ આત્મા પ્રત્યક્ષ છે.

જ્યાં આત્મા જ જ્ઞેય અને આત્મા જ જ્ઞાયક હોય છે, ત્યાં ચૈતન્યની તે પરિણતિને સ્વસંવેદન પ્રમાણ કહે છે. તેને આત્માનુભવ યા આત્મદર્શન પણ કહે છે. ૨૧

---

૧. જુઓ, શ્રી પ્રવચનસાર-ગુ. આવૃત્તિ ગા. ૬૦ ભાવાર્થ.

૨. જુઓ, શ્રી પરમાત્મપ્રકાશ-ગા. ૪૩/૨ ભાવાર્થ અને દ્રવ્યસંગ્રહ ગાથા-૧૦.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**अत्राह शिष्य: यद्येवमात्मास्ति तस्योपास्ति: कथमिति स्पष्टम् आत्मसेवोपाय प्रश्नोऽयम्।**

**गुरुराह-**

**संयम्य करणग्राममेकाग्रत्वेन चेतस:।**
**आत्मानमात्मवान्ध्यायेदात्मनैवात्मनि स्थितं।।२२।।**

**टीका- ध्यायेत्। भावयेत् कोऽसौ? आत्मवान् गुप्तेन्द्रियमनाध्वस्तस्वायत्तवृत्तिर्वा। कं? आत्मानं यथोक्तस्वभावं पुरुषं। केन? आत्मनैव स्वसंवेदनरूपेण स्वेनैव तज्ज्ञप्तौ करणांतराभावात्।**

---

અહીં શિષ્ય કહે છે કે જો આત્મા આવા પ્રકારનો છે, તો તેની ઉપાસના કેવી રીતે કરવી જોઈએ? આત્મ-ઉપાસનાના ઉપાયનો આ પ્રશ્ન છે- એ સ્પષ્ટ છે.

આચાર્ય કહે છે:-

## શ્લોક-૨૨

**અન્વયાર્થ:-** [ **चेतस:** ] (ભાવ) મનની [ **एकाग्रत्वेन** ] એકાગ્રતાથી [ **करणग्रामं** ] ઇન્દ્રિયોના સમૂહને [ **संयम्य** ] વશ કરી [ **आत्मवान्** ] આત્મવાન્ પુરુષે [ **आत्मनि** ] પોતાનામાં (આત્મામાં) [ **स्थितं** ] સ્થિત [ **आत्मानं** ] આત્માને [ **आत्मना एव** ] આત્માદ્વારા જ [ **ध्यायेत्** ] ધ્યાવો જોઈએ.

**ટીકા:-** ધ્યાવો જોઈએ- ભાવવો જોઈએ. કોણે? આત્મવાન્ (પુરુષે) અર્થાત્ જેણે ઇન્દ્રિયો અને મનને ગોપવેલ છે. (સંયમમાં રાખેલ છે) અથવા જેણે ઇન્દ્રિયો અને મનની સ્વૈરાચારરૂપ (સ્વચ્છંદ) પ્રવૃત્તિનો નાશ કરી દીધો છે એવા આત્માએ. કોને (ધ્યાવવો)? આત્માને એટલે જેનો સ્વભાવ પહેલા (શ્લોક ૨૧માં) બતાવ્યો છે તેવા પુરુષને (આત્માને); શા વડે? આત્મા વડે જ અર્થાત્ સ્વસંવેદનરૂપ પોતાથી જ (પ્રત્યક્ષ જ્ઞાનથી જ) (ધ્યાવવો જોઈએ), કારણ કે તે જ્ઞપ્તિમાં બીજા કરણ (સાધન) નો અભાવ છે. (સ્વયં આત્મા જ જ્ઞપ્તિનું સાધન છે.)

**ઇન્દ્રિય-વિષયો નિગ્રહી, મન એકાગ્ર લગાય,**
**આત્મામાં સ્થિત આત્મને, જ્ઞાની નિજથી ધ્યાય. ૨૨.**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



उक्तं च [ तत्त्वानुशासने ] -

स्वपरज्ञप्तिरूपत्वात् न तस्य करणांतरम्।
ततश्चितां परित्यज्य स्वसंवित्यैव वेद्यताम्।।१६२।।

क्व तिष्ठंतमित्याह, आत्मनि स्थितं, वस्तुत: सर्वभावनां स्वरूपमात्राधारत्वात्। किं कृत्वा? संयम्य रूपादिभ्यो व्यावृत्य। किं? करणग्रामं चक्षुरादीन्द्रियगणं। केनोपायेन? एकाग्रत्वेन एकं विवक्षितमात्मानं तं द्रव्यं पर्यायो वा अग्रं प्राधान्येनालंबनं विषयो यस्य अथवा एकं पूर्वापरपर्यायाऽनुस्यूतं अग्रमात्मग्राह्यं यस्य तदेकाग्रं तद्भावेन। कस्य? चेतसो मनस:। अयमर्थो यत्र क्वचिदात्मन्येव वा श्रुतज्ञानादष्टम्भात् आलम्बितेन मनसा। इन्द्रियाणि निरुद्ध्य स्वात्मानं च भावयित्वा तत्रैकाग्रतामासाद्य चिंतां त्यक्त्वा स्वसंवेदनेनैवात्मानमनुभवेत्।

---

'**तत्त्वानुशासन**' – શ્લોક ૧૬૨ માં કહ્યું છે કે:-

'તે આત્મા સ્વ-પર જ્ઞપ્તિરૂપ હોવાથી ( અર્થાત્ તે સ્વયં સ્વને અને પરને પણ જાણતો હોવાથી તેને ( તેનાથી ભિન્ન ) અન્ય કરણનો ( સાધનનો ) અભાવ છે. માટે ચિંતાને છોડી સ્વસંવિત્તિ ( એટલે સ્વસંવેદ ન ) દ્વારા જ તેને જાણવો જોઈએ.'

( શિષ્યે ) પૂછયું- ક્યાં રહેલા ( આત્માને )? આત્મામાં સ્થિત ( થયેલાને ), કારણ કે વસ્તુતઃ ( વાસ્તવિક રીતે ) સર્વ પદાર્થોને સ્વરૂપમાત્ર જ આધાર છે ( અર્થાત્ સર્વ પદાર્થો પોતપોતાના સ્વરૂપમાં જ સ્થિત હોય છે ). શું કરીને? રૂપાદિ ( વિષયો ) થી રોકીને ( સંયમિત કરીને ) અર્થાત્ પાછી વાળીને. કોને? ઇન્દ્રિયોના સમૂહને-એટલે ચક્ષુ આદિ ઇન્દ્રય-ગણને. કયા ઉપાયથી? એકાગ્રપણાથી- અર્થાત્ એક એટલે વિવક્ષિત આત્મા તે દ્રવ્ય વા પર્યાય-તે અગ્ર એટલે પ્રધાનપણે અવલંબનભૂત વિષય છે જેનો- તે એકાગ્ર;

એકાગ્રનો બીજો અર્થ:-

એક એટલે પૂર્વાપર પર્યાયોમાં અનુસ્યૂતરૂપથી ( અવિચ્છિન્નરૂપથી ) પ્રવર્તમાન અગ્ર એટલે આત્મા જેનો- તે એકાગ્ર- તેના ભાવથી એટલે એકાગ્રતાથી.

કોના? ચિત્તના-( ભાવ ) મનના. તેનો આ અર્થ છે- જ્યાં કહીં અથવા આત્મામાં જ શ્રુતજ્ઞાનની સહાયથી, મનના આલંબનદ્વારા ઇન્દ્રિયોને રોકીને તથા પોતાના આત્માને ભાવીને તેમાં એકાગ્રતા પ્રાપ્ત કરી, ચિંતા છોડી, સ્વસંવેદનદ્વારા જ આત્માનો અનુભવ કરવો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**उक्तं च -**

**" गहियं तं सुअणाणा पच्छा संवेयणेण भाविज्ज।**
**जो ण हु सुवमुवलंवइ सो मुज्झइ अप्पसब्भावो।। "**

**तथा च[ समाधितंत्रे ] -प्रच्याव्य विषयेभ्योऽहं मां मयैव मयि स्थितं।**
**बोधात्मानं प्रपन्नोऽस्मि परमानन्दनिर्वृतम्।।३२।।**

---

'**अनगारधर्मामृत-तृतीय अध्याय**' માં કહ્યું છે કે–

'તેને (આત્માને) શ્રુતજ્ઞાનદ્વારા ગ્રહણ કરી (જાણી) સંવેદન (સ્વસંવેદન) દ્વારા અનુભવ કરવો. જે શ્રુતજ્ઞાનનું અવલંબન લેતો નથી તે આત્માસ્વભાવના વિષયમાં મુંઝાઈ જાય છે (ગભરાઈ જાય છે).

તથા '**समाधिशतक**' શ્લોક ૩૨માં કહ્યું છે કેઃ–

'હું ઇન્દ્રિયોના વિષયોથી પોતાને હઠાવી પોતાનામાં સ્થિત જ્ઞાનસ્વરૂપ તથા પરમાનંદમયી આત્માને આત્માદ્વારા પ્રાપ્ત થયો છું.'

**ભાવાર્થઃ-** પ્રથમ શ્રુતજ્ઞાનદ્વારા આત્માને જાણવો, પછી આત્મામાં એકાગ્ર થવાથી ઇન્દ્રિયોની બાહ્ય પ્રવૃત્તિ સ્વયં અટકી જશે અર્થાત્ તેમની સ્વચ્છંદ પ્રવૃત્તિનો નાશ થશે અને તે એકાગ્રતાથી ચિંતાનો નિરોધ થઈ ધ્યાનાવસ્થામાં સ્વસંવેદનદ્વારા આત્માનો અનુભવ થશે.

"જે જ્ઞાન પાંચ ઈન્દ્રિય અને છઠ્ઠા મનદ્વારા પ્રવર્તતું હતું તે જ્ઞાન સર્વ બાજુથી સમેટાઈ નિર્વિકલ્પ અનુભવમાં કેવળ સ્વરૂપસન્મુખ થયું, કેમકે આ જ્ઞાન ક્ષયોપશમરૂપ છે. તે એક કાળમાં એક જ્ઞેયને જ જાણી શકે. હવે તે જ જ્ઞાન સ્વરૂપ જાણવાને પ્રવર્ત્યું ત્યારે અન્યને જાણવાનું સહેજ જ બંધ થયું. ત્યાં એવી દશા થઈ કે બાહ્ય અનેક શબ્દાદિક વિકાર હોવા છતાં પણ સ્વરૂપધ્યાનીને તેની કાંઈ ખબર નથી. એ પ્રમાણે મતિજ્ઞાન પણ સ્વરૂપસન્મુખ થયું. વળી નયાદિકના વિચારો મટવાથી શ્રુતજ્ઞાન પણ સ્વરૂપસન્મુખ થયું... તેથી જે જ્ઞાન ઇન્દ્રિયો અને મનદ્વારા પ્રવર્તતું હતું તે જ જ્ઞાન હવે નિજ અનુભવમાં પ્રવર્તે છે, તથાપિ આ જ્ઞાનને અતીન્દ્રિય કહીએ છીએ[૧]."

આત્મા સ્વ-પર પ્રતિભાસસ્વરૂપ છે અર્થાત્ સ્વ-પર પ્રકાશક છે. તે સ્વયં પોતાને જાણતાં પર જણાઈ જાય છે, તેથી જાણવા માટે તેને બીજાં કરણોની (સાધનોની) આવશ્યકતા રહેતી નથી.

---

૧. મોક્ષમાર્ગ પ્રકાશક- ગુ. આ. શ્રી ટોડરમલ્લજીની રહસ્યપૂર્ણ ચિઠ્ઠી-પૃ. ૩૪૫.

**अथाह शिष्य: ! आत्मोपासनया किमिति भगवन्नात्मसेवनया किं प्रयोजनं स्यात् ? फलप्रतिपत्तिपूर्वकत्वात् प्रेक्षावत्प्रवृत्तेरितिपृष्ट: सन्नाचष्टे:-**

**अज्ञानोपास्तिरज्ञानं ज्ञानं ज्ञानिसमाश्रय:।**
**ददाति यत्तु यस्यास्ति सुप्रसिद्धमिदं वच:।।२३।।**

**टीका- ददाति। कासौ, अज्ञानस्य देहादेर्मूढभ्रांति: संदिग्धगुर्वादेर्वा उपास्ति: सेवा। किं ? अज्ञानं, मोहभ्रमसन्देहलक्षणं तथा ददाति। कासौ ? ज्ञानिन:**

---

સ્વ–સંવેદનમાં જ્ઞપ્તિ–ક્રિયાની નિષ્પત્તિ માટે બીજું કોઈ કરણ અથવા સાધકતમ હેતુ નથી, કારણ કે આત્મા સ્વયં સ્વ–પર જ્ઞપ્તિરૂપ છે. માટે કારણાન્તરની ( બીજા કારણની ) ચિંતા છોડી સ્વ–જ્ઞપ્તિદ્વારા જ આત્માને જાણવો જોઈએ. ૨૨.

પછી શિષ્ય પૂછે છે– ‘ભગવન્ ! આત્માની ઉપાસનાનું પ્રયોજન શું ? અર્થાત્ આત્માની સેવાથી શી મતલબ સરે ? કારણ કે વિચારવાનોની પ્રવૃત્તિ તો ફળજ્ઞાનપૂર્વક હોય છે.

એવી રીતે પૂછવામાં આવતાં આચાર્ય કહે છે:–

## શ્લોક-૨૩

**અન્વયાર્થ**:- [ **अज्ञानोपास्ति:** ] અજ્ઞાનની ( અર્થાત્ જ્ઞાનરહિત શરીરાદિની ) ઉપાસના ( સેવા ) [ **अज्ञानं ददाति** ] અજ્ઞાન આપે છે ( અર્થાત્ અજ્ઞાનની ઉપાસનાથી અજ્ઞાનની પ્રાપ્તિ થાય છે ), [ **ज्ञानिसमाश्रय:** ] અને જ્ઞાની સેવા [ **ज्ञानं ददाति** ] જ્ઞાન આપે છે ( અર્થાત્ જ્ઞાની પુરુષોની સેવાથી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે ). [ **यत् तु यस्य अस्ति तद् एव ददाति** ] જેની પાસે જે હોય છે તે જ આપે છે, [ इदं सुप्रसिद्धं वच: ] એ સુપ્રસિદ્ધ વાત છે.

**ટીકા**:- આપે છે. કોણ તે ? અજ્ઞાનની ઉપાસના–અર્થાત્ અજ્ઞાન એટલે શરીરાદિસંબંધી મિથ્યા ભ્રાન્તિ અથવા સંદિગ્ધ ( અજ્ઞાની ) ગુરુ આદિક તેની ઉપાસના સેવા. શું ( આપે છે ) ? અજ્ઞાનને અર્થાત્ મોહ–ભ્રમ–સંદેહલક્ષણવાળા અજ્ઞાનને

**અજ્ઞ-ભક્તિ અજ્ઞાનને, જ્ઞાન-ભક્તિ દે જ્ઞાન,**
**લોકોક્તિ- ‘જે જે ધરે, કરે તે તેનું દાન.’ ૨૩.**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**स्वभावस्यात्मनो ज्ञानसंपन्नगुर्वादेर्वा समाश्रयः। अनन्यपरतया सेवनं। किं? ज्ञान स्वार्थावबोधं।**

**उक्त च -**

**ज्ञानमेव फलं ज्ञाने ननु श्लाध्यमनश्वरम्।**
**अहो मोहस्य माहात्म्यमन्यदप्यत्रमृग्यते।।**

**को अत्र द्दष्टान्त इत्याह यदित्यादि ददातीत्यत्रापि योज्य 'तुअवधारणे' तेनायमर्थः संपद्यते। यद्येव यस्य स्वाधीनं विद्यते स सेव्यमानस्तदेव ददातीत्येतद्वाक्यं लोके सुप्रतीतमतो भद्र ज्ञानिनमुपास्य समुजृम्भितस्वपरविवेकज्योतिरजस्त्र-मात्मानमात्मनात्मानि सेवस्व।**

---

(મિથ્યાજ્ઞાનને); તથા આપે છે. કોણ તે? જ્ઞાનીની-અર્થાત્ જ્ઞાનસ્વભાવ આત્માની વા આત્મજ્ઞાનસંપન્ન ગુરુ આદિની-સેવા અર્થાત્ અનન્યપરાથી (તત્પરતાથી) સેવા. શું (આપે છે)? જ્ઞાન અર્થાત્ સ્વાર્થાવબોધલક્ષણવાળું જ્ઞાન (આપે છે).

શ્રી ગુણભદ્રાચાર્યે '**आत्मानुशासन**' શ્લોક-૧૭૫ માં કહ્યું છે કેઃ-

'જ્ઞાનનું (જ્ઞાનની ઉપાસનાનું) ફળ, પ્રશંસનીય અવિનાશી સમ્યગ્જ્ઞાન જ છે. એ નિશ્ચયથી જાણો. અહો! એ મોહનું જ માહાત્મ્ય છે કે (જ્ઞાનને છોડી) અહીં પણ (એટલે આ ઉપાસનામાં પણ) બીજું શોધે છે.'

શિષ્ય પૂછે છે- આ બાબતમાં શું દૃષ્ટાન્ત છે?

આચાર્ય કહે છે- '**यत्तु यस्यास्ति तदेव ददाति।**' એનો અર્થ એ છે કે જેની પાસે જે હોય તે જ આપે છે- અર્થાત્ સ્વાધીન જે છે, તે તેની ઉપાસના કરવામાં આવતાં આપે છે. આ વાકય લોકમાં સુપ્રતીત છે. તેથી હે ભદ્ર! જ્ઞાનીની ઉપાસના કરીને પ્રગટ થઈ છે સ્વ-પર વિવેકરૂપી જ્યોતિ જેની એવા આત્માને આત્માદ્વારા આત્મામાં જ નિરંતર સેવ.

**ભાવાર્થઃ-** અજ્ઞાનીની ઉપાસના કરવાથી અજ્ઞાનની અને જ્ઞાનીની ઉપાસના કરવાથી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે, કારણ કે જેની પાસે જે હોય તે જ પ્રાપ્ત થાય. માટે જેને સ્વ-પરના ભેદવિજ્ઞાનની જ્યોતિ પ્રગટ થઈ છે, તેણે આત્માની આત્માવડે આત્મામાં જ નિરંતર ઉપાસના કરવી યોગ્ય છે. ૨૩.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**अत्राप्याह शिष्यः। ज्ञानिनोध्यात्मस्थस्य किं भवतीति निष्पन्नयोग्यपेक्षया स्वात्मध्यानफलप्रश्नोयम्।**

**गुरुराह-**

**परीषहाद्यविज्ञानादास्त्रवस्य निरोधिनी।**
**जायतेऽध्यात्मयोगेन कर्मणामाशु निर्जरा।।२४।।**

**टीका- जायते भवति। कासौ? निर्ज्जरा एकदेशेन संक्षयो विश्लेषइत्यर्थः। केषां? कर्म्मणां सिद्धयोग्यपेक्षयाऽशुभानां च शुभानां साध्ययोग्यपेक्षया त्वसद्वेद्यादीनां कर्मणां। कथमाशु सद्यः। केन? अध्यात्मयोगेन आत्मन्यात्मनः प्रणिधानेन, किं केवला? नेत्याह निरोधिनी प्रतिषेधयुक्ता, कस्यास्त्रवस्यागमनस्य कर्मणामित्यत्रापि योज्यं।**

---

અહીં વળી શિષ્ય કહે છે– આધ્યાત્મલીન જ્ઞાનીને શું થાય છે ( શું ફળ મળે છે )? નિષ્પન્ન ( સ્વાત્મનિષ્ઠ ) યોગીની અપેક્ષાએ સ્વાત્મધ્યાનના ફળનો આ પ્રશ્ન છે.

આચાર્ય કહે છેઃ–

## શ્લોક-૨૪

**અન્વયાર્થઃ-** [ **अध्यात्मयोगेन** ] આધ્યાત્મયોગથી ( આત્મામાં આત્માના જોડાણથી ) [ **परीषहाद्यविज्ञानात्** ] પરીષહાદિકનો ( મનુષ્ય, તિર્યંચ, દેવાદિના ઘોર ઉપસર્ગો અથવા કષ્ટો આદિનો ) અનુભવ ( વેદન ) નહિ હોવાથી ( ઉપસર્ગાદિ તરફ લક્ષ નહિ હોવાથી ) [ **आस्रवस्य** ] ( કર્મોના ) આસ્રવને ( આગમનને ) [ **निरोधिनी** ] રોકવાવાળી [ **कर्मणां निर्जरा** ] કર્મોની નિર્જરા [ **आशु** ] શીઘ્ર [ **जायते** ] થાય છે.

**ટીકાઃ-** થાય છે, કોણ તે? નિર્જરા અર્થાત્ ( કર્મોનો ) એકદેશ સંક્ષયવિશ્લેષ અથવા સંબંધ છૂટવો તે ( ખરી પડવું તે ) એવો અર્થ છે. કોની ( નિર્જરા )? કર્મોની; સિદ્ધયોગીની અપેક્ષાએ ( અર્થાત્ જે સિદ્ધયોગી છે તેનાં તો ) અશુભ તથા શુભ કર્મોની નિર્જરા અને સાધ્યયોગીની અપેક્ષાએ અસાતાવેદનીય આદિની નિર્જરા થાય છે. કેવી રીતે? શીઘ્ર–જલદી. શા વડે? અધ્યાત્મયોગદ્વારા એટલે આત્મામાં આત્માના ધ્યાનથી. શું કેવલ ( નિર્જરા થાય છે )? ( ગુરુએ ) કહ્યું, “ના, ‘નિરોધિની શબ્દ પ્રતિષેધ ( નિષેધ ) બતાવે છે.” કોનો ( પ્રતિષેધ )? આસ્રવનો–કર્મોના આગમનનો

**આત્મધ્યાનના યોગથી, પરીસહો ન વેદાય,**
**શીઘ્ર સસંવર નિર્જરા, આસ્રવ-રોધન થાય. ૨૪**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**कुत इत्याह, परिषहाणां क्षुधादिदु:खभेदानामादिशब्दाद्देवादिकृतोपसर्गबाधानां चाविज्ञानादसंवेदनात्।**

**तथा चोक्तम्-**

**'यस्य पुण्यं च पापं च निष्फलं गलति स्वयम्।**
**स योगी तस्य निर्वाणं न तस्य पुनरास्त्रव:।।१।।**

**तथाच - [ तत्त्वानुशासने ] --**

**'तथा ह्यचरमांगस्य ध्यानमभ्यस्यत: सदा।**
**निर्जरा संवरश्चास्य सकलाशुभकर्मणाम्।।२२५।।**

**अपि च-- [ समाधितन्त्रे ] --**

**आत्मदेहांतरज्ञानजनिताह्लादनिर्वृत: ।**
**तपसा दुष्कृतं घोरं भुंजानोऽपि न खिद्यते।।३४।।**

---

એમ અહીં સમજવું. કહ્યું, 'શાથી' ? પરીષહોનો-અર્થાત્ ક્ષુધા આદિ દુઃખના ભેદોરૂપ પરીષહોનો તથા 'આદિ' શબ્દથી દેવો વગેરેથી કરેલા ઉપસર્ગોની બાધાનો અનુભવ (વેદન) નહિ હોવાથી (બાધા તરફ ઉપયોગ નહિ હોવાથી) અથવા તેનું સંવેદન નહિ હોવાથી (કર્મોના આગમનને-આસ્રવને રોકવારૂપ જૂનાં કર્મની નિર્જરા સાથે સંવર પણ થાય છે).

વળી '**आत्मानुशासन-**' શ્લોક ૨૪૬માં કહ્યું છે કેઃ-

'જેનાં પુણ્ય અને પાપ કર્મ ફળ આપ્યા વિના સ્વયમેવ (પોતાની મેળે જ) ગળી (ઝરી) જાય છે, તે યોગી છે. તેનો નિર્વાણ (મોક્ષ) થાય છે અને તેને વળી આસ્રવ થતો નથી.'

(આ શ્લોકમાં પુણ્ય અને પાપરૂપ કર્મોની નિર્જરા બતાવી છે).

તથા '**तत्त्वानुशासन-**' શ્લોક ૨૨૫માં કહ્યું છે કેઃ-

'જે સદા ધ્યાનનો અભ્યાસ કરે છે પરંતુ અચરમશરીરી છે (તદ્ભવમોક્ષગામી નથી) તેનાં (તેવા ધ્યાતાનાં) સકલ અશુભ કર્મોની નિર્જરા અને સંવર થાય છે.'

(આ શ્લોકમાં પાપરૂપ કર્મોની જ નિર્જરા તથા સંવર બતાવ્યો છે).

વળી શ્રી પૂજ્યપાદસ્વામીએ '**समाधितन्त्र**' શ્લોક ૩૪ માં કહ્યું છે કેઃ-

'આત્મા અને શરીરના ભેદજ્ઞાનથી ઉત્પન્ન થયેલા આનંદથી પરિપૂર્ણ (યુક્ત) યોગી, તપસ્યાદ્વારા ભયંકર ઉપસર્ગો તથા ઘોર પરીષહોને ભોગવતો હોવા છતાં, ખેદખિન્ન થતો નથી.'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**एतच्च व्यवहारनया दुच्यते। कुत इत्याशंकायां पुनराचार्य एवाह-सा खलु कर्म्मणो भवति तस्य सम्बन्धस्तदा कथमिति। वत्स! आकर्णय खलु यस्मात्सा एकदेशेन विश्लेषलक्षणा निर्ज्जरा कर्मण: चित्समान्यानुविधायिपुद्गल परिणामरूपस्य द्रव्यकर्मण: सम्बन्धिनी संभवति द्रव्ययोरेव संयोगपूर्वविभागसंभवात्। तस्य च द्रव्यकर्मणस्तदा योगिन: स्वरूपमात्रावस्थानकाले सम्बन्ध: प्रत्यासत्तिरात्मना सह कथं? केन संयोगादिप्रकारेण सम्भवति? सूक्ष्मेक्षिकया समीक्ष्यस्व, न कथमपि सम्भवतीत्यर्थ:। यदा खल्वात्मैव ध्यानं ध्येयं च स्यात्तदा सर्वात्मनाप्यात्मन: परद्रव्याद्व्यावृत्य स्वरूपमात्रावस्थितत्वात्कथं द्रव्यांतरेण सम्बन्ध: स्यात्तस्य द्विष्ठत्वात्। न चैतत्संसारिणो न संभवतीति वाच्यं। संसारतीरप्राप्तस्यायोगिनो मुक्तात्मवत्पञ्च ह्स्वाक्षरोच्चारणकालं यावत्तथावस्थानसम्भवात्-कर्मक्षपणाभिमुखस्य लक्षणोत्कृष्टशुक्ल-लेश्यासंस्कारावेशवशात्तावन्मात्रकर्म्मपारतन्त्रव्यव-हरणात्।**

---

આ વ્યવહારનયથી કહેવામાં આવ્યું છે. ‘શાથી’ ? એવી આશંકા થતાં, ફરીથી આચાર્ય જ કહે છે– તે ( નિર્જરા ) ખરેખર કર્મની થાય છે.

તેનો ( કર્મનો ) સંબંધ ત્યારે કેવી રીતે છે?

વત્સ! સાંભળ. ખરેખર તે ( નિર્જરા ) એકદેશ ( કર્મનું ) વિશ્લેષલક્ષણવાળી ( છૂટવારૂપ ) કર્મની નિર્જરા, ચિત્સામાન્યને અનુવિધાયી ( અનુસરતા ) પુદ્ગલ પરિણામરૂપ દ્રવ્યકર્મ સંબંધી હોય છે, કારણ કે બે દ્રવ્યોના સંયોગપૂર્વક ( તેમનો ) વિભાગ ( છૂટા પડવું ) સંભવે છે.

જ્યારે યોગી પુરુષ સ્વરૂપમાત્રમાં અવસ્થાન કરી રહ્યો છે તે સમયે દ્રવ્યકર્મનો આત્મા સાથે સંબંધ ( પ્રત્યાસત્તિ ) કેવી રીતે કયા સંયોગાદિ પ્રકારે સંભવે છે તે જરા સૂક્ષ્મદષ્ટિથી વિચાર કર; અર્થાત્ કોઈ રીતે ( સંબંધ ) સંભવતો નથી, એવો અર્થ છે.

જ્યારે ખરેખર આત્મા જ ધ્યાન અને ધ્યેય થઈ જાય છે ત્યારે સર્વરીતે આત્મા પર દ્રવ્યોથી વ્યાવૃત્ત થઈ, સ્વરૂપમાત્રમાં અવસ્થિત થવાથી બીજા દ્રવ્ય સાથે તેનો સંબંધ કેવી રીતે હોય? કારણ કે સંબંધ તો બે ( દ્રવ્યો ) વચ્ચે હોય ( એકમાં ન હોય ) આવી ( અવસ્થા ) સંસારી જીવને સંભવતી નથી એમ નહિ ( અર્થાત્ સંભવે છે ) એવો વાચ્ય છે કારણ કે સંસારના કાંઠાને પ્રાપ્ત થયેલા અયોગીને, મુક્તાત્માની માફક પાંચ હ્રસ્વ સ્વર [ **अ, इ, उ, ऋ, ऌ** ] બોલવામાં જેટલો કાળ લાગે તેટલા કાળ સુધી તેવી ( નિર્બન્ધ ) અવસ્થા રહેવી સંભવિત છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**तथाचोक्तम् परमागमे-**

**'सीलेसिं संपत्तो णिरुद्धणिस्सेस आसवो जीवो।**
**कम्मरयविप्पमुक्को गयजोगो केवली होदि।।'**

---

જેમનાં સમસ્ત કર્મો શીઘ્ર નાશ થવાનાં છે એવા (ચૌદમા ગુણસ્થાનવર્તી) જીવને પણ ઉત્કૃષ્ટ શુક્લલેશ્યાના સંસ્કારના આવેશવશ તેટલા સમય સુધી (પાંચ હ્રસ્વ સ્વર બોલવામાં જેટલો સમય લાગે ત્યાંસુધી) કર્મ પરતન્ત્રતાનો વ્યવહાર હોય છે; તથા પરમાગમમાં–ગોમ્મટસાર જીવકાંડમાં કહ્યું છે કેઃ–

'જેઓ શીલોના (અઢાર હજાર શીલોના) ભેદોના ઇશત્વને (સ્વામિત્વને) પ્રાપ્ત થયા છે, જેમને સમસ્ત આસ્રવ રોકાઈ ગયો છે તથા જે કર્મરૂપી રજથી રહિત થઈ ગયા છે તે ગતયોગ (અયોગ) કેવલી છે.'

**ભાવાર્થઃ-** અધ્યાત્મયોગથી આત્મામાં આત્માનું જ જોડાણ કરવાથી કર્મોની નિર્જરા થાય છે.

તે ધ્યાન કરનાર જીવોના બે પ્રકાર છેઃ–

(૧) સિદ્ધયોગી અર્થાત્ જે તે ભવે જ મુક્તિ પામે છે તે અને (૨) અચરમશરીરી ધ્યાનાભ્યાસી યોગી અર્થાત્ સાધ્યયોગી–જેઓ તે ભવે મુક્તિ પામતા નથી તે–

(૧) સિદ્ધયોગી ક્ષપકશ્રેણી માંડી તે જ ભવે મોક્ષ પામે છે.

આઠમા ગુણસ્થાનેથી[૧] તે શ્રેણી શરૂ થાય છે. દશમા ગુણસ્થાન સુધી તેમને શુદ્ધોપયોગ સાથે અબુદ્ધિપૂર્વક શુભ ભાવ હોય છે; તેમને શુદ્ધોપયોગના કારણે ઘાતિકર્મની નિર્જરા થાય છે અને અબુદ્ધિપૂર્વકના શુભ ભાવને લીધે તેમને ઘાતિકર્મનો તથા અઘાતિની શુભકર્મપ્રકૃતિનો ગુણસ્થાન અનુસાર બંધ થાય છે.

વીતરાગતા પ્રાપ્ત થયા પછી યોગથી માત્ર સાતાવેદનીય કર્મનો આસ્રવ થાય છે. ૧૪મા ગુણસ્થાનમાં તેમને કર્મોનો સંવર પરિપૂર્ણ થાય છે તથા સર્વ કર્મોની નિર્જરા ૧૪મા ગુણસ્થાનને અંતે થાય છે. આ પ્રમાણે સિદ્ધયોગીની દશા હોય છે.

---

૧. "મોહ અને યોગના નિમિત્તથી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ આત્માના ગુણોની તારતમ્યરૂપ અવસ્થાવિશેષને ગુણસ્થાન કહે છે. તેનો ચૌદ ભેદ છેઃ–

૧. મિથ્યાત્વ, ૨. સાસાદન, ૩. મિશ્ર, ૪. અવિરતસમ્યગ્દષ્ટિ, ૫. દેશ વિરત, ૬. પ્રમત્તવિરત, ૭. અપ્રમત્ત વિરત. ૮. અપૂર્વકરણ, ૯. અનિવૃત્તિકરણ, ૧૦. સૂક્ષ્મસામ્પરાય, ૧૧. ઉપશાન્તમોહ, ૧૨. ક્ષીણમોહ, ૧૩. સયોગી કેવલી અને ૧૪. અયોગી કેવલી.

(શ્રી જૈન સિદ્ધાંત પ્રવેશિકા–૫૯૧, ૫૯૨.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**श्रूयतां चास्यैवार्थस्य संग्रहश्लोक:-**

**कटस्य कर्त्ताहमिति सम्बन्ध: स्याद्द्वयोर्द्वयो:।**

**ध्यानं ध्येयं यदात्मैव सम्बन्ध: कीद्दशस्तदा।।२५।।**

**टीका- स्याद्भवेत्। कोसौ? सम्बन्ध: द्रव्यादिना प्रत्यासत्ति:। कयो:? द्वयो: कथंचिद्भिन्नयो: पदार्थयो: इति अनेन लोकप्रसिद्धेन प्रकारेण। कथमिति यथाहमस्मि। कीद्दश: कर्ता निर्माता। कस्य? कटस्य वंशदलानां जलादिप्रति-**

---

( ૨ ) સાધ્યયોગી– મુખ્યપણે સાતમાં ગુણસ્થાનવર્તી મુનિ સાધ્યયોગી કહેવાય છે. જ્યારે તેઓ નિર્વિકલ્પ સ્વરૂપમાં લીન થાય છે ત્યારે જેટલા અંશે વીતરાગતા હોય છે તેટલા અંશે ઘાતિકર્મનો બંધ થતો નથી, પરંતુ ત્યાં અબુદ્ધિપૂર્વક શુભભાવ હોવાથી તેટલા અંશે ઘાતિકર્મનો તેમ જ સાતાવેદનીયાદિ શુભકર્મનો બંધ થાય છે, પરંતુ અસાતાવેદનીયાદિ અશુભકર્મનો બંધ થતો નથી.

ચોથા–પાંચમા ગુણસ્થાને પણ ધર્મી જીવ કોઈ કોઈ વખતે નિર્વિકલ્પ ધ્યાનમાં હોય છે અને ત્યારે તેને કર્મોના સંવર–બંધની વ્યવસ્થા ઉપર પ્રમાણે હોય છે. મુખ્યપણે ૪–૫–૬ ગુણસ્થાનોમાં સવિકલ્પ દશા હોય છે.

આ જ અર્થને બતાવનાર સંગ્રહ–શ્લોક સાંભળ:–

## શ્લોક-૨૫

**અન્વયાર્થ:-** [ **अहं** ] હું [ **कटस्य** ] ચટાઈનો [ **कर्त्ता** ] કર્તા છું [ **इति** ] એ રીતે [ **द्वयो: द्वयो:** ] જુદા જુદા બે પદાર્થો વચ્ચે [ **संबंध:** ] સંબંધ [ **स्यात्** ] હોઈ શકે. [ **यदा** ] જ્યારે [ **आत्मा एव** ] આત્મા જ [ **ध्यानं ध्येयं** ] ધ્યાન અને ધ્યેયરૂપ થઈ જાય [ **तदा** ] ત્યારે [ **कीद्दश: सम्बंध:** ] સંબંધ કેવો?

**ટીકા:-** હોઈ શકે. કોણ તે? સંબંધ અર્થાત્ દ્રવ્યાદિ સાથે પ્રત્યાસત્તિ (નિકટ સંયોગ). કયા બંનેનો (સંબંધ)? આ લોકપ્રસિદ્ધ પ્રકાર વડે કથંચિત્ બંને ભિન્ન પદાર્થોનો. કેવી રીતે? જેમ કે ‘હું છું’. કેવો (હું)? કર્તા એટલે નિર્માતા (કરનાર). કોનો (કર્ત્તા) ચટાઈનો– અર્થાત્ વાંસની ચીપોના જલાદિના સંબંધથી ઉત્પન્ન થતા

**‘ચટાઈનો કરનાર હું’, એ બેનો સંયોગ,**

**સ્વયં ધ્યાનને ધ્યેય જ્યાં, કેવો ત્યાં સંયોગ? ૨૫.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**बन्धाद्यर्थस्य परिणामस्य। एवं सम्बन्धस्य द्विष्ठतां प्रदर्श्य प्रकृतेर्व्यतिरेकमाह। ध्यानमित्यादि ध्यायते येन ध्यायति वा यस्तद्ध्यानं ध्यातिक्रियां प्रति करणं कर्ता वा।**

**उक्तं च: [ तत्त्वानुशासने ] -**

**'ध्यायते येन तद्ध्यानं यो ध्यायति स एव वा।**
**यत्र वा ध्यायते यद्वा ध्याति र्वा ध्यानमिष्यते'।। ६७।।**

**ध्यायत इति ध्येयं वा ध्यातिक्रिययाऽऽध्याप्यं। यदा यस्मिन्नात्मन: परमात्मना सहैकीकरणकाले आत्मैव चिन्मात्रमेव स्यात्तदा कीदृश: संयोगादिप्रकार: सम्बन्धो द्रव्यकर्मणा सहात्मन: स्यात् 'येन जायते' ध्यात्मयोगेन कर्म्मणामाशु निर्ज्जरेति' परमार्थत: कथ्यते।**

---

પદાર્થના પરિણામનો- એવી રીતે સંબંધનું દ્વિષ્ઠપણું (એટલે બંનેમાં રહેવાવાળા સંબંધને) બતાવીને પ્રકૃતિની ભિન્નતા કહી (અનાદિથી આત્મા અને કર્મનો સંયોગ સંબંધ છે, પરંતુ સંબંધ બંને ભિન્ન પદાર્થો વચ્ચે હોઈ શકે, તેથી પ્રકૃતિ (કર્મ) આત્માથી ભિન્ન પદાર્થ છે એમ કહ્યું ).

ધ્યાન ઇત્યાદિ- જે દ્વારા ધ્યાવવામાં આવે અર્થાત્ જે ધ્યાવે તે ધ્યાન છે અથવા ધ્યાતિક્રિયામાં જે કરણ (સાધન) હોય વા કર્તા હોય તેને ધ્યાન કહે છે.

'**तत्त्वानुशासन**' – શ્લોક ૬૭ માં કહ્યું છે કે:-

'જે દ્વારા ધ્યાન કરવામાં આવે છે તે ધ્યાન અથવા જે ધ્યાન ધ્યાવે છે તે જ ધ્યાન છે, અથવા જે ધ્યાવવામાં આવે છે તે અથવા ધ્યાતિને ધ્યાન કહે છે'.

જે ધ્યાવવામાં આવે તે ધ્યેય છે અથવા ધ્યાતિક્રિયાથી ધ્યેય સમજવું. જ્યારે આત્માના, પરમાત્મા સાથે એકીકરણના કાળે આત્મા જ ચિન્માત્ર જ થઈ જાય, ત્યારે દ્રવ્યકર્મ સાથે આત્માનો સંયોગાદિ-રૂપ કેવા પ્રકારનો સંબંધ હોઈ શકે જેથી 'અધ્યાત્મયોગથી કર્મોની શીઘ્ર નિર્જરા થઈ જાય છે' એ સંબંધી (શ્લોક-૨૪ માં) પરમાર્થે કહેવામાં આવ્યું છે?

**ભાવાર્થ:-** ચટાઈ અને ચટાઈનો કર્તા- બંને એકબીજાથી ભિન્ન ભિન્ન છે, તેથી તે બંનેનો સંયોગ સંબંધ બની શકે છે, પરંતુ ધ્યાન અને ધ્યેયરૂપ અવસ્થા આત્માથી અભિન્ન હોવાથી તેનો આત્મા સાથે તાદાત્મ્ય સંબંધ છે, સંયોગ સંબંધ નથી.

જે સમયે આત્મા ધ્યાન અવસ્થામાં પરમાત્મરૂપની સાથે એકમેક થઈ જાય છે, તે સમયે ધ્યાન અને ધ્યેયમાં અભિન્નતા રહે છે. તે સમયે ચૈતન્યરૂપ આત્મપિંડ સિવાય અન્ય કોઈ પર દ્રવ્યના સંબંધનો અભાવ હોવાથી સંયોગાદિરૂપ કોઈ નવો સંબંધ ઘટતો નથી, પરંતુ તે અવસ્થામાં કર્માદિનો જે જૂનો સંયોગ સંબંધ છે તેનો પણ નિર્જરા દ્વારા અભાવ થાય છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**अत्राह शिष्यः -तर्हि कथं बन्धस्तत्प्रतिपक्षश्च मोक्ष इति भगवन्। यद्यात्मकर्मद्रव्ययोरध्यात्मयोगेन विश्लेषः क्रियते तर्हि कथं केनोपायप्रकारेण तयोर्बन्धः परस्परप्रदेशानुप्रवेशलक्षणः संश्लेषः स्यात्। तत्पूर्वकत्वाद्विश्लेषस्य। कथं च तत्प्रतिपक्षो बन्धविरोधीमोक्षः सकलकर्मविश्लेषलक्षणो जीवस्य स्यात्तस्यैवानंतसुखहेतुत्वेन योगिभिः प्रार्थनीयत्वात्।**

**गुरुराह-**

बध्यते मुच्यते जीवः सममो निर्ममः क्रमात्।
तस्मात्सर्वप्रयत्नेन निर्ममत्वं विचिन्तयेत्।। २६।।

---

શ્લોક-૨૪ માં કહ્યું છે કે 'અધ્યાત્મયોગથી કર્મોની શીઘ્ર નિર્જરા થાય છે' - એ કથન પૂર્વબદ્ધ કર્મોની અપેક્ષાએ અપેક્ષએ છે. જ્યારે આત્માનું પરમાત્મા સાથે એકીકરણ થાય છે, ત્યારે આત્મા જ ચિન્માત્ર થઈ જાય છે, તો પછી આત્માનો દ્રવ્યકર્મો સાથે સંબંધ જ કેવી રીતે બને? ઉત્કૃષ્ટ અદ્વૈત ધ્યાનાવસ્થામાં નવાં કર્મનો કોઈપણ પ્રકારનો સંબંધ નથી, તો છૂટવું કોનું (નિર્જરા કોની)? તેથી સિદ્ધયોગી યા ગતયોગી અથવા અયોગકેવલી ને કર્મોની નિર્જરા કહી છે તે પૂર્વબદ્ધ કર્મોની થાય છે એમ સમજવું. તેમને કર્મોની નિર્જરા થાય છે- એ કહેવું એ વ્યવહારનયથી છે, નિશ્ચયનયથી નહિ. ૨૫.

અહીં શિષ્ય કહે છે- ત્યારે બંધ અને તેનો પ્રતિપક્ષરૂપ મોક્ષ કેવી રીતે? ભગવાન્! જો અધ્યાત્મયોગથી આત્મદ્રવ્ય અને કર્મદ્રવ્યનો વિશ્લેષ (એક બીજાથી ભિન્ન) કરવામાં આવે, તો કેવીરીતે એટલે કયા પ્રકારના ઉપાય વડે, તે બંનેનો બંધ-અર્થાત્ પરસ્પર પ્રદેશોનુ પ્રવેશલક્ષણ સંશ્લેષ (સંયોગરૂપ બંધ) હોય? કારણ કે તે પૂર્વક (બંધપૂર્વક) જ વિશ્લેષ (વિયોગ) હોય; અને તેનો પ્રતિપક્ષી એટલે બન્ધ વિરોધી મોક્ષ જે સંપૂર્ણ કર્મોના વિશ્લેષ (અભાવ) લક્ષણવાળો છે તે જીવને કેવી રીતે હોઈ શકે? કારણ કે અનંતસુખનું કારણ હોવાથી યોગીઓ દ્વારા તે પ્રાર્થનીય છે.

ગુરુ કહે છેઃ-

* परदव्वरओ बज्झदि विरओ मुच्चेइ विविह-कम्मेहिं।
एसो जिणउवदेसो समासदो बन्ध-मुक्खस्स।।२३।।

[ मोक्षप्राभृत ]

**મોહી બાંધે કર્મને, નિર્મમ જીવ મુકાય,**
**તેથી સઘળા યત્નથી, નિર્મમ ભાવ જગાય. ૨૬.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**टीका-** **ममेत्यव्ययं ममेदमित्यभिनिवेशार्थमव्ययानामनेकार्थत्वात् तेन सममो ममेदमित्यभिनिवेशाविष्टो अहमस्येत्यभिनिवेशाविष्टश्चोपलक्षणत्वात् जीवः कर्मभिर्बध्यते।**

**तथा चोक्तम्-**

**'न कर्मबहुलं जगन्नचलनात्मकं कर्म वा,**
**न चापि करणानि वा न चिदचिद्वधो बन्धकृत्।'**
**यदैक्यमुपयोगभूःसमुपयाति रागादिभिः।**
**स एव किल केवलं भवति बन्धहेतुर्नृणाम्।।**

**तथा स एव जीवो निर्ममस्तद्विपरीतस्तैर्मुच्यत इति यथासंख्येन योजनार्थं क्रमादित्युपात्तम्।**

---

## શ્લોક-૨૬

**અન્વયાર્થ**:- [ **समम: जीव:** ] મમતાવાળો જીવ અને [ **निर्मम: जीव:** ] મમતારહિત જીવ [ **क्रमात्** ] અનુક્રમે [ **बध्यते** ] બંધાય છે અને [ **मुच्यते** ] મુક્ત થાય છે ( બંધનથી છૂટે છે ); [ **तस्मात्** ] તેથી [ **सर्वप्रयत्नेन** ] પૂરા પ્રયત્નથી [ **निर्ममत्वं** ] નિર્મમત્વનું [ **विचिन्तयेत्** ] વિશેષ કરીને ચિંતવન કરવું જોઈએ.

**ટીકા**:- અવ્યયોના અનેક અર્થ હોય છે, '**मम**' એ અવ્યય છે. તેનો અર્થ અભિનિવેશ થાય છે, તેથી '**समम:**' અર્થાત્ '**मम इदम्**' 'આ મારું છે' એવા અભિનિવેશવાળો ( જીવ ) તથા ઉપલક્ષણથી '**अहम् अस्य-**' હું આનો છું – એવા અભિનિવેશવાળો જીવ કર્મોથી બંધાય છે.

શ્રી અમૃતચન્દ્રાચાર્યે શ્રી સમયસાર કલશ શ્લોક ૧૬૪ માં કહ્યું છે કેઃ–

'કર્મબંધ કરનારું કારણ, નથી બહુ કર્મયોગ્ય પુદ્‌ગલોથી ભરેલો લોક, નથી ચલનરૂપ કર્મ ( અર્થાત્ કાય-વચન-મનની ક્રિયારૂપ યોગ ), નથી અનેક પ્રકારના કરણો ( ઇન્દ્રિયો ) કે નથી ચેતન અચેતનનો ઘાત. 'ઉપયોગ ભૂ' અર્થાત્ આત્મા રાગાદિક સાથે જે ઐકય પામે છે તે જ એક ( -માત્ર રાગાદિક સાથે એકપણું પામવું તે જ ) ખરેખર પુરુષોને બંધનું કારણ છે.'

તથા તે જ જીવ જો નિર્મમ એટલે તેનાથી વિતરીત ( અર્થાત્ રાગાદિથી રહિત ઉપયોગવાળો ) થાય, તો તે કર્મોથી છૂટી જાય છે.

( અનુક્રમ સંખ્યાની યોજના માટે શ્લોકમાં '**क्रमात्**' શબ્દ વાપર્યો છે, ( જેમ– કે – **समम: बध्यते , निर्मम: मुच्यते** ),

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**उक्तं च-**

**" अकिञ्चनोऽहमित्यास्व त्रैलोक्याधिपतिर्भवे:।**
**योगिगम्यं तव प्रोक्तं रहस्यं परमात्मन:।।" [आत्मानुशासने]**

**अथवा " रागी बन्धाति कर्माणि वीतरागी विमुञ्चति।**
**जीवो जिनोपदेशोऽयं संक्षेपाद्बन्धमोक्षयो:।।" [ज्ञानार्णवे]**

**यस्मादेवं तस्मात्सर्वप्रयत्नेन व्रताद्यवधानेन मनोवाक्कायप्रणिधानेन वा निर्ममत्वं विचिन्तयेत्।**

**मत्त: कायादयोऽभिन्नास्तेभ्योऽहमपि तत्त्वत:।**
**नाहमेषां किमप्यस्मि ममाप्येते न किञ्चन।।**

**इत्यादि श्रुतज्ञानभावनयो मुमुक्षुर्विशेषेण भावयेत्।**

**उक्तं च - [ आत्मानुशासने ]**

**' निवृत्तिं भावयेद्यावन्निर्वृत्तिस्तदभावत:।**
**न वृत्तिर्न निवृत्तिश्च तदेव पदमव्ययम्'।।२३६।।**

---

'**आत्मानुशासन**' – શ્લોક ૧૧૦ માં કહ્યું છે કેઃ–

'હું અકિંચન છું (એટલે મારું કાંઈ પણ નથી) – એમ ભાવના કરી બેસી રહો (પરિણમો) અને ત્રણ લોકના સ્વામી બની જાઓ. આ તને યોગીઓને ગમ્ય (જાણી શકાય તેવું) – એવું પરમાત્માનું રહસ્ય બતાવ્યું છે;

અથવા '**ज्ञानार्णव**' – પૃ. ૨૪૨ માં કહ્યું છે કેઃ–

'રાગી (જીવ) કર્મો બાંધે છે અને વીતરાગી જીવ (રાગાદિથી રહિત જીવ) કર્મોથી મુક્ત થાય છે. બંધ–મોક્ષ સંબંધી જિનેન્દ્રનો આ સંક્ષેપમાં ઉપદેશ છે.'

તેથી સર્વ પ્રયત્નથી વ્રતાદિમાં (શુદ્ધ પરિણમનમાં) અવધાનથી (ચિત્ત લગાવી) અથવા મન, વચન, કાયની સાવધાનીથી નિર્મમત્વનું વિશેષ પ્રકારે ચિંતવન કરવું જોઈએ. 'મારાથી શરીરાદિ ભિન્ન છે અને પરમાર્થે તેમનાથી હું પણ ભિન્ન છું. હું તેમનો કાંઈ પણ નથી અને તેઓ પણ મારા કાંઈ પણ નથી,' ઇત્યાદિ શ્રુતજ્ઞાનની ભાવનાથી મુમુક્ષુએ ખાસ કરીને ભાવવું જોઈએ.

શ્રી ગુણભદ્રાચાર્યે '**आत्मानुशासन**' – શ્લોક ૨૩૬ માં કહ્યું છે કેઃ–

'જ્યાં સુધી મુક્તિ ન થાય ત્યાં સુધી (પરભાવોથી) નિવૃત્તિની (પાછા હઠવાની) ભાવના કરવી. તેના (પરભાવના) અભાવમાં પ્રવૃત્તિ અને નિવૃત્તિ જ રહેશે નહિ. તે જ અવિનાશી પદ છે.'

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**अथाह शिष्यः। कथं नु तदिति। निर्ममत्वविचिंतनोपायप्रश्नोऽयं।**

**अथ गुरुस्तत्प्रक्रियां मम विज्ञस्य का स्पृहेति यावदुपदिशति-**

**एकोऽहं निर्ममः शुद्धो ज्ञानी योगीन्द्रगोचरः।**
**बाह्याः संयोगजा भावा मत्तः सर्वेऽपि सर्वथा।।२७।।**

---

**ભાવાર્થઃ-** જ્યારે સ્ત્રી-પુત્રાદિ મારાં અને હું તેમનો એવા મમકારરૂપ વિભાવ પરિણામોથી જીવ પરિણમે છે, ત્યારે રાગ-દ્વેષરૂપ પરિણતિના નિમિત્તે શુભાશુભ કર્મનો બંધ થાય છે, કિન્તુ જ્યારે સ્ત્રી, પુત્રાદિ પદાર્થોમાં મારાપણાની કલ્પના છોડી દે છે' , ત્યારે નિર્મમ પરિણામોથી શુભાશુભ કર્મનો બંધ થતો નથી. માટે નિર્મમત્વનું જ ચિંતવન કરવું જોઈએ.

જે સમયે ઉપયોગ વિભાવ ભાવોથી એકરૂપ થાય છે, તે સમયે રાગ-દ્વેષ સાથે એકતાબુદ્ધિથી પરિણામરૂપ અધ્યવસાનભાવથી બંધ થાય છે. રાગાદિથી એકતારૂપ ઉપયોગ જ કર્મબંધનું કારણ છે, પરંતુ રાગાદિથી એકાતારહિત ઉપયોગ બંધનું કારણ નથી- તે કર્મ-મુક્તિનું કારણ છે.

જે પરને પર અને આત્માને આત્મા માની રાગી-દ્વેષી થતો નથી અને પર પદાર્થોમાં સુખ-દુઃખની કલ્પના કરતો નથી, પરંતુ તે પ્રત્યે સમભાવી રહે છે, તે કર્મોથી છૂટે છે અને પરમાત્મા બને છે.

'રાગી કર્મથી બંધાય છે અને વિરાગી કર્મથી છૂટે છે' એવો જિનેન્દ્ર ભગવાનનો બંધ-મોક્ષનો સંક્ષેપમાં ઉપદેશ છે.

'પર દ્રવ્ય મારું નથી' એવું પરિણમન જ્યારે થાય છે, ત્યારે તે પરમ ઉદાસીનતારૂપ પરિણમે છે અને તેનું ફલ ત્રણ લોકના જીવો જેને પોતાનો સ્વામી માને તેવું પદ તે પ્રાપ્ત કરે છે.

જ્યારે પર ભાવથી રહિત થઈ મુક્ત થાય, ત્યારે નથી પ્રવૃત્તિ કે નથી નિવૃત્તિ, કેવલ શુદ્ધસ્વરૂપ જ છે. ૨૬.

હવે શિષ્ય કહે છે- તે (નિર્મમત્વ) કેવી રીતે હોય? 'નિર્મમત્વનું ચિંતવન કરવાના ઉપાયનો' આ પ્રશ્ન છે.

હવે ગુરુ તેની (ઉપાયની) પ્રક્રિયાને **'एकोऽहं........** શ્લોક ૨૭થી લઈ **'मम विज्ञस्य का स्पृहा'-** શ્લોક ૩૦ સુધીના શ્લોકોદ્વારા ઉપદેશે છે.

**નિર્મમ એક વિશુદ્ધ હું, જ્ઞાની યોગી-ગમ્ય,**
**સંયોગી ભાવો બધા, મુજથી બાહ્ય અરમ્ય. ૨૭.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**टीका- द्रव्यार्थिकनयादेक: पूर्वापरपर्यायानुस्यूतो निर्ममो-ममेदमहमस्येत्यभिनिवेशशून्य: शुद्ध: शुद्धनयादेशाद्द्रव्यभावकर्मनिर्मुक्तो ज्ञानी स्वपरप्रकाशनस्वभावो योगीन्द्रगोचरोऽनंतपर्यायविशिष्टतया केवलिनां शुद्धोपयोगमात्रमयत्वेन श्रुतकेवलिनां च संवेद्योहमात्मास्मि। ये तु संयोगाद्द्रव्यकर्मसम्बन्धाद्याता मयासह सम्बन्धं प्राप्ता भावा देहादयस्ते सर्वेऽपि मत्तो मत्सक्राशात्सर्वथा द्रव्यादिप्रकारेण बाह्या भिन्ना: संति।**

---

## શ્લોક- ૨૭ *

**અન્વયાર્થ**:- [ **अहं** ] હું [ **एक:** ] એક, [ **निर्मम:** ] મમતારહિત, [ **शुद्ध:** ] શુદ્ધ, [ **ज्ञानी** ] જ્ઞાની અને [ **योगीन्द्रगोचर:** ] યોગીન્દ્રોદ્વારા જાણવા યોગ્ય છું, [ **संयोगजा:** ] સંયોગજન્ય [ **सर्वे अपि भावा:** ] બધાય જે ( દેહરાગાદિક ) ભાવો છે તે [ **मत्त:** ] મારાથી [ **सर्वथा** ] સર્વથા [ **बाह्या:** ] ભિન્ન છે.

**ટીકા**:- દ્રવ્યાર્થિકનયથી એક એટલે પૂર્વાપર પર્યાયોમાં અનુસ્યૂત ( અન્વિત ), નિર્મમ એટલે 'આ મારું છે,' 'હું એનો છું'. એવા અભિનિવેશ ( મિથ્યા માન્યતા ) થી રહિત, શુદ્ધ એટલે શુદ્ધનયની અપેક્ષાએ દ્રવ્યકર્મ-ભાવકર્મથી રહિત, જ્ઞાની એટલે સ્વ-પરપ્રકાશક સ્વભાવવાળો અને યોગીન્દ્રગોચર એટલે કેવલીઓને અનંત પર્યાયોની વિશિષ્ટતા સહિત જાણવા યોગ્ય ( જ્ઞેય ) તથા શ્રુતકેવલીયોને શુદ્ધોપયોગમાત્રપણાને લીધે સંવેદનયોગ્ય હું આત્મા છું.

સંયોગથી એટલે દ્રવ્યકર્મના સંબંધથી જે દેહાદિક ભાવોનો ( પદાર્થોનો ) મારી સાથે સંબંધ પ્રાપ્ત થયો છે તે બધા મારાથી સર્વથા દ્રવ્યાદિ પ્રકારે ( દ્રવ્ય ક્ષેત્ર-કાલ-ભાવે ) બાહ્ય એટલે ભિન્ન છે.

**ભાવાર્થ**:- દ્રવ્યસ્વભાવે આત્મા એક છે, આત્મા નિર્મમ છે અર્થાત્ 'આ મારું છે' અને 'હું એનો છું' - એવા અભિનિવેશથી ( મિથ્યા અભિપ્રાયથી ) શૂન્ય છે; આત્મા શુદ્ધ છે અર્થાત્ દ્રવ્યકર્મ-ભાવકર્મથી રહિત છે, તે જ્ઞાની એટલે સ્વ-પરપ્રકાશક સ્વભાવવાળો છે અને જેમ તે કેવલી અને શ્રુતકેવલીને જ્ઞાનગોચર છે તેમ સર્વ સમ્યગ્દષ્ટિઓને પણ તે સ્વસંવેદનજ્ઞાનગોચર છે. કર્મસંબંધિત શરીર, સ્ત્રી, પુત્રાદિ બાહ્ય સંયોગી પદાર્થો તથા વિકારી ભાવો આત્માના ચૈતન્યસ્વરૂપથી સર્વથા ભિન્ન છે. ૨૭.

* एगो मे सस्सदो आदा णाणदंसणलक्खणो।
सेसा मे बाहिरा भावा सव्वे संयोगलक्खणा।।
( શ્રી નિયમસાર ગાથા ૧૦૨ )

**पुनर्भावक एवं विमृशति संयोगात्किमिति देहादिभिः सम्बन्धाद्देहिनां किं फलं स्यादित्यर्थः।**

**तत्र स्वयमेव समाधत्ते-**

**दुःखसंदोहभागित्वं सयोगादिह देहिनाम्।**
**त्यजाम्येनं ततः सर्वं मनोवाक्कायकर्मभिः।।२८।।**

**टीका- दुःखानां संदोहः समूहस्तद्भागित्वं देहिनामिह संसारे संयोगाद्देहादि सम्बन्धाद्भवेत्। यतश्चैवं तत एनं संयोगं सर्वं निःशेषं त्यजामि। कैः क्रियमाणं? मनोवाक्कायकर्मभिर्मनोवर्गणाद्यालम्बनैरात्मप्रदेशपरिस्पंदैस्तैरेव त्यजामि। अयमभिप्रायो**

---

ફરી ભાવક (ભાવના કરનાર) વિચારે છે કે સંયોગથી શું (ફલ)? એનો અર્થ એ છે કે દેહાદિના સંબંધથી પ્રાણીઓને શું ફલ મળે?

તે જ સમયે તે સ્વયં જ સમાધાન કરે છેઃ-

## શ્લોક-૨૮

**અન્વયાર્થઃ-** [**इह**] આ સંસારમાં [**संयोगात्**] દેહાદિકના સંબંધથી [**देहिनां**] પ્રાણીઓને [**दुःखसंदोहभागित्वं**] દુઃખસમૂહ ભોગવવું પડે છે (અર્થાત્ અનંત દુઃખ ભોગવવાં પડે છે), [**ततः**] તેથી [**एनं सर्वं**] તે સમસ્ત (સંબંધ) ને [**मनोवाक्कायकर्मभिः**] મન-વચન-કાયની ક્રિયાથી [त्यजामि] હું તજું છું.

**ટીકાઃ-** દુઃખોનો સંદોહ (સમૂહ) - તેનું ભોગવવાપણું અહીં એટલે આ સંસારમાં સંયોગને લીધે અર્થાત્ દેહાદિના સંબંધને લીધે હોય છે (-અર્થાત્ દેહાદિના સંબંધને લીધે પ્રાણીઓને અનેક દુઃખો ભોગવવાં પડે છે). તેથી તે સર્વ સંયોગને (તેના પ્રત્યેના રાગને) હું સંપૂર્ણપણે છોડું છું. શા વડે કરવામાં આવતા (સંબંધને)? મન-વચન-કાયની ક્રિયાથી, મનોવર્ગણાદિના આલંબનથી આત્મપ્રદેશોના પરિસ્પન્દદ્વારા (કરવામાં આવતા સંબંધને) જ હું છોડું છું. આનો અભિપ્રાય એ છે કે મન-વચન-કાય

**દેહીને સંયોગથી, દુઃખ સમૂહનો ભોગ,**
**તેથી મન-વચ-કાયથી, છોડું સહુ સંયોગ. ૨૮.**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**मनोवाक्कायान्प्रति परिस्पन्द्रमानानात्मप्रदेशान् भावतो निरुद्धामि। तद्भेदाभेदाभ्यासमूलत्वात्सुखदु:खैकफलनिर्वृत्तिसंसृत्यो:।**

**तथा चोक्तं [ समाधितन्त्रे ]**

**" स्वबुद्धया यावद् गृह्णियात्कायवाकचेतसां त्रयं।**
**संसारस्तावदेतेषां भेदाभ्यासे तु निर्वृति: "।।६२।।**

**पुन: स एवं विमृशति पुद्‌गलेन किल संयोगस्तदपेक्षा मरणादयस्तद्‌व्यथा: कथं परिहियंत इति। पुद्‌गलेन देहात्मना मूतद्रव्येण सह किल आगमे श्रुयमाणो जीवस्य सम्बन्धोऽस्ति। तदपेक्षाश्च पुद्‌गलसंयोगनिमित्ते जीवस्य मरणादयो मृत्यु रोगादय: सम्भवन्ति। तद्यथा मरणादय: सम्भवन्ति। मरणादिसम्बन्धिन्यो बाधा:।**

---

પ્રતિ (તેના આલંબનથી) પરિસ્પન્દ થતા આત્માના પ્રદેશોને હું ભાવથી રોકું છું, કારણ કે સુખ-દુઃખ જેનું એક ફલ છે તેવા મોક્ષ-સંસારનું તેવા ભેદાભેદનો અભ્યાસ મૂલ છે. (-અર્થાત્ આત્મા, મન-વચન-કાયથી ભિન્ન છે- એવા ભેદ-અભ્યાસથી સુખરૂપ મોક્ષની પ્રાપ્તિ થાય છે અને આત્મા, મન-વચન-કાયથી અભિન્ન છે - એવા અભેદ અભ્યાસથી દુઃખરૂપ સંસારની પ્રાપ્તિ થાય છે).

તથા '**समाधितंत्र**' શ્લોક ૬૨ માં કહ્યું છે કેઃ-

'જ્યાં સુધી શરીર, વાણી અને મન- એ ત્રણને 'એ મારાં છે' એવી આત્મબુદ્ધિથી (જીવ) ગ્રહણ કરે છે, ત્યાં સુધી સંસાર છે અને જ્યારે તેમનાથી ભેદ-બુદ્ધિનો (અર્થાત્ આત્મા શરીરાદિથી ભિન્ન છે- એવી ભેદબુદ્ધિનો) અભ્યાસ કરે છે, ત્યારે મુક્તિ થાય છે.'

**ભાવાર્થઃ-** દેહાદિના સંબંધને લીધે સંસારમાં પ્રાણીઓને અનેક દુઃખ ભોગવવાં પડે છે. માટે જીવે તે દેહાદિ સાથેની એકતા-બુદ્ધિને સર્વથા છોડવી જોઈએ, અર્થાત્ મન-વચન-કાયનું અવલંબન છોડવું જોઈએ અને સ્વસન્મુખ થઈ એવા પરિણામ કરવા જોઈએ કે જેથી મન-વચન-કાયનું અવલંબન છૂટી આત્મા અવિકારી થાય અને છેવટે આત્માના પ્રદેશોનું પરિસ્પંદન પણ અટકી જાય.

જ્યાં સુધી શરીર-મન-વાણીમાં આત્મબુદ્ધિ છે, ત્યાંસુધી સંસારની પરંપરા ચાલુ રહે છે, પરંતુ મન-વચન-કાય આત્માથી ભિન્ન છે, એવા ભેદવિજ્ઞાનના અભ્યાસથી મુક્તિની પ્રાપ્તિ થાય છે. ૨૮.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**कथं ? केन भावनाप्रकारेण मया परिह्रियंते। तदभिभव: कथं निवार्यत इत्यर्थ:।**

**स्वयमेव समाधत्ते-**

**न मे मृत्यु: कुतो भीति र्न मे व्याधि: कुतो व्यथा।**
**नाहं बालो न वृद्धोऽहं न युवैतानि पुद्गले।।२९।।**

**टीका- न मे एकोऽहमित्यादिना निश्चितात्मस्वरूपस्य मृत्यु: प्राणत्यागो नास्ति। चिच्छक्तिलक्षणभावप्राणानां कदाचिदपि त्यागाभावात्। यतश्च मे मरणं नास्ति। तत: कुत: कस्मात्मरणकारणात्कृष्णसर्पादेर्भीतिर्भयं ममस्यान्न कुतश्चिदपि बिभमीत्यर्थ:।**

---

વળી તે આવી રીતે વિચારે છેઃ–

પુદ્ગલ (શરીરાદિ મૂર્ત દ્રવ્ય) સાથે ખરેખર (જીવનો) સંયોગ છે. તેની અપેક્ષાવાળાં મરણાદિ અને તેનાં દુઃખો કેવી રીતે દૂર કરી શકાય? પુદ્ગલ સાથે એટલે શરીર સાથે – મૂર્તદ્રવ્ય સાથે – જીવનો સંબંધ આગમમાં સાંભળવામાં આવે છે. તેના કારણે એટલે પુદ્ગલના સંયોગનિમિત્તે જીવને મરણાદિ અર્થાત્ મરણ–રોગાદિ સંભવે છે. તેને જેમ મરણાદિ સંભવે છે, તેમ મરણાદિસંબંધી બાધાઓ (દુઃખો) પણ સંભવે છે; તો કેવી રીતે–કયા પ્રકારની ભાવનાથી મારે તે (દુઃખાદિ) પરિહરવાં? અર્થાત્ તેનું આક્રમણ (હુમલો) કેવી રીતે નિવારી શકાય? એવો અર્થ છે.

સ્વયં જ તેનું સમાધાન કરે છેઃ–

## શ્લોક-૨૯

**અન્વયાર્થઃ**- [ **मे मृत्यु: न** ] મારું મરણ નથી, તો [ **कुत: भीति:** ] ડર કોનો? [ **मे व्याधि: न** ] મને વ્યાધિ નથી તો [ **व्यथा कुत:** ] પીડા કેવી? [ **अहं न बाल:** ] હું બાલક નથી, [ **अहं न वृद्ध:** ] હું વૃદ્ધ નથી, [ **अहं न युवा** ] હું યુવાન નથી. [ **एतानि** ] એ (સર્વ અવસ્થાઓ) [ **पुद्गले सन्ति** ] પુદ્ગલની છે.

**ટીકાઃ**- '**एकोऽहं**' ઇત્યાદિથી જેનું આત્મસ્વરૂપ નિશ્ચિત થયું છે એવા મને મરણ એટલે પ્રાણત્યાગ નથી, કારણ કે, ચિત્શક્તિરૂપ ભાવપ્રાણોનો કદી પણ ત્યાગ (નાશ) હોતો નથી, કારણ કે મારું મરણ નથી, તેથી મરણના કારણભૂત કાળા નાગ આદિનો

**ક્યાં ભીતિ જ્યાં અમર હું, ક્યાં પીડા વણ રોગ?**
**બાલ, યુવા, નહિ વૃદ્ધ હું, એ સહુ પુદ્ગલ જોગ. ૨૯.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**तथा व्याधिर्वातादिदोषवैषम्यं मम नास्ति मूर्त्तसम्बन्धित्वाद्वातादीनां। यतश्चैवं ततः कस्मात् ज्वरादिविकारात् मम व्यथा स्यात्तथा बालाद्यवस्थो नाहमस्मि, ततः कथं बालाद्यवस्थाप्रभवैः दुखैरभिभूयेयअहमिति सामर्थ्यादत्र द्दष्टव्यं। तर्हि क्व मृत्यु प्रभृतीनि स्युरित्याह-- एतानि मृत्युव्याधिबालादीनि पुद्‌गले मूर्त्ते देहादावेव सम्भवन्ति। मूर्तधर्मत्वादमूर्ते मयि तेषां नितरामसम्भवात्।**

---

ભય-ભીતિ મને ક્યાંથી હોય? અર્થાત્ હું કોઈનાથી બીતો નથી એવો અર્થ છે; તથા વ્યાધિ અર્થાત્ વાતાદિ દોષની વિષમતા મને નથી, કારણ કે વાતાદિનો મૂર્ત પદાર્થ સાથે સંબંધ છે, તેથી જ્વરાદિ વિકારોથી મને વ્યથા ( પીડા ) કેમ હોય? તથા હું બાલાદિ અવસ્થાવાળો નથી, તેથી બાલાદિ અવસ્થાઓથી ઉત્પન્ન થતાં દુઃખોથી હું કેવી રીતે ઘેરાઉં? ( કેવી રીતે દુઃખી થાઉં? ) એમ સામર્થ્યથી અહીં સમજવું.

પૂછે છે- ત્યારે મૃત્યુ વગેરે શામાં હોય છે? એ મૃત્યુ, વ્યાધિ, બાલાદિ ( અવસ્થાઓ ) પુદ્‌ગલમાં એટલે મૂર્ત શરીરાદિમાં જ સંભવે છે. કારણ કે તેઓ મૂર્ત પદાર્થોના ધર્મો હોવાથી, અમૂર્ત એવા મારામાં તેમનો બિલકુલ સંભવ નથી.

**ભાવાર્થઃ-** જે જીવને પોતાના ચિદાનંદ સ્વરૂપનો નિશ્ચય થઈ ગયો છે, તેને ( સમ્યગ્દ્દષ્ટિને ) દ્રવ્યપ્રાણના ત્યાગરૂપ મરણનો ભય હોતો નથી, કારણ કે તે નિઃશંક છે કે શરીરનો ( પર્યાયદ્દષ્ટિએ ) નાશ થાય છે, પરંતુ ચિત્શક્તિલક્ષણાત્મક જ્ઞાનદર્શનરૂપ ભાવપ્રાણનો કદી પણ નાશ થતો નથી. તેને મરણનો ભય નથી, તો મરણના કારણભૂત કૃષ્ણ સર્પાદિનો ક્યાંથી ભય હોય? ન જ હોય.

વળી તેને વાત-પિત્ત-કફની વિષમતાથી ( અસમાનતાથી ) ઉત્પન્ન થતા વ્યાધિઓનો પણ ડર હોતો નથી, કારણ કે તે જાણે છે કે તેમનો સંબંધ મૂર્ત પદાર્થો ( શરીરાદિ ) સાથે છે, આત્મા સાથે નથી; તેથી જ્વરાદિની પીડા તેને કેમ હોય? ન જ હોય.

વળી બાલ, વૃદ્ધાદિ અવસ્થાઓ પુદ્‌ગલની છે, આત્માની નથી; તેથી તે અવસ્થાઓથી ઉત્પન્ન થતાં દુઃખોનું વેદન પણ તેને કેમ હોય? ન જ હોય.

મૃત્યુ, વ્યાધિ તથા બાલ-વૃદ્ધાદિ અવસ્થાઓ પુદ્‌ગલ-મૂર્ત શરીરાદિમાં જ હોઈ શકે છે, કારણ કે તે બધા મૂર્તિમાન પુદ્‌ગલના ધર્મો છે. જીવ તો અમૂર્તિક ચેતન છે. તેમાં તે ધર્મો કદાપિ પણ હોઈ શકે નહિ. ૨૯.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**भूयोऽपि भावक एव स्वयमाशंकते- तर्ह्येतान्यासाद्य मुक्तानि पश्चात्तापकारीणि भविष्यंतीति यद्युक्तनीत्या भयादयो मे न भवेयुस्तर्हि एतानि देहादिवस्तून्यासाद्य जन्मप्रभृत्यात्मीयभावेन प्रतिपद्य मुक्तानीदानीं भेदभावनावष्टंभान्मया त्यक्तानि। चिराभ्यस्ताभेदसंस्कारवशात्पश्चात्तापकारीणिकिमितीमानि मयात्मीयानि त्यक्तानीत्यनुशयकारीणि मम भविष्यंति।**

**अत्र स्वयमेव प्रतिषेधमनुध्यायति तन्नेति यतः -**

**भुक्तोज्झिता मुहुर्मोहान्मया सर्वेऽपिपुद्गलाः।**
**उच्छिष्टेष्विव तेष्वद्य मम विज्ञस्य का स्पृहा।।३०।।**

---

ફરીથી ભાવક (ભાવના કરનાર) જ સ્વયં આશંકા કરે છે. ત્યારે પ્રાપ્ત કરીને છોડી દીધેલી તે (શરીરાદિ) વસ્તુઓ પશ્ચાત્તાપકારી બનશે; અર્થાત્ જો ઉક્ત નીતિ અનુસાર મને ભયાદિ ન હોય, તો એ દેહાદિ વસ્તુઓને પ્રાપ્ત કરીને– એટલે જન્મથી માંડીને તેમને આત્મીય ભાવે સ્વીકારીને –હવે મેં છોડી દીધી અર્થાત્ ભેદભાવનાના બલથી મેં ત્યજી દીધી; તો તે દેહાદિ વસ્તુઓ, ચિરકાલના અભ્યસ્ત અભેદ (એકત્વ બુદ્ધિના અભ્યાસના) સંસ્કારને લીધે શું પશ્ચાત્તાપકારી બનશે? અર્થાત્ 'પોતાની માની લીધેલી તે વસ્તુઓને મેં છોડી દીધી તેથી શું તે (વસ્તુઓ) મને પશ્ચાત્તાપજનક થઈ પડશે?

અહીં ભાવક સ્વયં જ પ્રતિષેધનો વિચાર કરી કહે છે–

'ના, એમ બની શકશે નહિ,' કારણ કેઃ–

## શ્લોક-૩૦

**અન્વયાર્થઃ**- [**मोहात्**] મોહથી [**सर्वे अपि**] બધાય [**पुद्गलाः**] પુદ્‌ગલો [**मुहुः**] વારંવાર [**मया भुक्तोज्झिताः**] મેં ભોગવ્યાં અને છોડી દીધાં. [**उच्छिष्टेषु इव तेषु**] ઉચ્છિષ્ટ (એંઠા) જેવા તે પદાર્થોમાં [**अद्य**] હવે [**मम विज्ञस्य**] મારા જેવા ભેદજ્ઞાનીને [**का स्पृहा**] શી સ્પૃહા (ચાહના) હોય? (અર્થાત્ એ ભોગોની મને હવે ઇચ્છા નથી).

**મોહે ભોગવી પુદ્‌ગલો, કર્યો સર્વનો ત્યાગ,**
**મુજ જ્ઞાનીને ક્યાં હવે, એ એંઠોમાં રાગ? ૩૦.**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**टीका-** मोहाद-विद्यावेशवशादनादिकालं कर्मादिभावेनोपादाय सर्वे पुद्गलाः मया संसारिणा जीवेन वारंवार पूर्वमनुभूताः पश्चाच्च नीरसीकृत्य त्यक्ता; यतश्चैवं तत् उच्छिष्टेष्विव भोजनगन्धमाल्यादिषु स्वयं भुक्त्वा त्यक्तेषु यथा लोकस्य तथा मे सम्प्रति विज्ञस्य तत्त्वज्ञानपरिणतस्य तेषु फेलाकल्पेषु पुद्गलेषु का स्पृहा ? न कदाचिदपि। वत्स ! त्वया मोक्षर्थिना निर्ममत्वं विचिंतनीयम्।

**अत्राह शिष्यः। अथ कथं ते निबध्यन्त इति। अथेति प्रश्ने केन प्रकारेण पुद्गला जीवेन नियतमुपादीयन्त इत्यर्थः।**

---

**ટીકાઃ-** મોહથી અર્થાત્ અવિદ્યાના આવેશવશ અનાદિકાલથી મેં સંસારી જીવે સર્વ પુદ્ગલોને કર્માદિભાવે ગ્રહણ કરીને વારંવાર પહેલાં ભોગવ્યાં અને પછી તેમને નીરસ કરીને છોડી દીધાં. જો એમ છે તો સ્વયં ભોગવીને છોડી દીધેલાં ઉચ્છિષ્ટ ( એંઠા ) જેવાં ભોજન, ગન્ધ, માલાદિમાં, જેમ લોકને ભોગવીને છોડી દીધેલા ( પદાર્થોમાં ) સ્પૃહા ( ઇચ્છા ) હોતી નથી, તેમ હવે તત્ત્વજ્ઞાનથી પરિણત વિજ્ઞ ( જ્ઞાની ) એવા મને તે ઉચ્છિષ્ટ ( ભોગવીને છોડી દીધેલાં ) જેવા પુદ્ગલોમાં શી સ્પૃહા હોય ? કદાપિ ન હોય. વત્સ ! તું મોક્ષાર્થી છે તો તારે નિર્મમત્વની ભાવના વિશેષ કરવી જોઈએ.

**ભાવાર્થઃ-** જ્ઞાની વિચારે છે કે જેમ કોઈ ભોજનાદિ પદાર્થોને સ્વયં ભોગવીને છોડી દે અને છોડી દીધેલા ઉચ્છિષ્ટ ( એંઠા ) પદાર્થોને ફરીથી ભોગવવા ઇચ્છે નહિ, તેમ અવિદ્યાના સંસ્કારવશે અનાદિકાળથી અનેકવાર ભોગવીને છોડી દીધેલા પદાર્થોને હવે– જ્ઞાની થયાથી – હું ભોગવવા ઇચ્છતો નથી અર્થાત્ તે ભોગો પ્રતિ હવે મને સ્પૃહા જ થતી નથી.

અહીં આચાર્યે ‘સર્વ પુદ્ગલોને મેં વારંવાર ભોગવ્યાં અને છોડી દીધાં’ – એમ જે કહ્યું છે તે વ્યવહારનયનું કથન છે, કારણ કે જે પરદ્રવ્ય છે તે ગ્રહી શકાતું નથી તથા છોડી શકાતું નથી, એવો જ કોઈ તેનો ( આત્માનો ) પ્રાયોગિક ( પર નિમિત્તથી થએલો ) તેમ જ વૈસ્ત્રાસિક ( સ્વાભાવિક ) ગુણ છે.’* ૩૦.

અહીં શિષ્ય કહે છે– ‘તે પુદ્ગલો કેવી રીતે બંધાય છે ? અર્થાત્ કયા પ્રકારે પુદ્ગલો જીવદ્વારા હંમેશા ગ્રહણ કરાય છે ? એવો પ્રશ્ન છે; એવો અર્થ છે.

---

*** જે દ્રવ્ય છે પર તેહને ન ગ્રહી ન છોડી શકાય છે,**

**એવો જ તેનો ગુણ કો પ્રાયોગી ને વૈસ્ત્રાસિક છે.**

( શ્રી સમયસાર ગુ. આવૃત્તિ ગાથા ૪૦૬ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

गुरुराह-

कर्म कर्महिताबन्धि जीवोजीवहितस्पृहः।
स्व-स्वप्रभावभूयस्त्वे स्वार्थं को वा न वाञ्छति।।३१।।

टीका- " कत्थवि बलिओ जीवो कत्थवि कम्माईं हुंति बलियाइं।
जीवस्स य कम्मस्स य पुव्वविरुद्धाइं वइराइं।। "

इत्यभिधानात्पूर्वोपार्जितं बलवत्कर्म कर्मण: स्वस्यैव हितमाबध्नाति जीवस्यौदयिकादिभावमुद्भाव्य नवनवकर्माधायकत्वेन स्वसन्तानं पुष्णातीत्यर्थः।

तथाचोक्तं [ पुरुषार्थसिद्ध्युपाये ] -

जीवकृतं परिणामं निमित्तमात्रं प्रपद्य पुनरन्ये।
स्वयमेव परिणमन्तेऽत्र पुद्गला: कर्मभावेन।।१२।।

---

ગુરુ કહે છેઃ–

## શ્લોક-૩૧

**અન્વયાર્થઃ-** [ **कर्म कर्महिताबन्धि** ] કર્મ કર્મનું હિત ચાહે છે, [ **जीव: जीवहितस्पृह:** ] જીવ જીવનું હિત ચાહે છે. [ **स्व-स्वप्रभावभूयस्त्वे** ] પોતપોતાનો પ્રભાવ વધતાં, [ **क:वा** ] કોણ [ **स्वार्थं** ] પોતાનો સ્વાર્થ [ **न वाञ्छति** ] ન ઇચ્છે ?

**ટીકાઃ-** ' **कत्थवि................. बइराइं** ' ।

' કોઈ વખત જીવ બલવાન થાય છે, તો કોઈ વખત કર્મ બલવાન થાય છે. એ રીતે જીવ અને કર્મને પહેલેથી ( અનાદિથી ) વિરોધ અર્થાત્ વૈર ચાલ્યું આવ્યું છે.

આ કથનાનુસાર પૂર્વોપાર્જિત બલવાન કર્મ ( દ્રવ્યકર્મ ), કર્મનું એટલે પોતાનું જ હિત કરે છે, અર્થાત્ જીવમાં ઔદયિકાદિ ભાવોને ઉત્પન્ન કરી નવાં નવાં દ્રવ્યકર્મોનું ગ્રહણ કરી પોતાના સંતાનને ( પ્રવાહને ) પુષ્ટ કરે છે ( ચાલુ રાખે છે ), એવો અર્થ છે.

તથા ' **पुरुषार्थसिद्ध्युपाय** ' માં કહ્યું છે કેઃ–

**કર્મ કર્મનું હિત ચહે, જીવ જીવનો સ્વાર્થ,**
**સ્વ પ્રભાવની વૃદ્ધિમાં, કોણ ન ચાહે સ્વાર્થ. ૩૧.**

**परिणममानस्य चिदश्चिदात्मकैः स्वयमपि स्वकैर्भावैः।**

**भवति हि निमित्तमात्रं पौद्गलिकं कर्म तस्यापि।।१३।।**

**तथा जीवः कालादिलब्ध्या बलवानात्मा जीवस्य स्वस्यैव हितमनन्तसुखहेतुत्वेनोपकारकं मोक्षमाकांक्षति। अत्र दृष्टान्तमाह-स्वस्वेत्यादि। निजनिजमाहात्म्य-बहुतरत्वे सति स्वार्थं स्वस्योपकारकं वस्तु को न वाञ्छति, सर्वोप्यभिलषतीत्यर्थः। ततो विद्धि कर्माविष्टो जीवः कर्मसञ्चिनोतीति।**

---

*'જીવકૃત પરિણામને નિમિત્તમાત્રરૂપ પામીને (જીવથી ભિન્ન) અન્ય પુદ્ગલો સ્વયં જ કર્મરૂપ પરિણમે છે.' ૧૨.

નિશ્ચયથી પોતાના ચેતનાત્મક પરિણામોથી સ્વયં જ પરિણમતા જીવને પણ તે પૌદ્ગલિક કર્મ નિમિત્તમાત્ર થાય છે.' ૧૩.

તથા કાલાદિ લબ્ધિથી બલવાન થયેલો આત્મા, જીવને પોતાને જ હિતરૂપ તથા અનંતસુખના કારણપણાને લીધે ઉપકારક એવા મોક્ષની આકાંક્ષા કરે છે.

અહીં દૃષ્ટાન્ત કહે છે– '**स्वस्वेत्यादि**' ૦

પોતપોતાનું માહાત્મ્ય અધિકતર વધતાં, પોતાના સ્વાર્થને અર્થાત્ પોતાને ઉપકારક વસ્તુને કોણ ન ઇચ્છે? અર્થાત્ સર્વે ઇચ્છે છે– એવો અર્થ છે.

તેથી જાણ કે કર્માવિષ્ટ (કર્મથી બંધાયેલો) જીવ કર્મોનો સંચય કરે છે (નવાં કર્મ ગ્રહણ કરે છે).

**ભાવાર્થઃ-** આ જીવને અનાદિ કાળથી કર્મ સાથે સંબંધ છે. પૂર્વસંચિત કર્મના ઉદયકાળે જીવ જો પોતાનું આત્મસ્વરૂપ ભૂલી કર્મના ઉદયમાં જોડાય અર્થાત્ તેમાં આત્મબુદ્ધિ કરે તો જૂનાં કર્મ નવાં કર્મના આસ્રવમાં નિમિત્ત થાય છે. જ્યારે જીવ કર્મોદયમાં જોડાય છે, ત્યારે કર્મની બળજોરી છે એમ કહેવાય છે, પણ જ્યારે જીવ કર્મવિપાકને એકતાબુદ્ધિએ ભોગવતો નથી, ત્યારે જૂનાં કર્મનો ઉદય નવા કર્મ-બંધમાં નિમિત્ત થતો નથી. તે સમયે એમ કહેવાય કે જીવના બળવાન પુરુષાર્થ આગળ કર્મનું કાંઈ ચાલતું નથી.

---

* जीवपरिणामहेदुं कम्मत्तं पुग्गला परिणमंति।
पुग्गलकम्मणिमित्तं तहेव जीवो वि परिणमइ।।८०।।
णवि कुव्वइ कम्मगुणे जीवो कम्मं तहेव जीव गुणे।
अण्णोण्णणिमित्तेण दु परिणामं जाण दोह्णंपि।।८१।।

[ समयसारे कुन्दकुन्दाचार्यः ]

**यतश्चैवं ततः-**

परोपकृतिमुत्सृज्य स्वोपकारपरो भव।
उपकुर्वन्परस्याज्ञो दृश्यमानस्य लोकवत्।।३२।।

---

કર્મ તો જડ છે. તેને તો સુખ-દુઃખ નહિ હોવાથી હિત-અહિત હોતું નથી, પણ જીવના હીનાધિક પુરુષાર્થની અપેક્ષાએ તે બળવાન કે બળહીન કહેવાય છે. જીવના વર્તમાન પુરુષર્થે ઉપર જ કર્મના બળનું માપ વ્યવહારે અંકાય છે. કર્મનો જ્યારે સંચય થાય છે ત્યારે કર્મ પોતાનું હિત ઇચ્છે છે એમ કહેવાય છે. તે જડ હોવાથી તેને ચાહના કે ઇચ્છા હોતી નથી. કર્મ કર્મનું હિત ઇચ્છે છે એટલે કર્માવિષ્ટ જીવ કર્મનો સંચય કરે છે- એવો ટીકાકારનો કહેવાનો ભાવ છે.

જ્યારે જીવ સ્વ-સ્વરૂપનું ભાન કરી, પરથી હઠી સ્વસન્મુખ તરફનો પુરુષાર્થ જેમ જેમ વધારતો જાય છે, તેમ તેમ તેનું (જીવનું) બળ વધતું જાય છે અને કર્મનું નિમિત્તપણું તૂટતું જાય છે. એ સમયે જીવની સબળતા થઈ અને કર્મની નિર્બળતા થઈ એમ કહેવામાં આવે છે.*

જ્યારે જીવ સ્વસ્વરૂપથી ચ્યુત થઈ પર તરફનું-કર્મ, નિમિત્તાદિ તરફ-વલણ કરી પરની સાથે એકતાબુદ્ધિરૂપ ઊંધો પુરુષાર્થ કરે છે, ત્યારે તે કર્મને સ્વયં વશ થઈ જાય છે. એ સમયે જીવની નિર્બળતા છે અને કર્મની તે કાળે સબળતા છે, એમ કહેવામાં આવે છે.

પરની સાથે એકતાબુદ્ધિ આદિ થતાં જીવને રાગદ્વેષાદિ થાય છે. આ રાગ-દ્વેષાદિના નિમિત્તે કર્મબંધ સ્વયં થાય છે, એ રીતે કર્મની સંતતિ ચાલુ રાખવામાં જીવ સ્વયં જ અપરાધી છે; કર્મ કે નિમિત્તોનો તેમાં કાંઈ દોષ નથી. કર્મનું સબળપણું કે નિર્બળપણું કહેવું તે વ્યવહારનયનું કથન છે.

'અજ્ઞાની જીવના પરિણામને નિમિત્ત કરીને પુદ્‌ગલો કર્મપણે પરિણમે છે અને પુદ્‌ગલકર્મને નિમિત્ત કરીને અજ્ઞાની જીવ પણ પરિણમે છે. એમ જીવના પરિણામને અને પુદ્‌ગલના પરિણામને પરસ્પર માત્ર નિમિત્ત-નૈમિત્તિકભાવ છે, પણ પરસ્પર કર્તા-કર્મભાવ નથી.' ૩૧. (જુઓ, શ્રી સમયસાર ગા. ૮૦, ૮૧, ૮૨ ની ટીકા)

એમ છે તેથીઃ-

---

*ચેતન જો નિજ ભાનમાં, કર્તા આપ સ્વભાવ,
વર્તે નહિ નિજભાનમાં, કર્તા કર્મ પ્રભાવ. ૭૮

(શ્રીમદ્ રાજચન્દ્ર કૃત- 'આત્મસિદ્ધિ' ... ૭૮)

**દૃશ્યમાન દેહાદિનો, મૂઢ કરે ઉપકાર,**
**ત્યાગી પર ઉપકારને, કર નિજનો ઉપકાર. ૩૨.**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**टीका- परस्य कर्मणो देहादेर्वा अविद्यावशात् क्रियमाणमुपकारं विद्याभ्यासेन त्यक्त्वात्मानुग्रहप्रधानो भव त्वं। किं कुर्वन्सन्? उपकुर्वन्! कस्य, परस्य सर्वथा स्वस्माद्बाह्यस्य दृश्यमानस्येन्द्रियैरनुभूयमानस्य देहादेः। किं विशिष्टो यतस्त्वं? अज्ञस्तत्त्वानभिज्ञः। किंवल्लोकवत्। यथा लोकः परं परत्वेनाजानंस्तस्योपकुर्वन्नपि तं तत्त्वेन ज्ञात्वा तदुपकारं त्यक्त्त्वा स्वोपकारो भवत्येवं त्वमपि भवेत्यर्थः।। ३२।।**

---

## શ્લોક-૩૨

**અન્વયાર્થઃ-** [ **अज्ञः लोकवत्** ] તું લોક સમાન મૂઢ થઈ [ **दृश्यमानस्य परस्य** ] દેખવામાં આવતા (શરીરાદિ) પર પદાર્થનો [ **उपकुर्वन्** ] ઉપકાર કરે છે. (હવે) તું [ **परोपकृतिं** ] પરના ઉપકારની ઇચ્છા [ **उत्सृज्य** ] છોડી દઈ [ **स्वोपकारपरः भव** ] પોતાના ઉપકારમાં તત્પર થા.

**ટીકાઃ-** અવિદ્યાના વશે પરનો એટલે કર્મનો અથવા શરીરાદિકનો કરવામાં આવતા ઉપકારનો, વિદ્યાના (સમ્યગ્જ્ઞાનના) અભ્યાસથી ત્યાગ કરી, તું પ્રધાનપણે પોતાનો (આત્માનો) અનુગ્રહ (ઉપકાર) કરવામાં તત્પર થા. શું કરતો (તું)? ઉપકાર કરતો. કોનો? પરનો અર્થાત્ સર્વથા પોતાનાથી બાહ્ય(ભિન્ન) દેખાતા તથા ઇન્દ્રિયો દ્વારા અનુભવમાં આવતા શરીરાદિનો (ઉપકાર કરતો); કારણ કે (તું) કેવો છે? તું અજ્ઞાની-તત્ત્વોનો અજાણ છો. કોની માફક? લોકોની માફક. જેમ (અજ્ઞાની) લોક જ્યાં સુધી પરને પરરૂપ નથી જાણતો, ત્યાં સુધી તેનો ઉપકાર કરે છે, પરંતુ તેને તત્ત્વથી જાણ્યા પછી (અર્થાત્ સ્વને સ્વ-રૂપ અને પરને પરરૂપ જાણ્યા પછી) તેનો ઉપકાર કરવો છોડી દે છે અને પોતાનો ઉપકાર કરવા તત્પર થાય છે, તેમ તું પણ તત્પર થા (અર્થાત્ તત્ત્વજ્ઞાની બની આત્મોપકાર કરવા તું તત્પર થા) - એવો અર્થ છે.

**ભાવાર્થઃ-** અજ્ઞાનને લીધે અજ્ઞાની જીવ જ્યાં સુધી કર્મ તથા શરીરાદિને પરરૂપ નથી જાણતો ત્યાંસુધી તે તેનું ભલું કરવાની- તેના ઉપર ઉપકાર કરવાની વૃત્તિ કરે છે, પરંતુ જ્યારે તેને ભેદવિજ્ઞાનના બળે સ્વ-પરની ભિન્નતા ભાસે છે અર્થાત્ તે સ્વને સ્વ-રૂપ અને પરને પરરૂપ જાણે છે, ત્યારે તેને પર ઉપર ઉપકાર કરવાનો ભાવ છૂટી જાય છે અને તે સ્વસન્મુખ થઈ પોતાના આત્મા ઉપર ઉપકાર કરવા ઉદ્યમશીલ બને છે.

શ્રી પૂજ્યપાદાચાર્યે 'સમાધિતંત્ર' શ્લોક ૩૧ માં કહ્યું છે કેઃ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**अथाह शिष्य:, कथं तयोर्विशेष इति केनोपायेन स्वपरयोर्भेदो विज्ञायेत। तद्विज्ञातुश्च किं स्यादित्यर्थ:।**

**गुरुराह-**

**गुरुदेशादभ्यासात्संवित्ते: स्वपरान्तरं।**
**जानाति य: स जानाति मोक्षसौख्यं निरन्तरम्।।३३।।**

---

'આ શરીર જડ છે. તે સુખ-દુ:ખને કાંઈ જાણતું નથી, છતાં મૂઢબુદ્ધિ-બહિરાત્મા તેનામાં નિગ્રહ-અનુગ્રહબુદ્ધિ (અપકાર-ઉપકારબુદ્ધિ) કરે છે.[1]

આ જીવ, વસ્તુસ્વરૂપથી અજાણ હોવાથી પોતાના આત્માથી સર્વથા ભિન્ન શરીરાદિનું કાંઈ કરી શકતો નથી તો પણ અજ્ઞાનથી તેની રક્ષા કરવા આદિરૂપ ઉપકાર કરવાના વિકલ્પમાં લાગ્યો રહે છે; માટે આચાર્યનો તેને ઉપદેશ છે કે, 'અવિદ્યાનો ત્યાગ કરી તત્ત્વજ્ઞાની બન અને પર ઉપકાર કરવાનો વિકલ્પ છોડી શુદ્ધાત્મા બનવારૂપ આત્મોપકાર કર.'

અહીં શિષ્ય કહે છે- કઈ રીતે તે બંને વચ્ચેનો ભેદ જણાય? અર્થાત્ ક્યા ઉપાયથી સ્વ-પરનો ભેદ જણાય? તે ભેદ જાણનારને શું (લાભ) થાય? એવો અર્થ છે.

આચાર્ય કહે છે:-

## શ્લોક-૩૩

[ **य:** ] જે [ **गुरुपदेशात्** ] ગુરુના ઉપદેશથી [ **अभ्यासात्** ] અભ્યાસ દ્વારા [ **संवित्ते:** ] સ્વસંવેદનથી [ **स्वपरान्तरं** ] સ્વ-પરનો ભેદ [ **जानाति** ] જાણે છે [ **स:** ] તે [ **निरन्तरं** ] નિરંતર [ **मोक्षसौख्यं** ] મોક્ષનું સુખ [ **जानाति** ] અનુભવે છે.

१.न जानन्ति शरीराणि सुख-दु:खान्यबुद्धय:।
निग्रहानुग्रहधियं तथाप्यत्रैव कुर्वते।।६१।।
[ समाधितंत्रे, श्री पूजयपादाचार्य: ]

**ગુરુ-ઉપદેશ, અભ્યાસ ને, સંવેદનથી જેહ,**
**જાણે નિજ-પર ભેદને, વેદે શિવ-સુખ તેહ. ૩૩.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**टीका- यो जानाति। किं? तत्स्वपरांतरं आत्म-परयोर्भेदं, यः स्वात्मानं परस्माद्भिन्नं पश्यतीत्यर्थः। कुत हेतोः? संवित्तेर्लक्षणतः स्वलक्ष्यानुभवात्। एषोऽपि कुतः? अभ्यासात् अभ्यासभावनातः। एषोऽपि गुरुपदेशात् धर्माचार्यस्यात्मनश्च सुदृढस्व-पर-विवेकज्ञानोत्पादकवाक्यात्। स तथान्यापोढस्वात्मानुभविता मोक्षसौख्यं निरन्तरमविच्छिन्नमनुभवति। कर्मविविक्तानुभाव्यविनाभावित्वात्तस्य।**

**तथाचोक्तं [ तत्त्वानुशासने ] -**

**'तमेवानुभवंश्चायमैकाग्र्यं परमृच्छति।**
**तथात्माधीनमानंदमेति वाचामगोचरम्'।।१७०।। इत्यादि**

---

**ટીકાઃ-** જે જાણે છે. શું તે? સ્વ-પરનું અન્તર અર્થાત્ આત્મા અને પરનો ભેદ -અર્થાત્ જે પોતાના આત્માને પરથી ભિન્ન દેખે છે (જાણે છે) - એવો અર્થ છે. ક્યા કારણથી? સંવિત્તિથી (સ્વસંવેદનથી) અર્થાત્ લક્ષણથી પોતાના લક્ષ્યના (આત્માના) અનુભવથી. તે પણ કેવી રીતે? અભ્યાસથી અર્થાત્ અભ્યાસની ભાવનાથી; તે (અભ્યાસ) પણ ગુરુના ઉપદેશથી અર્થાત્ ધર્માચાર્યના તથા આત્માના સુદ્રઢ સ્વ-પરનું ભેદજ્ઞાન ઉત્પન્ન કરનાર વાક્યથી (થાય છે). તે તેવી રીતે સ્વાત્માને પરથી ભિન્ન અનુભવ કરનાર નિરંતર એટલે અવિચ્છિન્નપણે મોક્ષ-સુખનો અનુભવ કરે છે, કારણ કે તે (મોક્ષ-સુખનો) અનુભવ, કર્મોથી ભિન્ન આત્માનો અનુભવ કરનારને અવિનાભાવીપણે હોય છે (બીજાને નહિ).

તથા '**तत्त्वानुशासन**' શ્લોક ૧૭૦માં કહ્યું છે કેઃ-

'તેનો જ-આત્માનો જ અનુભવ કરતાં કરતાં આ આત્મા ઉત્કૃષ્ટ એકાગ્રતાને પ્રાપ્ત કરે છે અને વાણીને અગોચર (વાણીથી કહી શકાય નહિ તેવો) આત્માધીન આનંદ અનુભવે છે.

**ભાવાર્થઃ-** જે, ગુરુ એટલે ધર્માચાર્ય- તેમના ઉપદેશ અને શાસ્ત્રાભ્યાસના નિમિત્તે આત્મસંવેદનથી સ્વ-પરના ભેદવિજ્ઞાનનો વારંવાર અભ્યાસ કરે છે, તે આત્માને પરથી ભિન્ન અનુભવે છે અને મોક્ષસુખનો નિરંતર સ્વાદ લે છે, કારણ કે મોક્ષ-સુખનો અનુભવ કર્મો આદિથી આત્માને ભિન્ન અનુભવ કરનારને જ હોય છે, બીજાને નહિ.

પરથી ભિન્ન આત્માનો સતત અનુભવ કરનારને જ આત્મસ્વરૂપમાં ઉત્કૃષ્ટ સ્થિરતા (એકાગ્રતા) પ્રાપ્ત થાય છે અને તે વચનાતીત અતીન્દ્રિય આત્માધીન આનંદ અનુભવે છે. ૩૩.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**अथ शिष्य: पृच्छति-कस्तत्र गुरुरिति तत्र मोक्षसुखानुभवविषये ?**

**गुरुराह-**

**स्वस्मिन्सदाभिलाषित्वादभीष्टज्ञापकत्वत: ।**

**स्वयं हित [ तं ] प्रयोक्तृत्वादात्मैव गुरुरात्मन:।।३४।।**

**टीका:- य: खलु शिष्य: सदा अभीक्ष्णं कल्याणमभिलषति तेन जिज्ञास्यमानं तदुपायं तं ज्ञापयति। तत्र चाप्रवर्त्तमानं तं प्रवर्त्तयति स किल गुरु: प्रसिद्ध:। एवं च सत्यात्मन: आत्मैव गुरु: स्यात्। कुत इत्याह- स्वयमात्मना स्वस्मिन्मोक्षसुखाभि-**

---

પછી શિષ્ય પૂછે છે-તે બાબતમાં કોણ ગુરુ છે? અર્થાત્ મોક્ષ-સુખના અનુભવના વિષયમાં કોણ ગુરુ છે?

ગુરુ કહે છેઃ-

## શ્લોક-૩૪

**અન્વયાર્થઃ-** (આત્મા) [**स्वयं**] સ્વયં [**स्वस्मिन्**] પોતાનામાં [**सद्अभिलाषित्वात्**] સત્‌ની (કલ્યાણની યા મોક્ષ-સુખની) અભિલાષા કરતો હોવાથી, [**अभीष्टज्ञापकत्वत:**] અભીષ્ટને (પોતાના ઇચ્છેલા મોક્ષ-સુખના ઉપાયને) બતાવતો હોવાથી અને [**हितप्रयोक्तृत्वात्**] પોતાના હિતમાં (મોક્ષ-સુખના ઉપાયમાં) પોતાને યોજતો હોવાથી [**आत्मा एव**] આત્મા જ [**आत्मन:**] આત્માનો [**गुरु: अस्ति**] ગુરુ છે.

**ટીકાઃ-** જે શિષ્ય સદા-નિરંતર કલ્યાણની (મોક્ષ-સુખની) અભિલાષા કરે છે અને તેથી તેના ઉપાયનો જિજ્ઞાસુ છે તેને (આત્મા-ગુરુ) તે ઉપાય બતાવે છે અને તે ઉપાય વિષે નહિ પ્રવર્તતા તેને તેમાં પ્રવર્તાવે છે. તે ગુરુ ખરેખર પ્રસિદ્ધ છે.

એમ હોઈ, આત્માનો ગુરુ આત્મા જ હોઈ શકે.

(શિષ્ય) પૂછે છે- કેવી રીતે?

**નિજ હિત અભિલાષી સ્વયં, નિજ હિત નેતા આત્મ,**

**નિજ હિત પ્રેરક છે સ્વયં, આત્માનો ગુરુ આત્મ. ૩૪.**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**लाषिण्यात्मनि सत् प्रशस्त मोक्षसुखमभीक्ष्णमभिलषति। मोक्षसुखं मे सम्पद्यतामित्याकांक्षतीत्येवंभावात्। तथाभीष्टस्यात्मना जिज्ञास्यमानस्य मोक्षसुखोपायस्यात्मविषये ज्ञापकत्वादेष मोक्षसुखोपायो मया सेव्य इति बोधकत्वात्। तथा हि ते मोक्षसुखोपाये स्वयं स्वस्य प्रयोक्तृत्वात्। अस्मिन् सुदुर्लभे मोक्षसुखोपाये दुरात्मन्नात्मन्स्वयमद्यापि न प्रवृत्तः इति। तत्रावर्त्तमानस्यात्मनः प्रवर्त्तकत्वात्।**

**अथ शिष्यः साक्षेपमाह। एवं नान्योपास्तिः प्राप्नोतीति भगवन्नुक्तनीत्या परस्यगुरुत्वे निरस्ते सति धर्माचार्यादिसेवनं न प्राप्नोति मुमुक्षुः। मुमुक्षुणा धर्माचार्यादिः सेव्यो न भवतीति भावः। न चैवमेतदिति वाच्यमपसिद्धांतप्रसंगात्।**

---

સ્વયં ( આત્મા ) આત્માવડે મોક્ષસુખના અભિલાષી આત્મામાં સત્ એટલે પ્રશસ્ત મોક્ષસુખની નિરંતર અભિલાષા કરે છે; અર્થાત્ 'મોક્ષસુખ મને પ્રાપ્ત થાઓ' એવા ભાવથી આકાંક્ષા કરે છે તથા અભીષ્ટ ( ઇચ્છેલા ) અર્થાત્ આત્માદ્વારા જિજ્ઞાસિત મોક્ષસુખના ઉપાયના જિજ્ઞાસુ આત્માને આત્મવિષય સંબંધી બતાવનાર હોવાથી અર્થાત્ 'આ મોક્ષસુખનો ઉપાય મારે ( આત્માએ ) સેવવા યોગ્ય છે એવો બોધ કરતો હોવાથી તથા સ્વયં મોક્ષસુખના ઉપાયમાં સ્વને ( આત્માને ) પ્રયુક્ત કરતો ( યોજતો ) હોવાથી, 'આ સુદુર્લભ મોક્ષસુખના ઉપાયમાં, હે દુરાત્મન્ આત્મા ! તું સ્વયં આજસુધી પ્રવૃત્ત થયો નહિ' એ રીતે ત્યાં ( ઉપાયમાં ) અપ્રવૃત્ત આત્માને પ્રવર્તાવનાર હોવાથી ( આત્મા જ આત્માનો ગુરુ છે ).

**ભાવાર્થઃ-** મોક્ષસુખનો અભિલાષી આત્મા સ્વયં આત્માનો ગુરુ છે, કારણ કે તે સ્વયં જ પોતાનું કલ્યાણ ઇચ્છે છે, તે સ્વયં પોતાને મોક્ષના ઉપાયનો બોધ કરે છે અને સ્વયં પોતાને મોક્ષ-સુખના ઉપાયમાં યોજે છે ( લગાવે છે ).

શ્રી સમાધિતંત્ર શ્લોક* ૭૫માં કહ્યું છે કેઃ-

'આત્મા જ આત્માને જન્મ-મરણરૂપ સંસારમાં ભ્રમણ કરાવે છે અને આત્મા જ આત્માને નિર્વાણ પ્રતિ લઈ જાય છે, માટે નિશ્ચયથી આત્મા જ આત્માનો ગુરુ છે, બીજો કોઈ ગુરુ નથી.'

---

* नयत्यात्मानमात्मैव जन्म निर्वाणमेव वा।
गुरुरात्मात्मनस्तस्मान्नान्योऽस्ति परमार्थतः।।७५।।

[ समाधितन्त्रे—श्रीपूज्यपादाचार्यः ]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**इति वदन्तं प्रत्याह-**

**नाज्ञो विज्ञत्वमायाति विज्ञो नाज्ञत्वमृच्छति।**
**निमित्तमात्रामन्यस्तु गतेर्धर्मास्तिकायवत्।।३५।।**

**टीका- भद्र! अज्ञस्तत्त्वज्ञानोत्पत्ययोग्योऽभव्यादिर्विज्ञत्वं तत्त्वज्ञत्वं धर्माचार्याद्युपदेशसहस्रेणापि न गच्छति।**

**तथा चोक्तम्-**

---

અહીં શિષ્ય આક્ષેપ કરી કહે છે– "એ રીતે અન્યની ઉપાસના પ્રાપ્ત થતી નથી, અર્થાત્ હે ભગવન્! ઉક્ત નીતિ અનુસાર પરના ગુરુપણાનો* અભાવ થતાં, મુમુક્ષુને ધર્માચાર્યાદિની સેવા પ્રાપ્ત થતી નથી. મુમુક્ષુને ધર્માચાર્યાદિ સેવવા યોગ્ય રહેતા નથી એવો ભાવ છે, પરંતુ એમ નથી, કારણ કે એમ કહેવામાં અપસિદ્ધાંતનો પ્રસંગ આવે છે.

આવું બોલનાર શિષ્ય પ્રતિ આચાર્ય જવાબ આપે છેઃ–

## શ્લોક-૩૫

**અન્વયાર્થઃ**- [ **अज्ञः** ] જે પુરુષ અજ્ઞાની છે (અર્થાત્ તત્ત્વજ્ઞાનની ઉત્પત્તિ માટે અયોગ્ય છે–તે) [ **विज्ञत्वं न आयाति** ] વિજ્ઞ થઈ શકતો નથી અને [ **विज्ञः** ] જે વિશેષ જ્ઞાની છે તે [ **अज्ञत्वं न ऋच्छति** ] અજ્ઞાની થઈ શકતો નથી; જેમ (જીવપુદ્‌ગલની) [ **गतेः** ] ગતિમાં [ **धर्मास्तिकायवत् निमित्तमात्रम्** ] ધર્માસ્તિકાય નિમિત્તમાત્ર છે, તેમ [ **अन्यः तु** ] અન્ય (પદાર્થ) પણ નિમિત્તમાત્ર (ધર્માસ્તિકાયવત્) છે.

**ટીકાઃ**- ભદ્ર! અજ્ઞ એટલે તત્ત્વજ્ઞાનની ઉત્પત્તિને માટે અયોગ્ય અભવ્યાદિક જીવ, ધર્માચાર્યાદિના હજારો ઉપદેશોથી પણ વિજ્ઞત્વને–તત્ત્વજ્ઞાનને પ્રાપ્ત કરી શકતો નથી. તથા કહ્યું છે કેઃ–

---

* ઈડર સરસ્વતી ભંડારની હસ્તલિખિત પ્રતમાં 'परस्परगुरुत्वे निश्चिते' ને બદલે 'परस्यगुरुत्वे निरस्ते' શબ્દો છે અને તે યોગ્ય લાગે છે. તેથી તે પ્રમાણે અહીં અર્થ કર્યો છે.

**મૂર્ખ ન જ્ઞાની થઈ શકે, જ્ઞાની મૂર્ખ ન થાય,**
**નિમિત્તમાત્ર સૌ અન્ય તો, ધર્મદ્રવ્યવત્ થાય. ૩૫.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'स्वभाविकं हि निष्पत्तौ क्रियागुणमपेक्ष्यते।
न व्यापारशतेनापि शुकवत्पाठ्यते बकः'।।

तथा विज्ञस्तत्त्वज्ञानपरिणतो अज्ञत्वं तत्त्वज्ञानात्परिभ्रंशमुपायसहस्रेणापि न गच्छति।

तथा चोक्तम्-

'वज्रे पतत्यपि भयद्रुतविश्वलोके मुक्ताध्वनि प्रशमिनो न चलंति योगात्।
बोध-प्रदीप-हत-मोहमहांधकाराः सम्यग्दृशः किमुत शेषपरीषहेषु'।।६३।।

नन्वेवं बाह्यनिमित्तक्षेपः प्राप्नोतीत्यत्राह। अन्यः पुनर्गुरुविपक्षादिः प्रकृतार्थसमुत्पादभ्रंशयोर्निमित्तमात्रं स्यात्तत्र योग्यताया एव साक्षात्साधकत्वात्।

---

'(કોઈ કાર્યની) ઉત્પત્તિમાં સ્વાભાવિક ક્રિયા અને ગુણની અપેક્ષા રહે છે. સેંકડો વ્યાપારોથી (પ્રયત્નોથી) પણ બગલો પોપટની માફક ભણાવી શકાતો નથી.'

તેમ વિજ્ઞ એટલે તત્ત્વજ્ઞાને પરિણત જીવ હજારો ઉપાયોથી પણ અજ્ઞાનપણાને પ્રાપ્ત થતો નથી અર્થાત્ તત્ત્વજ્ઞાનથી પરિભ્રષ્ટ થતો નથી.

વળી '**पद्मनन्दिपंचविंशतिका**' — શ્લોક ૬૩, પૃ. ૩૩માં કહ્યું છે કેઃ–

'જેના ભયથી ગભરાઈ જઈ દુનિયાના લોક માર્ગ છોડી, અહીં તહીં ભાગી જાય તેવું વજ્ર પડે છતાં પ્રશમભાવસંપન્ન યોગીઓ યોગથી (ધ્યાનથી) ચલાયમાન થતા નથી, તો જ્ઞાનરૂપી પ્રદીપથી જેમણે મોહરૂપી મહાન્ધકારને નાશ કરી દીધો છે એવા સમ્યગ્દ્રષ્ટિ જીવો, શેષ પરીષહો આવી પડતાં, શું ચલાયમાન થશે? (નહિ, તેઓ કદી પણ ચલાયમાન થશે નહિ).

– એ રીતે તો બાહ્ય નિમિત્તો ઊડી જશે! એમ અત્રે કહે છે.

'અન્ય અર્થાત્ ગુરુ તથા શત્રુઆદિ, પ્રકૃત કાર્યની ઉત્પત્તિમાં તથા નાશમાં નિમિત્તમાત્ર છે, કારણ કે ત્યાં યોગ્યતા જ સાક્ષાત્ સાધક છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**कस्या: को यथेत्यत्राह, गतेरित्यादि। अयमर्थो यथा युगपद्भाविगति-परिमाणोन्मुखानां भावानां स्वकीया गतिशक्तिरेव गते: साक्षाज्जनिका, तद्वैकल्पे तस्या: केनापि कर्त्तुमशक्यत्वात्। धर्मास्तिकायस्तु गत्युपग्राहकद्रव्यविशेषस्तस्या: सहकारिकारणमात्रं स्यादेवं प्रकृतेऽपि। अतो व्यवहारादेव गुर्वादे: शुश्रूषा प्रतिपत्तव्या।**

---

કોનો કોણ ? જેમ '**गतेरित्यादि**' ૦ થી અહીં કહે છે તેમ.

આનો અર્થ એ છે કે- જેમ કે યુગપદ્ (એકી સાથે) ભાવી ગતિરૂપ પરિણામ માટે ઉન્મુખ (તે તરફ વલણવાળા) પદાર્થોની પોતાની ગમનશક્તિ જ ગતિને સાક્ષાત્ ઉત્પન્ન કરે છે; તેના વિકલપણામાં (એટલે પદાર્થો ગમન પ્રતિ ઉન્મુખતા ન હોય ત્યારે) તેમાં કોઈથી (કાંઈ) કરવું અશક્ય છે (અર્થાત્ તેમાં કોઈ ગતિ ઉત્પન્ન કરી શકે નહિ). ધર્માસ્તિકાય તો ગતિ-ઉપગ્રાહકરૂપ (ગતિમાં નિમિત્તરૂપ) દ્રવ્યવિશેષ છે; તે તેને (ગતિને) સહકારી કારણમાત્ર છે. એ રીતે પ્રકૃતમાં પણ (આ વિષયમાં પણ) સમજવું. તેથી વ્યવહારથી જ ગુરુ આદિની શુશ્રૂષા (સેવા) કરવી યોગ્ય છે.

**ભાવાર્થ:-** જ્ઞાની કે અજ્ઞાની બનવાની યોગ્યતા પોતાના આત્મામાં જ છે. ગુરુ આદિ તો બાહ્ય નિમિત્તમાત્ર છે, તેઓ કોઈને જ્ઞાની કે અજ્ઞાની બનાવી શકતા નથી.

પદાર્થોમાં પરિણમન માટે જે ઉન્મુખ યોગ્યતા હોય છે તે રૂપ જ કાર્ય ઉત્પન્ન (નિષ્પન્ન) થાય છે, કારણ કે **कारणानुविधायीनि कार्याणि-** કારણ જેવાં જ કાર્યો હોય છે. અન્ય પદાર્થો તો તેના પરિણમનમાં નિમિત્તમાત્ર છે. પ્રત્યેક પદાર્થની પરિણમન-ઉન્મુખતા જ- ક્ષણિક ઉપાદાન જ કાર્યરૂપે પરિણમે છે.

જીવ અને પુદ્ગલ દ્રવ્યમાં ગમન કરવાની સ્વયં શક્તિ છે, તેથી જે સમયે તેઓ પોતાની ક્રિયાવતી શક્તિની જે પ્રકારની પરિણમન-ઉન્મુખતાથી ગમન કરે છે તે પ્રકારે તે સમયે ધર્મદ્રવ્ય, તેમના ગમનમાં નિમિત્તમાત્ર હોય છે. પરિણામ પ્રતિ પદાર્થોની ઉન્મુખતા જ (તે સમયની યોગ્યતા જ) કાર્યનું સાક્ષાત્ ઉપાદાન કારણ છે.

ગુરુ શિષ્યને શીખવે છે- એ વ્યવહારનયનું- નિમિત્તનું કથન છે, એટલે કે શિષ્ય પોતાની ઉપાદાનશક્તિથી શીખે તો ગુરુ નિમિત્તમાત્ર કહેવાય. આ કથન, કાર્યોત્પત્તિસમયે અનુકૂળ કયું નિમિત્ત હતું તેનું જ્ઞાન કરાવી તેના તરફનું વલણ છોડાવવા માટે છે, એમ સમજવું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**अथाह शिष्यः। अभ्यासः कथमिति। अभ्यासप्रयोगोपायप्रश्नोऽयं। अभ्यासः कथ्यत इति क्वचित् पाठः। तत्राभ्यासः स्यात् भूयोभूयः प्रवृत्तिलक्षणत्वेन सुप्रसिद्धत्वात्तस्य स्थाननियमादिरूपेणोदेशः क्रियत इत्यर्थः। एवं संवित्तिरुच्यत इत्युत्तरपातनिकाया अपि व्याख्यानमेतत्पाठापेक्षया द्रष्टव्यम्।**

**तथा च गुरूरेवैते वाक्ये व्याख्येये। शिष्यबोधार्थं गुरुराह-**

**अभवच्चित्तविक्षेप एकांते तत्त्वसंस्थितः।**
**अभ्यस्येदभियोगेन योगी तत्त्वं निजात्मनः।।३६।।**

---

વસ્તુતઃ કોઈ કોઈને શીખવી શકે નહિ, કારણ કે એ સિદ્ધાંત છે કે ‘સર્વ દ્રવ્યો પોતપોતાના સ્વભાવથી ઊપજે છે, અન્ય દ્રવ્યથી અન્ય દ્રવ્યના ગુણની ( પર્યાયની ) ઉત્પત્તિ કરી શકાતી નથી.’ *

છ એ દ્રવ્યોની વિકારી કે અવિકારી પર્યાયોમાં બધાં નિમિત્તો ધર્માસ્તિકાયવત્ નિમિત્તમાત્ર છે. પ્રેરક અને ઉદાસીન નિમિત્તો તેના પેટા પ્રકારો છે, પરંતુ ઉપાદાન પ્રત્યે તો તે સદા ધર્માસ્તિકાયવત્ ઉદાસીન નિમિત્તમાત્ર છે.

હવે શિષ્ય કહે છે– ( આત્મસ્વરૂપનો ) અભ્યાસ કેવી રીતે ( કરાય )? આ અભ્યાસના પ્રયોગના ઉપાય સંબંધી પ્રશ્ન છે.

( કોઈ ઠેકાણે ‘ **अभ्यासः कथ्यते** ’ – અભ્યાસ કહેવામાં આવે છે– એવો પાઠ છે ). ત્યાં ( તે બાબતમાં ) વારંવાર પ્રવૃત્તિ લક્ષણાત્મક અભ્યાસ સારી રીતે પ્રસિદ્ધ છે; તેના સ્થાન નિયમાદિરૂપે અભ્યાસસંબંધી ઉપદેશ કરવામાં આવે છે– એવો અર્થ છે.

એ રીતે સંવિત્તિ ( સ્વસંવેદન ) સંબંધી કહેવામાં આવે છે– એમ પાઠની અપેક્ષાએ ઉત્તર પાતનિકાનું પણ વ્યાખ્યાન સમજવું ( અર્થાત્ સાથે સાથે સંવિત્તિનું પણ વર્ણન સમજવું ). ૩૫.

ગુરુને જ તે બંને વાક્યોની વ્યાખ્યા કરવી યોગ્ય છે.

શિષ્યના બોધ માટે ગુરુ કહે છેઃ–

---

* કો દ્રવ્ય બીજા દ્રવ્યને ઉત્પાદ નહિ ગુણનો કરે,
તેથી બધાંય દ્રવ્ય નિજ સ્વભાવથી ઊપજે ખરે.
( શ્રી સમયસાર ગુ. આવૃત્તિ ગાથા–૩૭૨ )

**ક્ષોભરહિત એકાન્તમાં સ્વરૂપ સ્થિર થઈ ખાસ,**
**યોગી તજી પરમાદને કરે તુ તત્ત્વાભ્યાસ. ૩૬.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**टीका- अभ्यस्येद्रावयेत्कोसौ? योगी संयमी। किं? तत्त्वं यथात्म्यं। कस्य? निजात्मन:। केन? अभियोगेन आलस्यनिद्रादिनिरासेन? क्व? एकांते योग्यशून्यगृहादौ। किं विशिष्ट:सन्-? अभवन्नजायमानश्चित्तस्य मनसो विक्षेपो रागादिसंक्षोभो यस्य सोऽयमित्थंभूत: सन्। किंभूतो भूत्वा? तथाभूत इत्याह। तत्त्वसंस्थितस्तत्त्वे हेये उपादेये च गुरुपदेशान्निश्चलधी: यदि वा तत्त्वेन साध्ये वस्तुनि सम्यक् स्थितो यथोक्तकायोत्सर्गादिना व्यवस्थित:।**

---

## શ્લોક-૩૬

**અન્વયાર્થઃ-** [ **अभवत् चित्तविक्षेप:** ] જેના ચિત્તમાં ક્ષોભ નથી (અર્થાત્ જેના ચિત્તમાં રાગ-દ્વેષાદિ વિકાર પરિણતિરૂપ ક્ષોભ-વિક્ષેપ નથી) તથા જે [ **तत्त्वसंस्थित:** ] તત્ત્વમાં (આત્મસ્વરૂપમાં) સારી રીતે સ્થિત છે તેવા (યોગી) યોગીએ [ **अभियोगेन** ] સાવધાનીપૂર્વક (અર્થાત્ આળસ, નિંદ્રાદિના પરિત્યાગપૂર્વક) [ **एकान्ते** ] એકાન્તસ્થાનમાં [ **निजात्मन: तत्त्वं** ] પોતાના આત્મતત્ત્વનો [ **अभ्यस्येत्** ] અભ્યાસ કરવો.

**ટીકાઃ-** અભ્યાસ કરવો-ભાવવો. કોણે તે? યોગીએ-સંયમીએ. શું (અભ્યાસ કરવો)? આત્માસંબંધી તત્ત્વનો. કોનો? નિજ આત્માનો (-પોતાના સ્વરૂપનો) શા વડે? અભિયોગ વડે અર્થાત્ આળસ, નિંદ્રાદિના ત્યાગ વડે. ક્યાં (અભ્યાસ કરવો)? એકાન્તમાં એટલે યોગ્ય ખાલી ગૃહાદિમાં. કેવા પ્રકારનો થઈને? જેના ચિત્તમાં-મનમાં વિક્ષેપ અર્થાત્ રાગાદિરૂપ ક્ષોભ નથી તેવો થઈને? કહે છે, 'આવો' કેવા થઈને- તત્ત્વમાં સારી રીતે સ્થિત અર્થાત્ તત્ત્વ એટલે હેય-ઉપાદેય તત્ત્વોમાં ગુરુના ઉપદેશથી જેની બુદ્ધિ નિશ્ચલ થઈ ગઈ છે તેવો થઈને અથવા પરમાર્થરૂપે સાધ્ય વસ્તુમાં સમ્યક્પ્રકારે સ્થિત એટલે જેવા કહ્યા છે તેવા કાયોત્સર્ગાદિદ્વારા વ્યવસ્થિત-થઈને.

**ભાવાર્થઃ-** જ્યાં સુધી રાગ-દ્વેષાદિ વિકલ્પોથી ચિત્ત વિક્ષિપ્ત રહે છે- આકુલિત રહે છે, ત્યાં સુધી આત્મસ્વરૂપનું ધ્યાન થઈ શકતું નથી. સમાધિતંત્ર શ્લોક ૩૫માં કહ્યું છે કેઃ-

"જેનું મનરૂપી જલ રાગ-દ્વેષાદિ તરંગોથી ચંચલ (વિક્ષિપ્ત) થતું નથી, તે જ પુરુષ આત્માના યથાર્થ સ્વરૂપનો અનુભવ કરે છે; રાગ-દ્વેષાદિ કલ્લોલોથી આકુલિતચિત્તવાળો પુરુષ આત્મ-તત્ત્વનો અનુભવ કરી શકતો નથી." *

* रागद्वेषादिकल्लोलैरलोलं यन्मनोजलम्।
स पश्यत्यात्मनस्तत्तत्त्वं तत् तत्त्वं नेतरो जन:।।३५।।
[ समाधितन्त्रे–श्री पूज्यपादाचार्य: ]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**अत्राह शिष्यः संवित्तिरिति अभ्यासः कथमित्यनुवर्त्यन्ते नायमर्थः संयम्यते। भगवन्! उक्तलक्षणसंवित्तिः प्रवर्तमाना केनोपायेन योगिनो विज्ञायते कथं च प्रतिक्षणं प्रकर्षमापद्यते।**

**अत्राचार्यो वक्ति। उच्यत इति धीमन्नाकर्णय वर्ण्यते तल्लिंगं तावन्मयेत्यर्थः।**

**यथा यथा समायाति संवित्तौ तत्त्वमुत्तमम्।**
**तथा तथा न रोचन्ते विषयाः सुलभा अपि।।३७।।**

---

માટે યોગીએ પ્રથમ ગુરુના ઉપદેશથી હેય-ઉપાદેય તત્ત્વોમાં બુદ્ધિ નિશ્ચલ કરી પોતાના ચિત્તને મોહ-ક્ષોભરહિત કરવું. પછી કાયોત્સર્ગાદિદ્વારા વ્યવસ્થિત થઈ એકાન્તમાં-શૂન્ય ગૃહમાં કે પર્વતની ગુફામાં- આળસ તથા નિદ્રાદિનો ત્યાગ કરી પોતાના આત્માના યથાર્થ સ્વરૂપનો અભ્યાસ કરવો.

આ શ્લોકમાં આત્મસ્વરૂપના અભ્યાસ માટે આચાર્યે નીચેના મુખ્ય ત્રણ ઉપાયો સૂચવ્યા છેઃ-

૧. ગુરુના ઉપદેશદ્વારા હેય-ઉપાદેય તત્ત્વોમાં અર્થાત્ સ્વ-પરના ભેદવિજ્ઞાનમાં બુદ્ધિને સ્થિર કરવી;

૨. ચિત્તને મોહ-ક્ષોભરહિત કરવું અર્થાત્ રાગ-દ્વેષાદિ વિકલ્પોથી વિક્ષિપ્ત ન કરવું;

૩. પ્રમાદનો ત્યાગ કરી એકાન્તમાં આત્મસ્વરૂપના અનુભવનો અભ્યાસ કરવો. ૩૬.

હવે શિષ્ય કહે છે- 'સંવિત્તિ' એટલે અભ્યાસ કેવી રીતે અનુવર્તાય (કરાય)? આ અર્થ (ભાવ) સંયમિત કરાતો નથી (- અર્થાત્ આટલાથી પૂરો થતો નથી).

ભગવાન! ઉક્ત લક્ષણવાળી સંવિત્તિ (આત્માનુભવ) થઈ રહી છે તે યોગીને ક્યા ઉપાયથી જાણી શકાય? અને પ્રતિક્ષણ તેનો પ્રકર્ષ થઈ રહ્યો છે તે પણ કેવી રીતે જાણી શકાય?

અહીં આચાર્ય કહે છે- 'હે ધીમન્! સાંભળ, હું તેના ચિહ્નનું વર્ણન કરું છું' - એવો અર્થ છે.

**જ્યમ જ્યમ સંવેદન વિષે આવે ઉત્તમ તત્ત્વ,**
**સુલભ મળે વિષયો છતાં, જરીયે કરે ન મમત્વ. ૩૭.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**टीका- येन येन प्रकारेण संवित्तौ विशुद्धात्मस्वरूपं सांमुख्येनागच्छति योगिनः तथा तथानायासलभ्या अपि रम्येन्द्रियार्था भोग्यबुद्धिं नोत्पादयन्ति महासुखलब्धावल्पसुखकारणानां लोकेऽप्यनादरणीयत्वदर्शनात्। तथा चोक्तम्-**

**" शमसुखशीलितमनसामशनमपि द्वेषमेति किमु कामाः।**
**स्थलमपि दहति झषाणां किमंगं पुनरङ्गमङ्गराः "।।१।।**

**अतो विषयारुचिरेव योगिनः स्वात्मसंवित्तेर्गमिको तदभावे तदभावात् प्रकृष्यमाणायां च विषयारुचौ स्वात्मसंवित्तिः प्रकृष्यते।**

---

## શ્લોક-૩૭

**અન્વયાર્થ**:- [ **यथा यथा** ] જેમ જેમ [ **उत्तमं तत्त्वं** ] ઉત્તમ તત્ત્વ [ **संवित्तौ** ] અનુભવમાં [ **समायाति** ] આવે છે, [ **तथा तथा** ] તેમ તેમ [ **सुलभाः अपि विषयाः** ] સુલભ વિષયો પણ [ **न रोचन्ते** ] રુચતા નથી ( ગમતા નથી ).

**ટીકા**:- જે જે પ્રકારે યોગીની સંવિત્તિમાં ( સ્વાનુભવરૂપ સંવેદનમાં ) શુદ્ધાત્માનું સ્વરૂપ આવે છે ( ઝલકે છે ) સન્મુખ થાય છે તેમ અનાયાસે ( સહજમાં ) પ્રાપ્ત થતા રમ્ય ( રમણીક ) ઇન્દ્રિયવિષયો પણ ભોગ્યબુદ્ધિને ઉત્પન્ન કરી શકતા નથી, ( ભોગવવા-યોગ્ય છે એવી બુદ્ધિ-ઇચ્છા ઉત્પન્ન કરી શકતા નથી ), કારણ કે મહાસુખની પ્રાપ્તિ થતાં અલ્પસુખનાં કારણો પ્રતિ લોકમાં ( દુનિયામાં ) પણ અનાદર દેખાય છે. કહ્યું છે કે-

' જેમનું મન શાન્તિ-સુખથી સંપન્ન છે તેવા ( મહાપુરુષોને ) ભોજન પણ દ્વેષ ઉત્પન્ન કરે છે ( અર્થાત્ તેમને ભોજન પણ ગમતું નથી- તે પ્રતિ ઉદાસીન હોય છે ), તો વિષય-ભોગોની વાત જ શું કરવી ? ( અર્થાત્ તેમને વિષય-ભોગો રુચિકર લાગતા નથી ). માછલીઓના અંગને જમીન જ બાળે છે, તો અગ્નિના અંગારાની તો વાત જ શું ! ( તે તો તેને બાળી જ નાખે ).

તેથી વિષયોની અરુચિ જ યોગીની સ્વાત્મ-સંવિત્તિ ( સ્વાત્માનુભવ ) નું જ્ઞાન કરાવે છે.

તેના અભાવમાં ( અર્થાત્ સ્વાત્મ-સંવિત્તિના અભાવમાં ) તેનો ( એટલે વિષયો પ્રતિ અરુચિનો ) અભાવ હોય છે, અને વિષયો પ્રતિ અરુચિ વધતાં સ્વાત્મસંવિત્તિ પણ પ્રકર્ષતા પામે છે ( વૃદ્ધિ પામે છે ).

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**तद्यथा-**

**यथा यथा न रोचन्ते विषया: सुलभा अपि।**
**तथा तथा समायाति संवित्तौ तत्त्वमुत्तमम्।।३८।।**

**टीका- अत्रापि पूर्ववद्व्याख्यानं। तथाचोक्तम्।**

**[ समयसारकलशायां ] -**

**“ विरम किमपरेणाकार्यकोलाहलेन,**
**स्वयमपि निभृत: सन्पश्य षण्मासमेकं।**
**हृदयसरसि पुंस: पुद्गलाद्भिन्नधाम्नो,**
**ननु किमनुपलब्धिर्भाति किंचोपलब्धि: ”।।**

---

**ભાવાર્થ**:- આત્મસ્વરૂપનું ભાન થતાં, વિષયો પ્રતિ ભોગ્યબુદ્ધિ ઉત્પન્ન થતી નથી. જેમ જેમ યોગીને સ્વાનુભવરૂપ સ્વસંવેદનમાં આત્માનો આનંદ આવે છે, તેમ તેમ સુલભ્ય રમ્ય વિષયો તરફથી પણ તેનું મન હઠતું જાય છે, અર્થાત્ સુંદર લાગતા વિષયો પણ તેને આકર્ષી શકતા નથી. જેને ભોજન પણ સારું લાગે નહિ, તેને વિષય-ભોગ કેમ રુચે? કારણ કે આધ્યાત્મિક આનંદ આગળ વિષય-ભોગનો આનંદ તેને તુચ્છ-નીરસ લાગે છે. લોકમાં પણ એ રીત છે કે અધિક સુખનું કારણ પ્રાપ્ત થતાં અલ્પ સુખનાં કારણો પ્રતિ લોકોને અનાદર (અરુચિ) થાય છે.

માટે વિષયોની અરુચિ જ યોગીની સ્વાત્મ-સંવિત્તિને પ્રગટ કરે છે. ૩૭.

તે આ પ્રમાણે છેઃ-

## શ્લોક-૩૮

**અન્વયાર્થ**:- **[ यथा यथा ]** જેમ જેમ **[ सुलभा: अपि विषया: ]** સુલભ (સહજ પ્રાપ્ત) ઇન્દ્રિય-વિષયો પણ **[ न रोचन्ते ]** રુચતા નથી (ગમતા નથી) **[ तथा तथा ]** તેમ તેમ **[ संवित्तौ ]** સ્વાત્મ-સંવેદનમાં **[ उत्तमम् तत्त्वम् ]** ઉત્તમ નિજાત્મ-તત્ત્વ **[ समायाति ]** આવતું જાય છે.

**ટીકા**:- અહીં પણ પૂર્વવત્ વ્યાખ્યાન સમજવું; તથા

શ્રી સમયસારકલશ શ્લોક ૩૪માં કહ્યું છે કે-

**જેમ જેમ વિષયો સુલભ, પણ નહિ રુચિમાં આય,**
**તેમ તેમ આતમ-તત્ત્વમાં, અનુભવ વધતો જાય. ૩૮**

**प्रकृष्यमाणायां च स्वात्मसंवित्तौ यानि चिह्नानि स्युस्तान्याकर्णय। यथा-**

**निशामयति निःशेषमिन्द्रजालोपम् जगत्।**

**स्पृहयत्यात्मलाभाय गत्वान्यत्रानुतप्यते।।३९।।**

**टीका- योगीत्यन्तदीपकत्वात्सर्वत्र योज्यः। स्वात्मसंवित्तिरसिको ध्याता**

---

"હે ભવ્ય! તને બીજો નકામા કોલાહલ કરવાથી શું લાભ છે? એ કોલાહલથી તું વિરક્ત થા અને એક ચૈતન્યમાત્ર વસ્તુને પોતે નિશ્ચળ લીન થઈ દેખ; એવો છ મહિના અભ્યાસ કર અને જો (તપાસ) કે એમ કરવાથી પોતાના હૃદય-સરોવરમાં જેનું તેજ, પ્રતાપ, પ્રકાશ પુદ્‌ગલથી ભિન્ન છે એવા આત્માની પ્રાપ્તિ નથી થતી કે થાય છે."

**ભાવાર્થઃ-** વિષયોની રુચિ ન હોવાથી એ આત્માના વિશુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિનું કારણ છે. જેમ જેમ ઇન્દ્રિય-વિષયો પ્રત્યે વિરક્તિ (ઉદાસીનતા) વધતી જાય છે તેમ તેમ સ્વાત્મ-સંવેદનમાં-શુદ્ધાત્માના અનુભવમાં પણ વૃદ્ધિ થતી જાય છે.

માટે પર પદાર્થો સંબંધી સર્વ સંકલ્પ-વિકલ્પોનો ત્યાગ કરી, વિષયોથી મન વ્યાવૃત્ત કરી, એકાન્તમાં સ્વાત્મના અવલોકનનો અભ્યાસ કરવો, તેનાથી થોડા સમયમાં શુદ્ધાત્મસ્વરૂપની પ્રાપ્તિ થાય છે. ૩૮.

સ્વાત્મ-સંવિત્તિ વધતાં જે ચિહ્નો થાય છે તે સાંભળ; જેમકે –

## શ્લોક-૩૯

**અન્વયાર્થઃ-** યોગી [ **निःशेषं जगत्** ] સમસ્ત જગતને [ **इन्द्रजालोपम्** ] ઇન્દ્રજાલ સમાન [ **निशामयति** ] સમજે છે (દેખે છે), [ **आत्मलाभाय** ] આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટે [ **स्पृहयति** ] સ્પૃહા (અભિલાષા) કરે છે અને [ **अन्यत्र गत्वा अनुतप्यते** ] અન્યત્ર (અન્ય વિષયમાં) લાગી જાય, તો તે પશ્ચાતાપ કરે છે.

**ટીકાઃ-** '**योगी**' શબ્દ અન્ત દીપક હોવાથી બધે યોજવો (અર્થાત્ **नशामयति**, **स्पृहयति** આદિ ક્રિયાપદો સાથે તેને કર્તા તરીકે યોજવો).

**ઇન્દ્રજાલ સમ દેખ જગ, આતમહિત ચિત્ત લાય,**

**અન્યત્ર ચિત્ત જાય જો, મનમાં તે પસ્તાય. ૩૯.**

**चराचरं बहिर्वस्तुजातमवश्योपेक्षणियतया हानोपादानबुद्धिविषयत्वादिन्द्रजालिकोपदर्शितसर्पहारादिपदार्थसार्थसद्दशं पश्यति। तथात्मलाभाय स्पृहयिति चिदानन्दस्वरूपमात्मानं संवेदयितुमिच्छति। तथा अत्यन्त्र स्वात्मव्यतिरिक्ते यत्र क्वापि वस्तुनि पूर्वसंस्कारादिवशात्मनोवाक्कायैर्गत्वा व्यावृत्य अनुतप्यते स्वयमेव, आः कथं मयेदमना-त्मीनमनुष्ठितमिति पश्चात्तापं करोति।**

---

સ્વાત્મ-સંવેદનમાં જેને રસ છે તેવો ધ્યાતા ( યોગી ) ચર ( જંગમ ), અચર ( સ્થાવર ) રૂપ બાહ્ય વસ્તુ-સમૂહને, ઇન્દ્રજાલિક દ્વારા બતાવેલા સર્પ, હારાદિ પદાર્થ-સમૂહ સમાન દેખે છે, કારણ કે અવશ્ય ઉપેક્ષણીયપણાને લીધે ( તે વસ્તુઓ ) ત્યાગ-ગ્રહણ ( વિષયક ) બુદ્ધિનો વિષય છે; તથા તે આત્મલાભ માટે સ્પૃહા ( ઇચ્છા ) કરે છે, અર્થાત્ ચિદાનંદસ્વરૂપ આત્માનો અનુભવ કરવા ઈચ્છે છે; તથા અન્યત્ર અર્થાત્ સ્વાત્માને છોડી અન્ય કોઈપણ વસ્તુમાં, પૂર્વના સંસ્કારાદિવશ મન-વચન-કાયથી પ્રવૃત્તિ કરે તો ત્યાંથી હઠી ( પાછા વળી ) સ્વયં જ પશ્ચાતાપ કરે છે કે "અરે! મારાથી અનાત્મીન ( આત્માને અહિતરૂપ ) અનુષ્ઠાન કેમ થયું ?" એવો પશ્ચાત્તપ કરે છે.

**ભાવાર્થઃ-** જેને સ્વાત્મ-સંવેદનમાં રસ છે-આનંદ આવે છે તેને જગતના સ્થાવર અને જંગમરૂપ સમસ્ત બાહ્ય પદાર્થો તથા ઇન્દ્રિય-વિષયો ઇન્દ્રજાલ સમાન નિઃસાર તથા વિનશ્વર પ્રતીત થાય છે. તેને હવે સાંસારિક વિષય-ભોગની ઇચ્છા થતી નથી, પરંતુ આત્મસ્વરૂપની જ પ્રાપ્તિ માટે પ્રબલ ભાવના રહ્યા કરે છે.

આત્મસ્વરૂપને છોડી અન્ય પદાર્થો તરફ તેની વૃત્તિ જતી નથી, અને કદાચ પૂર્વના સંસ્કારવશ તથા પોતાની અસ્થિરતાને લીધે તે પ્રતિ મન-વચન-કાય દ્વારા પ્રવૃત્તિ થઈ જાય, તો ત્યાંથી તુરત પાછો હઠી અફસોસ કરે છે કે, "અરે! મારા સ્વરૂપથી ચ્યુત થઈ, હું આત્માનું અહિત કરી બેઠો!" એમ તે પશ્ચાત્તાપ કરે છે અને આત્મ-નિન્દા-ગર્હાદિ કરી પોતાની શુદ્ધિ કરે છે.

જ્ઞાની જગતના પદોર્થોને જ્ઞેય સમજી આત્મસ્વરૂપમાં લીન રહે છે-તે વાત દર્શાવતાં આચાર્ય શ્રી અમિતગતિએ 'સુભાષિત રત્નસંદોહ' શ્લોક ૩૩૫માં કહ્યું છે કે-

"આ લક્ષ્મી થોડા જ દિવસ સુખદાયક પ્રતીત થાય છે, તરુણ સ્ત્રીઓ જુવાનીમાં જ મનને અતુલ આનંદ આપે છે, વિષય-ભોગો વીજળી સમાન ચંચળ છે અને શરીર વ્યાધિઓથી ગ્રસિત રહે છે. એમ વિચારી ગુણવાન જ્ઞાની પુરુષો આત્મસ્વરૂપમાં જ રત ( લીન ) રહે છે." *

---

* भवत्येषा लक्ष्मीः कतिपयदिनान्येव सुखदा-
तरुण्यस्तारुण्ये विदधति मनःप्रीतिमतुलां।
तडिल्लोलाभोगा वपुरविचलं व्याधि-कलितं,
बुधाः संचिन्त्येति प्रगुणमनसो ब्रह्मणि रताः।।३३५।।
( सुभाषितरत्नसंदोह-श्री अमितगतिराचार्यः )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तथा-

इच्छत्येकान्तसंवासं निर्जनं जनितादरः।
निजकार्यवशात्किंचिदुक्त्वा विस्मरति द्रुतं।।४०।।

टीका- एकांते स्वभावतो निर्जने गिरिगहनादौ संवासं गुर्वादिभिः सहावस्थानमभिलषति। किं विशिष्टःसन्? जनितादरो जनमनोरंजनचमत्कारिमंत्रादिप्रयोगवार्त्ता-निर्वृत्तौ कृतप्रयत्नः। कस्मै? निर्जनं जनाभावाय स्वार्थवशाल्लाभालाभादिप्रश्नार्थं लोकमुपसर्प्पन्तं निषेधुमित्यर्थः। ध्यानाद्धि लोकचमत्कारिणः प्रत्ययाः स्युः।

तथाचोक्तम्, [ तत्त्वानुशासने ] -

---

તથા–

## શ્લોક-૪૦

**અન્વયાર્થઃ**- [ **निर्जनं जनितादरः** ] નિર્જનતા માટે જેને આદર ઉત્પન્ન થયો છે તેવો યોગી [ **एकान्तसंवासं इच्छति** ] એકાન્તવાસને ઇચ્છે છે, અને [ **निजकार्यवशात्** ] નિજ કાર્યવશ [ **किंचित् उक्त्वा** ] કંઈક બોલી ગયો હોય તો તે [ **द्रुतं** ] જલદી [ **विस्मरति** ] ભૂલી જાય છે.

**ટીકાઃ**- એકાન્તમાં-સ્વભાવથી નિર્જન એવા પર્વત, વનાદિમાં સંવાસ-અર્થાત્ ગુરુઆદિ સાથે રહેવાની અભિલાષા કરે છે. કેવો થઈને? જેને (નિર્જન સ્થાન માટે આદર ઉત્પન્ન થયો છે) તથા લોકોનું મન રંજન કરનાર ચમત્કારી મંત્ર-આદિના પ્રયોગની વાતોની નિવૃત્તિ અર્થે (-પ્રયોગની વાતો બંધ કરવા માટે) જેણે પ્રયત્ન કર્યો છે તેવો તે-કોને માટે (આદર) છે? નિર્જન સ્થાન માટે અર્થાત્ લોકના અભાવ માટે-સ્વાર્થવશ લાભ-અલાભાદિના પ્રશ્નો પૂછવા માટે પાસે આવતા લોકોને નિષેધ કરવા માટે (મનાઈ કરવા માટે તેને નિર્જન સ્થાન માટે આદર છે) -એવો અર્થ છે.

ધ્યાનથી જ લોક-ચમત્કારી અતિશયો થાય છે; તથા

‘**तत्त्वानुशासन**’ – શ્લોક ૮૭ માં કહ્યું છે કેઃ-

**ચાહે ગુપ્ત નિવાસને, નિર્જન વનમાં જાય,**
**કાર્યવશ જો કંઈ કહે, તુર્ત જ ભૂલી જાય. ૪૦**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

" गुरुपदेशमासाद्य समभ्यस्यन्ननारतं।
धारणासौष्ठवाध्यानप्रत्ययानपि पश्यति "।।८७।।

तथा स्वस्वावश्यकरणीयभोजनादिपारतंत्र्यात्किंचिद्ल्पमसमग्रं श्रावकादिकं प्रति अहो इति अहो इदं कुर्वन्नित्यादि भाषित्वा तत्क्षण एव विस्मरति। भगवन्! किमादिश्य इति श्रावकादौ पृच्छति सति न किमप्युत्तरं ददाति।

तथा-

ब्रुवन्नपि हि न ब्रूते गच्छन्नपि न गच्छति।
स्थिरीकृतात्मतत्त्वस्तु पश्यन्नपि न पश्यति।।४१।।

---

'ગુરુનો ઉપદેશ પ્રાપ્ત કરી નિરંતર અભ્યાસ કરનાર ધારણાના સૌષ્ઠવથી (પોતાની સમ્યક્ અને સુદ્રઢ અવધારણ શક્તિના બળથી), ધ્યાનના પ્રત્યયો (લોક ચમત્કારી અતિશયો) દેખે છે;'

તથા પોતાને અવશ્ય કરવા યોગ્ય ભોજનાદિની પરતંત્રતાના કારણે કંઈક-થોડુંક શ્રાવકાદિને કહે છે, "અહો! અહો આ! અહો એ કરો," ઇત્યાદિ કહીને તે ક્ષણે જ તે ભૂલી જાય છે, 'ભગવન્! શો હુકમ છે?' એમ શ્રાવકાદિ પૂછે છે છતાં તે કંઈ ઉત્તર આપતા નથી.

**ભાવાર્થઃ-** સ્વ-પરના ભેદવિજ્ઞાનના અભ્યાસના બળે જ આત્માને સ્વાત્માનુભવનું વેદન થાય છે, ત્યારે તે લોકોને રંજન કરે તેવા મંત્ર-તંત્રના પ્રયોગની વાતોથી દૂર રહેવા માટે તથા લોકો પોતાના સ્વાર્થની ખાતર લાભાલાભના પ્રશ્નો પૂછી તેને આત્મધ્યાનમાં ખલેલ ન કરે તે માટે તે આદરપૂર્વક નિર્જન સ્થાનમાં રહેવા ઇચ્છે છે.

ભોજનાદિની પરતંત્રતાને લીધે તેને નિર્જન સ્થાન છોડી આહારાર્થે શ્રાવકોની વસ્તિમાં જવું પડે, તો કાર્યવશાત્ અલ્પ વચનાલાપ પણ કરે છે, પરંતુ આહાર લઈ પોતાના સ્થાને આવી જ્યારે તે સ્વરૂપ-ચિન્તનમાં લીન થઈ જાય છે, ત્યારે તે વચનાલાપ સંબંધી સર્વ ભૂલી જાય છે. કોઈ પૂછે તોપણ તે કાંઈ ઉત્તર આપતા નથી.

તથા-

દેખે પણ નહીં દેખતા, બોલે છતાં અબોલ,
ચાલે છતાં ન ચાલતા, તત્ત્વસ્થિત અડોલ. ૪૧

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**टीका- स्थिरीकृतात्मतत्त्वो दृढप्रतीतिगोचरीकृतस्वस्वरूपो योगी संस्कारवशात्परोपरोधेन ब्रुवन्नपि धर्मादिकं भाषमाणोऽपि ( न केवलं योगेन तिष्ठति ह्यपि शब्दार्थ: ). न ब्रूते हि न भाषत एव। तत्राभिमुख्याभावात्।**

**उक्तं च [ समाधितंत्रे ] -**

**" आत्मज्ञानात्परं कार्यं न बुद्धौ धारयेच्चिरम्।**
**कुर्यादर्थवशाकिञ्चिद्वाक्कायाभ्यामतत्पर: " ।।५०।।**

**तथा भोजनार्थं व्रजन्नपि न व्रजत्यपि। तथा सिद्धप्रतिमादिकमवलोकयन्नपि नावलोकयत्येवतुरेवार्थ:।**

---

## શ્લોક-૪૧

**અન્વયાર્થ**:- [ **स्थिरीकृतात्मतत्त्व:** ] જેણે આત્મતત્ત્વના વિષયમાં સ્થિરતા પ્રાપ્ત કરી છે તે [ **तु ब्रुवन् अपि न ब्रुते** ] બોલતો હોવા છતાં બોલતો નથી, [ **गच्छन् अपि न गच्छति** ] ચાલતો હોવા છતાં ચાલતો નથી અને [ **पश्यन् अपि न पश्यति** ] દેખતો હોવા છતાં દેખતો નથી.

**ટીકા**:- જેણે આત્મતત્ત્વના વિષયમાં સ્થિરતા પ્રાપ્ત કરી છે-અર્થાત્ જેણે આત્મસ્વરૂપને દૃઢ પ્રતીતિનો વિષય બનાવ્યો છે તેવો યોગી સંસ્કારવશ યા બીજાના ઉપરોધથી ( અનુરોધથી ) બોલતો હોવા છતાં અર્થાત્ ધર્માદિકનું વ્યાખ્યાન કરતો હોવા છતાં ન તે યોગ સહિત છે ( યોગમાં સ્થિત છે ) -એવો अपि શબ્દનો અર્થ છે. પણ તે બોલતો જ નથી-ભાષણ કરતો જ નથી, કારણ કે તેને ( યોગીને ) બોલવા તરફ અભિમુખપણાનો અભાવ છે.

' **समाधितन्त्र** ' -શ્લોક ૫૦ માં કહ્યું છે કે:-

( અન્તરાત્મા ) આત્મજ્ઞાનથી ભિન્ન અન્ય કાર્યને પોતાની બુદ્ધિમાં ચિરકાલ તક ( લાંબા સમય સુધી ) ધારણ કરે નહિ. જો પ્રયોજનવશાત્ તે વચન-કાયથી કંઈ પણ કરવાનો વિકલ્પ કરે તો તે અતત્પર થઈ કરે. "

તથા ( યોગી ) ભોજન માટે જતો હોવા છતાં જતો નથી અને સિદ્ધપ્રતિમા-દિકને દેખતો હોવા છતાં દેખતો જ નથી, એ જ એનો અર્થ છે.

**ભાવાર્થ**:- જે યોગીએ આત્મસ્વરૂપને પોતાની દૃઢ પ્રતીતિનો વિષય બનાવ્યો છે અર્થાત્ આત્મસ્વરૂપના વિષયમાં સ્થિરતા પ્રાપ્ત કરી છે તેને સંસ્કારવશ યા બીજાના અનુરોધથી કંઈ બોલવું પડે યા ધાર્મિક ઉપદેશ દેવો પડે છતાં તે કાર્યમાં તેની બુદ્ધિપૂર્વક પ્રવૃત્તિ નહિ હોવાથી તે ઉપદેશ દેતો હોવા છતાં તે ઉપદેશ દેતો નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**तथा-**

**किमिदं कीदृशं कस्य कस्मात्क्वेत्यविशेषयन्।**
**स्वदेहमपि नावैति योगी योगपरायणः।।४२।।**

**टीका- इदमध्यात्ममनुभूयमानं तत्त्वं किं किंरूपं कीदृशं केन सदृशं कस्य स्वामिकं कस्मात्कस्य सकाशात्क्व कस्मिन्नस्तीत्यविशेषयन् अविकल्पयन्सन् योगपरायणः समरसीभावमापन्नो योगी स्वदेहमपि न चेतयति का कथा हिताहितदेहातिरिक्तवस्तुचेतनायाः।**

---

જ્ઞાનીને કાર્યવશાત્ કોઈ કાર્યમાં પ્રવૃત્તિ કરવી પડે તો કાર્યસમયે પણ તે પોતાના જ્ઞાનસ્વરૂપી આત્માને ચૂકતો નહિ હોવાથી તેને તે કાર્ય પ્રતિ બુદ્ધિપૂર્વક ઝુકાવ (અભિમુખપણું) –હોતું નથી, તેથી તે બાહ્યમાં કાર્ય કરતો જણાતો હોવા છતાં, વાસ્તવમાં તે કાર્ય કરતો નથી. જ્ઞાનીની બધી ક્રિયાઓ રાગના સ્વામિત્વ રહિત હોય છે, તેથી તેની બધી બાહ્ય ક્રિયાઓ નહિ કર્યા સમાન છે. ૪૧.

તથા–

## શ્લોક-૪૨

**અન્વયાર્થઃ-** [ **योगपरायणः** ] યોગપરાયણ (ધ્યાનમાં લીન) [ **योगी** ] યોગી, [ **किंइदं** ] આ શું છે? [ **कीदृशं** ] કેવું છે? [ **कस्य** ] કોનું છે? [ **कस्मात्** ] શાથી છે? [ **क्व** ] ક્યાં છે? [ **इति अविशेषयन्** ] ઇત્યાદિ ભેદરૂપ વિકલ્પો નહિ કરતો થકો [ **स्वदेहम् अपि** ] પોતાના શરીરને પણ [ **न अवैति** ] જાણતો નથી (–તેને પોતાના શરીરનો પણ ખ્યાલ રહેતો નથી).

**ટીકાઃ-** આ અનુભવમાં આવતું આધ્યાત્મિક તત્ત્વ (અન્તસ્તત્વ) શું છે? કેવા સ્વરૂપવાળું છે? કેવું છે? કોના જેવું છે? તેનો સ્વામી કોણ છે? કોનાથી છે? ક્યાં છે? ઇત્યાદિ ભેદ નહિ પાડતો અર્થાત્ વિકલ્પો નહિ કરતો યોગપરાયણ–અર્થાત્ સમરસીભાવને પ્રાપ્ત થયેલો–યોગી પોતાના શરીરનો પણ ખ્યાલ કરતો નથી, તો શરીરથી ભિન્ન હિતકારી યા અહિતકારી વસ્તુઓની ચિંતા કરવાની તો વાત જ શું?

**કોનું, કેવું, કયાં, કહીં, -આદિ વિકલ્પ વિહીન,**
**જાણે નહિ નિજ દેહને, યોગી આતમ-લીન. ૪૨.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**तथा चोक्तम् [ तत्त्वानुशासने ] -**

**" तदा च परमैकाग्र्याद्बहिरर्थेषु सत्स्वपि।**
**अन्यन्न किञ्चनाभाति स्वमेवात्मनि पश्यत: "।।१७२।।**

**अत्राह शिष्य:- कथमेतदिति। भगवान्। विस्मयो मे कथमेतदवस्थान्तरं संभवति।**

---

તથા '**तत्त्वानुशासनं**' – શ્લોક ૧૭૨ માં કહ્યું છે કેઃ–

'તે વખતે (સમાધિકાલમાં) આત્મામાં આત્માને જ દેખનાર યોગીને બાહ્યમાં પદાર્થો હોવા છતાં પરમ એકાગ્રતાના કારણે (આત્મા સિવાય) અન્ય કાંઈ પણ ભાસતું નથી (માલૂમ પડતું નથી).

**ભાવાર્થઃ-** જ્યારે યોગી ધ્યાનમાં લીન હોય છે ત્યારે તે સમરસી ભાવનો અનુભવ કરે છે–અર્થાત્ નિજાનંદરસનું પાન કરે છે. આત્મસ્વરૂપના અનુભવ કાળે તે આત્મ–તત્ત્વ સંબંધી, તે શું છે? કેવું છે? ક્યાં છે? ઇત્યાદિ સંકલ્પ–વિકલ્પોથી રહિત હોય છે. આ નિર્વિકલ્પ દશામાં તેને પોતાના શરીર તરફ ઉપયોગ જતો નથી, તો શરીરથી ભિન્ન અન્ય પદાર્થોની તો વાત જ શું કરવી? અર્થાત્ બાહ્ય પદાર્થો હોવા છતાં પરમ એકાગ્રતાને લીધે તેનો તેને કાંઈ પણ અનુભવ થતો નથી.

ભેદવિજ્ઞાનદ્વારા શરીરાદિથી મમત્વ હઠાવી જ્યારે યોગી આત્મ–સ્વરૂપમાં સ્થિર થઈ આનંદમગ્ન હોય છે ત્યારે ક્ષુધા–તૃષાદિથી કે ઉપસર્ગ–પરીષહાદિથી ખેદખિન્ન થતો નથી. 'સમાધિતંત્ર–શ્લોક ૩૪માં * કહ્યું છે કેઃ–

"આત્મા અને દેહના ભેદ–વિજ્ઞાનથી ઉત્પન્ન થયેલો આહ્લાદથી (આનંદથી) જે આનંદિત છે, તે (યોગી) તપદ્વારા ભયાનક દુષ્કર્મને ભોગવતો હોવા છતાં ખેદ પામતો નથી." ૪૨.

અહીં શિષ્ય કહે છે–એ કેવી રીતે? ભગવન્! મને આશ્ચર્ય થાય છે કે એવી અવસ્થાન્તર (વિભિન્ન–વિલક્ષણ અવસ્થા) કેવી રીતે સંભવે?

* आत्मदेहान्तरज्ञानजनिताह्लादनिर्वृत्त: ।
तपसा दुष्कृतं घोरं भुञ्जानोऽपि न खिद्यते।।
[ समाधितन्त्रे–श्री पूज्यपादाचार्य: ]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**गुरुराह-धीमन्निबोध।**

**यो यत्र निवसन्नास्ते स तत्र कुरुते रतिं।**
**यो यत्र रमते तस्मादन्यत्र स न गच्छति।।४३।।**

**टीका- यो जनो यत्र नगरादौ स्वार्थे सिद्ध्यंगत्वेन बद्धनिर्बन्धवास्तव्ये भवन् तिष्ठति स तस्मिन्नन्यस्मान्निवृत्तचित्ततत्त्वानिर्वृतित्वं लभते। यत्र यश्च तथा निर्वाति स ततोऽन्यत्र न यातीति प्रसिद्धं सुप्रतीतमत: प्रतीहि योगिनोऽध्यात्मं निवसतोऽननुभूतापूर्वानंदानुभवादन्यत्र वृत्त्यभाव: स्यादिति।**

---

ગુરુ કહે છે–ધીમન્! સમજ.

## શ્લોક-૪૩

**અન્વયાર્થ:-** [ **य:** ] જે [ **यत्र** ] જ્યાં [ **निवसन् आस्ते** ] નિવાસ કરે છે [ **स:** ] તે [ **तत्र** ] ત્યાં [ **रतिं कुरुते** ] રતિ કરે છે અને [ **य:** ] જે [ **यत्र** ] જ્યાં [ **रमते** ] રમે છે [ **स:** ] તે [ **तस्मात्** ] ત્યાંથી બીજે [ **न गच्छति** ] જતો નથી.

**ટીકા:-** જે મનુષ્ય જ્યાં એટલે નગરાદિમાં સ્વાર્થ માટે અર્થાત્ કોઈ (પ્રયોજનની) સિદ્ધિ અંગે (બંધુ જનોના) આગ્રહથી નિવાસી થઈ ને રહે છે, તે ત્યાં અન્ય તરફથી ચિત્ત હઠાવી લીધેલું હોવાથી, આનંદ પ્રાપ્ત કરે છે (અનુભવે છે) અને જ્યાં જે તેવી રીતે આનંદ અનુભવે છે તે ત્યાંથી બીજે ઠેકાણે જતો નથી–એ (વાત) પ્રસિદ્ધ છે– પ્રતીત છે; માટે વિશ્વાસ કર કે, 'આત્મામાં નિવાસ કરતા યોગીને અનનુભૂત (પૂર્વે નહિ અનુભવેલો) અપૂર્વ આનંદનો અનુભવ થતો હોવાથી, તેને બીજે ઠેકાણે વૃત્તિનો અભાવ હોય છે અર્થાત્ અધ્યાત્મ સિવાય બીજે ઠેકાણે પ્રવૃત્તિ હોતી નથી).

**ભાવાર્થ:-** જે માણસ જે શહેર નગર કે ગ્રામમાં રહે છે, તેને તે સ્થાન પ્રતિ એટલો મમત્વભાવ–રતિભાવ થઈ જાય છે કે તેને ત્યાં જ રમવાનું ગમે છે, ત્યાં જ આનંદ આવે છે; તે સ્થાન છોડી બીજે જવું તેને રુચતું નથી; તેવી રીતે આત્મસ્વરૂપમાં સ્થિત યોગીને–રમતા યોગીને આત્મામાં એવો અપૂર્વ આનંદ આવે છે કે તેને આત્મામાં જ વિહાર કરવાનું રુચે છે, બીજા પદાર્થોમાં વિહરવાની વૃત્તિ થતી નથી, કારણ કે નિજાત્મરસના અનુભવ આગળ બાહ્ય પદાર્થો તથા વિષય–ભોગો બધા તેને નીરસ તથા દુ:ખદાયી લાગે છે. ૪૩.

**જે જ્યાં વાસ કરી રહે, ત્યાં તેની રુચિ થાય.**
**જે જ્યાં રમણ કરી રહે, ત્યાંથી બીજે ન જાય. ૪૩.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

अन्यत्राप्रवर्त्तमानश्चेदृक् स्यात्-

अगच्छंस्तद्विशेषाणामनभिज्ञश्च जायते।
अज्ञाततद्विशेषस्तु बद्धयते न विमुच्यते।।४४।।

टीका-- स्वात्मतत्त्वनिष्ठोऽन्यत्र अगच्छन्नप्रवतमानस्तस्य स्वात्मनोऽन्यस्य देहादेःविशेषाणां सौन्दर्यासौन्दर्यादिधर्माणामनभिज्ञ आभिमुख्येनाप्रतिपत्तश्च भवति। अज्ञाततद्विशेषः पुनस्तत्राजायमानरागद्वेषत्वात्कर्मभिर्न बध्यते। किं तर्हि? विशेषेण व्रताद्यनुष्ठातृभ्योऽतिरेकेण तैर्मुच्यते।

---

અન્યત્ર ન પ્રવર્તતો હોય ત્યારે તે આવો હોયઃ-

## શ્લોક-૪૪

**અન્વયાર્થઃ-** [ **अगच्छन्** ] ( બીજે ઠેકાણે ) નહિ જતો ( અન્યત્ર પ્રવૃત્તિ નહિ કરતો યોગી ) [ **तद्विशेषाणाम्** ] તેના વિશેષોનો ( અર્થાત્ દેહાદિના વિશેષોનો સૌન્દર્ય, અસૌન્દર્યાદિ ધર્મોનો ) [ **अनभिज्ञः च जायते** ] અનભિજ્ઞ રહે છે ( તેનાથી અજાણ રહે છે ) અને [ **अज्ञाततद्विशेषः** ] ( સૌન્દર્ય-અસૌન્દર્યાદિ ) વિશેષોનો અજાણ હોવાથી [ **न बध्यते** ] તે બંધાતો નથી, [ **तु विमुच्यते** ] પરંતુ વિમુક્ત થાય છે.

**ટીકાઃ-** સ્વાત્મ-તત્ત્વમાં સ્થિર થયેલો યોગી, જ્યારે બીજે ઠેકાણે જતો નથી. પ્રવૃત્તિ કરતો નથી, ત્યારે તે સ્વાત્માથી ભિન્ન શરીરાદિના વિશેષોથી અર્થાત્ સૌન્દર્ય-અસૌન્દર્યાદિ ધર્મોનો અનભિજ્ઞ ( અજાણ ) રહે છે, અર્થાત્ તે જાણવાને અભિમુખ ( ઉત્સુક ) થતો નથી અને તે વિશેષોથી તે અજ્ઞાત હોવાથી તેમાં તેને રાગ-દ્વેષ ઉત્પન્ન થતો નથી; તેથી તે કર્મોથી બંધાતો નથી. ત્યારે શું થાય છે? વિશેષ કરીને ( ખાસ કરીને ) વ્રતાદિનું અનુષ્ઠાન ( આચરણ ) કરનારાઓ કરતાં તે અતિરેકથી ( અતિશયપણે ) તેમનાથી ( કર્મોથી ) મુક્ત થાય છે.

**ભાવાર્થઃ-** આત્મસ્વરૂપમાં સ્થિર યોગીને આત્મા સિવાય શરીરાદિ બાહ્ય પદાર્થોમાં પ્રવૃત્તિ હોતી નથી. તેથી તેને તે પદાર્થોમાં ઇષ્ટ-અનિષ્ટની કલ્પનાનો અભાવ હોવાથી તેને રાગ-દ્વેષ ઉત્પન્ન થતો નથી અને બંધના કારણરૂપ રાગ-દ્વેષના અભાવમાં તે કર્મોથી બંધાતો નથી, પરંતુ તેને અનેકગણી નિર્જરા થાય છે.

**વિશેષોથી અજ્ઞાત રહી, નિજ રૂપમાં લીન થાય,**
**સર્વ વિકલ્પાતીત તે, છૂટે, નહિ બંધાય. ૪૪.**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**किं च-**

**परः परस्ततो दुःखमात्मैवात्मा ततः सुखम्।**

**अत एव महात्मानस्तन्निमित्तं कृतोद्यमाः।।४५।।**

**टीका- परो देहादिरर्थः पर एव कथंचिदपि तस्यात्मीकर्त्तुमशक्यत्वात्। यतश्चैवं ततस्तस्मादात्मन्यारोप्यमाणाद्दुःखमेव स्यात्तद्द्वारत्वाद् दुःख-निमित्तानां प्रवृत्तेः। तथा आत्मा आत्मैव स्यात्। तस्य कदाचिदपि देहादिरूपत्वानुपादानात्। यतश्चैवं ततस्तस्मात्सुखं स्याद्दुःखनिमित्तानां तस्याविषयत्वात्। यतश्चैवं, अतएव महात्मानस्तीर्थंकरादयस्तस्मिन्निमित्तमात्मार्थं कृतोद्यमा विहिततपोनुष्ठानाभियोगाः संजाताः।**

---

જ્ઞાનીને વ્રતાદિના આચરણનો વિકલ્પ એ શુભ રાગ છે, તેનાથી તો તેની સાથે જે આસ્રવ–બંધ જ થાય પરંતુ તે કાળે જે તેની સાથે જે શુદ્ધ પરિણતિ છે, તે જ નિર્જરાનું વાસ્તવિક કારણ છે. તેનાથી યોગીઓને નિર્વિકલ્પ દશામાં તેનાથી પણ અતિશય નિર્જરા થાય છે.

વળી,

## શ્લોક-૪૫

**અન્વયાર્થઃ-** [ **परःपरः** ] પર તે પર છે, [ **ततः दुःखं** ] તેનાથી દુઃખ થાય છે અને [ **आत्मा आत्मा एव** ] આત્મા તે આત્મા જ છે, [ **ततः सुखम्** ] તેનાથી સુખ થાય છે; [ **अतः एव** ] તેથી જ [ **महात्मानः** ] મહાત્માઓએ [ **तन्निमित्तं** ] તેના નિમિત્તે ( સુખાર્થે ) [ **कृतोद्यमाः** ] ઉદ્યમ કર્યો છે.

**ટીકાઃ-** પર એટલે દેહાદિક પદાર્થ પર જ છે, કારણ કે તેને કોઈ રીતે પણ પોતાનો કરવો અશક્ય છે. એમ છે તેથી તેનો આત્મામાં આરોપ કરવાથી ( તેને આત્મા માનવાથી ) દુઃખ જ થાય છે, કારણ કે દુઃખનાં કારણોની પ્રવૃત્તિ તેના દ્વારા ( આરોપણદ્વારા ) થાય છે તથા આત્મા આત્મા જ છે, કારણ કે તે કદી પણ દેહાદિરૂપ થતો નથી. ( દેહાદિરૂપ ગ્રહણ કરતો નથી ). એમ છે તેથી તેનાથી સુખ થાય છે, કારણ કે દુઃખનાં કારણોનો તે અવિષય છે. એમ છે તેથી તીર્થંકરાદિ મહાપુરુષોએ, તેના કારણે અર્થાત્ આત્માર્થે ઉદ્યમ કર્યો–અર્થાત્ શાસ્ત્ર વિહિત તપોના અનુષ્ઠાનમાં ( આચરણમાં ) અભિયોગ ( કૃત પ્રયત્ન ) બન્યા.

**પર તો પર છે દુઃખરૂપ, આત્માથી સુખ થાય,**

**મહા પુરુષો ઉદ્યમ કરે, આત્માર્થે મન લાય. ૪૫**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**अथ परद्रव्यानुरागे दोषं च दर्शयति-**

अविद्वान्पुद्गलद्रव्यं योऽभिनन्दति तस्य तत्।
न जातु जन्तोः सामीप्यं चतुर्गतिषु मुञ्चति।।४६।।

**टीका- यः पुनरविद्वान् हेयोपादेयतत्त्वानभिज्ञः पुद्गलद्रव्यं देहादिकमभिनंदति श्रद्धत्ते आत्मात्मीयभावेन प्रतिपद्यते तस्य जंतोर्जीवस्य तत्पुद्गलद्रव्यं चतसृषु नारकादिगतिषु सामीप्यं प्रत्यासत्तिं संयोगसम्बन्धं जातु कदाचिदपि न त्यजति।**

---

**ભાવાર્થઃ-** શરીર, સ્ત્રી, પુત્ર, મિત્રાદિ આત્માથી ભિન્ન પર પદાર્થો છે. તેઓ કદી આત્મારૂપ થતાં નથી છતાં અજ્ઞાની તેમાં આત્મબુદ્ધિ કરી તેમના સંયોગ-વિયોગમાં સુખ-દુઃખની કલ્પના કરી દુઃખી થાય છે. "संयोगानां वियोगो हि भविता हि नियोगतः"। સંયોગી પદાર્થોનો નિયમથી વિયોગ થાય છે; તેથી સંયોગી શરીરાદિ પર પદાર્થો તરફનો અનુરાગ દુઃખનું કારણ છે.

આત્મા આત્મા જ છે. તે કદી દેહાદિરૂપ થતો નથી, તેથી તે દુઃખનું કારણ નથી પણ સુખરૂપ છે. માટે તીર્થંકરાદિ મહાપુરુષોએ, આત્મસ્વરૂપમાં સ્થિર થવા માટે નિશ્ચય તપદ્વારા ઉદ્યમ કર્યો છે. ૪૫.

હવે પરદ્રવ્યોના અનુરાગમાં દોષ બતાવે છેઃ-

## શ્લોક-૪૬

**અન્વયાર્થઃ-** [ **यः अविद्वान्** ] જે (હેય-ઉપાદેય તત્ત્વોને નહિ જાણનાર) અવિદ્વાન્ [ **पुद्गलद्रव्यं** ] પુદ્ગલ દ્રવ્યને (શરીરાદિકને) [ **अभिनन्दति** ] અભિનંદે છે-શ્રદ્ધે છે (અર્થાત્ તેને પોતાનું સ્વરૂપ માને છે) [ **तस्य जन्तोः** ] તે બિચારા જીવની સાથેના [ **सामीप्यं** ] સંયોગ-સંબંધને [ **तत्** ] તે (પુદ્ગલ) [ **चतुर्गतिषु** ] નરકાદિ ચાર ગતિઓમાં [ **जातु न मुञ्चति** ] કદાચિત્ પણ છોડતો નથી.

**ટીકાઃ-** વળી જે અવિદ્વાન છે અર્થાત્ હેય-ઉપાદેય તત્ત્વોનો અનભિજ્ઞ છે તે પુદ્ગલદ્રવ્યને એટલે દેહાદિકને અભિનંદે છે-શ્રદ્ધે છે અર્થાત્ તેને આત્મભાવે અને આત્મીયભાવે (અર્થાત્ આત્મરૂપ અને આત્માનું) માને છે; તે બિચારા જીવનું સમીપપણું (-પ્રત્યાસન્નપણું-નિકટતા સંયોગ-સંબંધ) તે પુદ્ગલદ્રવ્ય નરકાદિ ચાર ગતિઓમાં કદાચિત્ પણ છોડતું નથી.

**અભિનંદે અજ્ઞાની જે, પુદ્ગલને નિજ જાણ,**
**ચૌગતિમાં નિજ સંગને, તજે ન પુદ્ગલ, માન. ૪૬.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**अथाह शिष्यः- स्वरूपपरस्य किं भवतीति सुगमं।**

**गुरुराह-**

**आत्मानुष्ठाननिष्ठस्य व्यवहारबहिःस्थितेः।**
**जायते परमानन्दः कश्चिद्योगेन योगिनः।।४७।।**

---

**ભાવાર્થઃ-** અજ્ઞાની જીવ શરીરાદિક પુદ્‌ગલને આત્મસ્વરૂપ અને આત્માનું માને છે, તેથી પુદ્‌ગલ-દ્રવ્ય ચારે ગતિઓમાં આત્મા સાથેનો સંબંધ છોડતું નથી. તે સાથે ને સાથે જ રહે છે.

શરીરાદિક પુદ્‌ગલ દ્રવ્ય અચેતન છે. તે આત્માથી સર્વથા ભિન્ન છે. તેની સાથેની એકતા સર્વથા હેય છે, પરંતુ અજ્ઞાની મિથ્યાદ્રષ્ટિ જીવને હેય-ઉપાદેયનો વિવેક નહિ હોવાથી તે આત્માથી ભિન્ન પદાર્થોમાં આત્મબુદ્ધિ કરે છે, અર્થાત્ તેમને આત્મસ્વરૂપ માને છે. તેમની અનુકૂલ-પ્રતિકૂલરૂપ પરિણતિ જોઈ તે રાગ-દ્વેષ કરે છે અને રાગ-દ્વેષજનિત આસ્રવ-બંધથી તેને નરકાદિ ચતુર્ગતિરૂપ સંસારમાં પરિભ્રમણ થાય છે. એ રીતે જીવ સાથેનો પુદ્‌ગલ-સંબંધ ચાલુ રહે છે. તે કદી છૂટતો નથી. સમાધિતંત્ર શ્લોક ૧૫ માં કહ્યું છે કે-

**' मूलं संसारदुःखस्य देह एवात्मधीस्ततः ' ।**

દેહમાં જ આત્મબુદ્ધિ કરવી તે સંસારના દુઃખનું કારણ છે. ૪૬

પુદ્‌ગલ મારું નથી, માટે પુદ્‌ગલનું કાંઈપણ હું કરી શકું નહિ એવો નિર્ણય કરી આત્મસન્મુખ થવું, જેથી પુદ્‌ગલ સાથેનો સંબંધ છૂટી જાય.

જીવની સાથે રહેવું કે ન રહેવું-એવું પુદ્‌ગલને તો કાંઈ જ્ઞાન નથી, પરંતુ જીવના વિકારને અને તેને ( પૌદ્‌ગલિક કર્મને ) નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, તેથી જ્યાં સુધી જીવ વિકાર કરે ત્યાં સુધી આ સંબંધ છૂટે નહિ.

હવે શિષ્ય કહે છે- સ્વરૂપમાં તત્પર રહેનારને શું ( ફલ ) પ્રાપ્ત થાય છે?

ગુરુ કહે છેઃ-

---

**વિરમી પર વ્યવહારથી, જે આતમરસ લીન,**
**પામે યોગીશ્રી અહો! પરમાનંદ નવીન. ૪૭.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**टीका- आत्मनोऽनुष्ठानं देहादेर्व्यावर्त्य स्वात्मन्येवावस्थापनं तत्परस्य व्यवहारात्प्रवृत्तिनिवृत्तिलक्षणाद्बहि:स्थिते: बाह्यस्य योगिनो ध्यातुर्योगेन स्वात्मध्यानेन हेतुना कश्चिद् वाचागोचर: परमोऽनन्यसभवी आनन्द: उत्पद्यते।**

**तत्कार्यमुच्यते-**

---

## શ્લોક-૪૭

**અન્વયાર્થ:-** [ **आत्मानुष्ठाननिष्ठस्य** ] આત્મસ્વરૂપમાં સ્થિત થયેલા (લીન થયેલા) [ **व्यवहारबहि:स्थिते:** ] તથા વ્યવહારથી દૂર (બહાર) રહેલા [ **योगिन:** ] યોગીને [ **योगेन** ] યોગથી (આત્મ-ધ્યાનથી) [ **कश्चित् परमानन्द:** ] કોઈ અનિવર્ચનીય પરમ આનંદ [ **जायते** ] ઉત્પન્ન થાય છે.

**ટીકા:-** આત્માનું અનુષ્ઠાન એટલે દેહાદિથી હઠીને પોતાના આત્મામાં જ અવસ્થાપન (નક્કી સ્થિત રહેવું તે) -તેમાં તત્પર રહેલા તથા પ્રવૃત્તિ-નિવૃત્તિરૂપ વ્યવહારથી બહાર (દૂર) રહેલા ધ્યાન કરનાર યોગીને, યોગથી એટલે પોતાના આત્માના ધ્યાનથી કોઈક વાણી અગોચર તથા અન્યને ન સંભવી શકે તેઓ પરમ આનંદ ઉત્પન્ન થાય છે.

**ભાવાર્થ:-** શારીરિક બાહ્ય પદાર્થો તરફનું વલણ (ઝુકાવ) હઠાવી તથા પ્રવૃત્તિ-નિવૃત્તિરૂપ વ્યવહારથી દૂર રહી, જ્યારે યોગી સ્વ-સ્વરૂપમાં લીન થાય છે, ત્યારે આત્મધ્યાનથી તેને કોઈ અનિર્વચનીય પરમ આનંદ આવે છે.

શ્રી દેવસેનાચાર્યે 'તત્ત્વસાર' -શ્લોક* પૃ. ૫૮માં કહ્યું છે કે:-

'રાગ-દ્વેષરૂપ ઉભય ભાવ (પરિણામ) વિનષ્ટ થતાં તથા યોગશક્તિદ્વારા પોતાના વિશુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ થતાં, યોગીને યોગશક્તિ દ્વારા પરમ આનંદની પ્રાપ્તિ થાય છે.'

વાસ્તવમાં રાગ-દ્વેષનો અભાવ તે જ પરમ આનંદની પ્રાપ્તિનું મૂલ કારણ છે. ૪૭

તેનું (આનંદનું) કાર્ય કહે છે:-

---

* उमयविणट्ठे णिय उवलद्धे सुसुद्ध ससरुवे।

विलसइ परमाणंदो जोइणं जोयसत्तीए।।५८।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



आनन्दो निर्दहत्युद्धं कर्मेन्धनमनारतम्।
न चासौ खिद्यते योगी बहिर्दुःखेष्वचेतनः।।४८।।

**टीका- स पुनरानन्द उद्धं प्रभुत्वं कर्मसन्ततिं निर्दहति। बह्निरिंघनं यथा। किं च असावानन्दाविष्टो योगी बहिर्दुःखेषु परीषहोपसर्गक्लेशेषु अचेतनोऽसंवेदनः स्यात्तन एव न खिद्यते न संक्लेशं याति।**

---

## શ્લોક-૪૮

**અન્વયાર્થ**- [ **सः आनन्दः** ] તે આનંદ ( આત્મામાં ઉત્પન્ન થયેલો આનંદ ) [ **उद्धं कर्मेन्धनं** ] પ્રચુર કર્મરૂપી ઈન્ધનને [ **अनारतं** ] નિરંતર [ **निर्दहति** ] જલાવી દે છે અને [ **असौयोगी च** ] તે ( આનંદમગ્ન ) યોગી [ **बहिर्दुःखेषु** ] બહારનાં દુઃખોમાં [ **अचेतनः** ] અચેતન રહેવાથી ( બહારનાં દુઃખોથી અજ્ઞાત હોવાથી ) [ **न खिद्यते** ] ખેદ પામતો નથી.

**ટીકા**:- વળી, તે આનંદ પ્રચુર કર્મસંતતિને બાળી નાખે છે; જેમ અગ્નિ ઈન્ધનને બાળે છે તેમ અને તે આનંદમગ્ન યોગી, બહારનાં દુઃખોમાં અર્થાત્ પરીષહ-ઉપસર્ગ સંબંધી કલેશોમાં અચેતન એટલે સંવેદન વિનાનો થઈ જાય છે ( દુઃખના નિમિત્તરૂપ પદાર્થો તરફ લક્ષ રહેતું નથી ) તેથી તેને ખેદ થતો નથી અર્થાત્ તે સંકલેશ પામતો નથી.

**ભાવાર્થ**:- જેમ અગ્નિ ઈન્ધનને બાળી નાખે છે તેમ આત્મામાં ઉત્પન્ન થયેલો પરમાનંદ, કર્મ-સંતતિને ( કર્મના સમૂહને ) ભસ્મ કરી દે છે, આનંદમગ્ન યોગી પરીષહ-ઉપસર્ગાદિનાં બાહ્ય દુઃખોમાં અચેતન રહેવાથી અર્થાત્ તેને તે દુઃખોનું અનુભવન નહિ હોવાથી ખેદખિન્ન થતો નથી.

યોગીને આત્માની એકાગ્રતાથી-ધ્યાનથી-પ્રચુર ( ઘણાં ) કર્મોની નિર્જરા થાય છે અને ધ્યાનાવસ્થામાં પરમાનંદનો એવો વચન અગોચન સ્વાદ આવે છે કે તેને તે સ્વાદમાં બાહ્ય સંયોગોનું કાંઈપણ વેદન થતું નથી. ૪૮

**કરતો અતિ આનંદથી, કર્મ-કાષ્ઠ પ્રક્ષીણ,**
**બાહ્ય દુઃખોમાં જડ સમો, યોગી ખેદ વિહીન. ૪૮.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**यस्मादेवं तस्मात्-**

**अविद्याभिदुरं ज्योतिः परं ज्ञानमयं महत्।**
**तत्प्रष्टव्यं तदेष्टव्यं तदद्रष्टव्यं मुमुक्षुभीः।।४९।।**

**टीका- तदानंदस्वभावं ज्ञानमयं स्वार्थावभासात्मकं परमुत्कृष्टमविद्याभिदुरं विभ्रमच्छेदकं महत् विपुलं इन्द्रादीनां पूज्य वा ज्योतिः प्रष्टव्यं मुमुक्षुभीर्गुर्वादिभ्योऽनुयोक्तव्यं। तथा तदेव एष्टव्यं अभिलषणीयं तदेव च दृष्टव्यमनुभवनीयं।**

---

એમ છે તેથી.

## શ્લોક-૪૯

**અન્વયાર્થઃ-** [ **अविद्याभिदुरं** ] અવિદ્યાને દૂર કરવાવાળી [ **महत् परं** ] મહાન્ ઉત્કૃષ્ટ [ **ज्ञानमयं ज्योतिः** ] જ્ઞાનમય જ્યોતિ છે; [ **मुमुक्षुभिः** ] મુમુક્ષુઓએ [ **तत् प्रष्टव्यं** ] તેના વિષયમાં પૂછવું જોઈએ, [ **तत् एष्टव्यं** ] તેની વાંચ્છા કરવી જોઈએ અને [ **तद्द्रष्टव्यम्** ] તેનો અનુભવ કરવો જોઈએ.

**ટીકાઃ-** તે આનંદ-સ્વભાવી, જ્ઞાનમયી, સ્વાર્થને પ્રકાશવાવાળી, મહાન્ ઉત્કૃષ્ટ, અવિદ્યાને દૂર કરવાવાળી, વિભ્રમને નાશ કરવાવાળી, મહાવિપુલ, ઇન્દ્રાદિને પૂજનીય-એવી જ્યોતિ છે, મુમુક્ષુઓએ તે વિષયમાં ગુરુઆદિ પાસેથી પૂછતાછ કરી લેવી જોઈએ, તેની જ અભિલાષા કરવી જોઈએ અને તેનો જ અનુભવ કરવો જોઈએ.

**ભાવાર્થઃ-** જ્ઞાનમય જ્યોતિ અજ્ઞાન-વિનાશક છે, સ્વ-પરપ્રકાશક છે, ઉત્કૃષ્ટ છે અને ઇન્દ્રોને પણ પૂજ્ય છે. માટે મોક્ષના અભિલાષી જીવોએ પ્રતિસમય તેનો જ વિચાર કરવો, તે સંબંધી જ ગુરુ વગેરેને પૂછતાછ કરવી, નિરંતર તેની જ અભિલાષા કરવી અને તેનો જ અનુભવ કરવો.

સમાધિતંત્ર શ્લોક ૫૩માં કહ્યું છે કેઃ-

'યોગીએ આત્મજ્યોતિની જ વાત કરવી બીજાઓને તે સંબંધી જ પૂછવું, તેની જ ઈચ્છા કરવી અને તેમાં જ લીન થવું, જેથી તે અવિદ્યાનો ત્યાગ કરી જ્ઞાનમય સ્વભાવ પ્રાપ્ત કરે*.' ૪૯

---

* तद् ब्रूयात्तत्परान् पृच्छेत्तदिच्छेत्तत्परो भवेत्।
येनाऽविद्यामयं रूपं त्यक्तवा विद्यामयं व्रजेत्।।५३।।

**જ્ઞાનમયી જ્યોતિર્મહા, વિભ્રમ નાશક જેહ,**
**પૂછે, ચાહે, અનુભવે, આત્માર્થી જન તેહ. ૪૯.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

एवं व्युत्पाद्य विस्तरतो व्युत्पाद्य उक्तार्थतच्वं परमकरुणया संगृह्य तन्मनसि संस्थापयितुकाम: सूरिरिदमाह-

किं बहुनेति ? हे सुमते ! किं कार्यं बहुनोक्तेन हेयोपादेयतत्त्वयो: संक्षेपेणापि प्राज्ञचेतसि निवेशयितुं शक्यत्वादितिभाव:।

जीवोऽन्य: पुद्गलश्चान्य इत्यसौ तत्त्वसंग्रह:।
यदन्यदुच्यते किंचित्सोऽस्तु तस्यैव विस्तर:।।५०।।

टीका- जीवो देहादेर्भिन्नो देहादिश्च जीवाद्भिन्न इतीयानेव असौ विधीयते आत्मनस्तत्त्वस्त भूतार्थस्य संग्रह: सामस्त्येन ग्रहणं निर्णय: स्यात्। यत्पुनरितस्तत्त्वसंग्रहादन्यदतिरिक्तं किंचिद्भेदप्रभेदादिकं विस्तररुचिशिष्यापेक्षयाचार्यैरुच्यते। स तस्यैव विस्तरो व्यासोऽस्तु तमपि वयममिनन्दाम इति भाव:।।

---

આ રીતે સમજાવીને–વિસ્તારથી સમજાવીને, આચાર્ય હવે કહેલા અર્થ–તત્ત્વને પરમ કરુણાથી સંક્ષેપમાં કહી શિષ્યના મનમાં ઠસાવવાની ઈચ્છાથી કહે છે–

બહુ કહેવાથી શું ? હે સુમતે–સારી બુદ્ધિવાળા ! બહુ બોલવાથી શું ? કારણ કે હેય–ઉપાદેય તત્ત્વોને સંક્ષેપમાં પણ બુદ્ધિમાનના હૃદયમાં ઉતારવા શક્ય છે–એવો ભાવ છે.

## શ્લોક-૫૦

**અન્વયાર્થ**:- [ **जीव:अन्य:** ] જીવ ભિન્ન છે અને [ **पुद्गल: च अन्य:** ] પુદ્ગલ ભિન્ન છે; [ **इति असौ तत्त्वसंग्रह:** ] આટલો જ તત્ત્વ કથનનો સાર છે. [ **यत् अन्यत् किंचित् उच्यते** ] ( એના સિવાય ) બીજું જે કંઈ કહેવાય છે, [ **स: तस्य एव विस्तर: अस्तु** ] તે એનો જ વિસ્તાર છે.

**ટીકા**:- જીવ, શરીરાદિથી ભિન્ન છે અને શરીરાદિ જીવથી ભિન્ન છે, આટલું જ વિધાન કરવું ( કથન કરવું ) તે આત્મ–તત્ત્વનો ભૂતાર્થ–સત્યાર્થનો સંગ્રહ છે અર્થાત્ સંપૂર્ણપણે ( તેનું ) ગ્રહણ–નિર્ણય છે. આ તત્ત્વસંગ્રહથી અતિરિક્ત ( એના સિવાય ) જે કંઈ ભેદ–પ્રભેદાદિ છે તે વિસ્તાર રુચિવાળા શિષ્યની અપેક્ષાએ આચાર્યે જે કહ્યું છે

**જીવ-પુદ્ગલ બે ભિન્ન છે, એ જ તત્ત્વનો સાર,**
**અન્ય કાંઈ વ્યાખ્યાન જે, તે તેનો વિસ્તાર. ૫૦.**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**आचार्य: शास्त्राध्ययनस्य साक्षात्पारम्पर्येण च फलं प्रतिपादयति:-**

**इष्टोपदेशमिति सम्यगधीत्य धीमान्,**
**मानापमानसमतां स्वमताद् वितन्य।**
**मुक्ताग्रहो विनिवसन्सजने वने वा,**
**मुक्तिश्रियं निरूपमामुपयाति भव्य:।।५१।।**

---

તેનો જ વિસ્તાર છે અને તેને પણ અભિનંદીએ છીએ (તેને પણ અમે શ્રદ્ધાની દૃષ્ટિએ આવકારીએ છીએ) – એવો ભાવ છે

**ભાવાર્થ:-** જીવ અને પુદ્ગલ એકબીજાથી ભિન્ન છે; તેથી જીવ, પુદ્ગલનું અને પુદ્ગલ જીવનું કાંઈ કરી શકે નહિ, છતાં તેઓ એકબીજાનું કરે છે એમ માનવામાં આવે તો બંને દ્રવ્યોની ભિન્નતા રહેતી નથી અને અભિપ્રાયમાં દ્રવ્યોનો અભાવ થાય છે. એવી માન્યતા જ્યાં સુધી હોય ત્યાં સુધી જીવને ભેદજ્ઞાનરૂપ પરિણતિ થાય નહિ.

આત્મસન્મુખ થઈ ભેદજ્ઞાન દ્વારા આત્મતત્ત્વનો નિર્ણય કરવો એ તત્ત્વ-કથનનો સાર છે. વિસ્તારરુચિવાળા શિષ્યોને લક્ષમાં રાખી આચાર્યે જે ભેદ-પ્રભેદથી કથન કર્યું છે એ બધો તેનો (તે તત્ત્વ-સંગ્રહનો) જ વિસ્તાર છે. ટીકાકાર તેને અભિનંદે છે-સહર્ષ સ્વીકારે છે. (૫૦)

આચાર્ય, શાસ્ત્રના અધ્યયનનું સાક્ષાત્ તથા પરંપરાએ પ્રાપ્ત થતા ફલનું પ્રતિપાદન કરે છે:-

## શ્લોક-૫૧

**અન્વયાર્થ:-** [ **इति** ] એવી રીતે [ **इष्टोपदेशं सम्यक् अधीत्य** ] 'ઇષ્ટોપદેશ' નો સારી રીતે અભ્યાસ કરીને [ **धीमान् भव्य:** ] બુદ્ધિશાળી ભવ્ય [ **स्वमतात्** ] પોતાના આત્મજ્ઞાનથી [ **मानापमानसमतां** ] માન-અપમાનમાં સમતા [ **वितन्य** ] વિસ્તારી [ **मुक्ताग्रह:** ] આગ્રહ છોડી, [ **सजने वने वा** ] નગરમાં કે વનમાં [ **निवसन्** ] નિવાસ કરતો થકો [ **निरूपमां मुक्तिश्रियम्** ] ઉપમારહિત મુક્તિરૂપી લક્ષ્મીને [ **उपयाति** ] પ્રાપ્ત કરે છે.

**ઇષ્ટોપદેશ મતિમાન ભણી સુરીતે,**
**માનાપમાન તુ સહે નિજ સામ્યભાવે,**
**છોડી મતાગ્રહ વસે સ્વજને વને વા,**
**મુક્તિવધૂ નિરૂપમા જ સુભવ્ય પામે. ૫૧.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**टीका- इत्यनेन प्रकारेण इष्टोपदेशं, इष्टं सुखं तत्कारणत्वान्मोक्षस्तदुपायत्वाञ्च स्वात्मध्यानं उपदिश्यते यथावत्प्रतिपाद्यते अनेनास्मिन्निति वा इष्टोपदेशो नाम ग्रन्थस्तं सम्यग् व्यवहारनिश्चयाभ्यामधीत्य पठित्वा चिंतयित्वा च धीमान् हिताहितपरीक्षादक्षो भव्योऽनन्तज्ञानाद्याविर्भावयोग्यो जीवः मुक्तिश्रियमनंतज्ञानादिसम्पदं निरूपमामनौपम्यां प्राप्नोति। किं कुर्वन्? मुक्ताग्रहो वर्जितबहिरर्थाभिनिवेशः सन् सजने ग्रामादौ वने वाऽरण्ये विनिवसन् विधिपूर्वकं तिष्ठन्। किं कृत्वा? वितन्य विशेषेण विस्तार्य। कां? माने महत्वाधाने अपमाने च महत्वखण्डने समतां रागद्वेषयोरभावं। कस्माद्धैतोः? स्वमतात् इष्टोपदेशाध्ययनचिंतनजनिता-दात्मज्ञानात्।**

**उक्तं च [ समाधितन्त्रे ] -**

**" यदा मोहात्प्रजायेते रागद्वेषौ तपस्विनः।**
**तदैव भावयेत्स्वस्थमात्मानं साम्यतः क्षणात् "।।३९।।**

---

**ટીકાઃ-** ઇતિ એ પ્રકારે ' ઇષ્ટોપદેશ ' -અર્થાત્ ઇષ્ટ એટલે સુખ તેનું કારણ મોક્ષ અને તેના ઉપાયરૂપ સ્વાત્માનું ધ્યાન-તેનો જેમાં વા જેવડે યથાવત્ ઉપદેશ કરવામાં આવ્યો છે-તેનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે તે ' ઇષ્ટોપદેશ ' નામનો ગ્રન્થ છે.

તેનો સમ્યક્ પ્રકારે એટલે વ્યવહાર-નિશ્ચયદ્વારા અભ્યાસ કરીને-પઠન કરીને-ચિંતન કરીને, ધીમાન્ એટલે હિત-અહિતની પરીક્ષા કરવામાં નિપુણ-એવો ભવ્ય અર્થાત્ અનંતજ્ઞાનાદિ પ્રગટ કરી શકે તેવી યોગ્યતાવાળો જીવ, ઉપમારહિત, અર્થાત્ અનુપમ અનંતજ્ઞાનાદિ સંપદારૂપ મુક્તિ લક્ષ્મીને પ્રાપ્ત કરે છે. શું કરીને ? આગ્રહ છોડી દઈને અર્થાત્ બાહ્ય પદાર્થોમાં અભિનિવેશ ( વિપરીત માન્યતા ) છોડી દઇને, ગ્રામાદિમાં વા વનમાં નિવાસ કરતો થકો અર્થાત્ વિધિપૂર્વક રહેતો થકો, ( તે મોક્ષલક્ષ્મીને પ્રાપ્ત કરે છે ).

શું કરીને ? વિશેષપણે વિસ્તારીને-ફેલાવીને. શું ( વિસ્તારી )? માનમાં એટલે મહત્તા-પ્રાપ્તિમાં અને અપમાનમાં એટલે મહત્ત્વના ખંડનમાં ( માન-ભંગમાં ) રાગ-દ્વેષના અભાવરૂપ સમતાને ( વિસ્તારીને ) - ( માન-અપમાનના પ્રસંગે સમતાભાવ રાખીને );

ક્યા કારણથી ? સ્વમતથી એટલે ઇષ્ટોપદેશના અધ્યયન અને ચિંતનથી ઉત્પન્ન થયેલા આત્મજ્ઞાનથી- ( માન-અપમાન પ્રસંગે સમતાભાવ રાખી... મુક્તિ-લક્ષ્મી પ્રાપ્ત કરે છે. ) .

' समाधितंत्र ' શ્લોક ૩૯માં કહ્યું છે કેઃ-

" જ્યારે તપસ્વીને મોહના કારણે રાગ-દ્વેષ ઉત્પન્ન થાય ત્યારે જ તેણે પોતાનામાં સ્થિત ( પરમ શુદ્ધ ) આત્માની ભાવના કરવી, જેથી ક્ષણવારમાં રાગ-દ્વેષ શાંત થઈ જશે. "

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



टीका-प्रशस्तिः

विनेयेन्दुमुनेर्वाक्याद्भव्यानुग्रहहेतुना ।
इष्टोपदेशटीकेयं कृताशाधरधीमता।।१।।

उपशम इव मूर्तः सागरेन्दोर्मुनीन्द्रादजनि विनयचन्द्रः सच्चकोरैकचन्द्रः।
जगदमृतसगर्भाःशास्त्रसंदर्भगर्भाः शुचिचरितवरिष्णोर्यस्य धिन्वन्ति वाचः।। २।।

जयंति जगद्वन्द्या श्रीमन्नेमिजिनांध्रयः
रेणवोऽपि शिरोराज्ञामारोहंति यदाश्रिताः।।३।।

इति श्रीपूज्यपादस्वामिविरचितः इष्टोपदेशः समाप्तः।।

---

**ભાવાર્થઃ-** આ 'ઇષ્ટોપદેશ' માં-ઇષ્ટ એટલે મોક્ષ અને ઉપદેશ એટલે તેના ઉપાયરૂપ આત્મધ્યાન-તેનું નિરૂપણ (પ્રતિપાદન) કરવામાં આવ્યું છે.

ગ્રામ કે વનમાં વસતો થકો જે ભવ્ય જીવ, આ ઇષ્ટોપદેશ વ્યવહાર નિશ્ચયદ્વારા સમ્યક્ પ્રકારે અધ્યયન- ચિંતવન કરી હિતાહિતનો વિવેક કરે છે તથા બાહ્ય પદાર્થોમાં મમત્વનો ત્યાગ કરી માન અપમાન-પ્રસંગે સમતાભાવ રાખે છે, તે 'ઇષ્ટોપદેશ' ના અધ્યયન-ચિંતવનથી પ્રાપ્ત કરેલા આત્મજ્ઞાન દ્વારા અનુપમ મોક્ષ સુખને પ્રાપ્ત કરે છે. ૫૧.

## ટીકા-પ્રશસ્તિ

**'વિનયચન્દ્ર નામના મુનિનાં વાક્યોનો સહારો લઈ, ભવ્ય પ્રાણીઓના ઉપકારના હેતુએ ધીમાન્ (પંડિત) આશાધરે ઇષ્ટોપદેશની આ ટીકા કરી છે.' ... ૧.**

**'સાગરચન્દ્ર નામના મુનીન્દ્રથી વિનયચન્દ્ર થયા. તેઓ જાણે કે ઉપશમ (શાન્તિ) ની મૂર્તિ હતા; સજ્જન પુરુષોરૂપી ચકોર પક્ષીઓને માટે એક ચન્દ્રમા સમાન હતા; તે પવિત્ર ચારિત્રવાન જિન મુનિનાં અમૃતમયી (અનેક) શાસ્ત્રોનાં સારગર્ભિત વચનો જગતને તૃપ્ત (પ્રસન્ન) કરે છે.' ..... ૨.**

**'જગદ્વંદ્ય શ્રીમાન્ નેમિનાથ જિન ભગવાનનાં ચરણકમલ જયવંત વર્તે છે, જેમના (ચરણકમલના) આશ્રિત ધૂળ પણ રાજાઓના મસ્તક પર જઈ બેસે છે (-અર્થાત્ રાજાઓ પણ જેમનાં ચરણકમલોમાં મસ્તક ઝુકાવે છે).' .... ૩.**

**ઇતિ શ્રી પૂજ્યપાદસ્વામિવિરચિત ઇષ્ટોપદેશ સમાપ્ત.**

卐

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**अबुधस्य बोधनार्थं मुनीश्वरा देशयन्त्यभूतार्थम्।**
**व्यवहारमेव केवलमवैति यस्तस्य देशना नास्ति।।**

**[ पुरुषार्थसिद्धियुपाय, श्लोक-६ ]**

**અર્થઃ-** મુનીશ્વરો અર્થાત્ આચાર્યો અજ્ઞાની જીવને જ્ઞાન ઉત્પન્ન કરવા માટે અભૂતાર્થનો ( અર્થાત્ વ્યવહારનયનો ) ઉપદેશ કરે છે. જે ( જીવ ) કેવળ વ્યવહારને જ જાણે છે ( અને નિશ્ચયને જાણતો નથી ) તેને દેશના નથી ( અર્થાત્ તે ઉપદેશને પાત્ર નથી ).

**ભાવાર્થઃ-** નિશ્ચયનયની શ્રદ્ધાવિના કેવળ વ્યવહારમાર્ગમાં જ જે પ્રવર્તે છે તે મિથ્યાદ્રષ્ટિને ઉપદેશ કરવો નિષ્ફળ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# पद्यानुक्रमसूची


| | શ્લોક | પૃષ્ઠ | | શ્લોક | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| **अ** | | | **ग** | | |
| अगच्छंस्तेद्विशेषाणा | ४४ | ९५ | गुरुपदेशादभ्यासात् | ३३ | ७५ |
| अज्ञानोपास्तिरज्ञानं | २३ | ५२ | **ज** | | |
| अभवच्चित्तविक्षेप | ३६ | ९२ | जीवोऽन्य: पुद्गलश्चान्य: | ५० | १०२ |
| अविद्याभिदुरं ज्योति: | ४९ | १०१ | **त** | | |
| अविद्वान् पुद्गलद्रव्यं | ४६ | ९७ | त्यागाय श्रेयसे वित्त– | १६ | ३४ |
| **आ** | | | **द** | | |
| आत्मानुष्ठाननिष्ठस्य | ४७ | ९८ | दिग्देशेभ्य: खगा पत्य | ९ | २० |
| आनन्दो निर्दत्युद्धं | ४८ | १०० | दु:खन्दोहभागित्यं | २८ | ६५ |
| आयुर्वृद्धिक्षयोत्कर्ष | १५ | ३३ | दुरर्ज्येनासुरक्षेण | १३ | २९ |
| आरम्भे तापकान् | १७ | ३७ | **न** | | |
| **इ** | | | न मे मृत्यु: कुत: भीति: | २९ | ६७ |
| इच्छत्येकान्तसंवासं | ४० | ८९ | नाज्ञो विज्ञत्वमायति | ३५ | ७९ |
| इतश्चिन्तामणिर्दिव्य | २० | ४३ | निशामयति नि:शेष | ३९ | ८७ |
| इष्टोपदेशमिति | ५१ | १०३ | **प** | | |
| **ए** | | | परीषहाद्यविज्ञानाद्– | २४ | ५४ |
| एकोऽहंनिर्मम: शुद्धो | २७ | ६३ | परोपकृतिमुत्सृज्य | ३२ | ७३ |
| **क** | | | पर: परस्ततो दु:ख– | ४५ | ९६ |
| कटस्य कर्ताहमिति | २५ | ५८ | **ब** | | |
| कर्मकर्महिताबन्धि | ३१ | ७१ | बध्यते मुच्यते जीव: | २६ | ६० |
| किमिदं कीदृशं | ४२ | ९२ | ब्रुवन्नपि हि न ब्रूते | ४१ | ९० |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





| | શ્લોક | પૃષ્ઠ | | શ્લોક | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| **भ** | | | **व** | | |
| भवन्ति प्राप्यं यत्संग | १८ | ४० | वपुर्ग्रहं धनं दारा: | ८ | १८ |
| भुक्तोज्झिता मुहुर्मोहात् | ३० | ६९ | वरं व्रतै: पदं दैवं | ३ | ५ |
| **म** | | | वासनामात्रमेवैतत् | ६ | १२ |
| मोहेन संवृतं ज्ञानं | ७ | १६ | विपत्तिमात्मनो मूढ: | १४ | ३१ |
| **य** | | | विपद्भवपदावर्ते | १२ | २८ |
| यज्जीवस्योपकाराय | १९ | ४२ | विराधकं कथं हंत्रे | १० | २२ |
| यत्र भाव: शिवं धत्ते | ४ | ८ | **स** | | |
| यथा यथा न रोचन्ते | ३८ | ८६ | | | |
| यथा यथा समायाति | ३७ | ८४ | संयम्य करणग्राम | २२ | ४९ |
| यस्य स्वयं स्वभावाप्ति | १ | २ | स्वसंवेदन सुव्यक्त | २१ | ४५ |
| योग्योपादानयोगेन | २ | ३ | स्वस्मिन् सदभिलाषित्वाद् | ३४ | ७७ |
| यो यत्र निवसन्नास्ते | ४३ | ९४ | **ह** | | |
| **र** | | | | | |
| रागद्वेषद्वयी दीर्घ | ११ | २४ | हृषीकजमनातंकं | ५ | १० |



Please inform us of any errors on rajesh@AtmaDharma.com